॥ श्रीहरिः ॥

"सा विद्या तन्मतिर्यया..."

શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના
આશય સહિત ગુજરાતી કથાત્મક

"શ્રીમદ્-ભાગવત રસાસ્વાદ"

(સાત્વતસંહિતા)

ભાગ - ૧
માહાત્મ્ય
સ્કન્ધ ૧ થી ૯

: પ્રસાદ - પરિવેષક :
ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,
નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી
વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ;
સિવિલ એન્જીનીઅર

卐

: પ્રકાશક :
"વિદ્યાનિધિ"
(ટ્રસ્ટ)
નડિયાદ.

॥ श्रीहरिः ॥

"सा विद्या तन्मतिर्यया...॥"

શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધ તથા શ્રીસુબોધિનીજી આદિના આશય સહિત

ગુજરાતી કથાત્મક

"શ્રીમદ્ - ભાગવત - રસાસ્વાદ"

(સાત્વતસંહિતા)

ભાગ-૧

માહાત્મ્ય

સ્કંધ ૧ થી ૯

* પ્રસાદ - પરિવેષક *

ભાગવતભૂષણ, ભાગવતરત્ન, ભગવચ્છાસ્ત્રનિષ્ણાત,

નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી

વલ્લભવેદાન્તાચાર્ય (પ્રદત્તસુવર્ણચન્દ્રક), કાવ્યતીર્થ;

સિવિલ એન્જીનીઅર

: પ્રકાશક :

"વિદ્યાનિધિ"

(ટ્રસ્ટ)

નડિયાદ.

શ્રીહરિઃ

પ્રકાશક :
"વિદ્યાનિધિ" (ટ્રસ્ટ)
"વ્રજવિહાર", મોટીપોળ, મોદીસાંથ,
નડીઆદ ૩૮૭ ૦૦૧ (જિ. ખેડા) (ગુજરાત)
ફોન નં. (૦૨૬૮) ૫૦૯૦૮

મુદ્રણ વ્યવસ્થાપક :
શ્રીયોગીનભાઈ પરીખ
ન્યૂ-ટેક. ફોટો કમ્પોઝર
એફ-૨, એલિશા ચેમ્બર્સ, સંતરામ રોડ,
નડીઆદ ૩૮૭ ૦૦૧ ફોન : ૬૨૦૦૮

ન્યોચ્છાવર
રૂા. ૩૦૦/- (બંને ભાગના)
વી.પી. નહિ થાય, મોકલવાનું ખર્ચ જુદું.

પ્રથમાવૃત્તિ	પ્રત - ૨૫૦૦	વિ.સં. ૨૦૩૨ ઈ.સં. ૧૯૭૬
દ્વિતીયાવૃત્તિ	પ્રત - ૨૦૦૦	વિ.સં. ૨૦૩૮ ઈ.સં. ૧૯૮૨
તૃતીયાવૃત્તિ	પ્રત - ૩૦૦૦	વિ.સં. ૨૦૪૯ ઈ.સં. ૧૯૯૨
ચતુર્થાવૃત્તિ	પ્રત - ૩૦૦૦	વિ.સં. ૨૦૫૬ ઈ.સં. ૧૯૯૯

: ગ્રન્થપ્રાપ્તિ સ્થાન :

૧. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રી
ઠે. "વ્રજવિહાર",
મોટીપોળ, મોદીસાંથ,
મુ. નડીઆદ ૩૮૭ ૦૦૧ (જિ. ખેડા)
ફોન નં. ૫૦૯૦૮

૨. શ્રીવિઠ્ઠલદાસભાઈ કારાણી
ઠે. "નન્દાલય", પ્લોટ નં. ૨૦,
હાટકેશ કો. ઓ. હા. સોસાયટી,
જુહુસ્કીમ, છઠ્ઠો રસ્તો,
વીલે-પાર્લે (વેસ્ટ), મુ. મુંબઈ ૪૦૦ ૦૫૬
ફોન નં. ૬૧૨૧૬૦૧, ૬૧૪૬૭૦૫

૩. શ્રીજનકભાઈ મજમુદાર
ઠે. ૧૦, હિલ વ્યૂ, નવરંગ સીનેમાની બાજુમાં,
અંધેરી (વેસ્ટ) મુ. મુબઈ ૪૦૦ ૦૫૮
ફોન નં. ૬૨૮૨૯૪૮

૪. સૌ. નીતા પટેલ
ઠે. "કલાનિધિ",
ઠે. જીએફ-૯ વિન્ડસર પ્લાઝા,
આર. સી. દત્ત રોડ,
મુ. વડોદરા ૩૯૦ ૦૦૫
ફોન નં. (ઓ.) ૩૨૦૨૩૫

૫ શ્રીપીયૂષભાઈ શાહ
ઠે. "હરિકુંજ",
સી. એન. વિદ્યાલય સામે,
આંબાવાડી,
મુ. અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન નં. ૪૪૪૦૦૮

૬. શ્રીવૈકુંઠભાઈ ભગત
ઠે. ઝવેરી મહોલ્લો,
ભરૂચ ૩૯૨ ૦૦૧.

॥ श्रीहरिः ॥

''कुरु ते प्रसादम्''

कृष्ण त्वदीयवदनाम्बुजनिःसृतस्य
लीलाकथारससुधापरिवेषणस्य ।
स्वादं विधेहि कृपया रुचिरं प्रियाभिः
संशोधयानि हृदयं कुरु ते प्रसादम् ॥

*

"કરો આપનો પ્રસાદ"

કૃપાનિકેતન !

કલાનિધે !

વપ કૃષ્ણ !

આપના મુખામ્બુજમાંથી સરેલા
આપની લીલાકથારસસુધાના
આ પરિવેષણનો
પ્રિયાજીઓ સાથે
આપ કૃપાપૂર્વક રુચિર આસ્વાદ કરો !
આપનો પ્રસાદ કરો !

"શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"
બને
આપનો પ્રસાદ !

*

પ્રસાદ-સેવને હૃદયની સંપૂર્ણ શુદ્ધિ કરું !
આપનો બની આ પ્રસાદ-પરિવેષણે હું કૃતાર્થ થાઉં !

શ્રીમદ્-વલ્લભાચાર્યચરણ-પ્રાકટ્ય-મહોત્સવ
સં. ૨૦૩૨ ચૈત્ર કૃષ્ણ ૧૧ શનિ
તા. ૨૪-૪-૧૯૭૬

પ્રસાદપ્રેપ્સુ,
નવનીતપ્રિય શાસ્ત્રીના
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

॥ श्रीहरिः ॥

''कुरु मां निजदासदासम्''

गोपीशदिव्यचरितामृतवर्षणाय
स्वाचार्यरूपमधुरा–सुभृतावतारम् ।
लीलाकथारसनिषेवणलालसोऽहं
विज्ञापयामि कुरु मां निजदासदासम् ॥

"કરો મને નિજદાસદાસ"

શ્રીગોપીજનવલ્લભની દિવ્યચરિતસુધાની
વસુધામાં સૃષ્ટિ કરવા માટે,
પુષ્ટિભક્તિમાર્ગના અમારા આચાર્ય રૂપ,
કૃષ્ણપ્રિયા મધુરા સ્વામિનીજી શ્રીરાધિકાજીએ
સર્વસુંદર રીતે ધારણ કરેલા અવતાર રૂપ,—
મહોદારચરિત ! અનુગ્રહશીલ ! શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી !
આપને
લીલાકથારસના નિત્યસેવનનો લાલસ હું
વિજ્ઞપ્તિ કરું છું—
મને આપનો દાસાનુદાસ બનાવો !

શ્રીમદાચાર્યજયન્તી,
૨૦૩૨

-કૃપાકાઙ્‌ક્ષી,
નવનીતપ્રિય શાસ્ત્રીના
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

પરમ સૌભાગ્યે, ઉદાર અનુગ્રહ સ્વરૂપે, શ્રીમદાચાર્યજીના પ્રાકટ્યસ્થલ શ્રીચંપારણ્યમાં, શ્રીમદાચાર્ય-કુલભૂષણા, પૂ. પા., ૧૦૮ શ્રીઈન્દિરાબેટીજીના વરદકરકમલે, શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે, પંચશતાબ્દી પ્રાકટ્ય મહોત્સવ નિમિત્ત રૂપે, શ્રીમદાચાર્યજીને "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" નિવેદન થાય છે. તે પરમ હર્ષપ્રદ છે.

લોકવેદાતીત પુષ્ટિ-પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણના તથા પુષ્ટિભક્તિમાર્ગના પ્રાકટ્યસ્થલ શ્રીમદ્ ગોકુલમાં, શ્રીમદાચાર્યચરણના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે, વાત્સલ્યમૂર્તિ, પરમ ભાગવત, પૂ. પા. (દાદાજી) શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજીના વરદકરકમલે, શ્રીમહાપ્રભુજીને "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" નિવેદન થાય છે. તે પરમ-આનંદપ્રદ છે.

શ્રીહરિદાસવર્ય - શ્રીગિરિરાજજીને પરમ સંત પૂ. પં. શ્રીગયાપ્રસાદજી દ્વારા શ્રીગોવર્ધનમાં નિવેદન થાય છે. તે પરમ-મોદાવહ છે.

આ ઉદાર અનુગ્રહના અનુભવે, વંદન વિના જીવથી અન્ય શું સંભવે ? સદૈન્ય વંદન !

શ્રીહરિઃ

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

(સાત્વતસંહિતા)

પ્રકાશન-પ્રસાદ-પરિમલ

(ચતુર્થાવૃત્તિ)

અદ્‌ભુત છે,– આ ભગવાન્ શ્રીકૃષ્ણ ! અદ્‌ભુત છે,– આ ભગવાનની લીલા ! અદ્‌ભુત છે,– તેની કથા ! કથા તો જીવનપ્રથાને બદલે છે, વ્યથામાંથી બચાવે છે, નિર્ગુણમાં પરિનિષ્ઠિત શ્રીશુકને ઉત્તમશ્લોક-ભગવાનની લીલાએ રસવશ કરી દીધા; ચિત્ત બ્રહ્માનંદને બદલે પ્રકટ પરમાનંદ - સ્પર્શે પકડાઈ ગયું !– અનુપવીત સોપવીત થયા ! પ્રવ્રજન-પરાયણ કથારસ-પરાયણ થઈ ગયા ! વિધિપૂર્વક શ્રીભાગવત ભણ્યા ! આ તો સર્વ વિદ્યાઓના અધિપતિ શ્રીશંકરનો અવતાર, છતાં દશલીલાવિશિષ્ટ કૃષ્ણના લીલાવિહારોમાં વિહૃતચિત્ત થઈ ગયા ! પુરાણ તો વિદ્યા, આ તો પુરાણતિલક શ્રીમદ્‌ભાગવત ! તેના વિધિપૂર્વક અધ્યયનથી પુરાણ-પુરુષનો પરિચય પ્રાપ્ત થયો, પ્રીતિ થઈ. ઔપનિષત્પુરુષ તો અહીં પુરુષોત્તમ-રૂપે પ્રકટ ખેલતા જાણ્યા ! ઉપનિષદ્‌ના **"रसो वै सः"**ને તો રસમત્ત બર્હાપીડ-નટવરવપુને ધારણ કરતા માણ્યા ! નિર્ગુણમાં પરિનિષ્ઠિત શ્રીશુક હવે તો સર્વગુણોપેતમાં સન્નિષ્ઠ થઈ ગયા ! પ્રેમથી મંદ-મંદ શ્રીભાગવતપાઠ કરતા વિચરી રહ્યા છે ! ઉત્તમાધિકારીને આસ્વાદનથી આનંદવિભોર તે કરી દે છે.

સ્કૂલ-કોલેજમાં વર્ષો સુધી નિશ્ચિત પાઠ્યપુસ્તકોનું અધ્યયન નિયતરીતે નિયમિત કરવા છતાં એકાદ વિષયમાં સામાન્ય પ્રવેશયોગ્યતામાત્ર મળે, તો આજે સાત દિવસના કથાશ્રવણમાત્રમાંથી શ્રીભાગવત કેટલું સમજાય ? શ્રોતાને પણ શ્રીભાગવતનું રહસ્યજ્ઞાન હોય તે ફલ માટે, ભગવત્પ્રીતિ માટે, જરૂરી છે. વક્તાને તો રહસ્યજ્ઞાન હોવું સ્વાભાવિક અનિવાર્ય છે. "શ્રીમદ્‌ભાગવત-પરિવાર" દ્વારા દેશ-વિદેશમાં આવો પ્રયત્ન કરવાનું ભગવત્કૃપા-પ્રેરણાથી આરંભાયું. પરિણામ તો પુનિત્-પ્રેરક-પ્રફુલ્લ અનુભવાય છે. સામાન્ય અક્ષરજ્ઞાનવાળા ખેડૂતોથી લઈને પ્રગલ્ભજ્ઞાનવાળા પંડિતો-પ્રોફેસરો-વકીલો-ડોક્ટરો-વિજ્ઞાનીઓ-ઈજનેરો-ઉદ્યોગપતિયો-સાક્ષરો-ભક્તો-સૌને આ રીતે "શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદ"નું અધ્યયન જીવનઘડતરમાં ખૂબ ઉપયોગી અને આનંદપ્રદ થઈ રહ્યાનું પ્રત્યક્ષ-પરોક્ષમાં જાણવા મળે છે. કૃપા જ છે આ કલાનિધિ કૃષ્ણની ! અનેક સુજનો પોતાનાં સ્વજનોને-સુજ્ઞોને-વિપ્રોને-પુસ્તકાલયોને આ ગ્રંથ તો પ્રેમોપહાર રૂપે પધરાવી આપે છે, સ્વધન્યતા અનુભવે છે.

ત્રીજી આવૃત્તિ પૂરી થઈ જતાં, તરત ચોથી આવૃત્તિની પ્રવૃત્તિ પ્રભુકૃપાથી જ સંભવી છે. પ્રથમ ત્રણ આવૃત્તિયોની જેમ જ, આ "શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદ"ની ચતુર્થાવૃત્તિ માટે પણ, પહેલેથી જ પ્રભુજનોની સન્નિષ્ઠ સેવા અને સુયોગ્ય સહયોગ સુલભ થઈ ગયાં છે. હૃદય રેલાઈ જાય છે, મન મગ્ન થઈ જાય છે, આંખ ઉભરાઈ જાય છે, આવા અપાર અનુગ્રહના અનેક અનુભવોથી તો ! અદ્‌ભુત છે ભગવાન્ અને ભગવદીયોની આત્મીયતાના અનુભવો પણ ! સ્પષ્ટ અનુભવાય છે,– ભગવદિચ્છા જ લાગે છે,– "શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદ"ની પુનરાવૃત્તિયો થયા જ કરે તેવી !

આ આવૃત્તિમાં બધા શ્લોકો શ્રીમહાપ્રભુજીના સ્વીકૃતપાઠપ્રયુક્ત **"श्रीमद्भागवतमहापुराणम् (सात्वतसंहिता)"** પ્રમાણે લીધા છે. તેમાંના સંસ્કૃત ઉપોદ્‌ઘાત-**"प्रकाश-प्रसाद-प्रकाशः"**નો ભાવાનુવાદ પણ અહીં સમાવ્યો છે. શ્રીમદ્‌ભાગવતના "પ્રકરણવિભાગ"ને સમજાવતાં કોષ્ટક પણ અહીં આપ્યાં છે.

અધ્યયન-અધ્યાપનમાં તેનાથી સુગમતા થાય. "પુષ્ટિમાર્ગના મુખ્યસિદ્ધાન્ત-આચાર-વિચાર-નિર્દેશ"-પણ પ્રથમનજરે સરલતા માટે આમાં સમાવેલ છે. આ ગ્રંથનું તો જેમ જેમ સેવન થાય છે તેમ તેમ વશ કરે છે તેની વિશિષ્ટતાથી,– પ્રાજ્ઞોને-પ્રભુજનોને-પુનિતહૃદય-સહૃદય-જનોને !

લાખો-હજારો-રૂપિયાની સેવા તો, આ "વિદ્યાનિધિ" ટ્રસ્ટને, પ્રભુકૃપાથી, પુણ્ય-પ્રતિષ્ઠા-પદ-પ્રચાર-ની લાલસા વિના જ, પૂર્વવત્, પ્રભુપ્રેમિજનોની સમુપલબ્ધ છે. નામ-ફોટો-વગેરેની તેમને કોઈને અપેક્ષા નથી. કલિયુગના લક્ષણ **"यशोऽर्थे धर्मसेवनं"**-નીપ્રચલિત પરંપરામાંથી પ્રભુએ તેમને સુરક્ષિત રાખ્યા છે. તે સૌને હાર્દિક ધન્યવાદ સહ મંગલાશીર્વાદ ! શારીર-સહયોગ પણ અનેક સ્વજન-સુજન-પ્રભુજનનો છે,– સૌને સસ્નેહ મંગલાશીર્વાદ ! નડીઆદ-"શ્રીભાગવત-પરિવાર"ના સ્વકીયજનો તો રાતદિ' સર્વભગવત્કાર્યમાં તત્પર જ હોય છે. હાર્દિક મંગલાશીર્વાદ તે સૌને ! તૃતીયાવૃત્તિની ઑફસેટનાં બટરપેપર્સ પરથી આ ચોથી આવૃત્તિ તૈયાર થઈ છે. તેના મુદ્રણાદિ માટે સન્નિષ્ઠ-સહયોગ શ્રીયોગિનભાઈ-શ્રીવિજયભાઈનો છે. ઉભયને હાર્દિક મંગલકામના !

ભગવદીયજનોએ અપાર આત્મીયતાથી ઉદાર અનુગ્રહ કર્યો. ભગવન્માર્ગે ચઢાવ્યો-ચલાવ્યો,– તે નિ.લી.પૂ.પા.પ.ભ.દાદાજી (શ્રીવ્રજવલ્લભભાઈ-શાસ્ત્રીજી, ગોકુલ), નિ.લી.પૂ.પા.પ.ભ. શાસ્ત્રીજી શ્રીનાગરદાસકાકા, પૂ.પા.પ.ભ. શ્રીમોહનકાકાની વત્સલસ્મૃતિ પણ સ્નેહવિકલ બનાવી, સકલ સંતાપ શમાવી, નિકટ પ્રભુસંમુખ રાખે છે,– **"मोहे भरोसो है दाऊ ठौर को,- एक हरिभक्तनको और दूजो नन्दकिशोरको !"**

ભગવત્કાર્ય-સંલગ્નતામાં મને તો અવકાશ ન રહેતાં, બધું સહી-સંભાળી-સંમુખ રહી-સાનુકૂલ રહેતાં, સહધર્મચારિણી સૌ. વિનોદિનીને સસ્નેહ મંગલાશીર્વાદ, યથાસંભવ સહયોગ દેતા ભાઈ ચિ. કીર્તનને સવાત્સલ્ય મંગલાશીર્વાદ - પ્રભુકાર્યપ્રવૃત્તિ માટે ! મારા પરિવાર શાં સતત સહયોગ દેતાં વૈષ્ણવજનોને તો સવાત્સલ્ય-સવંદન-ભગવત્સ્મરણ !

પ્રભુનું છે - શ્રીમહાપ્રભુજીનું છે– આ "શ્રીમદ્ભાગવત-રસાસ્વાદ" તો ! મને તો પ્રભુએ સંપાદન-પરિવેષણ-કૃતાર્થતા પ્રદાન કરી છે. આમાં ઉત્તમ હોય તે અનુગ્રહફલ છે, દોષ હોય તો તે સ્વભાવદુષ્ટ જીવના મારા છે. અનેક અભિજ્ઞાતજનોના ઉદાત્ત અભિપ્રાયો તો આવ્યા કરે છે, અંતઃકરણની પ્રસન્નતાથી અહીં વિસ્તારભયે સમાવેશ કર્યો નથી, ક્ષમ્ય ગણવા વિનંતી. અયુક્ત લાગે તે વિદિત કરવા વિદગ્ધવૃન્દને-વૈષ્ણવજનને વિનમ્ર વિનંતી. અત્યંત મહર્ઘતામાં પણ ગ્રંથ-ન્યોછાવર તો શક્ય તેટલું સીમિત રાખવા પ્રયત્ન કર્યો છે. મુદ્રણદોષ કાળજી રાખવા છતાં રહી તો જાય છે, તદર્થ પ્રભુ પાસે ક્ષમાયાચના !

"શ્રીમદ્ભાગવત-રસાસ્વાદ"ને માણતાં, પ્રભુને જાણતાં, પ્રેમ હૃદયમાં આવતાં, જીવનપરિવર્તન-સફલતા સુલભ થાય, તેમ પ્રભુચરણોમાં નમ્રનિવેદન ! પ્રભુપ્રસ્થાપિત અને શ્રીહરિસંચાલિત "વિદ્યાનિધિ"-ટ્રસ્ટને આવા સેવા-સુયોગો સુલભ થયા કરે, તેવી હાર્દિક મંગલકામના !

સં. ૨૦૫૫
શ્રીમહાપ્રભુજીપ્રાકટ્યોત્સવ.

લિ.
વિનીત, કૃષ્ણકૃષ્ણાસ્યકૃપાલિપ્સુ,
નવનીતપ્રિય શાસ્ત્રીના
સસ્નેહ પ્રભુવંદન
"વિદ્યાનિધિ"–વિશ્વસ્ત-મંડલના
સદસ્યોનાં સસ્નેહ ભગવત્સ્મરણ.

卐

॥ श्रीव्रजनाथो जयति ॥

* નમ્ર - નિવેદન *

(પ્રથમાવૃત્તિ)

"सा विद्या तन्मतिर्यया ।" - એ શ્રીભાગવત-સૂક્તાનુસાર ભગવાન્ શ્રીકૃષ્ણમાં મતિ રહે, એ જ વિદ્યા ! શ્રીમદ્-ભાગવત એવો અપૂર્વ-ગ્રંથ છે કે જેમાં વિદ્વાનોની પણ મતિ કુંઠિત થઈ જાય ! "विद्यावतां भागवते परीक्षा"- એવું વિધાન તેથી જ કરવામા આવ્યું લાગે છે, છતાં "भक्त्या भागवतं शास्त्रं न बुद्धया न च टीकया ।" ભાગવતશાસ્ત્ર બુદ્ધિ કે ટીકાથી નહિ, પણ ભક્તિથી તો અજ્ઞને પણ સમજાય ! આ તેની વિશિષ્ટતા છે. ભગવાન્ ભક્તિથી જ સુલભ છે. ભગવાનને મેળવવા માટે, કૃતાર્થતા માટે, કલિયુગમાં શ્રીમદ્ ભાગવત જ એકમાત્ર ભક્તિપ્રદ સાધન છે, છતાં તે ફલ પણ છે ! શ્રીમદ્ ભાગવત શ્રીગોવર્ધનનાથજીના દ્વાદશાંગરૂપ છે. પુષ્ટિમાર્ગમાં તો સાધન પણ કૃષ્ણ ! અને ફલ પણ કૃષ્ણ !

શ્રીમદ્-ભાગવત વેદાદિના વિશદીકરણરૂપ પણ છે; અને તેથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ, તેને ચતુર્થ-પ્રસ્થાન તરીકે સ્વીકાર્યુ છે. શ્રીમદ્-ભાગવત વ્યાસ મહર્ષિજીનું અપૂર્વ અને અદ્વિતીય દર્શન છે, જેમાં ભગવાનને જ ગાયા છે. તેને ભાવ અને અનુસંધાન-સહિત સંદેહરહિત સ્પષ્ટ સમજવું મુશ્કેલ છે. મહર્ષિ વ્યાસજીના "हि" "च", વગેરે પણ હેતુપુરઃસરના છે.

શ્રીમદ્-ભાગવત ઉપર અનેક ટીકાઓ સંસ્કૃત ભાષામાં છે; વ્યાસજીને તથા વિષ્ણુ-ભગવાનને શું અભિપ્રેત છે ?- તેની જો સ્પષ્ટ સમજ આપી હોય તો તે - વાક્પતિ શ્રીવલ્લભાચાર્યજીએ ! પરસ્પર વિરોધ ન આવે એવી રીતે શ્રીમદ્-ભાગવતનો ગૂઢાર્થ સાત રીતે કરી, મનસ્વી અર્થ કરનારા અન્ય ટીકાકારોને લાલબત્તી ધરી છે. આપશ્રીએ તત્ત્વાર્થદીપ નિબંધમાં - શાસ્ત્રાર્થ, સ્કન્ધાર્થ, પ્રકરણાર્થ અને અધ્યાયાર્થ; અને શ્રીસુબોધિનીજીમાં વાક્યાર્થ, પદાર્થ અને અક્ષરાર્થ પ્રકટ કર્યા છે. શ્રીમદ્-ભાગવતના મનસ્વી અર્થ કરવાનો કોઈને અધિકાર નથી.

શ્રીમદ્-ભાગવત નવલકથા, દૃષ્ટાંતસંગ્રહ કે ક્ષણિક મનોરંજનનો ગ્રંથ નથી. તે તો ભગવાનનો યથાર્થ પરિચય કરાવી, પ્રીતિ દેતું, ભગવાનનું જ નામાત્મક સ્વરૂપ છે, - અવતાર છે. તેમાં વિચાર રૂપ આદર અવશ્યક જોઇએ. સરલતાની શોધમાં સત્ફલને ન ભુલાય. વાર્તા-પ્રસંગોથી પ્રસન્ન થઈને પાનાં ફેરવી ન દેવાય. ધન-ધંધા કે સ્વાર્થ માટે આપણે મહેનત-મથામણ કેટલી કરીએ છીએ ? શ્રીભાગવત કે ભગવાન્ માટે તેમ આતુરતાપૂર્વક પ્રયત્ન ક્યાં કર્યો છે ? વેદને વિચારતાં, તે વેધ ન પણ લાગે; કૃષ્ણશરણ વિના સુજ્ઞને પણ તેમાં મોહ સંભવે. પુરાણ તો સૌને પ્રસન્નતાથી પ્રભુપરાયણ બનાવે; પુરાતન છતાં, તેની વાતો નૂતન લાગે, તેથી તો અભણ ભારતીઓને પણ પાશ્ચાત્યોની જેમ વિમાન, સ્વર્ગ કે પાતાલગમનની વાતોથી આશ્ચર્ય નથી લાગતું ! પુરાણાદિના શ્રવણ-વાચનથી તે તો સહજ લાગે છે. જીવનમંગલ કરનારો ધર્મ, આચાર-વિચારની સમજ, પુરાણમાંથી મળે છે. પુરાણતિલક શ્રીમદ્-ભાગવત તો વેદ-ગીતા-બ્રહ્મસૂત્રના સિદ્ધાન્તોનો સમન્વય સાધતો સ્વાભાવિક ભાષ્યગ્રન્થ છે. તેમાં આનંદમય ભગવાન્ કૃષ્ણની લીલા જ ગાયેલી છે. તેના તો દરેક સ્કન્ધની, સ્વતંત્ર માહાત્મ્યકથા પણ છે; પણ અતિ-વિસ્તાર ભયે, તથા અન્યથા-ભાનભયે અહીં તે લીધી નથી.

શ્રીમદ્ ભાગવતનાં અનેક પ્રકારનાં ભાષાન્તર કે કથારૂપ ગ્રન્થો પ્રસિદ્ધ થયા છે, થવા સંભવ પણ ખરો. શ્રોતાના ભાગવત-રહસ્યજ્ઞાન માટે આવાં ભાષાન્તરો કે કથાત્મિકા-પ્રવૃત્તિ હોઇ શકે; વક્તાના કે શ્રોતાના

પ્રમાદપોષણ માટે નહિ, - એ સ્પષ્ટ સમજવું જોઈએ. ભાષાન્તર કે સારાત્મક - ગ્રન્થો વાંચીને, મૂલગ્રન્થો વાંચવાની અભિરુચિ થવી જોઈએ - વધવી જોઈએ. મૂલ - પ્રાચીન ઉત્તમ ગ્રન્થોની અવગણના ન જ થવી જોઈએ. શ્રીભાગવતમાંથી ભગવાન્ સમજાવા જોઈએ; પ્રભુમાં પ્રગાઢ પ્રીતિ થવી જોઈએ. અત્યાર સુધીમાં પ્રસિદ્ધ થયેલાં શ્રીભાગવતનાં ભાષાન્તર કે કથાસાર રૂપ ગ્રન્થો કરતાં, આ પ્રસિદ્ધ થતા - "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"ની વિશેષતા તો ગ્રન્થ પોતે જ કહેશે. સુજ્ઞને સમજાયા વિના કેમ રહેશે ? તેનું સંપૂર્ણ વર્ણન શક્ય કેટલું ?

શ્રીમદ્-ભાગવત વિષયક સાંપ્રદાયિક-સાહિત્ય જેટલું વિધમાન છે, તેનો પૂજ્ય શાસ્ત્રીજીએ ગવેષણાપૂર્વક અભ્યાસ કરી, ગ્રન્થમાં યોગ્ય સ્થળે, રમ્ય રીતે આલેખન કર્યું દેખાય છે.

અન્યપુરાણો કે મહાભારતમાં કરતાં, શ્રીભાગવતની વિલક્ષણતા છે, કે તેનો પુરુષાર્થ ચતુષ્ટયનો ક્રમ જુદો છે. સામાન્યતઃ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એમ ક્રમશઃ ચાર પુરુષાર્થો ગણાય છે. જ્યારે શ્રીમદ્-ભાગવતમાં જીવન ટકાવતા આહારવિહાર-કામ; તેથી પ્રાપ્ત થતું જીવન-અર્થ; જીવની તત્ત્વજિજ્ઞાસા-ધર્મ, અને તેથી અહંતા-મમતારૂપ સંસારબંધનમાંથી છુટકારો, એ - મોક્ષ; એ ક્રમ છે. પુષ્ટિભક્તિમાર્ગીય પુરુષાર્થો જુદા પણ છે; કૃષ્ણદાસ્ય-ધર્મ; કૃષ્ણ પોતે-અર્થ; કૃષ્ણદર્શનલાલસા-કામ; કૃષ્ણના થઈ જવું એ-મોક્ષ; એ ક્રમ છે. આવી તો અનેક છે - શ્રીમદ્-ભાગવતની વિલક્ષણતાઓ !

આ "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"માં તેનાં દર્શન સુલભ છે. શાસ્ત્રાર્થ-સમન્વય; યથાર્થ-સંગત-લલિત-કથાપ્રવાહ; જીવનોપયોગી મંગલ માર્ગદર્શન, આધુનિક વૈજ્ઞાનિક-શોધો; વગેરેનો પણ તેમાં સુમેળ સધાયેલો છે. પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાના જીવને માટે યથાધિકાર પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ, આમાંથી મળે તેમ છે. ઈતિહાસ-ભૂગોળનાં વર્ણનો તે તે વિષયોની મુખ્યતાથી નહિ; પણ ભગવાનના મહિમા રૂપે, પ્રભુની લીલા રૂપ છે; તે આમાંથી નિઃસંદેહ સમજાય છે. આધુનિક લોકોની, આહાર-વિહાર-આચાર-વિચારની, શંકાઓનાં સમાધાન પણ આ ગ્રન્થમાંથી સુલભ છે.

શ્રીવલ્લભાચાર્યજીએ તથા શ્રીગુસાંઈજીએ, પોતાના ગ્રન્થોમાં "रस" સ્વરૂપ અભિવ્યક્ત કર્યું છે, કારણ કે શ્રીકૃષ્ણ "रसो वै सः" છે. અનધિકારિજનો આ શૃંગારરસને, લૌકિક સમજીને, અન્યથા અર્થ કરવાની ભૂલ ન કરે માટે, પૂ. શાસ્ત્રીજીએ રસની વાતોનો પોતાની આગવી શૈલીમાં અંગુલિનિર્દેશ કર્યો છે. રસનું સ્વરૂપ વિશદ કર્યું છે,- "રાસ" પ્રસંગમાં, રસ અને કામના અનેક ભેદો સ્પષ્ટ બતાવ્યા છે. "શ્રુતિગીતા"માં જીવનલાભ રૂપે, જીવની કૃતાર્થતા રૂપે, કૃષ્ણસેવાનું યથાર્થ પ્રતિપાદન છે. આધુનિક કાલમાં પણ સૌને સાનુકૂલ થાય તેવું, યથાર્થ પુષ્ટિમાર્ગીય-જીવનનું મંગલ માર્ગદર્શન વ્યવહાર-સંગત રીતે "ગોપીગીત"માં પણ દેખાય છે. સર્વોત્તમ, સુલભ, જીવનદર્શન "સુદામા-ચરિત"માં આપત્તિ-સંપત્તિ-પ્રસંગોમાં, આલેખાયું દેખાય છે.

આ ગ્રન્થની અનુક્રમણિકા વાંચતાં, લીલા-નામ, ભગવદંગ, પ્રકરણવિભાગ, અધ્યાયનો કથાવિષયસાર, સરલતાથી સમજી શકાય તેમ છે. આ ગ્રન્થમાં, સાંપ્રદાયિકના હોવા છતાં, માત્ર સાંપ્રદાયિકતા કે સંકુચિતતા વિના, વિશિષ્ટ વિવિધ સુંદર પ્રતિપાદનો છે. યથાર્થ શાસ્ત્રસિદ્ધાંત, ભગવાનને અભિપ્રેત, ભાગવતના જ્ઞાનસાર રૂપ, વ્યાસ-મહર્ષિને પ્રિય અને શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકાશિત છે,- "બ્રહ્મવાદ"! તે સ્પષ્ટ રીતે જણાવ્યો છે; પ્રેમમય પુષ્ટિમાર્ગનું પણ સ્પષ્ટ દર્શન છે, તે તો જીવમાત્રના કલ્યાણ માટે છે; તેથી વિશ્વના સર્વ કોઈ માનવને આ ગ્રન્થ ઉપયોગી થશે જ.

માયાના વિવિધ પ્રકારો સમજાવતાં, માયાની સ્પષ્ટતા સચોટ રીતે કરી છે. તત્ત્વજ્ઞાનના અતિગહન વિષયોની છણાવટ તટસ્થ રીતે, સમજી શકાય તેવી શૈલીમાં કરી છે; તેમ જ તેવા મુદ્દાઓની સમજ માટે

વ્યવાહરિક ઉદાહરણોથી, તથા સફલ જીવન-પ્રસંગોથી, તે વાતોને સરલ અને રસિક બનાવી છે.

આ કથાત્મક "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ", વિદ્વદ્ભોગ્ય તેમ જ સર્વજન-યોગ્ય પણ છે. સામાન્ય જનતા સમજી શકે તે માટે સંસ્કૃતમાં આવતા સુંદર શ્લોકો, તેમજ શ્રુતિ વગેરેનો ગુજરાતીમાં આશય દીધો છે. અનુવાદમાં તેટલું જ અર્થગાંભીર્ય છે. શ્રીભાગવતજીમાં આધ્યાત્મિક અર્થઘટનો સંભવે છે, છતાં તેની લીલા રૂપ વાસ્તવિકતા પણ સ્પષ્ટ છે. આ કથાઓ કોઈ કલ્પનાઓ નથી. તે આ ગ્રન્થમાંથી સમજાય છે.

શ્રીમદ્ ભાગવતને કલાત્મક રીતે કથાત્મક-દષ્ટિએ સાંગોપાંગ આલેખવા માટે કૃષ્ણકૃપાથી વિપુલજ્ઞાન, તેમ જ ભાવના અને નિષ્ઠાયુક્ત હૃદયની આવશ્યકતા છે. પૂ. પા. નિત્યલીલાસ્થ ગો. શ્રીદીક્ષિતજી મહારાજશ્રીની કૃપાવૃષ્ટિ તથા પૂ. પા. પરમ ભગવદીય શાસ્ત્રીજી શ્રીવ્રજવલ્લભભાઈ શ્યામલાલજીની પ્રભુપ્રેરિત વાત્સલ્ય સભર ભગવદ્ધર્મ-પ્રેરણા; તથા પૂ. પા. પ. ભ. શ્રી નાગરદાસભાઈ કાશીરામ શાસ્ત્રીજી દ્વારા ભગવચ્છાસ્ત્ર-બીજોપ્તિ; ભગવત્કૃપાએ સુલભ થઈ. પૂજ્ય શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીએ આ પ્રભુપ્રેરિત ભગીરથ સેવાકાર્ય દ્વારા સનાતન-ધર્મરત તેમજ પુષ્ટિ-માર્ગીય સૃષ્ટિને અનુગૃહીત કરી છે.

આ ગ્રન્થમુદ્રણની પાછળ એક ઈતિહાસ છે. નડિયાદની શ્રીગોશાલી-ભગવન્મંડલીએ પૂજ્ય શાસ્ત્રીજીને વિનંતી કરી કે, શ્રીસુબોધિનીજી આદિ આકર-ગ્રન્થોને આવરી લે તે રીતે, સં. ૨૦૨૮ના અધિક (પુરુષોત્તમ) માસમાં, અમારે પંદર દિવસ શ્રીમદ્ ભાગવત સાંભળવું છે. તેમણે તેનો સહર્ષ સ્વીકાર કર્યો. આ કથાનું ટેપરેકોર્ડિંગ કરવાની સેવા શ્રીચીમનલાલભાઈ ત્રિ. બાસુદીવાળા તથા શ્રીમણિલાલભાઈ વ્ર. પટવાએ સહર્ષ સ્વીકારી. મુદ્રણ કરવા માટે, તેનું લખાણ ખૂબ શ્રમે શ્રીમોતીલાલભાઈ બાપુજીભાઈ શાહ દ્વારા લિપિબદ્ધ થયું. તેને પૂજ્ય શાસ્ત્રીજીએ મુદ્રણ યોગ્ય સ્વરૂપ દેતાં, વિસ્તૃત રૂપે, વિશિષ્ટતાપૂર્ણ વિશદ વ્યાખ્યાન થયું. તેને પ્રેસપ્રતનું સ્વરૂપ દેવા વગેરેની સેવાનો સુભગ લાભ મને મળ્યો. મુદ્રણના કાગળો મેળવવામાં, શ્રીબંસીલાલભાઈ બિહારીલાલ દેસાઈ અને શ્રીરમ્યસુખરામભાઈ ડી. ત્રિપાઠીનો સુયોગ મળ્યો.

મુદ્રણમાં વિત્તસેવા દેવા તત્પર સુજનોની સેવા-(ભાવના)-વૃદ્ધિ માટે, **"विद्यानिधि"** નામનું ટ્રસ્ટ રચાયું. તેમાં શ્રીરામપ્રસાદભાઈ સી. દલાલ અને શ્રીનટવરલાલભાઈ એમ. શાહનો સેવા-સહયોગ સધાયો. આ "વિધાનિધિ" ટ્રસ્ટને સેવા દેનારને ઈન્કમટેક્સમાં યોગ્ય મુક્તિ મળે છે. ટ્રસ્ટમાં હાલ પાંચ ટ્રસ્ટીઓ છે : (૧) શ્રીનવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, (૨) શ્રી અંબાલાલ જમનાદાસ શાહ, (૩) શ્રીરામપ્રસાદ ચીમનલાલ દલાલ, (૪) શ્રી બંસીલાલ બિહારીલાલ દેસાઈ, (૫) ડૉ. શ્રી નટવરલાલ મોહનલાલ ગાંધી. પ્રત્યેક ટ્રસ્ટી સક્રિય સેવા આપે તે ટ્રસ્ટની સ્વાભાવિકતા ગણાય. બીજા પણ અનેક સુજન-સ્વજનનો સહકાર આમાં સુલભ થયો છે. જે કોઈ સુજને-વૈષ્ણવજને તન, મન, ધનથી આ ભગવત્કાર્યમાં સેવા-લાભ લીધો છે, તે સર્વને સાદર-સસ્નેહ ભગવત્સ્મરણ; આ અમારી કૃતાર્થતા અમને લાગે છે. આ સેવાકાર્યમાં સહજ સ્નેહવશપણે, સેવાબુદ્ધિથી પોતાના નામથી કોઈ જ પ્રસિદ્ધિની અપેક્ષા વિના, હજારો રૂપિયાની સેવા અનેક સુજનોની છે. કલિયુગમાં તો **"यशोऽर्थे धर्मसेवनम् ।"**- "યશ માટે ધર્મસેવન સર્વત્ર દેખાય છે; સૌ પ્રસિદ્ધિ માટે પડાપડી કરે છે. આ "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ" - પ્રકાશનમાં તો સૌની સેવાભાવના સૌને પ્રેરે છે. નામની કોઈ જ પ્રસિદ્ધિ વિના, સેવા દેવા અનેક સુજનો તત્પર થઈ ગયા છે. આ વિલક્ષણતા છે. આ સૌની સેવાભાવના સુરક્ષિત રહે, તેથી નામ પ્રસિદ્ધ કર્યાં નથી. આવા સેવાશીલ સુજનોને ભગવત્સ્મરણ બિના શું સંભવે ?!

"अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद्वाक्पतेरन्यस्तत्र विधाय मानुषतनुं मां

व्यासवच्छ्रीपतिः । दत्त्वाज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥"- ભગવાન્ શ્રીકૃષ્ણે જ્ઞાનાવતાર વ્યાસજીને શ્રીમદ્ ભાગવત પ્રકટ કરવા; અને શ્રીવલ્લભાચાર્યજીને શ્રીમદ્ભાગવતના ગૂઢાર્થ પ્રકટ કરવા માટે અવતાર દીધો. શ્રીમહાપ્રભુજીનું અવતારકાર્ય છે - શ્રીમદ્ ભાગવત ગૂઢાર્થ પ્રકાશન ! શ્રીમદ્ વલ્લભાચાર્યજીના આગામી પંચશતાબ્દી - પ્રાકટ્ય - મહોત્સવ - પ્રસંગે, આપના અવતાર-કાર્ય રૂપે, આ "વિધાનિધિ" ટ્રસ્ટના પ્રથમ સેવા-મનોરથ-સુમન રૂપે, "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ" - સૌને સુલભ થાય તેમ, આ ગ્રન્થ - પ્રકાશન કરવાનું સૌભાગ્ય મળ્યું છે. શ્રીમદાચાર્યચરણની સેવાના મનોરથ રૂપે, સર્વકલ્યાણબુદ્ધિથી, અસહ્ય મોંઘવારી હોવા છતાં, આ ગ્રન્થ પડતર ન્યોછાવરે (કિંમતે) આપવાનો મનોરથ છે. ગ્રન્થમાં તેથી શ્રી વલ્લભાચાર્યજીનું ચિત્રજી તથા શ્રીદશાવતારદર્શન છે. આ ગ્રન્થ, મંગલપ્રસંગોમાં કે અન્ય રીતે, સર્વ સ્વજનને સ્નેહ-પ્રતીક રૂપે દેતા, સાચા રૂપમાં સમાજ, સ્વજન, સંપ્રદાય અને શ્રીહરિની પણ સેવા કરી ગણાય. સ્વજન તો સુમાર્ગે જ દોરે.

આવા ગ્રન્થને અભિપ્રાયોની જરૂર જ ન હોય. ગ્રન્થના મનનપૂર્વક વાચનથી પ્રત્યેક વાચકને તેની ઉત્તમતા, ઉપયોગિતા, તેમ જ આવશ્યકતા સમજાઈ જાય; તથાપિ વંદનીય મહાજનોની પ્રસન્નતાનાં શબ્દસુમન તો ભગવન્નામાત્મક શ્રીમદ્-ભાગવતના યજનમાં સ્વાભાવિક ગણાય; તે કૃપાશીલ પૂજ્ય ગોસ્વામી મહારાજશ્રીઓના તેમજ ભગવન્માર્ગનિષ્ઠ વિદ્વાનોના આશીર્વાદાત્મક અભિપ્રાયો રૂપે સ્વાભાવિક રૂપમાં છે. સમયાભાવે સૌનું સાન્નિધ્ય સધાયું નથી, સ્વજન-સુજન ક્ષમ્ય ગણે તેવી વિનંતી.

ગ્રન્થનાં પ્રૂફ સુધારવામાં ખૂબ ચોકસાઈ રાખ્યા છતાં, અશુદ્ધિ રહી ગઈ છે. ક્ષમા-યાચના વિના તેમાં ઉપાય શો ?

ધી યશવંત પ્રિન્ટિંગ પ્રેસમાં, શ્રીયશવંતભાઈ બુટાલાએ ગ્રંથમુદ્રણનું કાર્ય, ભાવનાપુરઃસર સ્વીકારી કાર્યને સરળ બનાવ્યું, એ એમની સુજનતા છે. તેમને પણ ભગવત્સ્મરણ.

સર્વ જનસમાજને "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" મંગલ જીવનમાર્ગ દઈ, પ્રભુમાં પ્રીતિ કરાવે, તે જ ભગવાન્ શ્રીકૃષ્ણને અમારી નમ્ર અભ્યર્થના.

નમ્ર નિવેદક,

સંવત ૨૦૩૨, મહા વદ ૮ — "વિધાનિધિ" ટ્રસ્ટી મંડલ

નડિયાદ, — વતી

કૃષ્ણકૃપાભિલાષી,

અંબાલાલ જ. શાહ

નાં ભગવત્સ્મરણ.

શ્રીહરિઃ

* વિનમ્ર-વિજ્ઞાપન *

(દ્વિતીયાવૃત્તિ)

ભગવદિચ્છા જ હશે, - "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"ની પુનરાવૃત્તિ થયા કરે તેવી ! પ્રથમાવૃત્તિ છપાતાં પહેલાં જ દ્વિતીયાવૃત્તિની સન્નિષ્ઠ સેવા અને સુયોગ્ય સહયોગ સુલભ થઈ ગયાં હતાં !!! કૃપા જ છે ભગવાન્ શ્રીકૃષ્ણની ! રોમાંચ થાય છે આવા અનુભવોથી !

છેલ્લાં ત્રણેક વર્ષથી, "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ"ની બધી જ પ્રતો વૈષ્ણવોએ વધાવી લેતાં, દ્વિતીયાવૃત્તિનો પ્રયાસ પ્રારંભાયેલો ! મુદ્રણના કાગળો પૂર્વવત્ ટ્રસ્ટી શ્રીબંસીલાલભાઈ બી. દેસાઈના સહયોગથી શ્રીરમ્ય-સુખરામભાઈ ડી. ત્રિપાઠી દ્વારા સુલભ થયા. ફોટો ઓફસેટ-ઝેરોક્ષ વગેરે વિકલ્પોમાં, નવયુવકોને ઉત્સાહ દેવાના મંગલાશયે, નડિયાદનાં બે પ્રેસને ક્રમશઃ કામ દીધું. છતાં વર્ષો વેડફાયાં, - કામ કાંઈ યોગ્ય ન થયું. છેવટે અમદાવાદમાં ટ્રસ્ટી શ્રીરામપ્રસાદભાઈ સી. દલાલના સહયોગથી પ્રેસ-પ્રૂફવાચન વગેરેની વ્યવસ્થા સંભવી. ગ્રંથ માટેની માંગ તો અવિરત રહ્યા જ કરી છે. આ ગ્રંથ તો જેમ વંચાય છે તેમ સૌને તે વશ કરે છે ! હજારો રૂપિયાની સેવા તો પૂર્વવત્ યશોલાભની લાલસા વિના વૈષ્ણવોએ સ્વેચ્છાએ દીધી છે. સેવાસુરક્ષા માટે નામ તો પૂર્વવત્ જાહેર કર્યાં નથી. અનેક આદરણીય-આત્મીય-આગંતુકનો પણ સહયોગ આમાં સુલભ થયો છે. આ સૌ ભગવજ્જનોને સાદર-સસ્નેહ ભગવત્સ્મરણે જ ધન્યતા છે. યુગાન્ચલ પ્રિન્ટર્સને ભદ્રતાથી મુદ્રણ માટે અને શ્રીકાન્તિલાલભાઈ વી. રામીને સન્નિષ્ઠ પ્રૂફવાચન માટે ધન્યવાદ !

પ્રથમાવૃત્તિમાં અનિવાર્ય રીતે એક જ ગ્રંથ રાખવો પડેલો ! વાંચન-સુવિધા માટે આ વખતે બે ભાગમાં ગ્રન્થ દીધો છે. અનેક આદરણીયજનોના ઉદાત્ત અભિપ્રાયો આ ગ્રન્થ માટે આવેલા છે; પણ અતિવિસ્તારભયે તેનો સમાવેશ કરી શકાયો નથી. સૌ ક્ષમા કરે. મોંઘવારીમાં મુદ્રણ-કાગળ-બાઈન્ડિંગ વગેરે અસહ્ય મોંઘા છતાં યથાસંભવ ઓછી ન્યોછાવર જ રાખવા યત્ન કર્યો છે. ખૂબ ચોકસાઈ રાખવા છતાં ગ્રન્થમાં અશુદ્ધિ રહી ગઈ છે. ક્ષમા જ યાચીએ છીએ.

"શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ"નો આહ્લાદ માણતાં સૌ પ્રભુપ્રેમલાભે, પ્રભુપ્રસન્નતાપ્રાપ્તિના ધ્યેયથી, જીવનસાફલ્ય માણે, તે જ પ્રભુચરણે નમ્ર અભ્યર્થના !

નડિયાદ
ચૈત્ર વદ ૧૧, મંગલવાર, ૨૦૩૮
શ્રીમદ્વલ્લભાચાર્યજયન્તી
તા. ૨૦-૪-૧૯૮૨

વિનમ્ર-વિજ્ઞાપક,
"વિદ્યાનિધિ" ટ્રસ્ટી મંડલ વતી,
અંબાલાલ જ. શાહનાં
ભગવત્સ્મરણ.

શ્રીહરિઃ

* સંવેદન-નિવેદન *

(તૃતીયાવૃત્તિ)

અપાર - ઉદાર - અનુગ્રહ અનુભવાય છે,- આનંદમયનો ! સ્વકીયોને સ્વકાર્યમાં સંલગ્ન કરી દે છે,- તે તો ! સાધન - સફલતા સઘળું સર્વસમર્થ શ્રીહરિ જ સંભાળી લે છે ! દ્વિતીયાવૃત્તિની જેમ જ, "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"ની તૃતીયાવૃત્તિ માટે પણ, પહેલેથી જ સન્નિષ્ઠ-સેવા અને સુયોગ્ય સહયોગ સુલભ થઈ ગયાં છે ! હૃદય દ્રવી જાય છે,- ભગવાન્ - ભગવદીયોની આત્મીયતાના અનુભવોથી ! ભગવદિચ્છા જ લાગે છે,- "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"ની પુનરાવૃત્તિ થયા કરે તેવી !

છેલ્લા કેટલાક સમયથી, સુજન - પ્રભુજનોએ "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ"ની બધી જ પ્રતો સહર્ષ સ્વીકારી લઈને, પોતાને માટે તથા પોતાનાં પ્રિયજનોને પ્રેમોપહાર માટે સર્વત્રથી સતત સોત્સાહ પૃચ્છા - શોધ - બોધ - અનુરોધ તેના પુનર્મુદ્રણ માટે કર્યા જ કર્યો છે ! પરિણામે પ્રભુકૃપાએ કાંઇક વિશિષ્ટ રૂપે ગ્રંથનો આ અવતાર સંભવ્યો ! અક્ષરો સૌને સરલતાથી સેવન થાય માટે મોટા રાખ્યા છે. વિષય-વિશિષ્ટતા વ્યક્ત થાય તેમ શીર્ષક પણ સમાવ્યાં છે, પ્રત્યેક પૃષ્ઠ પર સ્કંધ-અધ્યાય-નિર્દેશ પણ કર્યો છે. ઓફસેટ પદ્ધતિથી મુદ્રણ કરાવ્યું છે. આ ગ્રંથ તો જેમ વંચાય-વિચારાય- છે,- તેમ વશ કરે છે,- વિજ્ઞોને, વિભુજનોને, સહૃદયજનોને ! હજારો - લાખો - રૂપિયાની સેવા તો પુણ્ય-પ્રતિષ્ઠાની લાલસા વિના જ પૂર્વવત્ પ્રભુ-પરાયણ-જનોએ દીધી છે, - પ્રભુપ્રીત્યર્થ ! તેમની ભાવના-સેવા-સુરક્ષા માટે નામ તો પૂર્વવત્ પ્રકાશિત કર્યાં નથી ! અનેક ભદ્રજનોનો સેવા-સહયોગ આમાં સુલભ થયો છે. આવા સૌ સુજન-સ્વજન-પ્રભુજનને તો સસ્નેહ-સાદર- ભગવત્સ્મરણે જ ધન્યતા છે. સરલતા-સદ્ભાવ-સૌજન્યની ત્રિવેણી શા શ્રીયોગીનભાઈ પરીખ (ન્યૂ-ટેક. ફોટો કંપોઝર, નડીઆદ)ના સુભદ્ર - સહયોગ દ્વારા મુદ્રણ-વ્યવસ્થા સુંદર સંભવી. તેમને - મુદ્રણાલયને - હાર્દિક ધન્યવાદ ! પ્રૂફ વાંચનમાં સેવા-સહયોગ તો મારા સ્વજન શા પરિવારની પુત્રવધૂ સરલ-સ્વાન્તઃ ચિ. સૌ. લતા જયેશ પરીખે અનેક રાતોનાં જાગરણ-તપઃ - પૂર્વક દીધો છે ! ભગવન્માર્ગનિષ્ઠ, શ્રીવૈકુંઠભાઈ ભગતે (નિવૃત્ત-આચાર્ય, ભરૂચ) પણ સાદ્યન્ત-પ્રૂફ-શોધન-સેવા-સહયોગ દીધો છે. ઉભયને મંગલાશીર્વાદ !

ભગવાને પરમ ભાગવતો દ્વારા સ્વકીયતાની ફલોન્મુખ કૃપા કરી ! તે સુભદ્રવાત્સલ્ય વરસાવતા ભગવન્માર્ગપ્રદાયક પૂ. પા. પ. ભ. દાદાજી શ્રીવ્રજવલ્લભભાઈ શાસ્ત્રીજી (ગોકુલ), સવાત્સલ્ય ભગવચ્છાસ્ત્ર-બીજોપ્તિ-પ્રદ પૂ. પા. પ. ભ. કાકા શાસ્ત્રીજી શ્રીનાગરદાસભાઈ બાંભણીઆજી (અમદાવાદ), ભગવન્માર્ગમાં સન્નિષ્ઠ સ્નેહે પ્રવેશપ્રદ મુ. પ. ભ. શ્રીમોહનકાકા (શ્રી મોહનલાલ કાલીદાસ શાહ - નડીઆદ)નાં સુભદ્ર-સ્મરણે તો હૃદય રેલાય છે, આંખ ઉભરાય છે, વાણી ગદ્ગદ્ થાય છે, શિર ચરણોમાં મૂકાઈ જાય છે ! ભગવાન્ - ભાગવતો પ્રસન્ન થાય, આવા ભગવત્સેવા - મંગલ મનોરથ - યત્નોથી ! શ્રીકૃષ્ણ - શ્રીકૃષ્ણાસ્યના શ્રીચરણકમલોમાં તો સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ વંદન જ સંભવે ને ! બાલ્યાવસ્થામાં જેમણે વાત્સલ્યથી ધર્મસ્વૈર દીધો, તે પિતૃ-માતૃ-ચરણોને વંદન ! કથાવશ-પ્રવાસમાં અને ગ્રંથાદિ - ભગવત્કાર્ય-વશ વ્યસ્તતામાં રહેતા મારી ગૃહસેવા, વૈષ્ણવ-સ્વજન-સેવા, સ્નેહ-સન્નિષ્ઠાથી સંભાળતાં સહધર્મચારિણી સૌ. વિનોદિની તથા સ્નેહ - સહયોગ તેમાં દેતા પુત્રકલ્પ ચિ. કીર્તનને સહૃદય-મંગલાશીર્વાદ ! સન્નિષ્ઠા - સ્નેહ - સમર્પણની ત્રિવેણી જેવાં પ્રભુપ્રદત્ત સ્વકીય-દેશ-વિદેશસ્થ - ભગવદીયજનોને પણ સસ્નેહ - ભગવત્સ્મરણ !

"શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" તો શ્રીમદ્ભાગવતસ્થ "**रसो वै सः**"નો આસ્વાદ છે ! તેનો આહ્‌લાદ માણતા આદરણીય - ઉદાત્ત-જનોના અનેક વિશિષ્ટ અભિપ્રાયો, અંતઃકરણના ઊંડાણમાંથી ઉદ્‌ભવતા, આવ્યા જ કરે છે ! પ્રભુનું છે,- શ્રીમહાપ્રભુજીનું છે,- "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" તો ! મને તો આપે પરિવેષણ-કૃતાર્થતા પ્રદાન કરી છે ! અતિવિસ્તારભયે આ અભિપ્રાયો અભિવ્યક્ત કરી શકાતા નથી ! સૌ સુજ્ઞો ક્ષમા કરે ! અત્યંત મહર્ઘતામાં કાગળ - મુદ્રણ - બાઈન્ડીંગ અસહ્ય મોંઘાં થવા છતાં, ગ્રંથન્યોછાવર યથાસંભવ સીમિત રાખવા યત્ન કર્યો છે. ખૂબ કાળજી રાખવા છતાં મુદ્રણદોષ રહી તો જવા સંભવે છે, તદર્થ ક્ષમા-યાચના !

"શ્રીમદ્ભાગવત-રસાસ્વાદ"ને માણતાં, પ્રભુને જાણતાં, હૃદયમાં આણતાં, જીવન-સાફલ્ય સુલભ થાય, તે પ્રભુ-મહાપ્રભુ-ચરણકમલોમાં નમ્ર-નિવેદન ! પ્રભુપ્રસ્થાપિત "વિદ્યાનિધિ"-ટ્રસ્ટને આવા સુભગ સેવા-સુપ્રસંગો સુલભ થતા રહે, તેવી મંગલ મનઃકામના !

શ્રીવિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજી -
શ્રીમત્પ્રભુચરણ - પ્રાકટ્યોત્સવ.
સં. ૨૦૪૯ માર્ગશીર્ષ કૃષ્ણ ૯ શુક્ર
તા. ૧૮/૧૨/'૯૨
નડીઆદ.

વિનીત, કૃપાલિપ્સુ,
નવનીતપ્રિય શાસ્ત્રીનાં
સપ્રેમ પ્રભુવંદન.
"વિદ્યાનિધિ" - વિશ્વસ્ત-મંડલના
સદસ્યોનાં સસ્નેહ ભગવત્સ્મરણ !

卐

શ્રીહરિઃ

卐 કૃપાકુસુમમાલા 卐

卐

કૃપાકલ્પતરુ

પૂ. પા., ગોસ્વામી-તિલકાયત શ્રી ૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રી
(શ્રીનાથદ્વારા - મુંબઈ)

श्री

श्रीमद भागवत, वेदमहोदधिका अमृत है । ''वेदोपनिषदां साराज्जाता भागवती कथा ।'' प्रणव-गायत्री-वेद तथा श्रीमद् भागवत वस्तुतः अभिन्न हैं । इनका ''वरेण्य'' विषय एक ही है । श्रीमद्भागवत, भगवान् श्रीकृष्णका वाङ्मयस्वरूप हैं । श्रीमद् वल्लभाचार्यने प्रस्थानत्रयी के अतिरिक्त, श्रीमद्भागवत को चतुर्थप्रस्थान माना है । जिस पर आलेखित, आपश्रीकी श्रीसुबोधिनी एक लोकोत्तर भाष्य हैं । जिसमें भागवत के सप्तविध अर्थोंमें से, वाक्य, पद तथा अक्षर इन् त्रिविध अर्थों का गूढ विवेचन अपनी चमत्कृत एवं रसमय शैली में किया हैं ।

''श्रीसुबोधिनी'' पर आधारित, पं. नवनीतप्रिय शास्त्रीने, गुजरातीभाषामें सुविशद विद्वत्तापूर्ण गाथा का मधुर ग्रंथन किया हैं । वह समग्र वैष्णववमृष्टि के लिए एक स्तुत्य संयोजन् है । तदर्थ श्रीशास्त्री को हमारे शुभाशीर्वाद ।

-ति. गो. गोस्वामी

卐

પુષ્ટિપથવલ્લરીવારિદ

પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રીરણછોડલાલજી પ્રથમેશજી મહારાજશ્રી
(મુંબઈ, કલકત્તા, દિલ્હી, જતિપુરા, કોટા)

श्रीहरिः

श्रीनवनीतप्रिय शास्त्री वल्लभसंप्रदाय के उदीयमान एवं निष्ठावान् विद्वान् हैं । इनकी धर्मप्रचार की लगन और श्रद्धा को श्रीपूर्णपुरुषोत्तम भगवान् श्रीकृष्ण अपनी कृपाकुसुमवृष्टि से सफल करें, यही हार्दिक प्रार्थना है । श्रीमद्-भागवत पर उनके गुजराती प्रवचन निष्ठा का सरस सोपान हैं । मुझे विश्वास है-भावुक भक्त इसे आत्मीयता से अंगीकृत कर आत्मकल्याण प्राप्त करेंगे । वे अवश्य अपने उदेश्य में सफल हो । यह मेरा आशीर्वाद हैं । शेष भगवत्कृपा ।

- गो. रणछोडाचार्य प्रथमेश

પુષ્ટિરસપીયૂષપયોધિ
પૂ. પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીવ્રજભૂષણલાલજી મહારાજશ્રી
(કાંકરોલી, વડોદરા)

॥ श्री द्वारिकेशो जयति ॥

भ. शा. नि. शास्त्री श्रीनवनीतप्रियजी, नडियाद.

तुम्हारो छपायो गुजराती भागवत कथा भाग मैंने देख्यो हैं। तुम साम्प्रदायिक सिद्धान्त के जानकार हो। तो यह भागवत साम्प्रदायिक सिद्धान्तानुसार ही होय गो। तुम्हारो प्रयास प्रशस्य है। ओर भी ऐसे भागवत भूतकाल में प्रकाशित हुए है। किन्तु इसमें साम्प्रदायिकता विशेष है यह आनन्द की बात है। हमारे शुभाशीर्वाद।

– गो. श्रीव्रजभूषण शर्मा

卐

શુદ્ધાદ્વૈતસાહિત્યશેવધિ,
પૂ. પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રી (સુરત)

॥ श्रीबालकृष्णो विजयतेतमाम् ॥

॥ श्रीकृष्णः सदा सेव्यः स्मर्तव्यश्च ॥ **श्रीबालकृष्णः।**

स्वस्ति श्रीमद्गोस्वामीश्रीमगनलालजीमहाराजात्मजश्रीव्रजरत्नलालजीमहाराजानां स्वकीयेषु परमवैष्णवेषु श्रीगुरुभगवत्सेवापरायणान्तःकरणेषु सुज्ञेषु श्री २ सपरिवारेषु भ. शा. नि., प. भ., श्रीनवनीतप्रिय शास्त्रीषु निरूपिताः शुभाशिषः।

.... શ્રીભાગવત વિષયક શ્રીમદાચાર્યચરણોનો આશય સમજવામાં પ્રસ્તુત પુસ્તક ઉપયોગી નીવડશે જ. લેખક તેમજ વાચક ઉભયને અમારા આશીર્વાદ છે કે આ પુસ્તકના અવગાહન દ્વારા વિશેષ ભગવત્સંમુખ થાય.

રાસપંચાધ્યાયીનો પ્રાથમિક વિભાગ જે તમે અમને તે પુસ્તકમાંથી વાંચી સંભળાવ્યો તે સુંદર હતો અને તેથી અમને સંતોષ થયેલો.

卐

કલાકૃપાવારિધિ
શ્રીપુષ્ટિભક્તિમાર્ગાચાર્ય, પૂ. પા. શ્રીમદ્ગોસ્વામી ૧૦૮ શ્રીવ્રજરાયચરણ મહારાજશ્રી

(શુદ્ધાદ્વૈતતિલકાયત;, શુદ્ધાદ્વૈતવાચસ્પતિઃ, વિધામ્ભોનિધિઃ, પદવાક્યપ્રમાણ - પારાવારપારીણ, શ્રીકૃષ્ણદ્વૈપાયનદર્શનમિહિર) (અમદાવાદ)

॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

॥ श्रीनटवरप्रभुर्विजयते ॥

''॥ मधुराधिपतेरखिलं मधुरम् ॥''

। सदा श्रीकृष्णः सेव्यः स्मर्तव्यश्च ।

''॥ रसो वै सः ॥''

श्रीवेदव्यासविष्णुस्वामिसम्प्रदायकसमुद्धारसाम्प्रतसमाम्नायसंचारवैष्णवाम्नायप्राचुर्यप्रकारश्रीबिल्वमङ्गला-चार्यसाम्प्रदायिकार्पितसाम्राज्यासनपुरुषोत्तमवदनावतारवैश्वानरअखण्डभूमण्डलाचार्यमहाप्रभुअनन्तश्रीविभूपितश्री-वल्लभाचार्यचरणावतंसगोब्राह्मणप्रतिपालशुद्धाद्वैतवाचस्पतिश्रीमद्गोस्वामी श्रीव्रजराचरणमहाराजानां स्वकीयाय श्रीहरिगुरुसेवान्तःकरणाय परमवैष्णवाय श्रीनिजसेवकाय सपरिवाराय शुभाशिषः। सेवा में चित्त हे तासूं अधिक राखेंगे। आपकी सेवा क्षणार्ध विसरे नहीं है।

श्रीमते नवनीतप्रियशास्त्रिणे संश्रुत्यामक्न् श्रीमद्भागवतकथामानन्दाप्लावितहृन्मोमुद्यमानान्तःकरणः सप्रत्ययचित्तविशिष्टः सन् त्वत् परिचयादद्यावधि शुद्धपुष्टि(निर्गुणभक्ति)पथः सप्रश्रयगुणगणालंकृतश्रीमन्तं भवन्तं सोत्साहोल्लसितेऽस्मिन् प्रकाशने सम्मितोऽयमर्थः ।

– श्रीमदाज्ञया

卐

વિદ્વન્મૂર્ધન્ય, શ્રીમદ્‌વલ્લભકુલોદધિકૌસ્તુભ, પૂ. પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ, કિશનગઢ)

श्रीहरिः

श्रुति–स्मृति–सूत्रेतिहास–आदि सकलशास्त्रों में उठते सकलसन्देहो को दूर करनेवाले एकमेव शास्त्र, जिसके प्रणयन से ही स्वयं भगवज्–ज्ञानावतार महर्षि वेदव्यास भगवान को कृतकृत्यता का अनुभव हुआ, ऐसा श्रीमद्भागवत पुराण वस्तुतः परब्रह्म परमात्मा भगवान् कृष्णका नामात्मक–स्वरूप ही है ।

परब्रह्म की अभिन्ननिमित्तोपदानकारणता अर्थात् प्रकृति–परमाणु–अदृष्ट–माया–अविधा–वासना आदि किसी भी इतर–सहायक की अपेक्षा रखे बिना, स्वयं ब्रह्म ही केवल जगत के आविर्भाव के लिए अपने अचिन्त्य स्वभाववश तथा अचिन्त्य प्रयोजनवश अचिन्त्य–लीलार्थ विभिन्न जड़जीवात्मक रूपों में प्रकट होता है, वह दिव्य गुप्त धर्म तथा आकार–आदिविशिष्ट है, अपने अनुग्रहभाजन भक्तो के भावो के अनुरूप वास्तविकतया गृहीतस्वरूप तथा लीला के द्वारा अपनी परिपूर्ण–आनन्दमयता को वह निरन्तर परिपुष्ट करता रहता है, ये वे सिद्धान्त हें जो श्रीमद्भागवत में सम्यक्तया निरूपित होने के कारण भगवान् व्यास के लिए भी, समग्र वेदशाखाविभाजन, पुराणप्रणयन तथा सूत्रेतिहासोपदेश के बाद भी बने रहे असन्तोष को सन्तोष में रूपान्तरित कर सके । अत एव श्रीमद्वल्लभाचार्यचरण की तरह इसे चतुर्थ प्रस्थान न माननेवाले सम्प्रदायों में भी भागवतपुराण का अनितरसाधारण–वैशिष्ट्य विद्वानों को अनवगत नहीं हैं ।

विभिन्न व्याख्याओं के भारसे अभिभूत व्याख्येयार्थ तथा विवक्षित तात्पर्य को स्पष्ट करने में, श्रीनवनीतप्रिय शास्त्रीजी की गुजराती–भाषा में प्रकाशित होने जा रही कथाशैलीमयी व्याख्या, श्रीमद्भागवत के श्रीमदाचार्यचरण को अभिप्रेतार्थ को सरल सुगम पद्धति से हृदयारूढ करने के सारे प्रयत्नों में एक विशिष्ट क्रोशस्तम्भ सिद्ध–होगी, यही वाक्पति के चरणकमलों में प्रार्थना हैं ।

पितृचरण गोस्वामी श्रीदीक्षितजी महाराज की हार्दिक इच्छा थी कि एक इस तरह की सरल कथाशैली में आचार्योक्त क्लिष्ट–पदार्थों को प्रस्तुत करनेवाली समग्र वैष्णव जनोपयोगिनी व्याख्या प्रकाशित हो और वह हमें पूर्ण विश्वास है कि इस व्याख्या के प्रकाशन से आज साकार होने जा रही है । उनके आशीर्वाद तथा हमारी हार्दिक शुभकामना एवं अभिनन्दन श्रीनवनीतप्रिय शास्त्रीजी के लिए एतदर्थ हम अभिव्यक्त करते हैं, स्वसम्प्रदाय में इस नवोदित विद्वान् पर हमें अभिमान है, और इस मनोभाव को हम प्रकट किये बिना नहीं रह सकते ।

– गो. श्याम ।

વિદ્યાવિહારોજ્જ્વલ,
પૂ પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીરઘુનાથલાલજી મહારાજશ્રી
(એમ. એ., પી. એચ. ડી.)
(ગોકુલ - કામવન - મુંબઈ)

॥ श्रीमदनमोहनो जयति ॥

નડિયાદનિવાસી, ભ. શા. નિ, પ્ર. ભ., શાસ્ત્રીજી શ્રીનવનીતપ્રિયજીનું આ ભાગવતવિષયક પુસ્તક મને અત્યંત ઉપયોગી અને લાભદાયક જણાય છે. અત્યાર સુધીમાં આવાં અન્ય પુસ્તકો પ્રકટ થયાં છે. પરંતુ શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો અને સિદ્ધાંતોના અભ્યાસ બાદ તે લખાયાં હોય એવું મને નથી લાગતું. જ્યારે આ પુસ્તક આ પ્રકારના સારા અભ્યાસ પછી લખાયું છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને તો ખાસ, તેમ શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતો સમજવા માગતી બીજી વ્યક્તિઓને પણ, આ પુસ્તક અત્યંત ઉપયોગી થઈ પડશે. આના લેખક તેમજ આ પુસ્તકને મારા હૃદયપૂર્વક શુભાશીર્વાદ.

- ગો. શ્રીરઘુનાથલાલજી

卐

પુષ્ટિપથપ્રચારપયોધિ
પૂ. પા. ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી
(સુરત-વડોદરા)

॥ श्रीबालकृष्णो विजयते ॥

પૂ. પા. વૈષ્ણવાચાર્ય શ્રીમદ્ ગોસ્વામી ૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહોદય-

(સુરત-વડોદરા)ના શુભાશીર્વાદ.

શ્રીમદ્વલ્લભના કૃપાપાત્ર પરમ ભાગવત પં. શ્રીનવનીતપ્રિયજી શાસ્ત્રીએ અથાગ પરિશ્રમ અને અત્યંત મનન કરીને તૈયાર કરેલ, "શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ" નામના દળદાર ગ્રન્થનું પ્રકાશન થઈ રહ્યું છે, તે ખૂબ જ હર્ષપ્રેરક છે.

શાસ્ત્રીજીના અથાગ પરિશ્રમના સુમધુર ફલ રૂપે શ્રીભાગવતના જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓને સત્ય સિદ્ધાંતોને અનુસરેલું ઉત્તમ પ્રકારનું મનનીય સાહિત્ય પ્રાપ્ત થઈ રહ્યું છે. જે આ વર્ગ માટે નિશ્ચિત રૂપે ઉપકારક બની રહેશે.

ગ્રન્થનું સામાન્ય અવલોકન પણ ચિત્તને અત્યંત પ્રસન્નતા અર્પી ગયું છે. શ્રીભાગવતના મૌલિક આશયો અને સિદ્ધાંતોને નિષ્ઠાપૂર્વક અનુસરી આલેખાયેલા સત્ય અને સચોટ અર્થઘટન તેમ જ વિવેચન આ ગ્રન્થની કલગી સમાન છે. આ ગ્રન્થ પ્રત્યેક જિજ્ઞાસુ,સાહિત્યપ્રેમી, સંશોધક, વૈષ્ણવજન તેમ જ હિંદુ માત્રના ઘરમાં અનિવાર્ય રૂપે વસાવવા યોગ્ય છે.

આ સત્પુરુષાર્થ દ્વારા શાસ્ત્રીજીએ શ્રીમદ્વલ્લભની તથા સાહિત્યની ખૂબ જ ઉત્તમ પ્રકારની સેવા કરી છે. શાસ્ત્રીજી દ્વારા આ જ પ્રકારે ભવિષ્યમાં પણ ઉત્તમ સાહિત્ય પ્રાપ્ત થતું રહે અને તેના દ્વારા તેઓ સદૈવ ભક્તિમાર્ગના સફળ પ્રચારક-પ્રસારક બની રહે, એ જ શુભાભ્યર્થના સહ.

પુષ્ટિપથપ્રચારપુણ્યપયોદરૂપા, શ્રીમદ્‌વલ્લભાચાર્યકુલભૂષણા,
પૂ. પા. ૧૦૮ શ્રી ઈન્દિરાબેટીજી મહારાજશ્રી.
(વડોદરા)

॥ श्रीवालकृष्णो विजयते ॥

॥ तमसो मा ज्योतिर्गमय ॥

વે. શા. સં. શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીએ શ્રીમદ્ ભાગવતજીનું રસાસ્વાદન કરાવવાનું ભગીરથકાર્ય ભગવત્કૃપાથી પાર પાડ્યું છે.

નિત્યલીલાસ્થ આદરણીય ગો. શ્રીદીક્ષિતકાકાનો મનોરથ હતો કે, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને દૃષ્ટિમાં રાખી શ્રીમદ્‌ભાગવતીકથાનું આલેખન થાય. આ ગ્રંથના પ્રકાશન દ્વારા એ મનોરથ ફલિત થયેલો દેખાય છે. કેવલ કથાભાગ જ નહિ, પરંતુ આ ગ્રન્થમાં શાસ્ત્રીજીએ શાસ્ત્રીય-ચર્ચાઓને પણ પ્રાસાદિક વાણીમાં વણી લીધી છે. ઘણે સ્થળે શ્લોકોના ભાવાર્થ અને રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવાનો સ્તુત્ય પ્રયાસ થયો છે.

શ્રીવલ્લભે આજ્ઞા કરી છે, ''एकार्थं सप्तधा जानन्नविरोधेन मुच्यते ।'' એમાંના ચાર અર્થો શ્રીતત્ત્વાર્થ-દીપનિબંધમાં છે અને ત્રણ શ્રીસુબોધિનીજીમાં છે. એ સાતેસાત અર્થોનું સંકલન કરવાનો યથા શક્ય પ્રયત્ન આ ગ્રન્થમાં જણાય છે.

આધુનિક ઘણા વિવચેકો અને વક્તાઓ દ્વારા શ્રીમદ્‌ભાગવતજીનું ગૌરવ ખંડિત થઈ રહ્યું છે. મનગઢંત વાતોથી શ્રદ્ધાળુ સમાજ આડો દોરવાઈ રહ્યો છે. એમને સાચી દિશાનું ભાન કરાવવા, શાસ્ત્રીજીએ આ દીવાદાંડીરૂપ ગ્રંથનું દાન કર્યું છે.

શ્રીમદ્ ભાગવતજી ઉપર આવા મનનીય ગ્રંથની ખૂબ આવશ્યકતા હતી. જે પ્રભુકૃપાથી પાર પડી છે. આ ગ્રંથનું અવલોકન કરતાં લાગે છે કે, લેખનકાર્ય કરતી વખતે શ્રીમહાપ્રભુજી લેખકના હૃદયમાં વિરાજ્યા છે. આવિષ્ટ અંતઃકરણની અનુભૂતિ પદેપદે થયા વગર નથી રહેતી.

શાસ્ત્રીજી શ્રીનવનીતભાઈએ પીરસેલું આ નવનીત સર્વને પુષ્ટ બનાવનારું અને તુષ્ટ બનાવનારું નીવડે, એ જ શ્રીબાલકૃષ્ણ પ્રભુનાં ચરણારવિંદમાં અભ્યર્થના છે.

- ગો. ઈન્દિરાબેટીજી

卐

શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તસંરક્ષણશીલ
પૂ. પા. ગોસ્વામી, શ્રી ૧૦૮ શ્રીકિશોરચન્દ્રજી મહારાજશ્રી
(વેદાન્તાચાર્ય, એમ. એ.)
(માંડવી)

ભગવાન્ શ્રીકૃષ્ણનો પ્રાદુર્ભાવ બધા જ દૈવીજીવોના ઉદ્ધાર માટે છે. ભગવાનની અનવતારદશામાં પણ આ ઉદ્ધાર શક્ય થાય તે માટે, શ્રીવ્યાસજી દ્વારા શ્રીમદ્‌ભાગવતનો પ્રાદુર્ભાવ છે. શ્રીમદ્-ભાગવત યથાર્થ રૂપે સમજાય તો જ શ્રીવ્યાસજીનો હેતુ સિદ્ધ થાય. તે માટે શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણે સુબોધિની આદિની રચના કરી છે.

શ્રીસુબોધિની સંસ્કૃતમાં હોવાથી અને પૂર્વભૂમિકા સિવાય દુર્બોધ જ હોવાથી, શ્રીમદ્ ભાગવતનું યથાર્થ સ્વરૂપ તિરોહિત જેવું જ થયું છે. તે એટલા સુધી કે, કેટલાક તેને માયાવાદિ-ગ્રન્થ તરીકે કહેવાનું દુઃસાહસ કરે છે.

આમ, શ્રીમદ્ ભાગવતનું યથાર્થ સ્વરૂપ સંસ્કૃતેતર ભાષામાં પ્રકટ થાય તે નિતાન્ત આવશ્યક હતું.

શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીના "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ" વિવેચનથી શ્રીમદ્-ભાગવતનું યથાર્થ સ્વરૂપ જનતા સમજી શકશે, એમાં શંકા નથી. આ ગ્રન્થ માત્ર સાધારણજનતા માટે જ નથી, પણ વિદ્વદ્ભોગ્ય પણ છે, એ વેદસ્તુતિ વગેરે અનેક સ્થળો પરથી સમજી શકાશે.

આ ગ્રન્થનાં અમુક સ્થળોમાં, જેવાં કે શ્રીકૃષ્ણસેવાના વિવેચનમાં, એમ લાગશે કે તે માત્ર આલોચના જ છે. વસ્તુતઃ આવાં સ્થળો આપણી દુરવસ્થાનું વિશ્લેષણ કરે છે! અને તે યથાર્થ છે.

આ ગ્રન્થનો અધિકાધિક પ્રચાર અને મનન પ્રભુની નામસેવાનું સારું સાધન બનશે.

- કિશોરચન્દ્ર ગોસ્વામી

卐

પરમ ભાગવત, પુષ્ટિપથમર્મજ્ઞ,
પૂ. પા., પં. શ્રીવ્રજવલ્લભભાઈ શ્યામલાલજી શાસ્ત્રીજી
(ખેડા-ગોકુલ)

શ્રીમદ્-ભગવાન્ શ્રીકૃષ્ણચંદ્ર, અવતારદશામાં, કોઈપણ પ્રકારે પોતાના સંબંધમાં આવનાર જીવને સાધન વિના ઉદ્ધારે છે અને પોતાની અનવતારદશામાં પણ પરમકૃપાળુ પ્રભુએ સર્ગાદિ-દશલીલાયુત શ્રીકૃષ્ણ સ્વરૂપ શ્રીભાગવત દ્વારા સ્વકીય અંશરૂપ જીવોનો ઉદ્ધાર વિચારેલો હોવાથી, સ્વધામ પધારતી વખતે શ્રીકૃષ્ણચંદ્ર સ્વકીય સંપૂર્ણ તેજ: શ્રીમદ્ ભાગવતમાં પધરાવીને ભૂલોકમાંથી અંતર્ધાન થયા. અત એવ પદ્મપુરાણીય શ્રીભાગવત માહાત્મ્યમાં કહ્યું છે કે, ''श्रीभागवतरूपोऽयं प्रत्यक्षः कृष्ण एव हि ।'' વળી, ''श्रीमद्भागवतस्याथ श्रीमद्-भगवतः सदा । स्वरूपमेकमेवास्ति सच्चिदानन्दलक्षणम् ॥'' ઈત્યાદિ પ્રમાણોથી, શ્રીભાગવત અને શ્રીભગવાન્ બંને એક જ સ્વરૂપ હોવાથી, ભગવત્પ્રાપ્તિનીઈચ્છાવાળા દૈવીજીવોએ, અનવતારદશામાં શ્રીભાગવતનો જ આશ્રય કરવો જોઈએ. શ્રીમહાપ્રભુજીએ પણ નિબંધમાં ભગવદ્ભજનની વિવિધ પ્રક્રિયાનું નિરૂપણ કર્યું છે. ધન અને ગૃહના ત્યાગપૂર્વક ભગવદ્ભજન-આ એક પ્રકાર, બીજો પ્રકાર- ધન અને ગૃહનો પ્રભુમાં વિનિયોગ. તે કરાવાય તો ધન અને ગૃહ ભક્તને બાધા કરતાં નથી. ત્રીજા પ્રકારમાં, આપશ્રીએ આજ્ઞા કરી કે, ''अथवा सर्वदा शास्त्रं श्रीभागवतमादरात् । पठनीयं प्रयत्नेन सर्वहेतुविवर्जितम्॥ त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात् ।'' ધન-ગૃહનો ત્યાગ અથવા ધન-ગૃહનો પ્રભુમાં વિનિયોગ-આ બે પ્રકાર, કલિયુગના જીવોથી નહિ બની આવે, તેથી જ આપશ્રીએ ત્રીજો પ્રકાર, - શ્રીભગવત્સ્વરૂપ શ્રીમદ્ ભાગવત દ્વારા ભગવત્પ્રાપ્તિનો,- ''त्रयाणां येन केनापि भजन् कृष्णमवाप्नुयात् ।- આ વાક્યથી દર્શાવ્યો છે; અને આપશ્રીએ નિબંધમાં શ્રીનાથજીના સ્વરૂપ-રૂપે શ્રીમદ્-ભાગવતનું સ્વરૂપ વર્ણવ્યું છે. અતઃ અભેદભાવે, આ વર્તમાનયુગમાં શ્રીમદ્ભાગવતનું સેવન એ પ્રભુપ્રાપ્તિનો માર્ગ શ્રીમહાપ્રભુજીની દૃષ્ટિએ નિર્ણીત છે. વળી, શ્રીહરિરાયજી પણ પોતાના "સ્વરૂપતારતમ્યનિર્ણયઃ" નામના ગ્રંથમાં એ જ આજ્ઞા કરે છે કે,- ''सेवकसाधनसम्पत्त्यभावे श्रीभागवतार्थविचार-रूपमान्तरमेव भजनं निरूपाधिस्सर्वभावेन यावज्जीवेत् कुर्यात् तदा तस्यापि स्वाधिकारानुसारेण जन्मान्तराव्यवधानेन सेवाफलं भवतीति निर्विवादम्। अत एवैतद् भजनस्य मुख्यत्वात्....।'' સેવકને (સેવા કરનારને) સેવામાં ઉપયોગી સાધનસંપત્તિ જો અપ્રાપ્ત હોય તો, શ્રીભાગવતના અર્થનો વિચાર યાવજ્જીવન ઉપાધિરહિત સર્વભાવે કરે, તો તેને પણ પોતાના અધિકારાનુસાર, બીજો જન્મ લીધા વિના,આ જન્મ જ,"સેવા-ફલ"માં કહેલું ફળ પ્રાપ્ત થાય છે. ઉક્ત પ્રકારે, શ્રીભાગવતાર્થ વિચારરૂપ આંતર-ભજન મુખ્ય હોવાથી, શ્રીવ્યાસજી અને પ્રભુને પ્રિય એવા શ્રીભાગવતના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે - શ્રીહરિરાયજી.. ''न च दृष्टा सुबोधिनी...।''- જેણે શ્રીસુબોધિનીજીનાં દર્શન કર્યાં નથી, તેનો ભૂતલમાં જન્મ નકામો કહે છે. અર્થાત્ શ્રીસુબોધિની વિના ભાગવતાર્થનો વિચાર સમ્યક્ થઈ શકે તેમ નથી. વળી, ગોસ્વામી શ્રીદ્વારકેશજીમહારાજ ''नमः श्रीवल्लभाचार्य-चरणाब्जनखेन्दवे। कलिकल्मषघातिन्यै

तद् वाण्यै च नमो नमः ॥'' આ શ્લોકમાં, શ્રીમહાપ્રભુજીની શ્રીસુબોધિની દ્વારા પ્રકટિત વાક્સુધા (વાણી) કલિજન્ય કલ્મષનો નાશ કરનારી હોવાથી તેને નમન કરે છે. અતઃ શ્રીમહાપ્રભુજીની વાણી સ્વરૂપાત્મિકા શ્રીસુબોધિની કલિયુગના દોષોને દૂર કરીને, શ્રીગોવર્ધનધર-સ્વરૂપાત્મક શ્રીભાગવતના અર્થ વ્યક્ત કરે છે. અતઃ શ્રીસુબોધિની દ્વારા ભાગવતાર્થનો વિચાર કરવો - એ મુખ્ય આંતરભજન હોવાથી, પ્રભુની અનવતાર - દશામાં, શ્રીસુબોધિની દ્વારા શ્રીભાગવતાર્થ - વિચારનિષ્ઠ થવું એ જ વર્તમાનયુગમાં પ્રભુપ્રાપ્તિનો સુગમ અને સરલ માર્ગ છે. આજના જીવો ઉપર કૃપા કરવા માટે, શ્રીમદાચાર્યચરણની વાણીસ્વરૂપ શ્રીસુબોધિનીનું ભાષાંતર ભૂતપૂર્વ વિદ્વાનો દ્વારા પ્રભુએ જ કૃપા કરીને પ્રકટ કરાવ્યું છે, પરંતુ બહુ વિઘ્નવાળા આ સમયમાં ભાષાંતર પણ વાંચન, મનન દુષ્કર થઈ પડ્યું છે, તથાપિ નિઃસાધનાધીશ પુષ્ટિપ્રભુ અતિદયાલુ હોવાથી, કૃપામાર્ગીય જીવો ઉપર કૃપા કરવાના હેતુથી, અધતન કાલમાં સર્વત્ર શ્રીભાગવતભૂષણત્વેન લબ્ધપ્રતિષ્ઠ ભાગવતશાસ્ત્ર-નિષ્ણાત શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી ઉપર જ પ્રથમ તો કૃપા વરસાવી, તેઓ ભૂતપૂર્વ આંગ્લવિધાનો અભ્યાસ કરીને એન્જીનિયરની નોકરીમાં જોડાયા હતા. નોકરીમાં વૈષ્ણવાચાર તો દૂર રહ્યો, પણ વિપ્રધર્મ પણ જાળવવો કઠિન થઈ પડવાથી મનમાં અતિપરિતાપના અંતે અમુક સમય પછી, શ્રીપ્રભુની પ્રેરણાએ નોકરીને તિલાંજલિ આપીને, વલ્લભવેદાંતનો અભ્યાસ કરતાં, શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતો હૃદયંગત થવાથી, શ્રીમહાપ્રભુજીમાં સન્નિષ્ઠ થયા. શ્રીમહાપ્રભુજીની વાણીમાં ગુરુભાવ દૃઢ કરીને શ્રીસુબોધિન્યાદિના અવગાહન દ્વારા, શ્રીભાગવતાર્થ-વિચારરૂપ આંતરભજનનો આશ્રય પ્રાપ્ત કર્યો. અધતન કૃપામાર્ગીયજીવો પણ ભાગવતાર્થ-વિચાર દ્વારા કૃતાર્થ થાય, - એવી જીવો ઉપર કૃપા વિચારીને, નિબંધ-સુબોધિનીજીના આશય સાથે, શ્રીભાગવતાર્થ પ્રકટ કરવાની પ્રભુની પ્રેરણા થવાથી, શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજીએ શ્રીભાગવતાર્થ પ્રકટ કર્યો છે. આ ગ્રન્થ જ્યારે છપાતો હતો ત્યારે, તેના નિરીક્ષણનો લાભ મને પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત ગ્રન્થ શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તોને હૃદયંગત કરવા માટે અતિસુંદર અને સરલ હોવાથી, અધ્યયનની દૃષ્ટિએ વાંચન-મનન કરવાથી, અનુગૃહીત વૈષ્ણવજિજ્ઞાસુઓ આ કથાર્થનો આદર કરશે, કૃતાર્થ થશે, એવી આશા સેવું છું.

卐

શ્રીમદાચાર્યવાક્સુધાવર્ષણશીલ પૂ. પા. પ. ભ. શાસ્ત્રીજી શ્રીનાગરદાસભાઈ કાશીરામજી બાંભણીઆ

(એમ. એ. એલએલ. બી.)

(અમદાવાદ)

॥ શ્રીકૃષ્ણઃ ॥

ભાગવતશાસ્ત્રનિષ્ણાત ચિ. ભાઈ નવનીતપ્રિય શાસ્ત્રીનું પ્રસ્તુત ભાગવત દાણો દબાવવાની દૃષ્ટિએ તપાસ્યું. તપાસતાં આખું વાંચી જવા મન થયું, કારણ કે નિરૂપણ શૈલી કેવલ વિશદ છે એટલું જ નહીં, પરંતુ આકર્ષક પણ છે; અને પર્યાપ્ત સમયના અભાવે હું તેમ નથી કરી શકતો તેનો મનમાં વસવસો રહે છે. ભગવદિચ્છા. પરંતુ, આ ઉપલક તપાસ પરથી પણ મને માલૂમ પડ્યું કે આ પુસ્તકમાં જે માહિતી મળશે તે અન્ય પુસ્તકમાં નહીં મળે. કારણ કે, આ પુસ્તક તૈયાર કરવામાં શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યના બે અપૂર્વ ગ્રન્થો તત્ત્વાર્થદીપ-નિબંધનું ભાગવતાર્થ - પ્રકરણ અને શ્રીભાગવતવિવૃતિ શ્રીસુબોધિનીજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. શ્રીમદાચાર્યચરણનું પ્રાકટ્ય શ્રીભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવા માટે છે, તે કેવલ તેઓશ્રીના શબ્દો માત્રથી નહીં, પરંતુ તેઓશ્રીની કૃતિથી પણ સુવિદિત, કેવલ તેઓશ્રીના અનુયાયીને નહીં, પરંતુ ઈતર શ્રીભાગવતાભ્યાસી મહાત્માઓને પણ છે, એટલે શ્રીભાગવતનું ગૂઢ હાર્દ સમજવા માટે આ ગ્રન્થ ઘણો જ ઉપયોગી થઈ પડશે. એ બાબતમાં મને જરાય સંદેહ નથી.

આ ગ્રન્થ કેવલ સદ્ગ્રન્થ નહીં પણ એક ગ્રન્થરત્ન છે. વિશેષ શું કહું ? આ ગ્રન્થનો અભ્યાસ કરનારને શ્રીભાગવતના રહસ્યનું કોઈ અપૂર્વ દર્શન થશે.

- નાગરદાસ કા. બાંભણિયા

॥ શ્રીહરિઃ ॥
॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્

(સાત્વતસંહિતા)

પ્રકાશન-પ્રસાદ-પ્રકાશ

(સંપાદન-પ્રસાદ-પિરસણ)

(સંસ્કૃત-ગ્રંથમાંથી ભાવાનુવાદ)

એક જ છે,– અદમ્ય (દબાય નહિ તેવો), અગમ્ય (સમજાય નહિ કે સુલભ થાય નહિ તેવો), છતાં પણ રમ્ય (મનોહર) અભિલાષ પ્રાણિમાત્રનો,– આનંદાનુભવ માટે ! તે તો જ્ઞાનીનો કે અજ્ઞાનીનો કે વિજ્ઞાનીનો, સંપન્ન (સમૃદ્ધ)નો કે વિપન્ન (વિપત્તિમાં મૂકાએલા)નો કે પ્રપન્ન (શરણાગત)નો, સદ્ગુણવાળાનો કે નગુણાનો કે વિગુણ (દોષવાળા)નો, દગ્ધ (સંતપ્ત-દુઃખી)નો કે વિદગ્ધ (વિદ્વાન)નો કે અર્ધદગ્ધ (અધકચરા)નો, દુઃસંગવાળાનો કે નિઃસંગનો કે સત્સંગીનો, સફલનો કે નિષ્ફલનો કે દુષ્ટફલવાળાનો, શિષ્ટ-સાધનવાળાનો કે નિઃસાધનનો કે દુષ્ટ-સાધનવાળાનો, (સામાન્ય) જનનો કે સુજનનો કે દુર્જનનો, જાણીને કે અજાણ્યે પણ, યોગ્યતાથી કે અયોગ્યપણાથી પણ, દેહ ધારણ કરવાથી (જન્મથી) આરંભીને દેહ પડતાં (મરણ) સુધી, હૃદય-રૂપ ગુફાના ઊંડાણમાં છૂપાએલો પણ, પ્રતિક્ષણ અતૂટ જ રહે છે. લૌકિક (લોકપ્રચલિત કે સ્માર્તાદિ) – પારલૌકિક (પૌરાણાદિ) – અલૌકિક (વૈદિકાદિ) – સેંકડો સાધનો વડે પણ તે (આનન્દ)ને સિદ્ધ કરવા ઈચ્છતો દેખાય છે આ પ્રાણી ! તે તો છે,– દેહ-ગેહ(ઘર) (સ્વજન) સ્નેહ (મોહ)ની આસક્તિથી બંધનને પ્રાપ્ત થયેલો, સંસારના સંતાપમાં શેકાએલો, કાલ-રૂપ સર્પના મુખનો કોળીઓ થવાના ત્રાસથી ખૂબ ત્રાસેલો, જન(જનનરત)ને સ્વજન-રૂપે જાણતો, અજન (ભગવાન્)ને ન ભજતો, ભવ-રૂપ વનમાં ભમતો, તર્ક (અનુમાન) – વિતર્ક – કુતર્કની જાળ-રૂપ અગ્નિજ્વાલા-માલા – (પરંપરા)થી બળેલા જીવન-વાળો પ્રાણી ! લેશ (સ્વલ્પ) આનંદ માટે પણ ક્લેશ અનુભવતો, આમતેમ (વિધિ-નિષેધના ભાન વગર) પણ દોડતો, અટકતો નથી. વારંવાર ખૂબ રમતો રહે છે,– તે જ નિઃસાર – સંસાર (અહંતા-મમતા-રૂપ ભ્રમ)ના કાદવના સાર (શેવાળ) – (રાગદ્વેષ-વિષયવાસનાદિ)ની નીકમાં ! કોણ છે એવો જે આ પાપથી-મનથી મરેલાનો અમૃત પાતાં સમુદ્ધાર કરે ?

ધન્વન્તરિજીએ દીધેલું, સમુદ્રમથનમાંથી ઉત્પન્ન થયેલું, અમૃત તો ક્યારેય સુલભ થતું નથી સૌને ! રમણી-રમણ (સ્ત્રીવિહાર) માત્રથી મળતું અધરામૃત કહેવાતું અમૃત પણ મરણમાંથી બચાવતું નથી તેના પતિને પણ ! (પરંતુ) તેનું તો સ્મરણ પણ મરણને મેળવી દે છે. દૂધ-દહીં-ઘી-સાકર-મધના સાર-રૂપ સુલભ પંચામૃત મૃતને અસર કરતું નથી કે મરણને દૂર કરતું નથી. સર્વદા ઉપકાર કરે છે તો,– ભગવાનનું ચરણામૃત અને ભગવાનનું અધરામૃત !

ભગવાનની નિકટમાં-સેવામાં-બંનેનું સેવન સુલભ છે,— પ્રત્યક્ષદશામાં ! ચરણામૃત આરંભદશામાં અને અધરામૃત તો ચરમદશામાં પરમ-ફલ-રૂપે ! પરોક્ષદશામાં તો કથામૃત સર્વત્ર સર્વદા સૌને સર્વથા સુલભ છે. ભગવાનમાં એકતાન ચિત્તવાળા પ્રાજ્ઞ (ભાવુક)ના મુખકમલમાંથી નીકળેલાં વચનામૃત પણ કથામૃત-રૂપે જ પરિણામ પામે છે. **"तव कथामृत"** - (શ્રીભાગવત-૧૦-૩૧-૯) આ શ્લોકમાં વ્રજમંડલની શોભારૂપ, વ્રજનાં શ્રેષ્ઠ સ્ત્રીઓ, પોતે અનુભવેલ પોતાના પ્રિયતમ કૃષ્ણના કથારસામૃતનું વારંવાર પાન કરી રહેલાં, શ્રીગોપીજનનાં સ્વાનુભવનો ઉદ્‌ગાર છે. અમૃત ભગવદ્‌રસાત્મક છે. સૌનાં મરણાદિને દૂર કરનારું જે રૂપ છે, તે "અમૃત"— શબ્દથી કહેવાય છે."-શ્રીસુબોધિની (૧૦-૨૮/૩૧-૯). અશરણ (નિરાધાર) લોકોના શરણ (ઘર-રક્ષક-આધાર) રૂપ જેનું ચરણ છે તેવા ભગવાનના શરણથી મળેલા સામર્થ્યથી સમૃદ્ધ-દેવાદિને સુધા સાધી દીધી છે,— મંદરપર્વતના પીઠ પર ઘૂમવાથી થતા ઘર્ષણ રૂપ ખંજવાળવાથી નિદ્રાસુખ માણતા, સ્વકીય જનોના વિલક્ષણ (અદ્‌ભુત) રક્ષણમાં વિચક્ષણ (ચતુર), કૂર્માકાર, કૃપા કરતા,- ભગવાને ! અને લક્ષ્મીજી પણ પ્રકટ કર્યાં છે. પોતાના શાસ્ત્રાત્મક નામ (આયુર્વેદ) વડે ખૂબ રોગી લોકોના રોગને તરત મટાડતા, રણપ્રદેશમાં નૌકા-રૂપ, સ્વનામધન્ય, ધન્વન્તરિજીએ સુધા સંપાદિત કરી છે. તે કપટ યુવતી વેષવાળા, કામનાપૂરક, શરણાગતોની સમીપ જનારા, ધન્વન્તરીજીએ જ ઉત્તમરીતે મોહિની રૂપે, અસુરોને મોહ કરાવતાં, દેવોને અસુરોએ અટકાવેલું અમૃત આપ્યું અને પાયું. "દેવો રુક્ષ છે, અમૃતે ભગવાન પ્રત્યે સ્નિગ્ધ કર્યા."-શ્રીસુબોધિની (૨-૭-૨૧). આ અમૃત પણ અચેતન (જડ) નથી. નિશ્ચયપૂર્વક સચેતન છે તે ! આથી જ દેવાસુર-સંગ્રામમાં અમૃત પીધેલા દેવોને સ્વદાતા ભગવાન્ પ્રત્યે કૃતઘ્ન સમજીને અમૃતે ઉપકાર ન કર્યો, (અમૃતની અસર ન થઈ). અમરોએ યુદ્ધમાં મરણવાળા અસુરો વડે ખૂબ પીડાઈ રહેલા છતાં તેનો પ્રતિકાર ન જાણ્યો; પછી ગરુડજીના સ્કન્ધે પધરાવેલા ચરણપત્રવાળા, સ્વશરણાગત-પ્રિય ભગવાને સ્વયં પ્રકટ થઈને કાલનેમિ વગેરેને માર્યા. ત્યારે જ, કૃતઘ્નતાની શંકા દૂર થતાં, સ્વકાર્ય-સંપાદનથી અમૃતે દેવો પર ઉપકાર કર્યો, (અમૃતની અસર થઈ). ચિદાનન્દ-રૂપ, દીર્ઘજીવન-સંપાદક, પ્રભુ-પ્રસન્નતાના લેશ (અંશ)થી સુલભ થયેલું, ભગવદ્‌રસાત્મક, મરણાદિને દૂર કરનાર, ભગવદ્રૂપ છે,— આ અમૃત ! છતાં પણ તે મોક્ષ કે આનન્દને સાધતું નથી ! ભગવાનને તે વિષયોના વિષથી વિષમ (વિપરીત) કરાએલા ચિત્તવાળા અજ્ઞાનીઓના વિષય-રૂપ કઈ રીતે બનાવે ?! કથામૃત તો દિવ્ય-જીવન-સંપાદક, ઐશ્વર્યાદિ છ-ગુણ-રૂપ, મોક્ષદાયક અને પરમાનન્દ-રૂપ છે. અમૃતપાનના અધિકારીઓને પણ કથામૃતપાન માટે અનધિકારી જ વિચાર્યા છે,— ભગવાન્ શ્રીશુકે !— તે (દેવો) અભક્ત હોવાથી ! સંસાર-સર્પદષ્ટ, વિપ્રશાપ પામેલા, (લૌકિક) વિષયરહિત, કૃષ્ણ જ જેનો વિષય છે તેવા, કૃષ્ણકથા દ્વારા કૃષ્ણસેવાને જ ઝંખતા, કૃષ્ણચરણ-સેવાને અધિક સમજતા, મહાપુરુષ સંબંધી, વિષ્ણુએ (રક્ષીને) દીધેલા, (શ્રવણમાં) ઉત્તમાધિકારી, રાજા પરીક્ષિતને કથામૃતપૂરવડે સંપૂર્ણ ભીંજવી દીધા,— કથારસ-નિમગ્ન શ્રીશુકે ! કથા તો ભગવાનની સ્વરૂપભૂતા છે.

"स वै महाभागवतः परीक्षिद्येनापवर्गाख्यमदभ्रबुद्धिः । ज्ञानेन वैयासकिशब्दितेन भेजे खगेन्द्रध्वजपादमूलम् ॥"- **श्रीभागवत** (૧-૧૮-૧૬) "ભગવાનનો ભક્ત ભાગવત છે, જેને ભગવાને ભાગવતપણાથી સ્વીકાર્યો છે; તે ફલોન્મુખ મહાભાગવત છે, અત્યંત કૃપાવલોકિત શ્રોતા મુખ્ય છે." તે પરીક્ષિત છે. કારણ કે,– **"पूर्वद्रष्टमनुध्यायन् परीक्षेत नरेष्वपि ।"**-(૧-૧૨-૩૦)-શ્લોકમાં પરીક્ષિતપણું કહેલું છે,– તે સારી રીતે પ્રસિદ્ધ છે– "અન્ય શાસ્ત્રમાં બ્રહ્મ-મોક્ષ– એ પ્રકારે જે સ્વરૂપનું નિરૂપણ છે તે જ અમારા શાસ્ત્રમાં વૈકુંઠનામની ચરણપીઠ છે,– **"तद्विष्णोः परमं पद.....**"– "તે વિષ્ણુનું પરમ-પદ છે,"– તે શ્રુતિથી. પરમ ભાગવતને પણ ભગવચ્ચરણારવિન્દમાં જવામાં જે સાધન છે તે અવશ્ય સાંભળવું જરૂરી છે. મોટાઓનું પણ કાર્ય જેના વગર સિદ્ધ થતું નથી તે સાધન મુખ્ય છે, તેમ નિશ્ચિત થાય છે. શું તે જ્ઞાન હશે ? અને તે પ્રસિદ્ધ જ છે, એમ કહેવાથી શું પ્રયોજન ?– આમ આશંકા કરીને કહે છે,– **"अदभ्रबुद्धिः ।"**– અનલ્પ બુદ્ધિ જેની છે તે. પહેલાંથી જ તેને બુદ્ધિ છે, તેથી બુદ્ધિ-રૂપ જ્ઞાન સાધન નથી, પરંતુ વ્યાસપુત્રે (શ્રીશુકે) શબ્દ-રૂપે ઉચ્ચારેલા જ્ઞાનથી; તે જ્ઞાન તો નિત્ય સિદ્ધ જ છે. વ્યાસપુત્ર શુકે કેવલ શબ્દનો ઉચ્ચાર કર્યો છે, ભાગવત-નામનું જ્ઞાન ચૈતન્યરૂપ છે." અવતાર-દશામાં તો સ્વરૂપ અને લીલા વડે ભગવાન્ નિજજનોને કૃતાર્થ કરે છે. અનવતાર-દશામાં તો ભગવાનની કથા જ સૌને કૃતાર્થ કરે જ છે. "કથામૃત પુનઃ સર્વલોકોને વ્યાપીને રહે છે. સ્વસામર્થ્યને સર્વત્ર જ સંપાદન કરે છે, અને તે (કથા) અમૃતરૂપા અને પરમાનન્દ-રૂપા છે; પરંતુ આટલો ફેર છે,– ભગવાન્ સ્વતંત્ર છે, કથામૃત પરતંત્ર છે. ભગવાન્ તો અવતારપ્રસંગે બ્રહ્માદિએ પ્રાર્થેલા પધારે છે, આવેલા પણ તિરોહિત થાય છે. કથા તો આવેલી તિરોહિત થતી નથી. વિરલ (દુર્લભ-થોડું) અમૃત કેવલ મરણ પાસે હોય ત્યારે તેને દૂર કરનારું જ છે, (પરંતુ) બધું સાથે એકત્ર થઈને (પણ) રસજનક તો નથી."-શ્રીસુબોધિની. રસરૂપ ભગવાનની કથા પણ રસરૂપા જ છે. **"रसं ह्येवायं लब्धवाऽऽनन्दी भवति ॥"**– રસને નિશ્ચયપૂર્વક પ્રાપ્ત કરીને આ આનન્દી થાય છે."– આ શ્રુતિથી (કથા) આનન્દ-પ્રદા છે અને પરમાનન્દ-રૂપા છે, સૌને તે સર્વત્ર અને સર્વદા સુલભ છે.

આનન્દ-કણનો અભિલાષ રાખતા કોઈ પણ પ્રાણિમાત્રને આ કથામૃત સુગમ છે. આનન્દ-બિન્દુ માટે મથતા, ગયેલા માનવાળાને માટે તે સિન્ધુ જ બને છે. ભગવાને કૃષ્ણદ્વૈપાયન-વેદવ્યાસ-રૂપે અવતરીને, ભગવાનના નિઃશ્વાસભૂત, પ્રાણીઓને કલ્યાણપ્રદ, વેદોનો વ્યાસ (વિસ્તાર) કરીને, શિષ્યો-પ્રશિષ્યો-દ્વારા (વેદની) શાખા રૂપે સમાસ (સંક્ષેપ)ને સારીરીતે પ્રાપ્ત કરીને, સ્ત્રી-શૂદ્ર-દ્વિજબંધુઓને, શ્રુતિના અવિષયરૂપોને, અનુકંપા (દયા)થી ભારત-રૂપે વેદાર્થને વ્યક્ત કરતાં, તેમાં સારીરીતે ગાયેલી ગીતાને પણ સારીરીતે ગાઈને, શ્રુતિમાં થતા સન્દેહના સમાધાન માટે બ્રહ્મસૂત્રો પણ પ્રકટ કરીને, તેમાં પણ આત્મસંતોષ પ્રાપ્ત ન થતાં, ખિન્નતાને અનુભવતાં, નારદજી પાસેથી ભગવાનનો ઉત્તમ આદેશ પ્રાપ્ત કરીને, ભક્તિયોગથી સારીરીતે સાવધાન (નિશ્ચિત) નિર્મલ મનમાં ભગવલ્લીલાના અનુસ્મરણથી, માનસખેદને શમાવતાં, અનર્થની શાંતિરૂપ અધોક્ષ જ (નીચે છે ઈન્દ્રિયજન્યજ્ઞાન જેનાથી તેવા) (ભગવાન્)માં સાક્ષાદ્

ભક્તિયોગનું સારી રીતે દર્શન કરતાં, પોતાની સમાધિના સૌભાગ્ય-રૂપ ફલને અનુભવીને, સમાધિમાં જ તેને પૂરી રીતે વ્યક્ત કરવા સમર્થ સમાધિભાષાના સ્ફુરવાથી, સામાધિભાષા જેના બીજા પર્યાયરૂપ છે તે સમાધિદર્શન-કૃષ્ણદર્શન– ઉત્તમ રીતે દર્શાવ્યું.– **"चक्रे सात्वतसंहिताम् ।"** (સાત્વતસંહિતા કરી)-શ્રીભાગવત (૧-૭-૬). વૈષ્ણવોનો આ વેદ છે,– "શ્રીમદ્ભાગવત !" જો કે દર્શન-શબ્દ સાક્ષાત્કારમાં રૂઢ છે, છતાં પણ દર્શનશાસ્ત્રમાં તે તો પરોક્ષવાચક જ છે. એક પણ તે દર્શનમાં કૃષ્ણદર્શન થતું નથી. દર્શન-જ્ઞાનો ભગવાને જ પ્રવર્તાવેલાં છે, પોતાની યુક્તિથી તેમને જ અન્યથા માને છે, ઈશ્વર જ નથી,– એમ કેટલાંક કહે છે, બીજાં યજ્ઞાદિ જ ઈશ્વર છે,– એમ કહે છે, કેવલ કર્તા છે,– એમ કેટલાંક કહે છે, જીવ-વિશેષ જ છે, એમ કેટલાંક કહે છે, આ સૌના મૂલ-પ્રમાણના અજ્ઞાનથી સ્વોત્પ્રેક્ષાથી આમ છે."-શ્રીસુબોધિની (૧-૧૧-૩૯)" ભગવાન્ તે બધાં (દર્શનશાસ્ત્ર) વડે સર્વભૂતોમાં લક્ષિત છે, લક્ષણાથી જણાવાએલા છે. નૈયાયિકો વડે કર્તાપણે, મીમાંસકો વડે ક્રિયાપણાથી, વેદાન્તો વડે આત્માપણાથી, સાંખ્યાદિવડે કરણપણાથી. અન્ય તેના તેના ભેદો વડે– બીજાં વડે– જ્ઞાનપણે, જ્ઞાતૃપણે; જ્ઞાનના અધિષ્ઠાતૃપણાથી સર્વ વડે ભગવાન્ એકભાગમાં લક્ષિત છે,– અંધહસ્તિની જેમ !– અનુભવ અને યુક્તિવડે !-શ્રીસુબોધિની (૨-૨-૩૫). શ્રીમદ્ભાગવત જ છે,– સંપૂર્ણ કૃષ્ણદર્શન કૃષ્ણદ્વૈપાયને કરેલું !– **"अपश्यत् पुरुषं पूर्णं मायां च तदुपाश्रयाम्"** (૧-૭-૪)-શ્રીસુબોધિની,– "નિશ્ચિતરીતે બ્રહ્મ સાકાર-શુદ્ધ છે, માયા તેની ઉત્તમશક્તિ છે, તેના વડે સર્વત્ર સંમોહ છે, સાક્ષાત્ ભક્તિ છોડાવનારી છે. પૂર્ણપુરુષને પુરુષોત્તમને (જોયા). જીવસમૂહ વડે વ્યાપ્ત કે કરોડો બ્રહ્માંડોથી વ્યાપ્ત (જોયા). માયાને જોઈ,– ભગવાનના એકમાત્ર શરણવાળી !" છે શ્રીમદ્ભાગવત– યથાર્થ "કૃષ્ણદર્શન !"

તેના સમાધિદર્શનમાં અને (લીલાનો) અનુક્રમ કરીને નિવૃત્તિનિરત શ્રીશુકને ભણાવતાં જેટલો સંતોષ ન થયો, તેટલો તો શુક-મુખમાંથી અમૃતદ્રવસંયુત નિગમ-કલ્પતરુના ગલિત-લલિત ફલના-રસના-પાનમાં સારી રીતે થયો. આથી રસપરવશતાથી સાગ્રહ-સાનુગ્રહ-સસ્નેહ-રસાત્મક ભગવાનના રસ, ચૌદરસરૂપ, શ્રીભાગવતના વારંવાર પાન માટે આશ્ચર્યથી ઉપદેશ કર્યો,– ભગવાન્ વ્યાસે ! સર્વશાસ્ત્ર-નિરૂપણથી પણ ન ગયેલો વ્યાસખેદ આ સાત્વતસંહિતા વડે, ભક્તિશાસ્ત્ર વડે, દૂર થયો અને આનન્દમગ્નતા પ્રાપ્ત કરી. ચતુરશિરોમણિ ભગવાન્ શ્રીકૃષ્ણે આ ભક્તિવિજયધ્વજ સંસ્થાપિત કર્યો છે અને લહેરાવ્યો છે,– પૂર્ણજ્ઞાનાવતાર, કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસ દ્વારા, સર્વાચાર્યચક્રના પરમગુરુ, વ્યાસ અને તેમના પુત્રરૂપે અવતરેલા વૃષધ્વજ, શ્રીભાગવત-રસનિમગ્ન, ઉત્તમશ્લોક ભગવાનની લીલા વડે ગૃહીતચિત્તવાળા, ભગવાન્ શ્રીશુક દ્વારા!

શ્રવણમાત્રથી શોક-મોહ-ભયને દૂર કરનારી, ભક્તિને ઉત્પન્ન કરનારી, આ છે,– "સાત્વતસંહિતા"– એમ વ્યાસચરણોની, શાસ્ત્રવનમાં સ્વૈરવિહારનિપુણ સિંહની, ગર્જના ! પ્રસિદ્ધ પ્રચલિત શ્રીમદ્ભાગવતગ્રંથમાં– **"इति श्रीमद्भागवते महापुराणे पारमहंस्यां संहितायां"**

એવી પુષ્પિકા પ્રાયઃ સર્વત્ર નજરે ચઢે છે. આ ગ્રંથમાં તો તે પરંપરાને પણ તેમ જ રાખીને, વ્યાસજીના પ્રમાણનો આધાર કરીને, **"सात्वतसंहितायां"**- એમ પણ યથાયોગ્ય સ્વીકાર્યું છે; અને આલેખ્યું છે,– **"पारमहंस्यां सात्वतसंहितायां"**- એ પ્રકારે ! જો કે આ પરમહંસોની સંહિતા છે, એમ શબ્દશઃ દ્રષ્ટિપથમાં આવતું નથી,– સુલભ શ્રીભાગવતગ્રન્થમાં ! પરંતુ અનુમાન કરવામાં આવે છે કે યુક્તિ વડે નિશ્ચિત કરવામાં આવે છે તેમ– **"यस्मिन् पारमहंस्यमेवममल ज्ञानं परं गीयते"**-(૧૨-૧૩-૧૮)-ઈત્યાદિક સાંભળીને અને વિચારીને ! તેનું અહીં પ્રાથમિકપણું છે. મુખ્યતા તો સાત્વતોની છે,– **"स्वाधीनवचने साति"**- એવા વચનથી,– ભગવાનને સ્વાધીન કરેલા આત્માવાળાઓની, સમર્પિતાત્માઓની, ભાગવતોની, ભગવદગીકૃતાત્માઓની અને સાત્વત-સંહિતાની !

સંભળાય છે શ્રુતિમાં પણ,– **"ब्रह्मविदाप्नोति परम् । तदेषाभ्युक्ता । सत्यं ज्ञानमनन्तं ब्रह्म । यो वेद निहितं परमे गुहायां व्योमन् । सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ।"**-(तै. ૨-૧)-એ પ્રકારે. **"आनन्दमयोऽभ्यासात् ।"**-(૧-૧-૧) આ બ્રહ્મસૂત્રાણુભાષ્યમાં યથાર્થ હૃદયંગમ વ્યાખ્યાન મળે છે-આનું ! અથવા- **"स नैव रेमे । तस्मादेकाकी न रमते स द्वितीयमैच्छत् । स हैतावानास ।"**-(बृ. १/४/३)-વગેરે શ્રુતિઓ વડે. **"एष उ एव"-कौ.**(३-८) એ શ્રુતિથી, તે તેસાધનો કરાવીને તે તે ફલો દેતા ભગવાન્ પોતાની ક્રીડા માટે જ જગદ્રૂપે પ્રકટ થઈને ક્રીડા કરે છે,– એમ વૈદિકો વડે નિર્ણય કરવામાં આવે છે. એ જ વેદના બંને કાંડમાં પણ પ્રતિપાદન કરવામાં આવે છે, અન્યથા જીવનાં સાધન-ફલનું નિરૂપણ કરતી શ્રુતિનું જીવ-પરત્વ જ થાય, બ્રહ્મપરત્વ નહિ. કર્મ બ્રહ્મનું પણ જીવશેષત્વ દૂર ન થાય. આમ હોતાં, પૂર્વકાંડમાં અવાન્તરફલો કહીને,–**"एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति"-(बृ.** ४-३-३२)- એ શ્રુતિથી નિરવધિ-આનંદાત્મક જ પરમ ફલ છે,– એમ તે કહેવા ઈચ્છતી (શ્રુતિ) પહેલાં સામાન્યતઃ ફલ કહે છે,– તૈત્તિરીયમાં ! **"ब्रह्मविदाप्नोति परम्"**,-(तै. ૨-૧). એમ, અક્ષરબ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે,– એવો અર્થ છે. અહીં પર-શબ્દના પૂર્વપરત્વમાં **"तत्"** જ કહે. પહેલાં **"ब्रह्म"** કહીને આગળ જે **"पर"**-એમ કહે છે, તેનાથી સાંનિધ્યથી તેનાથી પર પુરુષોત્તમ-રૂપ જ અહીં અભિપ્રેત છે,– તેમ જણાય છે..... તેની પ્રાપ્તિ જ્ઞાન-રૂપા જ છે,– એમ કેટલાક કહે છે. તેમ હોતાં, બ્રહ્મ-પ્રાપ્ત બ્રહ્મ પ્રાપ્ત કરે છે,– એમ અર્થ થાય, અને તે અસંગત છે; અને સાધનસાધ્યભાવનાશ છે..... અનુભવૈકગમ્ય તે સ્વરૂપ છે, બીજાં પ્રમાણગમ્ય નહિ,– એમ જણાવવા માટે, અન્યમુખે કહે છે,– **"तदेषाभ्युक्ता ।"**

આ ઋક્ (વેદમંત્ર) બ્રહ્મને જાણનારે કહેલી છે..... આનન્દમાં નિઃસીમતા જ પરમ ફલતાની અવચ્છેદક (નિર્ણાયક-વિશેષલક્ષણ) છે. એ પ્રકારે, તે ધર્મપૂર્વક પરમાનન્દ જ "અનન્ત" શબ્દથી અહીં કહેવાય છે. **"यो वेद"**- એ (શ્રુતિ) (અને)..... **"नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ્યस्तस्यैष आत्मा वृणुते तनुं स्वाम् ॥"**- મુંડક (૩-૨-૩). આમ (આ) શ્રુતિવડે, વરણ-સિવાયના સાધનથી અપ્રાપ્યત્વ કહેવાય છે. આમ

હોતાં, (બ્રહ્મજ્ઞાન અને વરણ) બંને શ્રુતિના વિરોધને દૂર કરવા માટે, અક્ષરબ્રહ્મ જ્ઞાનથી અવિદ્યાની નિવૃત્તિથી, પ્રાકૃતધર્મ-રહિતતાથી, શુદ્ધત્વ-સંપાદનથી, પુરુષોત્તમપ્રાપ્તિમાં સ્વરૂપયોગ્યતાનું સંપાદન થાય છે. તેવા જીવમાં સ્વકીયપણાથી વરણ થતાં ભક્તિભાવથી સહકારિ-યોગ્યતા સંપત્તિથી પુરુષોત્તમ-પ્રાપ્તિ થાય છે,– એમ નિર્ણય થાય છે. ત્યારે જ (હૃદય) ગુહામાં પરમવ્યોમ-પ્રકટ થાય છે. "**परोमीयते**" પરનાં દર્શન આનાથી થાય છે,– આથી તેમ (પરમ) છે. જ્ઞાનમાર્ગીય જીવના જ્ઞેય-પ્રકારક કરતાં વિશિષ્ટતાથી પણ તેમ (પ્રરમ) છે. પરમ-વ્યોમના અતિ-અલૌકિકપણાને જણાવવા માટે (**व्योम्नि** કે **व्योमनि** ને બદલે **व्योमन्** એવો) અલૌકિક-પ્રયોગ કર્યો છે. "**नाऽहं वेदैः**", "**भक्त्या त्वनन्यया शक्य**"-ગીતા (૧૧-૫૨,૫૪) વગેરે સ્મૃતિ પણ સંગત થાય છે. નહિ તો, જ્ઞાનમાર્ગીય બ્રહ્મવિદોને પણ પરપ્રાપ્તિ થાય; તેમ તો નથી. "**मुक्तानामपि सिद्धानां नारायणपरायणः । सुदुर्लभः प्रशान्तात्मा कोटिष्वपि महामुने ॥**"-શ્રીભાગવત (૬-૧૪-૫), "**तस्मान्मद् भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः । न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥**"-(૧૧-૨૦-૩૧)-ઈત્યાદિ વાક્યોથી આ જ કહે છે. ગુહામાં હૃદયાકાશમાં આવિર્ભૂત જે "પરમ વ્યોમ"– અક્ષરાત્મક વ્યાપિવૈકુંઠ,– તેની પુરુષોત્તમની ગૃહરૂપતાથી તેમાં "**निहित**"– સ્થાપેલા જેવા વર્તમાન (રહેલા)ને જે જાણે છે, તે ભક્ત નિત્ય-અવિકૃતરૂપ "વિપશ્ચિત્" બ્રહ્મ સાથે; વિવિધ નિહાળતું જ્ઞાનત્વ જ વિપશ્ચિત્ત્વ છે. "**पृषोदरादि**" (સમાસ)પણાથી "**पश्यत्**"-શબ્દના અવયવ "**यत्**" શબ્દનો લોપ કરીને વ્યુત્પાદિત છે– "વિપશ્ચિત્"-શબ્દ ! તેથી વિવિધભોગ-ચતુર (બ્રહ્મ) સાથે સર્વકામોને ભોગવે છે,– એવો અર્થ છે. આનાથી "પરપ્રાપ્તિ"-શબ્દાર્થ કહેલો છે, આ ભક્તના શુદ્ધપુષ્ટિમાર્ગીયપણાથી ભોગમાં (તેની)સ્વતંત્રતા કહેવાય છે. (તૃતીયાવિભક્તિથી) સહભાવ કહેલ હોવાથી બ્રહ્મનું ગૌણત્વ છે. આથી જ ભગવાનનું ભક્તાધીનપણું સ્મૃતિયોમાં,– "**अहं भक्त-पराधीनः..... ।**", "**.....वशे कुर्वन्ति मां भक्त्या ।**"-શ્રીભાગવત (૯-૪-૬૩,૬૧)-વગેરે વાક્યોથી કહેવાય છે, તેથી "**अश भोजने**"– આ ધાતુ (ક્રિયાપદ)નો જ આ પ્રયોગ છે, અર્થની અલૌકિકતા જણાવવા માટે અલૌકિકપ્રયોગ કરેલો છે..... વેદ્ય (અક્ષરબ્રહ્મ)નું અગુણપણું અને પછીના (પરબ્રહ્મ)નું સગુણત્વ છે,– એમ કહેવું ન જોઈએ; પરત્વની અનુપપત્તિ (અવ્યવહારિકતા કે અતર્કસંગતતા)થી; સાધનશેષભૂત (અક્ષરબ્રહ્મ)નું અગુણત્વ અને તેના ફલ (પરબ્રહ્મ)નું સગુણત્વ,– એ ખૂબ અસંગત છે. "**यद्धि पश्यन्ति मुनयो गुणापाये समाहिताः ।**"-(૧૦-૨૮-૧૫). આ શ્રીભાગવત વાક્યથી જ્યાં ગુણાતીત પુરુષોનો વૈકુંઠદર્શનાધિકાર કહેવાય છે, ત્યાં તેનાથી પરના દર્શનમાં તો કહેવાનું શું ?!..... "**यत्र त्वस्य सर्वमात्मैवाभूत्**"-(बृ. ૨-૪-૧૪). એમ શ્રુતિ અખંડ બ્રહ્માદ્વૈતભાનમાં બ્રહ્મવિદનું પ્રાપંચિકભેદનું અદર્શન કહે છે, પ્રપંચ (વિસ્તાર-જગત્)થી પર પદાર્થના દર્શનનો બોધ કે નિષેધ કરતી નથી. પુરુષોત્તમ-સ્વરૂપ તો જેટલા ધર્મવાળું છે– તે પ્રપંચાતીત જ છે, એમ તેના દર્શનાદિમાં શું આવ્યું ?.... બ્રહ્મવિદ્ની પરપ્રાપ્તિની પૂર્વદશા "**तत्केन.....**"-વગેરેથી કહેવાય છે. ઉત્તરદશા તો "**सोऽश्नुते.....**"– આનાથી કહેવાય

છે. આમ સઘળું સુવ્યવસ્થિત છે..... પરપ્રાપ્તિની સાધનભૂત બ્રહ્મજ્ઞાનદશામાં તે આનંદ પણ જે પહેલાં અનુભવેલો તે ગણિતાનન્દ (વેદમાં ગણેલો આનંદ-બ્રહ્માનન્દ) છે, એમ આ (પરમ) આનંદના અનુભવ પછી તુચ્છતા અને ઈષ્ટગતિમાં અસાધનતાથી સ્વરૂપથી પણ તેનાથી હીનતા ભાસે છે; આ પ્રકારે પૃષ્ઠભાગથી પણ દૂર રહેલ પુચ્છરૂપતા (અક્ષર) બ્રહ્મની કહેવાય છે અને પુરુષોત્તમના અધિષ્ઠાન (આધાર)ત્વથી પ્રતિષ્ઠારૂપતા છે. આમ હોતાં, અક્ષરથી પણ ઉત્તમતામાં પણ અમુખ્ય (ગૌણ) થઈને ભક્તકામ પૂરણકર્તૃત્વમાં અસંભાવના અને વિપરીત-ભાવના સંભવે છે. તેના અભાવ માટે— "**असन्नेव स भवति**"-વગેરે કહેલ છે. સ્વાનુભવ ન હોવા છતાં પણ, ગુરુના ઉપદેશથી પણ, તેના અસ્તિત્વમાત્રને પણ જે જાણે છે, તે બ્રહ્મવિદને "સન્ત"-સત્વધર્મયુક્ત વર્તમાન જાણે છે;— એમ આગળ કહ્યું છે,— "**अस्ति ब्रह्मेति चेद्**"-વગેરેથી; બ્રહ્મના અસત્-પણાના જ્ઞાનમાં— "**असन् भवति**"- એમ કહીને, "**सन्तमेनं विदुः**"- એમ તત્ત્વથી અન્યજ્ઞાન જે કહેલું છે તેનાથી, કહેલા પુરુષોત્તમાનન્દાનુભવવાળા જ્ઞાનક્રિયાયુક્ત જીવને વર્તમાન જાણે છે,— જ્ઞાનાદિવાળાને નહિ"— અહીં "આનન્દમય"માં "**विकारशब्दान्नेति चेन्न प्राचुर्यात्**"-**ब्र.सू.** (૧-૧-૧૨)થી વિકારમાં મયટ્-(પ્રયત્ય) નથી, પરંતુ પ્રાચુર્યથી છે. પ્રાચુર્યને વ્યાપીને રહે તે "**प्राचुर्यात्**": તેથી આનંદપ્રચુરત્વ પૂર્ણત્વ પરબ્રહ્મ-પુરુષોત્તમ-ભગવાન્ શ્રીકૃષ્ણનું છે.

સ્મૃતિમાં પણ સ્મરાય છે,— "**ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥**"-ગીતા (૧૮-૫૪). બ્રહ્મભૂત-બ્રહ્મજ્ઞાનના ફલ-રૂપે જેણે બ્રહ્મૈકાત્મ્ય અનુભવ્યું છે તેવો, સર્વતઃ નિરપેક્ષ, પ્રસન્ન અંતઃકરણવાળો, આ જ્ઞાનમાર્ગીય ફલાવસ્થા છે. તેમાં પણ બાકી રહે છે,— કૃષ્ણમાં પરાભક્તિનો લાભ ! જ્ઞાનમાર્ગીય-ફલાવસ્થાથી અહીં પુષ્ટિભક્તિમાર્ગીય આરંભદશા થાય છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહેવાય છે,— "**तथा परमहंसानां मुनीनाममलात्मनाम् । भक्तियोगविधानार्थं कथं पश्येमहि स्त्रियः ॥**"-(૧-૮-૧૯). ત્યાં શ્રીસુબોધિની છે,— "ભગવાન્ ભક્તિયોગ માટે પ્રકટ થયેલા છે, વેદો અને ઋષિયોને અવતરાવીને, તેમના વડે સસાધન જ્ઞાન ઉત્પન્ન થતાં, જે આગળનું કાર્ય છે તે માટે અવતરેલા છે. ત્યાં જ્ઞાનમાં સંન્યાસ અંગ છે,— અંતઃકરણને શુદ્ધ કરનાર હોવાથી, "**संन्यासयोगाद्यतयः शुद्धसत्त्वाः ।**"— શ્રુતિથી અન્ન વગેરેના દોષ ઉત્પન્ન ન કરવાથી તે પછી મનન અંગ છે. શ્રવણ પહેલાં જ સંપન્ન થયું હોવાથી. તે પછી નિદિધ્યાસનયુક્તોને, નિદિધ્યાસન નિશ્ચિતરૂપે ચિત્તની એકાગ્રતા છે, અથવા તેમાં ભગવન્નિર્ધાર છે; પછી અન્તરંગ અંગ શુદ્ધ-અંતઃકરણ છે. તે જ્ઞાનાધિકારીઓને કે ઉત્પન્ન થયેલા જ્ઞાનવાળાઓને ભક્તિયોગ સિવાય ભગવજ્જ્ઞાન કે સાયુજ્ય થતું નથી, તેથી તેમ ભગવાન્ અવતરેલા છે,— એવો અર્થ છે. હંસો તો (નીર-ક્ષીર-વિવેકની જેમ) આત્માનાત્મ-વિવેક-જ્ઞાનવાળા હોય છે. કેવલ આત્માને જ જેઓ નિહાળે છે,— તે પરમહંસો છે. જો કે સૌ નૃત્ય જુએ છે, છતાં પણ રસિકોને જ રસોત્પત્તિ થાય છે. નપુંસકોને કે સ્ત્રીઓને, સ્ત્રી-રૂપે નૃત્ય કરાઈ રહ્યું હોય ત્યારે, શૃંગારરસ ઉત્પન્ન થતો નથી; પ્રત્યુત પોતાના- સમાન-ધર્મ પ્રકટ કરીને નકલ (ઉપહાસ) કરે છે,— એમ ખેદ ઉત્પન્ન થાય છે, તેમ, સાધારણ સ્ત્રી-પુરુષોને

અને દૈત્યાંશોને ન રસ કે ન જ્ઞાન કે ન ભક્તિ મળે છે." કેવલ આત્મદ્રષ્ટાઓ પરમહંસો છે. તેઓ મનનથી મુનિયો છે, તેનાથી નિર્મલ અંતઃકરણવાળા છે.. જ્ઞાન મેળવવા ઈચ્છનાર કે વિદ્વાનો પણ, જ્ઞાનના અધિકારીઓ કે સિદ્ધજ્ઞાનવાળાઓ, ન સાધનથી કે ન સ્વતઃ, કૃષ્ણભક્તિના ભાગી (અધિકારી) બનતા નથી. મુખ્યપણે તે (ભક્તિ)ના પ્રદાન માટે જ નિશ્ચિતપણે કૃષ્ણાવતાર છે. આથી પણ, પરમહંસત્વ પ્રાથમિક છે. કૃષ્ણ-ભક્તત્વ તો મુખ્ય છે,– એમ નિશ્ચય છે. અનવતારદશામાં અવતાલીલાના શ્રવણ-સ્મરાણાદિ વડે, આ જન્મ (સંસાર)માં અવિદ્યા-કામ-કર્મો-વડે ક્લેશ પામી રહેલા જનોનાં ક્લેશનિવારણ અને જીવન-વિનોદ પણ ખૂબ સુલભ થાય છે,– સર્વત્ર સર્વદા ક્રીડા કરતા દશલીલાવિશિષ્ટ ભગવાન્ કૃષ્ણની શ્રવણ-સ્મરણ-યોગ્ય લીલાનું જ્ઞાન અને દોષનિવૃત્તિ થાય છે,– શ્રીભાગવતથી ! શ્રીમદ્ભાગવતનું પારમહંસ્ય-સંહિતા-રૂપે પ્રાથમ્ય છે, અને સાત્વતસંહિતા-રૂપે પ્રાધાન્ય છે. "**पारमहंस्यां सात्वतसंहितायां**"- એ પ્રકારે (આ ગ્રંથની પુષ્પિકા-ઈતિશ્રી-માં) નિર્દેશથી, પ્રત્યાહારન્યાયે, પ્રથમ-મધ્યમ-ઉત્તમ સર્વે અધિકારીઓ સંગૃહીત છે, નિશ્ચિતરૂપે અનુગૃહીત કર્યો છે ભગવાને જેમને જેમ !

શ્રીમદ્ભાગવત દશલક્ષણવિશિષ્ટ, વિશિષ્ટ જનો વડે અભીષ્ટ પણાથી આદત, મહાપુરાણ છે. "**सर्गोऽस्याथ विसर्गश्च वृत्तीरक्षान्तराणि च । वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥ दशभिर्लक्षणैयुक्तं पुराणं तद्विदो विदुः । केचित् पञ्चविधं ब्रह्मन् महदल्प-व्यवस्थया ॥**"-(૧૨-૭-૯,૧૦)– આ લક્ષણો વડે લક્ષણા (ગૌણવૃત્તિ) વડે આ (ભાગવત)નું મહાપુરાણત્વ છે નહિ, પરંતુ અભિધા (મુખ્ય-વૃત્તિ) વડે જ કહેવાય છે. "**अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः । मन्वन्तरेषानुकथा निरोधो मुक्तिराश्रयः ॥**"-(૨-૧૦-૧). અહીં તે લૌકિક નથી, પરંતુ અલૌકિક પદાર્થો છે. લૌકિકોથી તે સમજાતા નથી અથવા સમજાવાતા નથી. તેમાં પણ સમાધિભાષામાં કહેલું ભાગવત લૌકિક-સંસ્કૃત-ભાષા-વિશારદોથી પણ સમજવાનું શક્ય થતું નથી, ત્યારે સમજાવવાનું કઈ રીતે બને ? જેમ પ્રાકૃતભાષની રચનાઓને તે ભાષાને જાણનાર જ જાણે છે, તેમ સંસ્કૃતભાષામાં દેખાતા હોવા છતાં પણ શ્રીમદ્ભાગવતમાં શોભે છે,– વ્યાસહૃદયમાં વસતી સમાધિભાષા, તેના નિપુણો જ તેના આસ્વાદને ખૂબ માણે છે. આથી જ ભગવાન્ કૃષ્ણે પ્રબલ અવાજે પ્રમાણિત કર્યું છે,– "**पुरा मया प्रोक्तमजाय नाभ्ये पद्मे निषण्णाय ममाऽऽदिसर्गे । ज्ञानं परं मन्महिमावभासं यत्सूरयो भागवतं वदन्ति ॥**"-(૩-૪-૧૩)– લોકો તેને ભાગવત કહે છે એમ નહિ, પરંતુ જેને વિદ્વાનો ભાગવત કહે છે. લોક-મનોરંજક, સંગીત-દૃષ્ટાન્ત-દૃશ્ય-શ્રાવ્ય-પ્રસંગ-સંગતિની અધિકતાવાળા (કથાનકો, આયોજનો)ને નામમાત્રથી જ "ભાગવત"– લોકો કહે છે, વિદ્વાનો નહિ. વિદ્વાનો તો, જે જ્ઞાનમાં પુરુષોત્તમત્વ દેખાય છે, તેવા જ્ઞાનાન્વિત કથાનકને "ભાગવત"– કહે છે. આથી વિદ્વાનો કહે છે એ પ્રમાણ છે, લોકોની વાતો નહિ. "**भगवता उदितं भागवतं**"-વગેરે પ્રાયઃ તેનું (ભાગવતનું) "કાર્યલક્ષણ" છે. "સ્વરૂપલક્ષણ" તો અહીં જ સ્વયં ભગવાને ઉદ્‌ઘોષિત કર્યું છે,– "**ज्ञानं परं मन्महिमावभासं**"- "જ્ઞાન અધ્યાત્મરૂપ હોય છે,– તેને કાઢી નાખવા માટે કહ્યું છે,– "**परं**", – તે ઔષનિષદ્ પણ હોય છે, આથી

તેનાથી પણ ઉત્કૃષ્ટ કહ્યું છે,– "**मन्महिमावभासं**"-એ પ્રકારે. મારા મહિમાનો પ્રકાશ જ્યાં છે, જે જ્ઞાનમાં મારું પુરુષોત્તમત્વ પ્રકાશે છે. માહાત્મ્ય-પ્રતિપાદક છે,– ગુણો, કર્મો, શક્તિયો અને અલૌકિક-સામર્થ્ય. આ સઘળું જ્યાં પ્રકાશે છે,– તે ભાગવત છે,– એમ લોકમાં પ્રસિદ્ધ છે, વિદ્વાનો તેમ કહે છે,– આ (વિદ્વત્સંમતિ)થી આ શાસ્ત્રમાં પણ વાદીઓનો વાદ (વિચાર-સિદ્ધાન્ત) જ છે." ઉદ્ધવજી અને વિદુરજીએ તો- "**ज्ञानं परं स्वात्मरहःप्रकाशं**"- એમ કહ્યું છે,- (૩-૪-૧૮,૨૫). "અજ્ઞાન તો જ્ઞાનથી દૂર થાય છે, પરંતુ ભગવદિચ્છાની મુખ્યતાથી– "આનું જ્ઞાન નષ્ટ થાવે",– એવી ઈચ્છાથી અથવા ભગવત્પ્રેરિત માયા વડે અજ્ઞાનને દૂર કરનારું પણ જ્ઞાન નાશ પામે જ; આથી સ્વકીયોનો – માયાદિશક્તિયોનો અને ભગવાનનો પોતાનો "**रहः**" જે મર્મ, બંધન-મુક્તિલીલામાં કેવો ભગવાનનો અને તદીયોનો અભિપ્રાય છે ?– જ્યાં જ્ઞાનમાં આ મર્મ પ્રકાશિત કરવામાં આવે છે, તેવું જ્ઞાન-રૂપ બ્રહ્માજીને ભગવાને કહ્યું,– એમ સાંભળ્યું છે." કૃષ્ણાત્મરહઃ-પ્રકાશક, પરં જ્ઞાન, શ્રીમદ્ભાગવત, કૃષ્ણકૃપા સિવાય એક પણ સાધનથી કે અધિકારથી પ્રાપ્ત કરવું શક્ય નથી. જેઓ "અમે જાણીએ છીએ," એમ કહે છે, તે બધા તો, "**यस्यामतं तस्य मतं मतं यस्य न वेद सः ।**" એ શ્રુતિથી જ અસ્વીકૃત કરેલા છે. "**यस्यावतार कर्माणि गायन्ति ह्यस्मदादयः । न यं विदन्ति तत्त्वेन तस्मै भगवते नमः ॥**"-(૨-૬-૩૭) – વેદગર્ભ બ્રહ્માજી-વગેરે પણ ભગવદવતાર-કર્મ-ઉત્કર્ષ-પ્રાપ્ત કરાવનારા ગુણોને "આ આમ છે"– તેમ નિશ્ચિતરૂપે જાણતા નથી, પરંતુ તેમાં જ સુખલાભથી ગાય છે. જ્ઞાનથી કે અજ્ઞાનથી લક્ષિત જેવા પણ ભગવાન્ છે, તેમને નમન જ કરે છે, કૃપાથી ભગવાન્ જેને પોતાને જણાવે છે, પુષ્ટિથી કે પુષ્ટિજન્ય-અનન્યભક્તિથી, તે જ તેને જાણે છે, તેમ, શ્રીમદ્ભાગવતમાં પણ ભગવાનનું જ્ઞાન અને ભાગવતનું જ્ઞાન કૃપા વિના નથી જ સંભવતું.

છે અને પ્રકાશે છે,– બહુ વ્યાખ્યાકારો,– શ્રીમદ્ભાગવતના!– પ્રાચીનો અને અર્વાચીનો! પોતપોતાના શબ્દમાર્ગમાં આરૂઢ થયેલા તે શ્રીભાગવતના અર્થ-પ્રકાશન માટે પ્રયત્ન કરે છે,– આગળ વધે છે, પ્રસ્થાપન કરે છે. પોતપોતાના સંતોષનું વહન કરનારા તેમના અર્થો જગતમાં પ્રસિદ્ધ છે. લીલાકર્તા કૃષ્ણને અને લીલાદષ્ટા વ્યાસજીને સંતોષપ્રદ અર્થો ક્યાં પ્રાપ્ત થાય છે ? સંભળાય છે ત્યાં,– શ્રીમદ્વલ્લભાચાર્યચરણોનો સ્વમર્મપ્રકાશક, મંગલાચરણસંપાદક, શ્રીસુબોધિની-મંગલાચરણરૂપ, રુચિકર ધ્વનિ,–

"अर्थं तस्य विवेचितुं न हि विभुर्वैश्वानराद् वाक्पते-
रन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ।
दत्त्वाऽऽज्ञां च कृपावलोकनपटुर्यस्मादतोऽहं मुदा
गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥"

પોતાના અવતારનું પ્રયોજન અહીં સ્પષ્ટ કરે છે,– શ્રીમદ્વલ્લભાચાર્યચરણો ! "**विगत**" છે.-"**वं**"-સુખ જેમાંથી તે-"**विवः**", તેમાં "**विवे**"-સુખરહિતમાં, લોક સુખરહિત હોતાં, "**तस्य**"– શ્રીમદ્ભાગવતના, અર્થને "**अचितुं**"- "**अर्चपूजने**"-"**अच इत्येके**" એમ ધાતુપાઠથી,– પૂજવા માટે,

સપ્તાર્થને અવિરોધે પ્રકટ કરવા માટે, **"हि"** જે કારણે, વૈશ્વાનર સિવાય અન્ય સમર્થ નથી. તેમાં કારણ છે,– સ્વયં વાક્પતિ છે. **"उत त्वः पश्यन्न ददर्श वाचं"**- આમાં જેમ પત્ની પોતાનું સ્વરૂપ પતિ માટે પ્રકટ કરે છે, તેમ વાણી પણ પોતાના પ્રતિ માટે જ પોતાના અર્થને-યાથાર્થ્યને– પ્રકટ કરે છે.– **"तस्याग्निरास्यं निर्भिन्नं लोकपालोऽविशत्पदम् । वाचा स्वांशेन वक्तव्यं ययासौ प्रतिपद्यते ॥"**-(૩-૬-૧૨). આમાં વાણીનું અગ્નિ-અંશત્વનું સ્મરણ (પ્રમાણ) હોવાથી, તેમાં તેવા અર્થ-પૂજન માટે સમર્થતા હોવા છતાં શ્રીપતિ ભગવાન્ શ્રીકૃષ્ણે, વ્યાસજીની જેમ, પોતાના અંશરૂપ મને માનવ-શરીર બનાવીને, તેમ કરવા માટે આજ્ઞા દઈને, કૃપાવલોકનનિપુણ થયા," આથી અહીં આજ્ઞાથી સૂક્ષ્મટીકા અને કૃપાવલોકનનૈપુણ્યપ્રભાવથી શ્રીસુબોધિની થયાં,– એમ અનુમાન થાય છે. તેમાં આજ્ઞાજનિત હર્ષથી ગૂઢાર્થ પ્રાકટ્ય છે, તેમ દર્શનથી સમજાય છે. આથી કહેલા હેતુથી, વ્યાસજીને-સમાધિમાં લીલાદષ્ટાને, વિષ્ણુને,– રસવ્યાપ્ત પુરાણપુરુષ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને-લીલાકર્તાને, બંનેને પ્રિય ગૂઢાર્થ, **"बहुधा"** પરંપરાપ્રાપ્ત સપ્તાર્થ-પ્રકારે, દૈવીજીવોના ઉદ્ધાર માટે હું પ્રકટ કરું છું. તેમાં સપ્તાર્થો-શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ, અધ્યાય, વાક્ય, શબ્દ, અક્ષરોના– પરસ્પર અવિરોધથી શ્રીમદ્ભાગવતમાં જ છે. તેમાંથી ચારના– શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ, અધ્યાયના – સયુક્તિક અર્થો શ્રીતત્ત્વાર્થદીપ-નિબંધમાં સંબદ્ધ છે. વાક્ય-શબ્દ-અક્ષર- એ ત્રણેના યુક્તિસહિત અર્થો શ્રીસુબોધિનીમાં સ્વજનોને સુખથી સમજાય માટે અબાધિત સમજાવેલા છે. **"श्रीभागवतगूढार्थप्रकाशनपरायणः"**, **"श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः"**, **"दैवोद्धारप्रयत्नात्मा"**– આ પ્રકારે શ્રીમદાચાર્યજીનાં નામ "શ્રીસર્વોત્તમસ્તોત્ર"માં, પ્રસિદ્ધ છે. આથી, પુષ્ટિદૈવી-જીવોના ઉદ્ધાર માટે શ્રીભાગવત-અમૃતસમુદ્રના મથનમાંથી ઉત્પન્ન થયેલા શ્રીભાગવતગૂઢાર્થ-રૂપ નવનીત (માખણ)ના પ્રકાશન માટે શ્રીમદ્વલ્લભાચાર્યજીનો અવતાર છે. તે નવનીત વડે સ્વકીયોનું પોષણ કરતા શ્રીકૃષ્ણકથાસેવા માર્ગમાં પ્રેમથી યોજે છે,– અને વિજય પામે છે,– શ્રીવલ્લભાચાર્યચરણો !

"गायत्रीभाष्यं" દ્વારા વેદમાતા ગાયત્રીનો વાસ્તવિક-અર્થ બધી રીતે કહીને "વેદ" રહસ્ય નિરૂપિત કર્યું છે તેઓએ. **"तत्वार्थदीपनिबन्धः"** ના **"शास्त्रार्थ-प्रकरणं"** દ્વારા "ગીતા"નો અર્થ પણ ગાયો છે. **"सर्वनिर्णय-प्रकरणं"** દ્વારા સ્થૂણાખનનન્યાયે તેને દૃઢ કર્યો છે. **"अणुभाष्यं"** દ્વારા "બ્રહ્મસૂત્રો"નું વ્યાખ્યાન વ્યાસાશયને અનુરૂપ કર્યું છે. આ પ્રસ્થાનત્રયીનું વ્યાખ્યાન અન્ય આચાર્યોએ પણ ભગવદિચ્છાનુસાર પ્રચલિત કર્યું છે. શ્રીમદ્વલ્લભે તો **"श्रीभागवतार्थप्रकरणं"** દ્વારા અને **"श्रीसुबोधिनी"** દ્વારા પ્રસ્થાનચતુષ્ટયીની, શ્રીકૃષ્ણ-શ્રીકૃષ્ણસેવા-પ્રતિપાદન-રૂપ, એકવાક્યતા પ્રસ્થાપિત કરી છે,– પ્રદર્શિત કરી છે,– ભગવદિચ્છા-આજ્ઞા-કૃપાથી ! પ્રસ્થાનચતુષ્ટયી વડે, પ્રસ્થાપિત એકવાક્યતાના પ્રદર્શન વડે, અને સ્વાભાવિક-મૌલિક-યથાર્થ-નિરૂપણ વડે, સિદ્ધ છે,– તેમનું આચાર્યત્વ ! એ પ્રસિદ્ધ છે. **"श्रीवल्लभाचार्य"**-રૂપે ગાયત્રીભાષ્યમાં, **"वेदव्यासमतानुवर्ति"**-રૂપે અણુભાષ્યમાં, **"विष्णुस्वामिमतवर्ति"**-રૂપે તત્ત્વાર્થદીપ-નિબંધમાં અને **"श्री लक्ष्मणभट्टात्मजश्रीवल्लभदीक्षित"**-રૂપે શ્રીસુબોધિનીમાં, આમ ચાર પ્રકારે ચારની,– વેદ-બ્રહ્મસૂત્ર-

ગીતા-ભાગવતની,– એકવાક્યતાને સાધતા, તેના અવિરોધિ-સ્વસિદ્ધાન્ત-સાર (સમુચ્ચય)ને **"श्रीकृष्णदास-वल्लभ"**-રૂપે "ષોડશગ્રંથ"-સંગ્રહમાં પ્રદાન કરે છે. પોતાના વૈશ્વાનર-અગ્નિ-રૂપપણાથી ઘાસ-રૂ-જેવા અનર્થોને અને અશુદ્ધિયોને ઉત્તમરીતે બાળીને, નિર્દોષ-શુદ્ધ-શાસ્ત્રાર્થનો સંસ્કાર કરીને, **"श्रीकृष्णास्य"**-રૂપતાથી સ્વજનહિત માટે કહે છે.– **"अग्नित्वं वर्णितं ते कविभिरपि सदा वस्तुतः कृष्ण एव"**- વિરાજે છે,– શ્રીવલ્લભાચાર્યચરણો ! **"साक्षिकं रूपं त्रितयात्मकं"**- એ પ્રકારે પ્રસિદ્ધ, **"रासस्त्रीभावपूरितविग्रहः"**- શ્રીસ્વામિનીજી-રૂપ તે પોતાના સ્વામીને અંગીકાર કરાવે છે,– નિજ પુષ્ટિદૈવીજીવોનો !

તે પ્રયોજનથી શ્રીભાગવતના ગૂઢાર્થ-પ્રકાશન માટે અવતરેલા, શ્રીમહાપ્રભુ, શ્રીમદ્ વલ્લભાચાર્યચરણોનો શ્રીભાગવત સંબંધી વિશિષ્ટ દૃષ્ટિકોણ દેખાય છે.– તે છે જેમ,–

(૧) વેદો, શ્રીકૃષ્ણવાક્યો અને વ્યાસસૂત્રો ભારતીય-ધર્મદર્શનની મૂલાધાર રૂપ પ્રસ્થાનત્રયી છે,– એમ કહેવાય છે, આ પ્રસ્થાનત્રયીના વિષયોની (સ્વાભાવિક) સ્પષ્ટતા કરતું, સર્વસંદેહનું સમાધાન કરનાર, ચતુર્થ-પ્રસ્થાન છે,– શ્રીમદ્ભાગવત ! ગાયત્રી બીજ છે, વેદ વૃક્ષ છે અને તેનું ગલિત, લલિત, અવિરોધિ છતાં સ્વતંત્ર, રસાત્મક ફલ ઝળહળે છે,– શ્રીમદ્ભાગવત! આથી, વેદોનું પ્રાથમ્ય છે, પ્રાધાન્ય તો ભક્તિજનક શ્રીમદ્ભાગવતનું છે. વૃક્ષ-રૂપ વેદના પૂર્વકાંડ અને ઉત્તરકાંડના નિષ્ણાતો પણ નિષ્ફલ છે,– ફલાત્મક શ્રીમદ્ભાગવત વિના ! વેદોક્ત અને વેદપ્રદત્ત ફલો અન્ય માટે હોય છે, સ્વયં વેદોનું ફલ તો છે,– શ્રીમદ્ભાગવત !

(૨) ચારે પ્રસ્થાનોનું અર્થજ્ઞાન વ્યાકરણ અને કોશાનુરૂપ જ થાય, બીજી કોઈ પણ કપોલકલ્પિત રીતે નહિ. વેદોમાં (પર) બ્રહ્મ-રૂપે, ગીતામાં પરમાત્મા અને પુરુષોત્તમપણે, બ્રહ્મસૂત્રોમાં આનન્દમયરૂપે, શ્રીમદ્ભાગવતમાં સ્વયં ભગવાન્પણે, શ્રીકૃષ્ણનું જ પ્રતિપાદન પ્રાપ્ત થાય છે. આમ, પ્રસ્થાનચતુષ્ટયની એકવાક્યતા સંગત થાય છે. જહત્સ્વાર્થા-લક્ષણા વડે અને ન્યુનતાથી અન્યપૂરણ દ્વારા અર્થપ્રતિપાદન કર્યું નથી, પરોક્ષકથાઓને છોડીને સર્વત્ર જ અભિધા અને તાત્પર્યવૃત્તિથી અર્થો કહ્યા છે,– શ્રીમદ્ભાગવતના !

(૩) શ્રીમદ્ભાગવતનો શાસ્ત્રાર્થ-(સાકાર) "આનંદરૂપ હરિની લીલા" છે. ૧. શાસ્ત્રાર્થ, ૨. સ્કન્ધાર્થ, ૩. પ્રકરણાર્થ, ૪. અધ્યાયાર્થ, ૫. વાક્યાર્થ, ૬. (પદાર્થ) શબ્દાર્થ, ૭. અક્ષરાર્થ,– એમ સાત પ્રકારે પરસ્પર-અવિરોધી, પરંપરાગત, ગૂઢાર્થ છે,– શ્રીમદ્ભાગવતનો ! અહીં વ્યવહાર-પ્રયોજક-શક્તિ-સંકોચથી ઉત્તરોત્તર દુર્બલતા છે. અહીં અર્થસંગતિ ક્રમશઃ,– અક્ષરાર્થની પદાર્થ સાથે, પદાર્થની વાક્યાર્થ સાથે, વાક્યાર્થની અધ્યાયાર્થ સાથે, અધ્યાયાર્થની પ્રકરણાર્થ સાથે, પ્રકરણાર્થની સ્કન્ધાર્થ સાથે અને સ્કન્ધાર્થની શાસ્ત્રાર્થ સાથે સાનુકૂલપણે કરવી. આ ગૂઢાર્થ લીલાદૃષ્ટા વ્યાસજીને અને લીલાકર્તા શ્રીકૃષ્ણને પ્રિય છે. ભગવાન્ લીલા કરે છે અને શાસ્ત્રાર્થને સ્થાપે છે અને તે ભક્તજીવનની સફલતા માટે હોય છે, એમ વ્યક્ત કરે છે,– શ્રીમદ્ભાગવત !

(૪) શ્રીમદ્ભાગવતના પ્રથમસ્કન્ધમાં નિરૂપણ છે,– અધિકારીઓનું ! વિશેષાધિકાર તો

વૈરાગ્યથી જ છે. જેમ જેમ વૈરાગ્ય, તેમ તેમ ભાગવતમાં અધિકાર. તે અધિકારીઓનો અંગસહિત (સાધન-શ્રવણ) કર્તવ્યનિર્ધાર બીજા સ્કન્ધમાં છે. આ શ્રવણના વિષયરૂપ દશલીલાવિશિષ્ટ ભગવાન્ વર્ણવાય છે,– ત્રીજા સ્કન્ધથી બારમા સ્કન્ધ સુધીમાં ! આ છે સંકલન,– શ્રીમદ્ભાગવતનું !

(૫) આગળના સ્કન્ધની કારણ-રૂપતા છે અને પછીના સ્કન્ધની કાર્ય-રૂપતા છે. કારણથી કાર્ય સંભવે છે. આવો સંબંધ અહીં પ્રત્યેક સ્કન્ધમાં છે. દશમ સ્કન્ધનો નિરોધ જ મહાફલ છે. અગિયારમા-બારમા-સ્કન્ધનું, મુક્તિ અને આશ્રયનું, પ્રત્યાપત્તિ-રૂપત્વ,- પૂર્વભાવસંપાદનત્વ, છે,– શ્રીમદ્ભાગવતમાં !

(૬) સામાન્યતઃ સંસ્કૃતભાષામાં જ છે,– આ શ્રીભાગવતનું નિરૂપણ ! છતાં પણ તેમાં છે ત્રણભાષા,–. ૧. સમાધિભાષા, ૨. પરમત (મતાન્તરીયા) ભાષા, ૩. લૌકિકભાષા, સમાધિભાષાથી અવિરોધી-સાનુકૂલ-પરમતભાષા અને લૌકિકભાષા પ્રમાણરૂપા છે, નહિ તો બોલનારના અભિપ્રાય પૂરતું જ તેનું પ્રામાણ્ય છે. આમ, શ્રીમદ્ભાગવત કથાઓમાં સહેતુક પરસ્પરનો વિરોધ કે ભિન્નતા દેખાય છે તેનું સમાધાન છે,– ત્રણ ભાષાના વિભેદથી ! ભિન્ન ભિન્ન કલ્પની તે કથાઓ ભિન્ન છે,– એમ કલ્પભેદથી પણ સમાધાન સધાય છે,– શ્રીમદ્ભાગવતમાં !

(૭) અભય ઈચ્છતા માનવે સંસારભયના અનુભવની ક્ષણથી આરંભીને દેહપાત સુધી દશલીલાવિશિષ્ટ ભગવાનનું નિરંતર શ્રવણ-કીર્તન અને સ્મરણ કરવું જરૂરી છે. જે ઉપનિષત્સંબંધિ જ્ઞાન અને શ્રીમદ્ભાગવતનું જ્ઞાન કે બેના ઉપદેશ વગેરેમાં ત્રૈવર્ણિક (બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય)નો જ અધિકાર છે. તે સિવાય સ્ત્રી-શૂદ્રાદિનો પણ અધિકાર છે જ,– લીલા-શ્રવણ-કીર્તન-સ્મરણમાં. આવા ભગવાન્ કહેવાએલા છે,– અહીં શ્રીમદ્ભાગવતમાં !

(૮) દશલીલા-વિશિષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વદા ક્રીડા કરે છે. સાકાર-વ્યાપક-બ્રહ્મ જ સ્વેચ્છાથી સ્વલીલા માટે સ્વયં જ પોતાના સર્વભવનસામર્થ્ય-રૂપ માયા વડે જગદ્રૂપે અવિકૃત-પરિણામ પામે છે. આથી અભિન્નનિમિત્તોપાદાન-કારણવાળું જગદ્ બ્રહ્મકારણવાળું છે,– તેમ સિદ્ધ થાય છે. કાર્યનું કારણથી અનન્યત્વ છે, મિથ્યાત્વ નહિ. કારણરૂપ બ્રહ્મની સત્યતાથી, તેના અનન્યપણાથી, તેના કાર્યરૂપ જગતનું પણ સત્યત્વ છે, મિથ્યાત્વ તો નથી. મિથ્યાત્વ તો જીવે અવિદ્યાથી કલ્પેલા અહંતા-મમતા-રૂપ સંસારનું છે, બ્રહ્માત્મક જગતનું તો નહિ. જીવ ભગવદંશ હોવાથી દાસ જ છે. આ સર્વ નિરૂપિત છે,– શ્રીમદ્ભાગવતમાં !

(૯) શ્રીમદ્ભાગવતના યથાર્થજ્ઞાનથી જાણેલા ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે. શ્રીમદ્-ભાગવતમાં ત્રણસો બત્રીસ અધ્યાયો છે. દશમસ્કન્ધના પૂર્વાર્ધના ત્રણ અધ્યાયો-(૧૨-૧૩-૧૪) પ્રક્ષિપ્ત છે, બીજા કલ્પની (કૌતુક) લીલાના પ્રતિપાદક છે. તે મળીને, સરવાળે, ત્રણસો પાંત્રીસ અધ્યાયો છે. મધ્યમાં પણ બીજે કેટલાક શ્લોકો ક્યાંક વિગીત (અસંગત) છે. ક્યાંક આચાર્ય-ચરણોએ પણ વ્યાસસંમતિથી જોડેલા કેટલાક (શ્લોકો) છે. શ્રીમદાચાર્યચરણ-સ્વીકૃત પાઠભેદો

પણ છે. તેમને સંમત પાઠાન્તરો પણ છે. પ્રમાણપુષ્ટ છે આ બધું. પાઠ દ્વારા શ્રીમદ્‌ભાગવતને ધારણ કરવાથી નિશ્ચિતરૂપે કૃષ્ણને ધારણ કરાય છે. વેદોક્ત દ્વાદશાંગપુરુષના બાર અંગરૂપ શ્રીમદ્-ભાગવતના બાર સ્કન્ધો છે. ત્યાં બારલીલાઓ પણ છે. ભગવાનનું નામાત્મક સ્વરૂપ, રસાત્મક ભગવાનનો રસ છે,– આ શ્રીમદ્‌ભાગવત !

(૧૦) શ્રીમદ્‌ભાગવતમાં વેદ્ય-વાસ્તવ-કલ્યાણપ્રદ-વસ્તુનું નિરૂપણ હોવાથી બુદ્ધિપરિકલ્પિત, કાલ્પનિક, અસ્થિર, અલંકારોનો અસ્વીકાર છે. લીલા જ મુખ્ય છે. રૂપક જેવાં આધ્યાત્મિકાદિ અર્થનિરૂપણોની પણ ગૌણતા છે. આવી અલૌકિકતાઓ બહુ પ્રકારની છે,– શ્રીમદ્‌ભાગવતમાં !

(૧૧) ભગવાન્ જ નિશ્ચિતપણે ફલ છે. ભગવત્સ્વરૂપાનન્દાનુભવ પણ ફલ છે. શ્રીમદ્-ભાગવત ફલ છે. લૌકિક-પારલૌકિક-પ્રયોજનના સંબંધ વગરનાં છે,– પાંચ ફલ શ્રીમદ્-ભાગવતનાં– ૧. સર્વસંશય-સમાધાન, ૨. ભગવત્કૃપા, ૩. ભગવાનમાં પરમ પ્રેમ, ૪. ભગવત્સાક્ષાત્કાર, ૫. સર્વત્ર અભય. આ છે– મુખ્ય ફલો– શ્રીમદ્‌ભાગવતમાં !

(૧૨) શાસ્ત્ર સરખી રીતે સમજીને, માહાત્મ્ય જાણીને, પોતાના આત્મા રૂપે ભગવાનને જાણીને, કૃષ્ણસેવા સદા કરવી જરૂરી છે. કૃષ્ણસેવા અને કૃષ્ણકથા કૃતાર્થ કરે છે,– સૌને ! આ છે,– અભિપ્રાય શ્રીમદ્‌ભાગવતનો !

(૧૩) ભગવજ્જ્ઞાનાવતાર વ્યાસજી મહાભારતમાં– **"धर्मादर्थश्च कामश्च.....।"** આનાથી પુરુષાર્થક્રમમાં ધર્મથી અર્થ અને કામ,– એમ કહે છે. ભક્ત નારદજીના સત્સંગ પછી, શ્રીમદ્-ભાગવતમાં પુરુષાર્થ ક્રમ જુદો કર્યો છે,– **"धर्मस्य ह्यापवर्ग्यस्य.....।"** એ પ્રકારે. જીવન-નિર્વાહ-યોગ્ય આહાર-વિહારો– કામ છે, તેનાથી નિષ્પન્ન (સંપન્ન-પ્રાપ્ત) જીવન-અર્થ છે, તેનાથી ધર્મ (થાય) છે, પછી મોક્ષ (મળે) છે, આમ સાધનક્રમભેદ નિરૂપવામાં આવે છે. આવા આકારની વૈચારિક-ક્રાન્તિ, પુરુષાર્થોનો વિશિષ્ટ સાધનક્રમ, દેખાય છે,– શ્રીમદ્‌ભાગવતમાં ! લૌકિકવૃત્તિ-પ્રવૃત્તિ માટે ભાગવતનો ઉપયોગ ઈચ્છિત નથી.

શ્રીમદ્‌ભાગવતની ભગવદ્રૂપતાનો સર્વાથા અનુભવ કરાવે છે,– શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણો! આવો અલૌકિક શ્રીમદ્‌ભાગવતનો મહિમા પ્રકટ છે ત્યારે પણ, શ્રીમદ્‌ભાગવત-સેવનની શિથિલતા અત્યારે આપણા સંપ્રદાયમાં પણ દુર્ભાગ્યથી દેખાય છે. કોઈક ભગવદિચ્છા જ છે નિયામિકા !– એમ માનવું. શ્રીમદ્‌ભાગવત-સપ્તાહ-શ્રવણ વગેરેમાં પણ પ્રાયઃ મનોરંજનાદિની, વ્યવહાર-વ્યાપાર-વૃત્તીઓની, વિચિત્રતા વૃદ્ધિ પામે છે, લીલા-શાસ્ત્રાદિ-વિચારની વિશિષ્ટતા નહિ ! બાલ્યવસ્થાથી જ કૃષ્ણકથા-વગેરે રમકડાંઓથી રમેલો આ જન આવી દુર્દશા દેખીને દુભાએલો, યથાર્થ કથાસેવનની લાલસાવાળો,– ઈજનેરી વિદ્યાથી અસંતુષ્ટ હૃદયવાળો, ત્યાંની આજીવિકાને પણ છોડીને, કૃષ્ણ માટે જ શ્રીમદ્‌ભાગવત ભણવા ભટકતો હું હતો ! હતા બહુ પંડિતો અને કથાકારો; અને છે. વારંવાર આદરપૂર્વક તેમને ભણાવવા માટે પ્રાર્થના કરી. ભાગ્યભોગે પ્રાયઃ મારી એવી પાત્રતા જ ન હતી. તાપ તો ભગવાને જ કરાવ્યો. નિઃસાધનતા પણ તેનાથી જ સંપાદિત થઈ. **"दासीनां सर्वरक्षार्थं निमित्तीकृत्य तादृशम् । प्रादुर्भूतो मम स्वामी**

नैश्चिन्त्यं वाचि पूर्ववत् ॥", "**निःसाधनफलात्माऽसौ प्रादुर्भुतोऽस्ति गोकुले ।**", "**भगवान् भक्तद्वारैव सर्वं विदधातीति सिद्धान्तः ।**"-ઈત્યાદિક ત્યારે જ અનુભવ્યું. ગોકુલથી સત્સંગ માટે પધારેલા, પરમ ભાગવત, ભાગવત જ જેનું જીવનધન છે તેવા, જીવનધન્યતાનું સંપાદન કરનારા, ગો.વા.પૂ.પા. વ્રજવલ્લભજી-શાસ્ત્રિમહાભાગ, દાદાજી-ચરણોના વાત્સલ્યની ભરતીથી કાંઠા સુધી ધસતા સમુદ્રની તરંગમાલાઓથી બાહ્યાભ્યંતર ભીંજવાઈ ગયો આ બિચારો (જન) અને પાવન કરાયો ! "**अनुग्रहायेह चरन्ति नूनं भूतानि भव्यानि जनार्दनस्य ।**"- ભવ્યો એટલે ભાગ્યરૂપો ! જનના સ્વકર્મના પરિણામરૂપ દુર્ભાગ્યને ઢાંકી દઈને ભાગવતો ભાગ્યરૂપ બને છે. તેઓએ જ વત્સલ-હાથનો આધાર દઈને (હાથ પકડીને) ભગવન્માર્ગમાં પ્રસ્થાપિત કર્યો, ચલાવ્યો અને વધાર્યો. ગો.વા.પૂ.પા. મહાભાગવત, નાગરદાસકાકાજી શાસ્ત્રિવર્ય, શાસ્ત્રના અધ્યાપનમાં જ એકતાન જીવનવાળા, ભગવચ્છાસ્ત્ર ભણાવવા માટે સ્વયં પધારીને, વૃષ્ટિની જેમ પુષ્ટિને વરસાવતા. તેમણે ભગવચ્છાસ્ત્ર-સંસ્કારનાં બીજ વાવ્યાં. ગો.વા., વન્દનીય, ભાગવતવર, મા જેવા સ્નિગ્ધ હૃદયવાળા, મોહનલાલ(કાકા) મહાભાગે તો પ્રતિપલ પ્રતિપદ તેમાં મને દૃઢ કર્યો છે,– સર્વત્ર છાયાની જેમ અનુસરીને ! ઋણમાંથી છૂટવાનું અભિલષિત નથી નિરપેક્ષ-ભાગવતોના ! તેમાં જ ડૂબેલો સદૈન્ય સદ્ભગવત્સ્મરણ મારી પ્રણામ-પરંપરા વિશેષરૂપે નિવેદન કરું છું. બ્રહ્મસંબંધ-કૃપા-વર્ષાથી અંગીકૃત છું,– સ્નેહ-વૈદુષ્ય-સારલ્ય-મૂર્તિ, નિ.લી. પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજરાયજી મહારાજ ચરણોથી ! હો-પ્રકાશો-મારા સાદર દં. પ્રણામો તેમને !

ભગવત્કૃપાથી જ શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદન કરતાં, શ્રીસુબોધિનીમાં છાપેલા શ્લોકના શબ્દોથી જુદા શબ્દો તેના વ્યાખ્યાનમાં નજરે ચઢ્યા. તેના પાઠભેદ-સંગ્રહનો મનોરથ થયો. એક દિવસ-સાધ્ય આ કાર્ય નથી કે એક જનસાધ્ય નથી જ. ભક્ત-મનોરથ-પૂરક ભગવાન્ મનોરથ ત્યારે જ કરાવે, જ્યારે ફલ પહેલેથી જ સિદ્ધ રાખે. અમારા "શ્રીભાગવત-પરિવાર"ના, શ્રીભાગવતને આત્મસાત્ કરવા માટે નિરંતર પ્રયત્ન કરી રહેલા, ભગવત્કાર્યોત્સુક, સંસારના સ્વાર્થના અનર્થથી વિમુખ સદસ્યવૃન્દે હસતા મોંએ સઘળું પણ કાર્ય, મનોરથરૂપ મહાસાગર-તરવાની ઈચ્છાથી, આત્મીયપણે, સંપન્ન કર્યું છે. વચ્ચે કોઈ પૂ.પા. મહારાજચરણોએ તે કરવાની ઈચ્છા અને આજ્ઞા કરી. તેમની પાસેથી અન્યત્ર પણ યાત્રા કરતું પાઠભેદકાર્ય પુનઃ મને જ પાવન કરવા માટે સંપ્રાપ્ત થયું. બુદ્ધિપ્રેરક ભગવાનની કૃપાથી જ સર્વ સુસંપન્ન થયું છે. ચિ. સૌ. જયશ્રી સોની તથા ચિ. સૌ. દર્શના કાપડીઆ,-"ઢબુ"– એમ ઉત્કટ વાત્સલ્યનામથી જાણીતી, ભગવત્કાર્યમાં જ નિષ્ઠાવાળી, મારી દિકરી-તુલ્ય, બંનેએ સુકઠિન પણ કાર્ય સેવાબુદ્ધિથી સહર્ષ સોત્સાહ સસ્નેહ સંપન્ન કર્યું છે. આ બેએ તો પંડિતોને યાદ કરાવી દીધા અને ભૂલાવી દીધા ! બંનેને માટે મંગલાશીર્વાદો દેવાતા નથી, પરંતુ સવાત્સલ્ય સ્રવે જ છે સ્વતઃ ! અત્યારે પતિગૃહને પાવન કરે છે તે બંને ! શ્રીસુબોધિનીમાં સુલભ સ્કન્ધોના સ્વીકૃત પાઠભેદો અને સંમત પાઠાન્તરો પણ કૃષ્ણ-કૃષ્ણાસ્યની કૃપાથી જ યથામતિ સંગ્રહ કરીને યથાયોગ્ય સ્થાને આ ગ્રંથમાં લેખબદ્ધ કર્યા છે (રાખ્યા છે). બાકીના માટે શિષ્ટ-વિશિષ્ટ-અભીષ્ટોને વિનંતી કરી.

એકે દિશામાં આશાપૂર્તિ ન થઈ ! ત્યારે સ્વલ્પ વાતના નિવેદનથી પણ કૃપાકલ્પતરુ, કાંકરોલીનરેશ, અતિશય કોમલ-સરલ-હૃદયવાળા, પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારચરણોએ બોલાવીને સુગૃહીતનામધેય ગો.શ્રીમદ્-હરિરાયજી ચરણોના પિતૃચરણો ગો.શ્રીકલ્યાણરાયજીની નિત્યપાઠ-સુસેવિત, પ્રસ્થમાત્રાલિપિમાં હસ્તલિખિત, પ્રાયઃ ૧૫૯૬ વિક્રમ સંવતની નકલ સંપ્રાપ્ત કરાવી. તેમાં શ્રીમહાપ્રભુજીના પાઠો ક્યાંક દેખાયે છે, ક્યાંક મળતા નથી. આ પૂ.પા.મહારાજશ્રીચરણોની ઉદારતા-વત્સલતા-સરલતાથી જિતાએલો હું (આપના) ચરણકમલમાં નિવેદન કરું છું— મારી સવિનય વન્દનમાલાને ! વિદ્વચ્છ્રેષ્ઠ, નિરંતર શ્રીભાગવતની પરબને ચલાવતા, પૂ. શ્રીકૃષ્ણ-શંકરજી (મોટાકાકા) શાસ્ત્રિવર્યનું મોટા પ્રયાસથી સંપાદિત— **"श्रीमद्वल्लभाचार्यचरणाभिमतपाठमुद्रितं श्रीमद्भागवतम्-(मूलसंहिता)"**— નજરે ચઢ્યું. ભો.જે.અધ્યયન-સંશોધન-વિદ્યાભવન-સંપાદિત— **"समीक्षितावृत्तिः"**-(સ્ક.૧-૩,૧૦) ધુરંધર પંડિતપ્રવર પૂ.પદ્મશ્રી કે.કા. શાસ્ત્રિવર્ય-વગેરે વડે સંપાદિત, જેમાં **"C.V."**— સંજ્ઞાથી શ્રીમદ્વલ્લભાચાર્યજીના પાઠભેદોનો નિર્દેશ કરેલો છે, તે જોઈ. પોરબંદર-નિવાસી, પ્રાચીન પંડિત, ઉદ્ધવજીકાનજી-શાસ્ત્રીજીની "અનુગ્રહ"-પત્રિકામાં છપાવેલ પાઠભેદાવલી પણ પ્રાપ્ત થઈ. આ મહાનુભાવોના ભાવાનુરૂપ ઉપકારક ભગવત્કાર્યને, એમને, સવિનય સબહુમાન સમ્માનું છું અને પ્રણમું છું. તેમાં સર્વત્ર પણ શ્રીમહાપ્રભુજીના પાઠભેદ ક્યાંક મળે છે, ક્યાંક નથી મળતા, ક્યાંક અનુરૂપ નથી,— એમ પણ સ્વલ્પબુદ્ધિસેવી મને લાગે છે. અનેક પાઠભેદ-ભૂષિત-ગ્રંથોમાંથી શ્રીમદ્વલ્લભાચાર્યજીના પાઠને શોધવા કઠિન છે, શ્રમપ્રાપક છે, સમયની લાચારીથી અલભ્ય જેવા છે, ધૈર્યના અભાવમાં પણ ઉપેક્ષિત જેવા લાગે છે. આથી અહીં સવિનય આરંભાય છે,— **"श्रीमद्वल्लभाचार्यचरण-स्वीकृतपाठप्रयुक्तं श्रीमद्भागवतमहापुराणम् (समाहात्म्यम्) (मूलमात्रम्) (सात्वतसंहिता)"**- વિચારશીલ (વિદ્વાન્) વૈષ્ણવોના સુખ માટે !

આ ગ્રંથમાં શ્રીમહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યચરણોના સ્વીકૃત જ પાઠો છાપેલા છે, જેથી અધ્યયન અને પારાયણ સુગમ થાય. કેટલાક શ્લોકાદિ અન્યત્ર પ્રસિદ્ધ હોવા છતાં શ્રીસુબોધિનીમાં શ્રીમહાપ્રભુજીનું વ્યાખ્યાન (તેના પર) ન હોવાથી તે અહીં છપાવ્યા નથી. જેમ— **"स्वभावो दुस्त्यजो नाथ लोकानां यदसद्ग्रहः ।"**-(૧૮-૧૬-૫૬). શ્રીસુબોધિનીમાં આ શ્લોકનું મુદ્રણ હોવા છતાં પણ વ્યાખ્યાન તો નથી દેખાતું, આથી અહીં તે છાપેલ નથી. તેવી રીતે જ **"एवं विहारैः.....।"**-(૧૦-૧૪-૬૧) પણ છાપ્યો નથી. જ્યાં શ્રીસુબોધિનીમાં વ્યાખ્યાન છે, પરંતુ **"विगीत"**- એમ નિર્દેશ છે, તે અહીં છાપેલ છે, પરંતુ ક્રમસંખ્યા દીધી નથી, **"।।वि.।।"**- એવો નિર્દેશ કર્યો છે. જેમ— **"यत्तेजसा नृपशिरोऽङ्घ्रि.....।"** **"पत्न्यास्तव.....।"**, **"योनो जुगोप.....।"**-(૧-૧૫-૯,૧૦,૧૧)-માં **"विगीताः"** એ પ્રકારે સ્પષ્ટોક્તિ છે, છતાં પણ વ્યાખ્યાન હોવાથી તે શ્લોકો છાપેલા છે. **"।।वि.।।"**- એવો નિર્દેશ કરેલો છે. દશમસ્કન્ધ-પૂર્વાર્ધમાં અ. ૧૨-૧૩-૧૪ પ્રક્ષિપ્ત છે. તે કાલ્પનિક નથી, પરંતુ બીજા કલ્પના છે, કૌતુકલીલા-રૂપે પ્રસિદ્ધ છે. ભગવાને બ્રહ્માજીને અભય-વરદાન— **"भवान् कल्पविकल्पेषु न विमुह्यति कर्हिचित् ।"**-(૨-૯-૩૬)— મોહ

ન થાય માટે દીધું છે; છતાં પણ આ અધ્યાયત્રયીમાં બ્રહ્માજીના મોહદર્શનથી, કથાનું કાલ્પનિકત્વ નથી, પરંતુ કલ્પાન્તરીયત્વ છે, આથી પણ વ્યાખ્યાન ત્યાં દેખાય છે. આથી મુદ્રણ અને કથામાં વર્ણન પણ કરાય છે. પ્રચલિત શ્રીભાગવતમાં– **"क्रीणीहि भो फलानीति....."** થી **"इत्थं यशोदा....."**-(૧૦-૧૧-૧૦ થી ૨૦) શ્લોકો દેખાય છે. તેમનો શ્રીસુબોધિનીમાં ઉલ્લેખ પણ નથી, આથી નથી છાપ્યા. **"पूतना लोकबालघ्नी"** (૧૦-૬-૩૫ થી ૪૦) એ **"षट्श्लोकाः विगीताः, सर्वत्र दृश्यन्ते तेऽप्यध्यायत्रयवद् व्याख्येयाः ।"**- એમ વ્યાખ્યાન હોવાથી, "॥વિ.॥"- એમ છાપેલા છે, **"वत्सासुरं हतं श्रुत्वा व्रजेगोप्यश्च विस्मताः ।"**-(૧૦-૧૧-૩૪)-અહીં– **"अर्धमत्र पतितं"**- આનાથી શ્રીમદાચાર્યપૂરિત છે. તેમ જ– **"आत्मत्वाद् भक्तवश्यत्वात् सत्यवाक्त्वात् स्वभावतः ।"**-(૧૦-૪૭-૨૯)– અહીં– **"अत्र प्रायेण साधनचतुष्टयप्रतिपादकं अर्धमन्तरितमिति प्रतिभाति ।"**- એમ શ્રીસુબોધિનીની ઉક્તિથી આ પણ શ્રીમદાચાર્યપૂરિત છે. વ્યાસાશ્રમમાં આમાં વ્યાસાનુમતિ સાધી છે,– એમ સાંપ્રદાયિકો કહે છે. **"मर्काय कामं..... उलूखलाङ्घ्रे.....।"**-(૧૦-૯-૮)– આમાં શ્રીસુબોધિની-વ્યાખ્યાનાનુસારી પાદવ્યુત્ક્રમ ગો. પુરુષોત્તમચરણોના "પ્રકાશ"ને અનુરૂપ છે. આમ અન્યત્ર પણ વાક્ય-પાદ-પદ-અક્ષર-પાઠભેદ શ્રીસુબોધિનીમાં જે નિર્દેશેલા છે, તેનો પણ યથામતિ સંગ્રહ કરેલો છે. આ ગ્રંથ પોતે જ તે કહેશે – વિચારકોને !

આ શ્રીમદ્‌ભાગવતમાં **"उवाच"**-સ્થાનમાં **"श्री"**-એવો શબ્દ પહેલાં લખ્યો છે, કેવલ **"श्रीशुक"**, **"श्रीभगवान्"**, **"श्रीकृष्ण"**, વગેરેમાં જ. અન્યત્ર ક્યાંક બલદેવ-નારદ-વગેરે સાથે મુદ્રિત શ્રીસુબોધિનીમાં પહેલાં **"श्री"**-એમ દેખાય છે, પરંતુ તેના વ્યાખ્યાનમાં વિશેષ ઉલ્લેખ ન હોવાથી અહીં તેમ છાપ્યું નથી;– શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન્ શ્રીકૃષ્ણના અને શ્રીશુકના મહિમાની વિશિષ્ટતા જણાવવા માટે, સદૈન્ય અપરાધ-ક્ષમાયાચના, જો આ અયોગ્ય હોય તો ! દશમસ્કન્ધમાં નવમા અધ્યાયના આરંભમાં મુદ્રિત-શ્રીસુબોધિનીમાં **"उवाच"**-ન હોવાથી, સમજની સરલતા માટે– **"(श्रीशुक उवाच)"**-એમ નિર્દેશ્યું છે, ચાપલ્યવશતાથી ! તે પણ તેમ જ ક્ષમાયોગ્ય છે.

પ્રત્યેક અધ્યાયના અન્તે **"इतिश्री"** એ પ્રકારે પુષ્પિકામાં શ્રીસુબોધિનીમાં મૂલગ્રન્થની પુષ્પિકાનો કોઈ નિર્દેશ નથી, પ્રચલિત ગ્રંથમાં સ્વલ્પ નિર્દેશ દેખાય છે. આ ગ્રંથમાં તો જેમ તેતે અધ્યાયમાં કહેલી લીલાનો સાર સમજાય તેમ સંક્ષિપ્ત નામનિર્દેશ કર્યો છે. **"अथ"**, **"उवाच"**, **"इतिश्री....."** વગેરેને અધ્યાયોક્ત-શ્લોકસંખ્યાના સરવાળામાં ગણવાથી અને સઘળા શ્લોકોના અનુષ્ટુપની જેમ અક્ષર ગણવાથી, સમસ્ત ગ્રંથના શ્લોકસંખ્યાનો સરવાળો નિશ્ચિત થાય છે. તેમાં પણ, "નિબંધ-સુબોધિની"-વગેરેમાં તેવા વિધાનનું દર્શન થતું ન હોવાથી થોડી પણ ચિંતા નથી જ. "અન્વિતાર્થપ્રકાશિકા"-કારનો અભિપ્રાય વક્તાપૂરતું પ્રામાણ્ય ધરાવે છે, "પરમતભાષા"ની જેમ. તેનાથી પણ અહીં સઘળું સમુપયુક્ત છે.

પુનઃ, શ્રીમહાપ્રભુજીના સ્વીકૃત-પાઠોની સાથે સંમત-પાઠાન્તરોના પણ નિર્દેશો શ્રીસુબોધિનીમાં અનેક સ્થળોમાં દેખાય છે. તે પણ અહીં વિદ્વદ્‌વિનોદ માટે સંગૃહીત છે, આ ગ્રંથમાં યથાયોગ્ય સ્થાને મૂકેલ છે. શ્રીમહાપ્રભુજીના અભિપ્રેત સ્કન્ધ-પ્રકરણ-અધ્યાયાદિ-

વિભાગના પરિજ્ઞાન માટે, પંડિતો અને પ્રાથમિકોના સંતોષ માટે, આ ગ્રંથમાં યથાયોગ્ય સ્થાને તે પ્રકરણ-વિભાગનાં પાનાં રાખેલાં છે. "લીલાહ્લાદ-પરંપરા"-પણ (અનુક્રમમાલા) તેવી રીતે જ નિશ્ચિતરીતે લીલાકથાના વિષયાનુસંધાનથી લીલારસાસ્વાદના ઉદ્દીપન (ઉત્તેજન) માટે પ્રકાશે છે. પ્રત્યેક સ્કન્ધના આરંભે તે સ્કન્ધાર્થ પણ વિદ્વાનોના સુખ માટે **"तत्त्वार्थदीपनिबन्धस्य भागवतार्थ-प्रकरणात्**"-સમાવેલ છે. "**.....वृत्रासुरवधोपेतं.....**" એ શ્રીભાગવતનું લક્ષણ કહેલ હોવાથી "**वृत्रासुर-चतुःश्लोकी**" **(टीकोपेता)** (છઠ્ઠા) સ્કન્ધના આદિ-અંતમાં પુષ્ટિભક્તિમાર્ગની વિશિષ્ટતાના વિચાર માટે, વિચારકોના હર્ષ માટે, રાખેલ છે. સ્કન્ધસ્થ લીલાના વર્ણનને અનુરૂપ, કલાનિધિની કલાના કણ-રૂપ ચિત્રો પણ છે,– કલાનિપુણો અને અનિપુણોના આનન્દ માટે ! ભગવત્કૃપાથી આ ગ્રંથમાં બીજી પણ જે વિશિષ્ટતા પ્રકાશે છે તે તો ગુણગ્રાહક, ગોવિન્દગાન-પરાયણ, નિર્મત્સર (ઈર્ષ્યા-વગરના), સત્પુરુષોને પ્રકટ જ થશે.

મેં બહુ વાણી-વિગ્લાપન ચપલતાથી અનાયાસ આચર્યું. શ્રીમદાચાર્યચરણનું વચન જ તેમાંથી પણ રક્ષે છે,– "**विस्तारस्तु गुणाय कृष्णचरणे चित्तं भवेद्व विस्तृतम्** ।"-(વિસ્તાર તો ગુણ માટે છે, કૃષ્ણચરણે ચિત્ત વિસ્તૃત થાય.) શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણોના પાંચસો એકવીશમા વર્ષના પ્રકટ્યોત્સવે એમના અવતારકાર્યના અંગરૂપ એમના સ્વીકૃત-પાઠપ્રયુક્ત "શ્રીમદ્‌ભાગવત-મહાપુરાણમ્" (સાત્વતસંહિતા) એમને સદૈન્ય નિવેદન થાય છે. પ્રસન્ન થાવ તેથી મારા-નિઃસાધનસ્વજન-પર મારા નિજાચાર્યજી ! શ્રીમહાપ્રભુજીના સાકાર બ્રહ્મવાદમાં શુદ્ધાદ્વૈત પણ સ્વાન્તઃસુખ માટે અને વૈષ્ણવવિદ્વાનોના સંતોષ માટે નિવેદન કરું છું–

"वेदे कृष्णवचःसु सूत्रसुचये व्यासस्य सामाधिके अद्वैतं किल सर्वदर्शनवरं याथार्थ्यतो वर्तते ।
यन्न्यूनाधिकभिन्नशब्दरहितं शुद्धं हि तद् वल्लभाः स्वीचक्रुः स्वदर्शनतया साकारवादो यतः ॥

(વેદોમાં, (ગીતોક્ત) કૃષ્ણવચનોમાં, (બ્રહ્મ)સૂત્ર સમુચ્ચયમાં, વ્યાસના સમાધિદર્શનમાં સર્વદર્શનશ્રેષ્ઠ અદ્વૈત યથાર્થરીતે વર્તમાન છે, તે પ્રસિદ્ધ છે. જે ન્યૂન-અધિક-ભિન્ન-શબ્દ (અર્થ)રહિત (શબ્દાર્થાશયમાં કાંઈજ વધારા-ઘટાડા કે ફેરફાર વગર) છે તે નિશ્ચિતરીતે શુદ્ધ છે. તે અદ્વૈતને શ્રીવલ્લભાચાર્યજીએ પોતાના દર્શન (જ્ઞાન) રૂપે સ્વીકાર્યું, જેનાથી સાકાર (બ્રહ્મ)વાદ (અવિકૃત-પરિણામવાદ) પ્રસિદ્ધ છે. વિવિધ વિચાર-વિષયોની વિસ્તૃત સ્પષ્ટતા અમારા સંપાદિત,– "શ્રીમદ્‌ભાગવત-રસાસ્વાદ", "પુષ્ટિપુલિન", "ગીતાગુંજન", "વિજ્ઞાન-વિહાર"-વગેરે, ગ્રંથોમાં છે.

આ ગ્રંથમાં યથાર્થ, પ્રમાણથી પરિપુષ્ટ, નિર્દોષ, વ્યવસ્થિત-વિચારિત, પાઠભેદો છે,– એમ કહેવા માટે પણ હું સાચે જ સમર્થ નથી, તેથી ડરું છું અને લજાઉં છું. આ ગ્રંથમાં જે જે ઉત્તમ છે તે તે કૃષ્ણ-કૃષ્ણાસ્યની કૃપાના પરિપાકરૂપ છે. જે જે દોષયુક્ત છે તે સઘળું મારું છે, સ્વભાવથી દુષ્ટ જીવનું છે. નીરક્ષીર-ન્યાયે, યોગ્યાયોગ્ય-વિચાર વિદ્વદ્વરો શ્રીવલ્લભાચાર્ય-કુલાવતંસ-ચરણો અને વૈષ્ણવવરો વાત્સલ્યયુક્તદષ્ટિથી કરીને નિર્દેશ કરવા કૃપા કરે કે મને આદેશ દે કે મને કરુણાથી બોલાવીને સંશોધન-શુદ્ધિ-માટે આજ્ઞા કરે, એમ સાગ્-જલિબદ્ધ દીન

હું યાચું છું. સર્વસમર્થ, સર્વજ્ઞ, છતાં પણ સ્નિગ્ધ પણ મુગ્ધ પણ મારા પ્રભુ શ્રીનવનીતપ્રિયજી સર્વથા-સાનુકૂલ સ્નિગ્ધ-સુકુમાર ક્રીડા કરે છે. માનનીય આપને સદૈન્ય અને સસ્નેહ પ્રણમું છું.

બાલ્યવયથી સ્વધર્મ-સ્વાતન્ત્ર્ય દેનારાં માતૃ-પિતૃ-ચરણોને સદૈન્ય પ્રણામ કરું છું. મારી ગૃહસેવાને અને વૈષ્ણવસેવાને ચલાવતી, વિનોદની જેમ જીવનને પસાર કરતી, સહધર્મચારિણી સૌ. વિનોદિનીને મંગલાશીર્વાદોથી જ સંતોષું છું. સ્વાન્તઃશુદ્ધ, પુત્રકલ્પ, ચિ. કીર્તનને ભગવત્કીર્તન માટે મંગલાશીર્વાદો ! ભગવદ્રસ-પરાયણ મારી શ્રીગોશાલા-ભગવન્મંડલીને સસ્નેહ ભગવત્સ્મરણ નિવેદન કરું છું. ગ્રંથ-સંપાદનના આ મહાયજ્ઞમાં (નડીઆદ) "શ્રીભાગવત-પરિવાર"ના ચિ. સૌ. લતા પરીખ, ચિ. કુ. સોનુ પારેખ, બંનેના સ્નેહ-સન્નિષ્ઠ સહયોગને, તેમ જ ચિ. સૌ. દક્ષા દલાલ, ચિ. મિહિર શાહ, ચિ. તન્મય રણા, ચિ. કીર્તન શાસ્ત્રી – વગેરેના સ્નેહસહયોગને, સ્મરું છું. તેમને શુભાશિષો ! (મુંબઈ) "શ્રીભાગવત-પરિવાર"નાં ચિ. સૌ પન્ના તથા શ્રીજનકભાઈ મજમુદાર - બંનેનો મુદ્રણશોધન (પ્રૂફશુદ્ધિ)માં સહયોગ સુંદર જ હતો. તે માટે મંગલાશીર્વાદો ! (ભરુચ) "શ્રીભાગવત-પરિવાર"ના શ્રીવૈકુંઠભાઈ ભગતની આવવા-જવાની અગવડને અવગણીને વારંવાર મુદ્રિત પ્રતિલિપ-શોધન (પ્રૂફ-શુદ્ધિ)માં સૌહાર્દ અવિસ્મરણીય છે. તેમને મંગલાશીર્વાદો ! જાણ્યે-અજાણ્યે પણ, જે સદ્ભાગીઓએ સહભાગીઓએ થોડી પણ સાનુકૂલતા આચારી છે તેમને પણ મંગલકામનાઓ ! મુદ્રણ-વ્યવસ્થા કરનાર સૌજન્યશીલ શ્રીયોગિનભાઈ પરીખ વગેરેને ભૂલતો નથી, તેમને સૌને મંગલાશિષો !

અનેક લાખથી અધિક વિત્તસેવા, સ્નેહ-સન્નિષ્ઠા-સૌજન્યની ત્રિવેણીથી પાવન - વૈષ્ણવજન પરિવારોની, ગ્રંથપ્રકાશન અને વિતરણ-માટે વગર માગી પણ, ભગવત્કૃપાથીજ પ્રવાહિત થયેલી, હિતાચરણરૂપ ગ્રંથસેવનથી સારી રીતે વૃદ્ધિ પામો,-(તે) સદ્બુદ્ધિસંપન્નોની પ્રેમ વડે પ્રેષ્ઠપ્રભુમાં ચિત્તપ્રવણથી ! પૂ.પા.ગો.કુલાવતંસ-મહારાજ-ચરણોને, પ્રાજ્ઞોને અને વૈષ્ણવોને સાઞ્જલિબદ્ધ સવિનય ઉપહાર-રૂપે આપવામાં આવશે, આ "સાત્વતસંહિતા" ! "વિદ્યાનિધિ"-ટ્રસ્ટને, આવી ભગવત્સેવા-પરાયણને, હાર્દિક-મંગલકામના,– સદૈવ શ્રીકૃષ્ણ-કૃષ્ણાસ્ય-સેવા લાભમાટે !

જાણ્યા-અજાણ્યા-કરેલા અપરાધથી તે શ્રમનિવારણ માટે અને પ્રસન્નતાના પ્રસારણ માટે મારા કમલકોમલ કૃષ્ણને પ્રેમથી પ્રણામ કરું છું જ.

"श्रीकृष्ण कृष्णसख वृष्णिवृषभावनिध्रुक्राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोपवनिताव्रजभृत्यगीत तीर्थश्रवः श्रवणमङ्गल पाहि भृत्यान् ॥"

સં. ૨૦૫૪, શ્રીવલ્લભપ્રાકટ્યોત્સવ — લિ.

વ્રજવિહાર, મોદીસાંથ, મોટીપોળ, — વિનીત,
નડીઆદ (૩૮૭ ૦૦૧) — કૃષ્ણ-કૃષ્ણાસ્ય-કિંકર-કિંકર
દૂરધ્વનિ : (૦૨૬૮) ૫૦૯૦૮ — **નવનીતપ્રિય શાસ્ત્રી.**

卐

શ્રીહરિઃ

"આનંદમય હરિની આનંદરૂપ લીલા"

શ્રીમદ્-ભાગવત-શાસ્ત્ર

રસ-મહાસાગર

પ્રકરણ - વિભાગ

પ્રથમ-સ્કન્ધ, કુલ પ્રકરણ - ૩, કુલ અધ્યાય - ૧૯

શ્રીગોવર્ધનનાથજીનો જમણો - ચરણકમલ

(અંતઃકરણની યોગ્યતા-રૂપ) અધિકાર - લીલા

(કથાના અર્થ પ્રમાણે, શ્રીવલ્લભાચાર્યજીના મતાનુસાર)

સામાન્ય	અસામાન્ય	ગુણાતીત
પ્રકરણ (૧)	પ્રકરણ (૨)	પ્રકરણ (૩)
(અધ્યાય-૧ થી ૯)	(અધ્યાય-૧૦ થી ૧૮)	(અધ્યાય - ૧૯)

(કથાના દેશકાલાનુસાર, મતાન્તર પ્રમાણે)

	હીનાધિકાર	મધ્યમાધિકાર	ઉત્તમાધિકાર
	પ્રકરણ (૧)	પ્રકરણ (૨)	પ્રકરણ (૩)
	(અ. ૧ થી ૩)	(અ. ૪ થી ૬)	(અ. ૭ થી ૧૯)
શ્રોતા-	શૌનકાદિ-૮૮૦૦૦ ઋષિયો	મહર્ષિ વેદવ્યાસજી	રાજા પરીક્ષિત
વક્તા-	સૂતજી (ઉગ્રશ્રવા)	દેવર્ષિ નારદજી	ભગવાન્ શ્રીશુકદેવજી
સ્થળ-	નૈમિષારણ્ય	વ્યાસાશ્રમ-"શમ્યાપ્રાસ"-સરસ્વતી-તટે	ગંગાતટ
(કાલ)સમય-	"સહસ્રસમ"-સત્ર (પ્રસંગ)	વ્યાસજીનો મનઃખેદ	રાજા પરીક્ષિતનો પ્રાયોપવેશ

શ્રોતા-વક્તા-લક્ષણ

(૧) હીનાધિકાર-પ્રકરણ

(અ. ૧ થી ૩)

	અ. ૧	અ. ૨	અ. ૩
શ્રોતા-	જિજ્ઞાસા (જાણવાની ઈચ્છા,- વિચાર)	અમાત્સર્ય (અદેખાઈનો અભાવ)	શ્રવણાદર
વક્તા-	પરંપરાથી શ્રીભાગવતાધ્યયન	ચાતુર્ય	શ્રીભાગવતનું (ગૂઢ) રહસ્ય-જ્ઞાન

(૨) મધ્યમાધિકાર - પ્રકરણ

(અ. ૪ થી ૬)

	અ. ૪.	અ. ૫	અ. ૬
શ્રોતા	- ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ
વક્તા	- ભગવત્કૃપા	ભગવદીયત્વ	ભગવદેકત્વ

(૩) ઉત્તમાધિકાર - પ્રકરણ

(અ. ૭ થી ૧૯)

બે ચરણ - બે હસ્ત - બે ઊરુ - બે બાહુ - બે સ્તન - હૃદય મસ્તક

(આ બાર પુરુષોત્તમનાં અંગ છે; અંગી (પુરુષોત્તમ) તેરમા છે.) (દૃઢ-વૈરાગ્ય ભગવાનમાં એકતાનતા રૂપ છે. પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન્ છે. તે બાર - અંગવાળા પુરુષથી અધિક છે, તેના સૂચક આ તેર અધ્યાય છે.)

શ્રોતા - દૃઢ-વૈરાગ્ય

વક્તા - દૃઢ-વૈરાગ્ય

દ્વિતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૦

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ચરણકમલ

સાધન-લીલા

(દશલીલાવાળા ભગવાનનું શ્રવણ)

- તત્ત્વધ્યાન પ્રકરણ (૧) — (અ. ૧-૨)
- હૃત્પ્રસાદ પ્રકરણ (૨) — (અ. ૩ - ૪)
- મનન પ્રકરણ (૩) — (અ. ૫ થી ૧૦)

(૧) તત્ત્વધ્યાન-પ્રકરણ

(અ. ૧-૨)

- સ્થૂલધ્યાન (વિરાટ્-પુરુષ-ધ્યાન) — (અ. ૧)
- સૂક્ષ્મધ્યાન (પ્રાદેશમાત્ર-સ્વરૂપધ્યાન) — (અ. ૨)

(૨) હૃત્પ્રસાદ-પ્રકરણ

(અ. ૩ - ૪)

- શ્રોતાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા) — (અ. ૩)
- વક્તાના હૃદયની પ્રસન્નતા (શ્રદ્ધા) — (અ. ૪)

(૩) મનન - પ્રકરણ

(અ. ૫ થી ૧૦)

- ઉત્પત્તિ (અ. ૫ થી ૭)
  - અનિત્યમાં જનન (અ. ૫)
  - નિત્ય-પરિચ્છિન્નમાં સમાગમ (અ. ૬)
  - નિત્ય-અપરિચ્છિન્નમાં પ્રાકટ્ય (અ. ૭)
- ઉપપત્તિ (અ. ૮ થી ૧૦)
  - આશંકા (અ. ૮)
  - ઉત્તર (અ. ૯)
  - ફલ (અ. ૧૦)

વિશેષ-વિચાર : આ સ્કંધના ત્રીજા અધ્યાયમાં શ્રોતાની શ્રદ્ધા (હૃદયની પ્રસન્નતા) કહેલી છે. તેમાં શ્રોતા શૌનકની શ્રદ્ધા સ્પષ્ટ દેખાય છે, પરીક્ષિતની નહીં ! ચોથા અધ્યાયમાં વક્તા શ્રીશુકની પ્રસન્નતા સ્પષ્ટ દેખાય છે, સૂતની નહિ ! આવા સંદેહમાં સમાધાન સ્પષ્ટ છે. ત્રીજા અધ્યાયમાં પહેલા બાર શ્લોકમાં વિવિધ કામનાથી થતા અન્યદેવોના ભજનથી થતી બહિર્મુખતા અને શ્રીકૃષ્ણ-ભજનથી સર્વકામના અને મોક્ષની સુલભતા બતાવી છે. આમ, શ્રોતાના અનન્યભજન-પ્રોત્સાહનથી ઉત્તમ શ્રોતા પરીક્ષિતની તેવી શ્રદ્ધા નિશ્ચિત દર્શાવી છે. (તે પ્રથમ સ્કંધમાં પણ છે.) બાકીના શ્લોકોમાં હીનાધિકારી શ્રોતા શૌનકની શ્રદ્ધા, સકામ અજ્ઞાની કે નિષ્કામ જ્ઞાની માટે પણ ભગવદ્-ભજન વગર દેહ-ઈન્દ્રિયોની નિષ્ફલતાના નિરૂપણથી, સંદેહ ન રહે તેમ, દર્શાવી છે. આમ, પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારીની શ્રદ્ધા પણ ઉક્તપ્રાય છે. ચોથા અધ્યાયના પહેલા અગિયાર શ્લોકો શ્રોતા પરીક્ષિતની શ્રદ્ધા (ઉત્સાહ), (પ્રસન્નતા)ના સૂચક છે. તે પૂર્વશેષ-રૂપ છે. પછીના શ્લોકો નમન-પ્રાર્થના-થી ઉત્તમ-વક્તા વિરક્ત શ્રીશુકની પ્રસન્નતા (શ્રદ્ધા-ઉત્સાહ)ના સૂચક છે. વક્તાના અધિકાર-વિચારે આ બંને તેના જ ભાગરૂપ છે. સૂતજીએ કહેલા પહેલા ચાર શ્લોકો સ્વોત્સાહ-બોધક છે. અહીં પણ પ્રત્યાહાર-ન્યાયે, મધ્યમાધિકારી-વક્તા પણ ઉક્ત પ્રાય છે. આમ, સર્વ શ્રોતા-વક્તા-નો ઉત્સાહ (શ્રદ્ધા - હૃદયની પ્રસન્નતા) અહીં સિદ્ધ છે.

તૃતીય-સ્કન્ધ, કુલ પ્રકરણ-૧૦, કુલ અધ્યાય-૩૩
શ્રીગોવર્ધનનાથજીનો જમણો-બાહુ
(લૌકિક-અલૌકિક) સર્ગ-લીલા

(ભૂત-માત્રા-ઈન્દ્રિય-બુદ્ધિનો જન્મ)

બંધસૃષ્ટિ
પ્રકરણ (૧)
(અ-૧ થી ૧૯)

મુક્તસૃષ્ટિ
પ્રકરણ (૨)
(અ-૨૦ થી ૩૩)

(૧) બંધસૃષ્ટિ-પ્રકરણ
(અ-૧ થી ૧૯)

(સ્વતઃ ભગવાન્ કરે છે)

ગુણાતીત
પ્રકરણ (૧)
(અ-૧ થી ૬)

સગુણસૃષ્ટિ
પ્રકરણ (૨)
(અ-૭ થી ૯)

કાલસૃષ્ટિ-(તત્ત્વસૃષ્ટિ)
પ્રકરણ (૩)
(અ-૧૦ થી ૧૧)

(ભગવદિચ્છાથી થાય છે.)

મુક્તજીવ-સૃષ્ટિ (તથા નામ-સૃષ્ટિ)
પ્રકરણ (૪)
(અ-૧૨)

મુક્તજીવ-સૃષ્ટિ (ઉપોદ્ઘાત)
પ્રકરણ (૫)
(અ-૧૩ થી ૧૯)

(૨) મુક્તસૃષ્ટિ-પ્રકરણ
(અ-૨૦ થી ૩૩)


તત્ત્વમુક્તિ
પ્રકરણ (૬)
(અ-૨૦ થી ૨૪)

કાલમુક્તિ
પ્રકરણ (૭)
(અ-૨૫)

ગુણાતીત-મુક્તિ
પ્રકરણ (૮)
(અ-૨૬-૨૭)

સગુણમુક્તિ
પ્રકરણ (૯)
(અ-૨૮)

જીવમુક્તિ
પ્રકરણ (૧૦)
(અ-૨૯ થી ૩૩)



તૃતીય-સ્કન્ધ
(મૈત્રેય-મતાનુસારી પ્રકરણ-વિભાગ)
અધિકાર
પ્રકરણ (૧)
(અ-૧ થી ૪)
સર્ગ (સૃષ્ટિ)
પ્રકરણ (૨)
(અ-૫ થી ૧૨)
ઉપપત્તિ
પ્રકરણ (૩)
(અ-૧૩ થી ૨૦)
ફલ (મુક્તિ)
પ્રકરણ (૪)
(અ-૨૧ થી ૩૩)
ગુણાતીત (૧) (અ-૫-૬)
સગુણ (૨) (અ-૭ થી ૯)
કાલ (૩) (અ-૧૦)
તત્ત્વ (૪) (અ-૧૧)
મુક્ત (જીવ) (૫) (અ-૧૨)
મોક્ષ (૬) (અ-૧૩)
બંધ (૭) (અ-૧૪ થી ૨૦)
ભક્તિ (૮)
સાંખ્ય (૯)
યોગ (૧૦)
પુંમુક્તિ (અ-૨૧ થી ૨૪)
સફલામુક્તિ (અ-૨૫)
(અ-૨૬-૨૭)
યોગ (અ-૨૮-૨૯)
વૈરાગ્ય (અ-૩૦-૩૧)
સર્વનિર્ધાર (અ-૩૨)
મુક્તિ (અ-૩૩)

ચતુર્થ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૩૧

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-બાહુ

વિસર્ગ-લીલા

(પુરુષાર્થ)

- ધર્મ — પ્રકરણ (૧) — (અ-૧ થી ૭)
- અર્થ — પ્રકરણ (૨) — (અ-૮ થી ૧૨)
- કામ — પ્રકરણ (૩) — (અ-૧૩ થી ૨૩)
- મોક્ષ — પ્રકરણ (૪) — (અ-૨૪ થી ૩૧)

(૧) ધર્મ-પ્રકરણ

(અ-૧ થી ૭)


- અગ્નિષ્ટોમ
- ઉક્થ્ય
- ષોડશી
- અતિરાત્ર
- અપ્ત
- અર્યામ
- વાજપેય

(સાત-યજ્ઞ-સંસ્થા)

(૨) અર્થ-પ્રકરણ

(અ-૮ થી ૧૨)

- સાધનથી — (અ-૮)
- સાધ્યથી — (અ-૯)
- મનૂપદેશથી — (અ-૧૦)
- દોષનિવૃત્તિથી — (અ-૧૧)
- ફલપ્રાપ્તિથી — (અ-૧૨)



વિશેષ - વિચાર : ૧. ધર્મનું ફલ ભગવત્પ્રાપ્તિ છે; ૨. અર્થ અલબ્ધપૂર્વ (પહેલાં કોઈને ન મળ્યો હોય તે) છે; ૩. **કામ** લબ્ધપૂર્વ (પહેલાં પ્રાપ્ત) છે; ૪. **મોક્ષ** બ્રહ્મભાવ (જીવન્મુક્તિ) અને (જીવ) મુક્તિ-રૂપ છે. બીજાં સાધનોની મર્યાદાથી પ્રાપ્ત થાય તેવાં ધર્મ-અર્થ-કામ-મોક્ષને ભગવાને પોતાના સામર્થ્યથી દક્ષ-ધ્રુવ-પૃથુ-પ્રચેતસને પ્રાપ્ત કરાવ્યાં. તે ભગવાનના પૌરુષ (સામર્થ્ય)થી થતી લીલા અહીં કહેલી છે. આ મોક્ષસાધક વિસર્ગ છે.

પંચમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૬, કુલ અધ્યાય-૨૬
શ્રીગોવર્ધનનાથજીનો જમણો-ઊરુ
સ્થાન-લીલા

(વિકુંઠ-વિજય, પદાર્થોનું તેમની તેમની મર્યાદામાં સ્થાપન)

(પ્રાકૃત-અપ્રાકૃત-પદાર્થમાત્રને વશ કરવાની પ્રભુની લીલા સ્થાનલીલા છે.)

સ્થાન (સ્થિતિ) (રૂઢાર્થ પ્રમાણે)

- પ્રાકૃત-પદાર્થ જય
  - પ્રકરણ (૧)
    - (અ-૧ થી ૨૪)
- આત્માનો જય
  - પ્રકરણ (૨)
    - જીવ (આત્મા) (અ-૨૫)
    - બ્રહ્મ (પરમાત્મા) (અ-૨૬)

(જેના આધારે રહેવામાં આવે તે સ્થાન, સ્થિતિ તે જ સ્થાન. અમુક પુરુષને અમુક કર્મ કરવાથી અમુક સ્થાન મળે, તે સ્થિતિ (મર્યાદા-નિયમ) છે. તેવો પ્રભુનો વિશિષ્ટ-જય દેશ-કાલ આત્મામાં છે.)

સ્થાન-લીલા (યૌગિકાર્થ પ્રમાણે)

- દેશ
  - ભૂઃ
  - ભુવઃ
  - સ્વઃ
- કાલ
  - (૧૨) માસ
  - (૫) ઋતુઓ
  - (૩) લોકો (ત્યાં વસનારા)
  - (૧) આદિત્ય (સૂર્ય)
- આત્મા
  - જીવાત્મા
  - પરમાત્મા

(હેમંત - શિશિરને એક ગણીને ઋતુઓ પાંચ છે.)

(દેશ-કાલ-આત્મામાં એક સાથે સ્થિતિ માત્ર ભગવાન્ જ કરી શકે છે. તે ભગવાનનો વિજય છે. તેમાં કાલ ભગવાનની ચેષ્ટા-રૂપ હોવાથી ભગવદ્વશ છે, સ્વરૂપસ્થિતિમાં વિઘ્ન-રૂપ નથી, તેથી બે જ વિભાગ રહે છે,- આત્મા કે સ્વરૂપમાં સ્થિતિ અને દેશ-સ્થિતિ).

સ્થાન (લીલા)

- સ્વરૂપ (આત્મા-કાલ)માં સ્થિતિ — પ્રકરણ (૧) — (અ-૧ થી ૧૫)
  - ભગવાનથી — પ્રકરણ (૧) — (અ-૧ થી ૬)
  - યોગથી — પ્રકરણ (૨) — (અ-૭ થી ૧૪)
  - જ્ઞાનથી — પ્રકરણ (૩) — (અ-૧૫)
- દેશમાં સ્થિતિ — પ્રકરણ (૨) — (અ-૧૬ થી ૨૬)
  - ભૂ: — પ્રકરણ (૪) — (અ-૧૬ થી ૨૦)
  - ભુવ: — પ્રકરણ (૫) — (અ-૨૧ થી ૨૩)
  - સ્વ: — પ્રકરણ (૬) — (અ-૨૪ થી ૨૬)

વિશેષ-વિચાર : ૧. મહાપુરાણનાં દશ લક્ષણોમાં ત્રીજું "વૃત્તિ" છે. લૌકિકરીતે, આજીવિકા સૌની સ્થિતિનું સાધન છે. અહીં સૌને સૌની મર્યાદામાં સ્થાપવામાં કારણભૂત ભગવાનની જે "સ્થિતિક્રિયા" તે "સ્થાન" છે. આમ, સ્થિતિના સાધનમાં આજીવિકા અને ભગવાનની સ્થિતિક્રિયા સમાન હોવા છતાં પણ, જેમ ચોથા સ્કંધમાં મોક્ષસાધક વિસર્ગ કહેલ છે. તેમ, અહીં મોક્ષસાધક સ્થિતિસાધન પણ અલૌકિક કહેલ છે. ચોથા સ્કન્ધમાં, અન્ય સાધન-મર્યાદાથી મળતાં ધર્માદિ પુરુષાર્થ દક્ષાદિને ભગવાને પોતાના પૌરુષ (સામર્થ્ય)થી પ્રાપ્ત કરાવ્યાં; તે લીલા કહી છે. અહીં પંચમ સ્કંધમાં તો ભગવાનની મર્યાદા-રૂપા જ લીલાનું નિરૂપણ છે, તે અલૌકિક સ્થાનલીલા છે. ૨. સર્વ વેદોનું તાત્પર્ય તો બ્રહ્મમાં જ છે, તેથી તેમાં સંસારાસક્તોને વૈદિકકર્મમાં પ્રેરવા માટે કહેલાં ત્રિલોકસ્થિતિ-રૂપ ફલ દેતાં કર્મો વેદોક્ત હોવા છતાં વેદમાર્ગીય નથી. વેદમાર્ગ તો ચિત્તશુદ્ધિ કરાવતાં કર્મથી આત્મામાં; અને ભગવાન્ આત્મા છે,- તેવા જ્ઞાનથી પરમાત્મામાં સ્વરૂપ-સ્થિતિ કરાવે છે, તેથી તેનું જાુદું પ્રકરણ નથી. ૩. બધા ગ્રહોને કાલના ગુણરૂપે હોય તેમ ભગવાન્ જ જ્યોતિશ્ચક્રમાં મૂકે છે. તે પણ કાલ પર વિજય છે. બધાં કર્મનું ફલ ભગવાન્ જ દે છે. કર્મ ભગવદ્રૂપ છે. આ પ્રભુનો કર્મ પર વિજય છે. જીવોનું કર્તૃત્વ પણ ભગવાનથી જ છે. વેદો પણ સ્વરૂપસ્થિતિ સ્વસામર્થ્યથી નહિ, ભગવાનના સામર્થ્યથી જ કરાવે છે. વેદો પ્રભુપરાયણ છે. ભગવાન્ નિ:સંગ છતાં મુક્તજીવોના આધાર-રૂપ છે. આમ, આત્મા પર પણ ભગવાનનો વિજય છે. અન્યથી આ કાલ-દેશ-આત્મા-પર વિજય સંભવતો નથી. આ ત્રણેની સ્વચ્છંદથી સ્થિતિ બદલવાનું પણ સામર્થ્ય પ્રભુનું છે.

ષષ્ઠ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૯

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-ઊરુ

પોષણ-લીલા

(ભગવાનનો અનુગ્રહ)


- નામ પ્રકરણ (૧) (અ-૧ થી ૩)
  - શ્રવણ (અ-૧)
  - કીર્તન (અ-૨)
  - સ્મરણ (અ-૩)
- ધ્યાન પ્રકરણ (૨) (અ-૪ થી ૧૭)
  - * રૂપના ચૌદ ગુણો (અ-૪ થી ૧૭)
- અર્ચન પ્રકરણ (૩) (અ-૧૮-૧૯)
  - બાહ્ય (અ-૧૮)
  - આભ્યન્તર (આન્તર) (અ-૧૯)

* (૧) રૂપથી-મોક્ષદાતા, (૨) રસ વડે-આનન્દદાયક, (૩) ગન્ધ દ્વારા-ભક્તિપ્રદ, (૪) સ્પર્શથી-સર્વસંતાપશામક, (૫) નાદથી-મનોહર, (૬) યોગ વડે-સ્વરૂપમાં પ્રવેશપ્રદ, (૭) દ્વેષથી-મૃત્યુ પછી મોક્ષદાતા, (૮) સ્વામિરૂપે-સર્વસુખપ્રદ, (૯) હીનભાવે-દુઃખદ, (૧૦) કેવલ (સત્ય)-રૂપે-સકલ પુરુષાર્થપ્રદ, (૧૧) જ્ઞાનથી-યોગદાતા, (૧૨) ભિન્નરૂપે (જાણવાથી)-મૃત્યુપ્રદ, (૧૩) જેવા છે તે જ્ઞાનથી-જ્ઞાનદ, (૧૪) સ્નેહથી-વશ થનારા.

પુષ્ટિ (કર્મ-કાલ-સ્વભાવ-બાધક ભગવત્સામર્થ્ય)

- કર્મ
  - અધિષ્ઠાન (અ-૧)
  - કર્તા (અ-૨)
  - કરણ (અ-૩)
  - ચેષ્ટા (અ-૪)
  - દૈવ (અ-૫)
- કાલ
  - બાર માસ (કુલ) (અ-૧૨)
- સ્વભાવ
  - દૈવ (અ-૧)
  - આસુર (અ-૧)

સપ્તમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૩, કુલ અધ્યાય-૧૫
શ્રીગોવર્ધનનાથજીનો જમણો-કરકમલ



અષ્ટમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૪, કુલ અધ્યાય-૨૪

શ્રીગોવર્ધનનાથજીનો જમણો-સ્તન


મન્વન્તર-લીલા

(પ્રાકૃત-વાસના-નાશક-સદ્ધર્મ)

- હરિસંસ્મરણ — પ્રકરણ (૧) — (અ-૧ થી ૪)
  - ધર્મ (અ-૧)
  - અર્થ (અ-૨)
  - કામ (અ-૩)
  - મોક્ષ (અ-૪)
- દાન — પ્રકરણ (૨) — (અ-૫ થી ૧૪)
  - સત્ત્વસત્ત્વ
  - સત્ત્વરજ
  - સત્ત્વતમ
  - રજસત્ત્વ
  - રજોરજ
  - રજસ્તમ
  - તમસત્ત્વ
  - તમોરજ
  - તમસ્તમ
  - નિર્ગુણ
- સ્વોક્ત-નિર્વાહ — પ્રકરણ (૩) — (અ-૧૫ થી ૨૩)
  - સાધન પ્ર. (અ-૧૫ થી ૧૭)
  - દાન પ્ર. (અ-૧૮ થી ૨૦)
  - દાનફલ પ્ર. (અ-૨૧ થી ૨૩)
- મત્સ્યચરિત — પ્રકરણ (૪) — (અ-૨૪)

નવમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૨૪

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-સ્તન



(હરિને અનુસરનારા) કર્મ (અ-૧) શ્રીરામ-ચરિત ક્રિયાશક્તિ (અ-૧૦)

ભક્તિ (અ-૧) શ્રીરામ-ચરિત ભક્તિનિષ્ઠા (અ-૧૧)

જ્ઞાન (અ-૧) શ્રીરામ-પુત્રવંશ જ્ઞાનશક્તિ (અ-૧૨)

સુખ - પ્રાપણ

હરિને અનુસરનારાઓ દ્વારા (અ-૧૪ થી ૨૩)

ભગવાનથી (અ-૨૪)

દેવકૃપાયુક્ત ભક્તકથા (અ-૧)

દેવરૂપ ભક્તકથા (અ-૨)

દેવપોષક ભક્તકથા (અ-૩)

સર્વાત્મભાવ યુક્ત ભક્તકથા (અ-૪)

ભક્તમહિમા, બ્રહ્મભાવ કરતાં ભક્તિની શ્રેષ્ઠતા (અ-૫)

બ્રહ્મસમ ભક્તકથા (અ-૬)

ધૈર્યયુક્ત લોકોદ્ધાર પરાયણ ભક્તકથા (અ-૭)

સ્થિરકાર્ય કર્તા લોકોદ્ધાર સ્વભક્ત કથા (અ-૮)

પરમલોકોપકારક ઉદ્ધારક ભક્તકથા (અ-૯)

સ્વાનુભવ-પુષ્ટભક્તકથા (અ-૧૪)

શ્રીપરશુરામ ચરિત (અ-૧૫)

શ્રીપરશુરામ ચરિત (અ-૧૬)

ભોગયુક્ત વૈદિક ભક્તકથા (અ-૧૭)

શુદ્ધાન્તઃકરણ યુક્ત ભક્તકથા (અ-૧૮)

ભોગરત ભક્તકથા (અ-૧૯)

અતિસમર્થ ભક્તકથા (અ-૨૦)

અતિધૈર્યયુક્ત ભક્તકથા (અ-૨૧)

સમર્થધીર ભક્તકથા (અ-૨૨)

પરમ ભક્તિયુક્ત ભક્તકથા (અ-૨૩)

ભક્તિના ફલરૂપ ભગવત્પ્રાદુર્ભાવ (અ-૨૪)

* અથવા

૧ સૂર્યવંશમાં-ચન્દ્રવંશ-ઉપક્રમ-પ્ર. - અ ૧

૨ સૂર્યવંશ પ્ર ____________ અ-૨ થી ૧૩

૩ ચન્દ્રવંશ પ્ર ____________ અ-૧૪ થી ૨૪

ઈશાનુકથા લીલા (અ-૨૪)

સૂર્યવંશ પ્રકરણ (૧) (અ-૧ થી ૧૨) અથવા (અ-૧ થી ૧૩)

ચન્દ્રવંશ પ્રકરણ (૨) (અ-૧૩ થી ૨૪) અથવા (૧૪ થી ૨૪)


દશમ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૮૭+પ્રક્ષિપ્ત અ-૩

શ્રીગોવર્ધનનાથજીનું-હૃદય

નિરોધ-લીલા

(૧ વિશ્વમાં પોતાની શક્તિયો સાથે ભગવાનની લીલા, પોતાની શક્તિયો સહિત ભગવાનનું અનુશયન;)
(૨ ભક્તોની પ્રપંચ-વિસ્મૃતિ-પૂર્વક ભગવદાસક્તિ), (૩ ભક્તોના પ્રપંચનો અભાવ, અલૌકિક-દેહની પ્રાપ્તિ).

- જન્મ-પ્રકરણ — પ્રકરણ (૧) — (અ-૪)
- તામસ-પ્રકરણ — પ્રકરણ (૨) — (અ-૨૮)
  - પ્રમાણ પ્ર. — * (અ-૭) — (અ-૫ થી ૧૧)
  - પ્રમેય પ્ર. — * (અ-૭) — (અ-૧૨ થી ૧૮)
  - સાધન પ્ર. — * (અ-૭) — (અ-૧૯ થી ૨૫)
  - ફલ પ્ર. — * (અ-૭) — (અ-૨૬ થી ૩૨)
  - પ્રક્ષિપ્ત ત્રણ અધ્યાય (કૌતુકલીલા) — (પ્રચલિત અ. ૧૨-૧૩-૧૪)
- રાજસ-પ્રકરણ — પ્રકરણ (૩) — (અ-૨૮)
- સાત્ત્વિક-પ્રકરણ — પ્રકરણ (૪) — (અ-૨૧)
  - (સાત્ત્વિકોમાં (પ્રમાણ) જ્ઞાન સ્વાભાવિક હોવાથી અહીં પ્રમાણ-પ્રકરણ નથી.)
  - પ્રમેય પ્ર. — * (અ-૭) — (અ-૬૧ થી ૬૭)
  - સાધન પ્ર. — * (અ-૭) — (અ-૬૮ થી ૭૪)
  - ફલ પ્ર. — * (અ-૭) — (અ-૭૫ થી ૮૧)
- ગુણ-પ્રકરણ — પ્રકરણ (૫) — (અ-૬)



* પ્રમાણ-પ્રમેય-સાધન-ફલ-પ્રકરણોના સાતે અધ્યાયોમાં સામાન્યતઃ ક્રમશઃ, ૧ ઐશ્વર્ય, ૨ વીર્ય, ૩ યશઃ, ૪. શ્રી, ૫ જ્ઞાન, ૬. વૈરાગ્ય (ભગવાનના આ છ ધર્મ) તથા ૭. ધર્મી (ભગવાન્)નું વર્ણન છે. તામસ-ફલ-પ્રકરણમાં, સર્વત્ર સાતે રૂપે લીલા હોવા છતાં, ક્રમશઃ મુખ્ય છે, - ૧. ઐશ્વર્ય, ૨ વીર્ય, ૩ યશઃ, ૪. શ્રી, ૫ ધર્મી, ૬. વૈરાગ્ય, ૭. જ્ઞાન.


વિશેષ-વિચાર : ૧ લોકમાં તથા ગીતાજી-વગેરેમાં સાત્ત્વિકને ઉત્તમ, રાજસને મધ્યમ અને તામસને હીન ગણેલા સામાન્યતઃ દેખાય છે. આ સ્વભાવક્રમ છે. અહીં ભગવત્-સ્વરૂપ-સન્નિષ્ઠ (દૃઢાગ્રહવાળા) ભક્તોને તેમના ભાવાનુસાર તામસ-ભાવવાળા (ઉત્તમ) ગણેલા છે, પછી રાજસભાવાળા ભક્તો, પછી સાત્ત્વિક-ભાવવાળા ભક્તો છે. ભક્તોના આ ભાવાનુરૂપ ભગવાનની લીલાઓ તામસ-રાજસ-સાત્ત્વિક છે. અહીં લોક-વેદથી ક્રમની વિપરીતતા પુષ્ટિ છે. ૨ દશમસ્કન્ધના પૂર્વાર્ધમાં (અ ૧ થી ૪૬) અઢી પ્રકરણો છે,- જન્મ પ્ર. + તામસ પ્ર. + અર્ધું (પ્રમાણ-પ્રમેય) રાજસ પ્ર.; ઉત્તરાર્ધમાં (અ. ૪૭ થી ૮૭) પણ અઢી પ્રકરણો છે,- અર્ધું (સાધન-ફલ) રાજસ પ્ર. + સાત્ત્વિક પ્ર. + ગુણ પ્ર. આમ, પ્રકરણ-વિચારે વિભાગ છે, અધ્યાયસંખ્યા (૪૬ + ૪૧)ના વિચારથી નહિ. ૩. ગુણ પ્રકરણના છ અધ્યાયો,- ભગવાનના તે ગુણો (ભગ) સ્વતઃ સિદ્ધ છે, નિત્ય છે, કૃષ્ણ "સ્વયં ભગવાન" છે,- તેમ દર્શાવનારા છે. અન્યમાં તેમાંના કોઈ ગુણો ભગવદિચ્છાકાર્ય - પૂરતા જ, અનિત્ય, હોય છે.

એકાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૨, કુલ અધ્યાય-૩૧

શ્રીગોવર્ધનનાથજીનું-મસ્તક

મુક્તિ-લીલા

(અન્યથા-રૂપના ત્યાગ-પૂર્વક સ્વરૂપમાં સ્થિતિ)



દ્વાદશ-સ્કન્ધ, કુલ પ્રકરણ-૫, કુલ અધ્યાય-૧૩

શ્રીગોવર્ધનનાથજીનો ડાબો-કરકમલ

આશ્રય-લીલા

(સર્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય જેનાથી થાય છે તે બ્રહ્મમાં સ્થિર થવું)

આશ્રય

(હરિ) શ્રીકૃષ્ણાશ્રય	જગદાશ્રય	વેદાશ્રય	ભક્તિયોગાશ્રય	શ્રીભાગવતાશ્રય
પ્રકરણ (૧)	પ્રકરણ (૨)	પ્રકરણ (૩)	પ્રકરણ (૪)	પ્રકરણ (૫)
(અ-૩)	(અ-૨ા)	(અ-૧ા)	(અ-૩)	(અ-૩)
(અ-૧ થી ૩)	(અ-૪ થી ૫ા)	(અ-૫ા થી ૭)	(અ-૮ થી ૧૦)	(અ-૧૧ થી ૧૩)

ઇતિ શ્રીતત્ત્વાર્થદીપ-નિબન્ધાનુસારી પ્રકરણાધ્યાયાર્થ-વિભાગઃ સમાપ્તઃ ॥

વિશેષ-વિચાર : પ્રભુને પ્રસન્ન-પ્રાપ્ત-કરવા માટે પ્રેમ સિવાય કોઈ મુખ્ય સાધન નથી. તે પ્રેમનું નિશ્ચિત સાધન છે,- શ્રીમદ્-ભાગવત ! સંસારમાં વૈરાગ્ય-પૂર્વક, શ્રીભાગવતના યથાર્થ તાત્પર્યને સમજીને, ભક્તમુખે એક વખત શ્રવણ-માત્રથી કૃષ્ણમાં નિશ્ચિત પ્રેમ થાય છે. શ્રીભાગવતાર્થના અજ્ઞાન કે અન્યથાજ્ઞાનથી ભક્તિ સંભવતી નથી. શ્રીભાગવત દ્વારા ભક્તિ તો વેલની જેમ વધતી રહે છે, શીઘ્ર કૃષ્ણ-ફલને પ્રાપ્ત કરાવે છે. આનંદ-રૂપ હરિની આનંદ-રૂપા લીલા સર્વદુઃખ હરનારી, સુખરૂપા, સ્વતઃ પુરુષાર્થ-રૂપા છે. શ્રીભાગવત શબ્દતઃ અને અર્થતઃ શ્રીકૃષ્ણનું (નામાત્મક) સ્વરૂપ છે. તેના પાઠથી નિશ્ચિતરીતે કૃષ્ણ ધારણ થાય છે. અર્થતઃ જાણેલા આ ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે.

*

શ્રીહરિઃ

"સા વિદ્યા તન્મતિર્યયા"

"વિદ્યાનિધિ" ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત આ સંપાદકના ગ્રંથો :

ક્રમ	ગ્રંથનામ	ન્યોચ્છાવર (પોસ્ટેજ અલગ) રૂા.
૧.	શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ (ચોથી આવૃત્તિ)	૩૦૦-૦૦
૨.	સુમંગલ-નવનીત-સંચય	–
૩.	સુલભ-શાન્તિ (ગુજરાતી)	
૪.	સુલભ-શાન્તિ (હિન્દી)	૨૦-૦૦
૫.	કરાલ કલિકાલમાં કલ્યાણ	૧-૦૦
૬.	ત્રિવિધ-નામાવલી	૨-૫૦
૭.	દુઃખ-દયાનું દાન	૧-૫૦
૮.	જીવન-મંગલ	૨-૦૦
૯.	શ્રીપુરુષોત્તમ-નામ-સહસ્ર-સ્તોત્ર (ભાષાન્તર)	–
૧૦.	શ્રીપુરુષોત્તમનામ-સહસ્ર-સ્તોત્ર (સનમસ્કારાત્મક)	૨૫-૦૦
૧૧.	પત્ર-પરિમલ	૮-૦૦
૧૨.	વ્રજ-વિહાર	–
૧૩.	શ્રીમદ્-ભાગવતમાં-અદ્ભુત-વિજ્ઞાન-વિહાર (સંસ્કૃત-ગુજરાતી-અંગ્રેજી)	૧૦૦-૦૦
૧૪.	ગીતા-ગુંજન (હિન્દી)	૭૦-૦૦
૧૫.	પુષ્ટિ-પુલિન	૨૦૦-૦૦
૧૬.	સુલભ-શાન્તિ (હિન્દી)	–
૧૭.	કુર્યાત્ સદા મંગલમ્	૨૦-૦૦
૧૮.	વિજ્ઞપ્તિ (હિન્દી)	૩૦-૦૦
૧૯.	શ્રીમદ્ભાગવત-મહાપુરાણમ્ (સાત્વત-સંહિતા) (સંસ્કૃત)	–

થનારાં પ્રકાશનો :
(૧) સરલ શ્રીભાગવત
(૨) શ્રીમદ્-ભાગવત-અન્વયાર્થ
(૩) શ્રીગીતાન્વયાર્થ
(૪) શ્રીમદ્ભાગવત-શ્લોકાનુવાદ
(૫) શ્રીમદ્ભાગવત-રસબિન્દુ (૩૬૦ શ્લોક સાન્વયાર્થ)

અન્યત્રથી પ્રકાશિત :
(૧) શ્રીસ્વામિન્યષ્ટકમ્
(૨) ગુમરસ
(૩) શ્રીમદ્-ભાગવત-પ્રથમ નજરે (હિન્દી)
(૪) શ્રીમદ્-ભાગવત-પ્રથમ નજરે (ગુજરાતી)
(૫) પુષ્ટિમાર્ગ
(૬) પુષ્ટિ-મંગલ
(૭) સંગ્રહકુંજ
(૮) દ્વિજ-દિવ્યતા
(૯) નટવરપ્રભુની ગૌરવગાથા

卐

શ્રીહરિ:

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

(સાત્વતસંહિતા)

આહ્લાદ-પરંપરા

(અનુક્રમ)

શ્રીમદ્ ભાગવત માહાત્મ્ય (પદ્મપુરાણીય) :

પ્રથમસ્કન્ધ-અધિકારલીલા- દક્ષિણચરણકમલ

(૧) સામાન્યાધિકાર-પ્રકરણ :

(૨) અસામાન્યાધિકાર - પ્રકરણ :

અધ્યાય — કથા-વિષય-સાર — આરંભનો પત્રાંક

卐

श्रीहरि:

મંગલ - ભગવત્સ્તવન

કરારવિન્દેન પદારવિન્દં
મુખારવિન્દે વિનિવેશયન્તમ્ ।
વટસ્ય પત્રસ્ય પુટે શયાનં
બાલં મુકુંદ મનસા સ્મરામિ ॥ ૧ ॥

શ્રીકૃષ્ણ ગોવિન્દ હરે મુરારે ! હે નાથ નારાયણ વાસુદેવ ।
જિહ્વે ! પિબસ્વામૃતમેતદેવ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૨ ॥

વિક્રેતુકામા કિલ ગોપકન્યા મુરારિપાદાર્પિતચિત્તવૃત્તિઃ ।
દધ્યાદિકં મોહવશાદવોચદ્ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૩ ॥

ગૃહે ગૃહે ગોપવધૂકદમ્બાઃ સર્વે મિલિત્વા સમવાપ્ય યોગમ્ ।
પુણ્યાનિ નામાનિ પઠન્તિ નિત્યં ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૪ ॥

સુખ શયાના નિલયે નિજેઽપિ નામાનિ વિષ્ણોઃ પ્રવદન્તિ મર્ત્યાઃ ।
તે નિશ્ચિતં તન્મયતાં વ્રજન્તિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૫ ॥

જિહ્વે ! સદૈવં ભજ સુન્દરાણિ નામાનિ કૃષ્ણસ્ય મનોહરાણિ ।
સમસ્તભક્તાર્તિવિનાશનાનિ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૬ ॥

સુખાવસાને ઈદમેવ સારં દુઃખાવસાને ઈદમેવ જ્ઞેયમ્ ।
દેહાવસાને ઈદમેવ જાપ્યં ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૭ ॥

શ્રીકૃષ્ણ રાધાવર ગોકુલેશ ! ગોપાલ ગોવર્ધનનાથ વિષ્ણો ।
જિહ્વે ! પિબસ્વામૃતમેતદેવ ગોવિન્દ દામોદર માધવેતિ ॥ ૮ ॥

ચિન્તાસન્તાનહન્તારો યત્પાદામ્બુજરેણવઃ ।
સ્વીયાનાં તાન્નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥ ૯ ॥

યદનુગ્રહતો જન્તુઃ સર્વદુઃખાતિગો ભવેત્ ।
તમહં સર્વદા વન્દે શ્રીમદ્વલ્લભનન્દનમ્ ॥ ૧૦ ॥

પ્રભુર્નન્દકુમારો મે સ્વામિની વૃષભાનુજા ।
કૃતાર્થોઽહં કૃતાર્થોઽહં કૃતાર્થોઽહં ન સંશયઃ ॥ ૧૧ ॥

તસ્ય સેવા પ્રકુર્વીત યાવજ્જીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ॥ ૧૨ ॥

શુદ્ધભાવઃ પ્રભો સ્થાપ્યો ન ચાતુર્યં પ્રયોજકમ્ ।
અન્તર્યામી સમસ્તાનાં ભાવં જાનાતિ માનસમ્ ॥ ૧૩ ॥

શ્રીગોવર્ધનનાથપાદયુગલં હૈયઙ્ગવીનપ્રિયં
નિત્યં શ્રીમથુરાધિપં સુખકરં શ્રીવિઠ્ઠલેશં મુદા ।
શ્રીમદ્દ્વારવતીશગોકુલપતી શ્રીગોકુલેન્દું વિભું
શ્રીમન્મન્મથમોહનં નટવરં શ્રીબાલકૃષ્ણં ભજે ॥ ૧૪ ॥
શ્રીમદ્વલ્લભવિઠ્ઠલૌ ગિરિધરં ગોવિન્દરાયાભિધં
શ્રીમદ્બાલકકૃષ્ણગોકુલપતી નાથં રઘૂણાં તથા ।
એવં શ્રીયદુનાયકં કિલ ઘનશ્યામં ચ તદ્વંશજાન્
કાલિન્દીં સ્વગુરું ગિરિં ગુરુવિભું સ્વીયપ્રભુંશ્ચ સ્મરેત્ ॥ ૧૫ ॥

આચાર્યચરણદ્વન્દ્વં ભક્તિજ્ઞાનાબ્જભાસ્કરમ્ ।
નમસ્યામિ મનઃકર્મવાગ્ભિરન્તસ્તમોઽપહમ્ ॥ ૧૬ ॥
દાસ્યં પ્રયચ્છતાં મહ્યં સમસ્તફલમૂર્ધગમ્ ।
સ્વામિનૌ વલ્લભાધિશવિઠ્ઠલેશાભિધૌ સદા ॥ ૧૭ ॥
શ્રીકૃષ્ણં પરમાનન્દં દશલીલાયુતં સદા ।
સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ॥ ૧૮ ॥
શ્રીમદ્-ભાગવતં નૌમિ યસ્યૈકસ્ય પ્રસાદતઃ ।
અજ્ઞાતાનપિ જાનાતિ સર્વઃ સર્વાગમાનિહ ॥ ૧૯ ॥
બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।
ધ્યાનાસમર્થજીવાનામસ્માકં સર્વદા સ્વતઃ ॥ ૨૦ ॥
વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમભીક્ષ્ણશઃ ।
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ॥ ૨૧ ॥
નિધાય હૃદિ વિશ્વેશં લક્ષ્મીનારાયણં પ્રભુમ્ ।
યશોગાનં મુદા કુર્વે તસ્યાશ્રયપરાયણઃ ॥ ૨૨ ॥
સુલભ્ય હૃદિ સર્વેશં શ્રીગોપીજનવલ્લભમ્ ।
ગુણગાનં સદા કુર્વે તસ્ય તુષ્ટ્યૈ સ્વભાવતઃ ॥ ૨૩ ॥

卐

श्रीहरिः

श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

શ્રીમદ્ ભાગવત-માહાત્મ્ય

અધ્યાય : ૧

सच्चिदानन्दरूपाय विश्वोत्पत्त्यादिहेतवे ।
तापत्रयविनाशाय श्रीकृष्णाय वयं नुमः ॥ (૧)

"ભાગવત" - નામનો અર્થ : શ્રીભાગવતની સર્વોપકારકતા :

શ્રીમદ્-ભાગવત શ્રવણ કરતાં પહેલાં તેના નામના અર્થનો વિચાર કરીએ, તો શ્રીમદ્-ભાગવતનુ સ્વરૂપ સમજી શકાય. શ્રીમદ્-ભાગવતમાં જ તેના નામ તથા સ્વરૂપની ઓળખ છે. "भगवता उदितं भागवतम् ।" - ભગવાને કહેલું એ ભાગવત ! બીજી વ્યાખ્યાઓ પણ થઈ શકે. ભગવાનને ઓળખાવે એ ભાગવત ! ભગવાન્ સાથે સંબંધ ધરાવે એ પણ ભાગવત ! ભગવાનના ભક્તો ભગવાનનું કહેલું કહે તે ભાગવત ! ભગવાન્ જેનું ફલ છે તે ભાગવત ! ભગવાનનું નામાત્મક સ્વરૂપ તે ભાગવત ! એની વિશેષ વ્યાખ્યા પણ થાય છે. "भगवाँश्च भगवन्तश्च भगवन्तः । भगवतामिदं भागवतम् ।" - ભગવાન્ અને ભગવાનના સ્વરૂપભૂત ભાવભર્યા ભક્તો સંબંધી નિરૂપણ તે ભાગવત ! શ્રીમદ્ ભાગવત ભગવાનની, ભગવાનના ભક્તોની, ભગવાનના ધર્મોની અને ભગવાનની લીલાઓની ઓળખ કરાવે છે અને તેમાં પ્રીતિ કરાવે છે, સંસારીને કંસારિ ભગવાન્ શ્રીકૃષ્ણનો બનાવે છે, ગતાર્થને કૃતાર્થ કરે છે, શ્રાન્તને શાન્ત કરે છે, પતિતને પાવન કરે છે, અપાત્રને પાત્ર બનાવે છે, કુટિલને સરલ બનાવે છે, દૂષિતને ભૂષિત બનાવે છે, અજ્ઞને વિજ્ઞ બનાવે છે, શુષ્કને રસાળ બનાવે છે, મૂંઝાયેલાને માર્ગ દે છે, સંસારના વિવિધ તાપમાં તપેલાને શીતલ કરે છે, માર્ગ ભૂલેલાને સન્માર્ગ દે છે, સકામને નિષ્કામ બનાવે છે, નિષ્કામને કૃષ્ણકામના દે છે, નીરસને સરસ બનાવે છે, ભરમાયેલાને ભાન દે છે, કરમાયેલાને પ્રફુલ્લ કરે છે, જીવન-વનને વૃન્દાવન બનાવે છે - મધુવન બનાવે છે, મનને વશ કરે છે. ભક્તોનું તે જીવનધન છે !

જીવનમાં સુખ અને શાન્તિ શોધતા માનવને શ્રીમદ્-ભાગવતના સેવનથી સુખ અને શાન્તિ શ્રીમદ્-ભાગવતમાંથી જડે. સુખમય ભગવાન્ ભાગવતમાંથી જડે છે. ભગવાન્ જડ્યા પછી, સુખ-શાન્તિ વગેરે કાંઈ જ શોધવાનું ન રહે, - સ્વતઃ મળે. ભગવાન્ ઓળખાય, પછી બીજું કશું ઓળખવાનું બાકી ન રહે. ભાગવત દ્વારા ભગવાનમાં પ્રીતિ થાય છે. પ્રીતિ ભગવદ્ધર્મ છે. પ્રીતિથી રીતિ અને નીતિ આવે, બધી જ ભીતિ ટળે, જગતમાં જીતી જવાય.

માનવને કોઈ વખત પરિસ્થિતિની પ્રતિકૂલતા પીસે છે, કોઈ વખત કાળ કનડે છે, કોઈ વખત પોતાનો જ ભય ભીંસે છે. ક્યારેક મૃત્યુનો ભય ભડકાવે છે, ક્યારેક દુશ્મનનો ડર દુભવે છે, ક્યારેક પોતાની પ્રબલ પ્રકૃતિ પરેશાન કરે છે. ક્વચિત્ દુઃખની પરંપરા ડરાવે છે, ક્યારેક પોતાનાં હોય તે પારકાં બનીને પીડે છે, ક્યારેક અંતઃકરણમાં ઉદ્‌ભવતા અને સઘળે ઉભરાતા અનેક દોષો દુઃખ દે છે. ક્યારેક મનમાન્યું મળતું નથી; અને અણગમતું અટકતું નથી, તે ચિત્તને ચકડોળે ચઢાવે છે. પરિણામે અનેક પ્રકારે ભય લાગે છે. બધા ભયમાંથી અભય આપનાર વિરાજે છે, - શ્રીમદ્-ભાગવત!

શ્રીમદ્-ભાગવત સેવન કરનારને અભય આપે છે. શ્રીમદ્-ભાગવતનું સેવન ત્રણ રીતે થઈ શકે છે : (૧) શ્રવણ, (૨) કીર્તન અને (૩) સ્મરણ અથવા ચિંતન દ્વારા. ભાવભર્યા ભક્તો તેની ભગવાનના સ્વરૂપની જેમ પણ સેવા કરે છે. કોઈ પણ રીતે મન શ્રીમદ્-ભાગવતમાં જોડી દઈએ તો મનને શાંતિ મળશે, મલિનતા ચાલી જશે, મૂંઝવણ મટશે, અભય સરળતાથી મળશે, દુઃખ ટળશે, ભવ ફળશે.

ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે, - શ્રીમદ્-ભાગવત!:

શ્રીમદ્-ભાગવત માનવમાત્રના કલ્યાણ માટે છે : "नृणां निःश्रेयसार्थाय व्यक्तिर्भगवतो नृप ।" - પ્રાણીમાત્રના કલ્યાણ માટે ભગવાનનું પ્રાકટ્ય થયું છે. આ ભગવાનના સ્વરૂપનું [illegible] છે બીજું પ્રાકટ્ય છે, - ભગવાનના નામનું! ભગવાનના નામનું પ્રકટ સ્વરૂપ એટલે શ્રીમદ્-ભાગવત! શ્રીમદ્ ભાગવત એ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. "तेनेयं वाङ्मयी मूर्तिः प्रत्यक्षा वर्तते हरेः" - જેની સેવા કરી શકાય તે સેવ્યસ્વરૂપ કહેવાય. જે સાંભળીને હૃદયમાં પધરાવી શકાય, જેનું કીર્તન કરીને પણ હૃદયમાં પધરાવી, દૃઢ કરી, અન્યને દઈ શકાય, જેના દ્વારા સેવ્યસ્વરૂપ સમજી શકાય, ભગવાનના માહાત્મ્યનું તથા લીલાનું જ્ઞાન થાય, પ્રભુની સેવાની રીતિ સમજાય, પ્રભુમાં પ્રીતિ થાય, જેના દ્વારા સર્વનું હિત થાય, તેવું આ નામાત્મક સ્વરૂપ છે. અવતાર લેવામાં ભગવાનનો હેતુ સર્વનું કલ્યાણ કરવાનો છે. તે ભગવાનની લીલા છે, તેમ ભાગવતના પ્રાકટ્યનો ઉદ્દેશ પણ સર્વનું કલ્યાણ કરવાનો છે.

શ્રીમદ્-ભાગવત સર્વનું કલ્યાણ કરે છે:

માનવના અધિકાર પ્રમાણે દરેકને પોતાનું કલ્યાણ જુદું જુદું લાગે. સૃષ્ટિમાં બધા જ માનવોને એકમાં જ રુચિ હોતી નથી. બધા એક જ વસ્તુ મેળવવા મથતા નથી. સૌની રુચિ જુદી હોય છે, સૌનાં ધ્યેય જુદાં છે; અને સૌની જરૂરિયાત પણ જુદી જુદી છે. સૌ તે મેળવવા મથે છે. રુચિ જુદી હોવાનું કારણ - જીવોનો જુદો જુદો અધિકાર છે. ભગવાને જીવોને જુદી જુદી રીતે પ્રકટ કર્યા છે. આ દૃષ્ટિએ જીવો ત્રણ પ્રકારના છે : (૧) પુષ્ટિસૃષ્ટિ, (૨) મર્યાદાસૃષ્ટિ, (૩) પ્રવાહસૃષ્ટિ. જે લોકો પ્રભુને સુખ દેવા મથે અને પ્રભુ સાથે પ્રેમ કરે,- તે પુષ્ટિસૃષ્ટિ છે. જે પોતાના કલ્યાણ માટે પ્રયાસ કરે, શાસ્ત્ર અને સંતપુરુષોને સાનુકૂલ થઈને જીવે, તે માટે સતત પ્રયત્નશીલ રહે, અધર્મવાળું કોઈ કાર્ય કરવા વૃત્તિ કે પ્રવૃત્તિ ન કરે, - તે મર્યાદાસૃષ્ટિ છે. જેને માત્ર જીવવું જ છે અને જીવવા માટે જ જેના પ્રયત્નો છે, - તે પ્રવાહસૃષ્ટિમાં રહેલો જીવ છે. તે મરજી મુજબ, મન માને તેમ જ જીવે છે.

શ્રીમદ્-ભાગવતનું પ્રાકટ્ય સર્વનું કલ્યાણ કરવા માટે છે, ત્રણે સૃષ્ટિમાં રહેલા જીવોને કૃતાર્થ કરવા માટે છે. શ્રીમદ્-ભાગવત દ્વારા માત્ર જીવવા મથનારા, કલ્યાણ મેળવવા મથનારા અને પ્રભુ

સાથે પ્રીતિ ઈચ્છનારા,- એ ત્રણેયને પોતાનું ઈચ્છેલું મળે છે. એ વાત માહાત્મ્યના મંગલાચરણમાં વ્યાસ મહર્ષિએ વ્યક્ત કરી છે. "सच्चिदानन्दरूपाय" અને "विश्वोत्पत्त्यादिहेतवे" એ બે ચરણમાં મર્યાદાસૃષ્ટિવાળા માટે ભગવાનની ઓળખ કરાવી છે. મર્યાદાના બે ચરણ - શ્રુતિ અને સ્મૃતિ, પ્રમાણ અને પ્રવૃત્તિ, આચાર અને વિચાર છે. "तापत्रयविनाशाय" એ પદમાં પ્રવાહ- સૃષ્ટિવાળા માટે પણ ભગવાન્ ઉપકારક છે, એમ સમજાવે છે. પ્રવાહમાં માત્ર પ્રવૃત્તિ છે, તેથી એક ચરણમાં ઓળખ છે. પુષ્ટિસૃષ્ટિવાળા માટે તો માત્ર "श्रीकृष्णाय" પદ પૂરતું છે, તેમાં માત્ર પ્રેમપ્રવૃત્તિ છે, તેથી "वयं नुमः" સ્વાન્તઃશરણાગતિ ને સ્નેહરૂપ સ્તુતિનું સૂચક છે.

સચ્ચિદાનન્દરૂપ ભગવાન્ સાકાર છે, અપ્રાકૃત-રૂપવાળા છે : તેમનું રૂપ પણ સચ્ચિદાનંદ જ છે :

ભગવાન્ સચ્ચિદાનંદરૂપ છે. "सत्, चित् અને आनन्द" એ ત્રણે સર્વદા એકરસ રૂપે ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનના સ્વરૂપમાં એ ત્રણ જુદાં નથી. ત્રણેય ભગવદ્રૂપ જ છે. ભગવાનના સ્વરૂપમાં ભેદ નથી. જે સર્વદા, સર્વત્ર અસ્તિત્વ ધરાવે છે, - તે સત્ ! શોધ કરે તેને સર્વત્ર મળી આવે, સર્વદા મળે, ક્યારેય ક્યાંય ન હોય એમ સંભવે નહિ, - તે સત્ ! ચિત્ એ ચૈતન્યનું સૂચક છે. પૂર્ણજ્ઞાન અથવા પૂર્ણચૈતન્ય એટલે ચિત્! પ્રસન્નતાથી જીવાડે, સંપૂર્ણપણે સુખ-સમૃદ્ધ બનાવે, આહ્લાદ આપે - તે આનંદ ! જે સર્વત્ર સર્વદા અસ્તિત્વ ધરાવે, ચૈતન્યયુક્ત હોય, અને સૌને આનંદનો અનુભવ કરાવે તે સચ્ચિદાનંદ- બ્રહ્મ-ભગવાન્ ! એ સચ્ચિદાનંદ બ્રહ્મ નિરાકાર નથી, રૂપ વગરનું નથી. મહર્ષિ વ્યાસજીને સાકારબ્રહ્મ અભિપ્રેત છે, એટલા માટે "रूपाय" શબ્દ તેમાં વિશેષ છે. સચ્ચિદાનંદ બ્રહ્મનું રૂપ પણ સચ્ચિદાનંદ છે. બ્રહ્મનું રૂપ પણ બ્રહ્મ જ છે. બ્રહ્મ નીરૂપ કે જડ-રૂપવાળું નથી. બ્રહ્મ અને બ્રહ્મનું રૂપ જુદાં નથી. "अरूपवदेव हि तत्प्रधानत्वात् ।"- સૂત્રમાં વ્યાસજીનો આ આશય છે. અહીં પણ બ્રહ્મ અને રૂપની એકતા બતાવવા "सच्चिदानन्दरूपाय" એક જ પદ છે, જુદાં નથી. ભગવાન્ રૂપ વિના પધારે તો આંખ દેખે નહિ, હાથ સ્પર્શી શકે નહિ, વાણી વાર્તાલાપ કરી શકે નહિ, એવા ભગવાનની અંદર ભક્તોનું આકર્ષણ ક્યાંથી સંભવે ? ભક્તોની કૃતાર્થતા ક્યાંથી થાય ? ભક્તોને કૃતાર્થ કરવા માટે ભગવાન્ રૂપ પ્રકટ કરીને પધારે છે. સૌને પોતાના મધુર મંગલરૂપનું દર્શન કરાવે છે.

સચ્ચિદાનન્દરૂપ, વિશ્વના મૂલકારણ, શ્રીકૃષ્ણથી જ સર્વનાં સર્વ દુઃખો સંપૂર્ણ દૂર થઈ જાય છે :

ભગવાનમાં સામર્થ્ય પણ સંપૂર્ણ છે. "विश्वोत्पत्त्यादिहेतवे" પદ તે સૂચવે છે. વિશ્વની ઉત્પત્તિ અને આદિ શબ્દથી સ્થિતિ અને લય, - એ ત્રણેમાં મૂલકારણ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મ છે. બ્રહ્મ સિવાય બીજું કોઈ જ વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરી શકે નહિ. "विश्वोत्पत्त्यादिहेतवे"માં "उत्पत्त्यादि" પદ-વિભાગ લેતાં ઉત્પત્તિના મૂલકારણ; અને ઉત્પત્તિ, સ્થિતિ, લય, - એવા અર્થ થાય. "आदिहेतवे" પદચ્છેદથી મૂલકારણ અર્થ થાય. આમ, વેદ-પુરાણ વગેરેમાં કહેલ સર્વ પ્રકારની સૃષ્ટિનું મૂલકારણ પરબ્રહ્મ-શ્રીકૃષ્ણ-છે. ઉત્પત્તિ, સ્થિતિ, લય તો બ્રહ્મા, વિષ્ણુ, શંકર કરતા સંભળાય છે. તે પણ બ્રહ્મના ગુણાવતારો છે. તે ત્રણેમાં આદિકારણ તો પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે. "श्रीकृष्ण" પદમાં "श्री" શબ્દ ભગવાનની સુંદરતાને ઓળખાવે છે. આમ સર્વજ્ઞ, સર્વસમર્થ, સર્વસુંદર, સાકાર સર્વકર્તા, ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વત્ર સર્વદા સુખ દેતા વિરાજે છે.

વિશ્વમાં જન્મેલાં સૌને સુખ દેનાર પણ બ્રહ્મ જ છે. જન્મેલાઓને ક્વચિત્ પોતાના કર્મના

કારણે, ક્વચિત્ કાલને કારણે અને ક્વચિત્ સ્વભાવને કારણે, અનેક પ્રકારનાં દુઃખ આવે છે. શાસ્ત્રે દુઃખના ત્રણ પ્રકાર નકકી કર્યા છે : (૧) આધિભૌતિક દુઃખ, (૨) આધ્યાત્મિક દુઃખ અને (૩) આધિદૈવિક દુઃખ. આ ત્રણે પ્રકારનાં દુઃખો ભગવાન્ શ્રીકૃષ્ણ દૂર કરી દે છે. "तापत्रयविनाशाय" - સંતાપમાં તપેલો, દુઃખનો દાઝેલો, મનથી મલિન થયેલો, મતિથી મૂંઝાયેલો, શરીરે શિથિલ થયેલો, સર્વ રીતે દુઃખી થયેલો, કે નસીબનો નબળો, ગમે તેવો હોય તે પણ જો શ્રીકૃષ્ણના ચરણે શરણે જાય તો સર્વત્ર સુખી બને છે. ત્રણેય તાપને દૂર કરનાર શ્રીકૃષ્ણ છે. તેમના સ્વરૂપથી સ્વતઃ આ થઈ જાય છે.

શ્લોકમાં શબ્દ "विनाशाय" છે. "नाशाय" નથી. "वि" ઉપસર્ગ મૂક્યો છે, તે સૂચવે છે કે, સાધન દ્વારા કે સામર્થ્ય દ્વારા દુઃખ દૂર થયાં હોય, તો પણ દૂર થયેલાં એ દુઃખ કાયમ માટે દૂર નથી થતાં, પુનઃ પુનઃ જુદાં જુદાં સ્વરૂપે પાછાં આવતાં દેખાય છે, પણ ભગવાન્ પોતે જે દુઃખોને દૂર કરે છે, તે ફરી ક્યારેય આવતાં નથી. કોઈ પણ સ્વરૂપમાં દુઃખ ભક્તને દુઃખી કરી શકતાં નથી. આ છે - દુઃખોનો વિનાશ - દુઃખનું દૂર થવું અને દુઃખનું કાયમ માટે ચાલ્યા જવું ! દુઃખનો દુઃખ તરીકે અનુભવ ન થતાં સુખ તરીકે અનુભવ થવો તે પણ દુઃખનો વિનાશ છે. સર્વનાં સર્વ દુઃખો દૂર કરીને સુખ દેવાનું પણ "विनाशाय" શબ્દ સૂચવે છે. આમ, સ્વાભાવિક બને છે; તેથી કૃષ્ણ "વિનાશ" રૂપ છે.

જ્ઞાની - વિજ્ઞાની - અજ્ઞાની સૌને જાણીતા લાગે છે, - શ્રીકૃષ્ણ !

સર્વ દુઃખોનો વિનાશ કરનાર, વિશ્વની ઉત્પત્તિમાં આદિહેતુ રૂપ, સચ્ચિદાનંદ સ્વરૂપને ઓળખાવે છે - "श्रीकृष्णाय" શબ્દથી ! "सच्चिदानन्द" રૂપ ન ઓળખાયું હોય, "विश्वोत्पत्त्यादिहेतु" રૂપ ન ઓળખાયું હોય, "तापत्रयविनाश" રૂપ ન ઓળખાયું હોય, તો તેની સીધી ઓળખાણ કરાવી - "श्रीकृष्णाय" પદથી ! કદાચ વેદશાસ્ત્રનાં રહસ્યો જાણનારા-જ્ઞાની સચ્ચિદાનંદરૂપ ભગવાનને ઓળખે. સૃષ્ટિનાં રહસ્યો જાણનારા-વિજ્ઞાની કદાચ સૃષ્ટિના આદિહેતુ તરીકે ભગવાનને ઓળખે. કદાચ દુઃખમાં તરફડનારા બિચારા-અજ્ઞાની પોતાને દુઃખમાંથી છોડાવનાર ભગવાનને ઓળખે, પણ વ્યાસ મહર્ષિજી - ત્રણે ઓળખાણ આપ્યા પછી એક ચોથું પદ મૂકે છે - श्रीकृष्णाय ! - તે સીધી ઓળખ કરાવે છે. જેને વેદશાસ્ત્રોથી ભગવાન્ ન ઓળખાતા હોય, સૃષ્ટિજ્ઞાનથી જે ભગવાનને ન સમજી શકતા હોય અને દુઃખ દૂર થવા છતાં પણ જે ભગવાનને ન ઓળખતા હોય, તે સૌને વ્યાસ મહર્ષિજી અહીં ઓળખાવે છે - "श्रीकृष्णाय" શબ્દથી ! તે ભગવાન્ છે - શ્રીકૃષ્ણ ! જ્ઞાની-વિજ્ઞાની-અજ્ઞાની, નાનાં-મોટાં સૌને પોતાના જાણીતા લાગે છે, - શ્રીકૃષ્ણ !

સાકાર - સર્વસમર્થ - સર્વસુંદર - આનંદમય - શ્રીકૃષ્ણની લીલાઓ જ છે, - શ્રીમદ્ભાગવતમાં !

માહાત્મ્યના પહેલા શ્લોકની અંદર જ આ કૃષ્ણ નામ વ્યાસજી સ્પષ્ટ કરે છે. વેદમાં ઓળખાનાર જે તત્ત્વ છે, દર્શનશાસ્ત્ર પણ જેની માત્ર આછીપાતળી ઓળખ કરાવી શકે છે, લોકો જેનું ભજન, - જાણતાં કે અજાણતાં, - પ્રત્યક્ષમાં નહિ તો પરોક્ષમાં - પૂર્ણરૂપનું નહિ તો વિભૂતિરૂપનું, - કરીને દુઃખમાંથી છૂટે છે, - તે મૂળરૂપ છે, - ભગવાન્ શ્રીકૃષ્ણ ! શ્લોકમાં માત્ર કૃષ્ણ - શબ્દ નથી. "श्रीकृष्ण" શબ્દ છે. કૃષ્ણ એટલે સદાનંદ અને શ્રીકૃષ્ણ એટલે સચ્ચિદાનંદ ! કૃષ્ણ વિપ્રયોગાત્મક સ્વરૂપ છે અને શ્રીકૃષ્ણ સંયોગાત્મક સ્વરૂપ પણ છે. શ્રીકૃષ્ણ એટલે સ્વામિનીજી સહિત કૃષ્ણ ! ભક્તોનાં સઘળાં દુઃખો અને દોષોને દૂર કરવા માટે, સ્પર્શી શકાય, જોઈ શકાય, - એવા સ્વરૂપે પ્રકટ થયેલા

ભગવાન્ તે-શ્રીકૃષ્ણ ! પ્રકટ થયેલા પ્રભુના મનોહર સર્વોત્તમ સૌન્દર્યને ઓળ

"શ્રીકૃષ્ણ" શબ્દ મૂકીને વ્યાસ મહર્ષિજી ભગવાનનો અને ભાગવતનો ઉ છે, - સૌને ભગવાનમાં અભિમુખ કરવા, સર્વનાં સર્વ દુઃખો અને સર્વ દોષો દૂર ક દઈ નીરસ જગતને સરસ કરવું ! દુઃખ દૂર કરતાં પ્રભુને પરિશ્રમ થતો નથી, હર્ષ થાય પ્રભુ સર્વસમર્થ છે, તે "विश्वोत्पत्त्यादिहेतवे" પદ સૂચવે છે. પ્રભુ પૂરેપૂરાં દુઃખ દૂર , તે "तापत्रयविनाशाय" પદમાં આવી ગયું છે. પ્રભુ અન્ય કોઈ સાધનની અપેક્ષા વગર, પોતાના સ્વરૂપથી દુઃખો દૂર કરી સુખ દે છે, તે "सच्चिदानन्दरूपाय" પદ સૂચવે છે; તેથી પોતાના સ્વરૂપ દ્વારા પ્રકટ થઈ, ભક્તોનાં દુઃખ દૂર કરીને, સુખ દેતા શ્રીકૃષ્ણ ભગવાનની પરિશ્રમ વગરની હર્ષપૂર્વકની ચેષ્ટારૂપ લીલા જ શ્રીમદ્ ભાગવતમાં છે.

ભગવાન્ શ્રીકૃષ્ણે આપેલું સુખ અલૌકિક હોય છે :

સુખનો અભાવ દુઃખ નથી, પણ પ્રતિકૂલ પરિસ્થિતિ પ્રાયઃ દુઃખ કહેવાય છે, આનંદનો અનુભવ ન થાય તે દુઃખ છે. દુઃખ દૂર થવામાં ત્રણ કક્ષા છે. દુઃખનું દૂર થવું; દુઃખ નહિ અને સુખ નહિ એવી એક સ્થિતિ અને પછી સુખની પ્રાપ્તિ. ભગવાન્ પ્રસન્ન થઈને ભક્તનાં દુઃખ દૂર કરે છે, પણ દુઃખ દૂર થવાં છતાં, જો સુખ ન મળે તો સંતોષ ન થાય. સંતોષ દેવા માટે ભગવાન્ સુખ આપે છે. ભગવાને આપેલું સુખ કોઈક વખત લૌકિક જેવું લાગે, પણ લૌકિક હોતું નથી ! પ્રભુ અલૌકિક સુખ આપે છે. સુદામાજીનાં રંક પત્ની માટે ભગવાને સંપત્તિ આપી. તે સંપત્તિ લાગે તો લૌકિક જેવી ! દુનિયામાંના કોઈ પણ ધનવાન કરતાં વધારે ધનવાન કદાચ સુદામાજી દેખાતા હશે, સુદામાના ઘરની સમૃદ્ધિ કે ભોગ્ય પદાર્થો કદાચ બીજાને ત્યાં ઓછા હશે, જુદા સ્વરૂપમાં દેખાતા હશે, પણ સુદામાના ઘરમાં સંપત્તિ છે તેવી અલ્પ પ્રમાણમાં પણ બીજાના ઘરમાં હોઈ શકે છે, એથી લૌકિકતા લાગે, પણ ભગવાન્ અલૌકિક આપે છે, તેથી સંપત્તિ હોવા છતાં સુદામા તેમાં આસક્ત નથી થયા. "बुभुजे नातिलंपटः ।" ભગવાને આપેલી સંપત્તિને સુદામાએ અતિ-આસક્ત થયા વિના ભોગવી છે. ભગવાને આપેલું સુખ લૌકિક જેવું દેખાય છે, તો પણ ભક્તને તેથી સંસારાસક્તિ થતી નથી ! એ સુખ ક્યારેય જતું રહેતું નથી, સંસારમાં ક્યારેય આસક્ત કરતું નથી. આવા સુખને માણ્યા પછી ભગવાન્ સિવાય બીજે ક્યાંય સુખ દેખાતું નથી. સુદામાજીને ભગવાને સુખ આપ્યું હતું. તેમને સંપત્તિમાં સુખ લાગ્યું નથી, છતાં પ્રભુના પ્રસાદ રૂપે સંપત્તિનો ભોગ કર્યો છે, તેથી તો માત્ર પ્રભુની જ યાદ સતત આવે છે, બંધન થતું નથી ! ભગવાને આપેલા સુખને માણતાં શ્રીગોપીજનને પણ જગતના કોઈ સુખમાં સાર દેખાયો નથી, જગતના કોઈ સુખની ઈચ્છા નથી થઈ. એ તો એકમાત્ર ભગવાનની જ સ્પૃહા કરતાં હતાં, ભગવાને આપેલા સુખનો અભિલાષ કર્યા કરતાં હતાં, બીજા કશાની અપેક્ષા કરતાં ન હતાં.

"કૃષ્ણ" - શબ્દનો અર્થ :

સુખ આપનાર પ્રભુને ઓળખાવવા "श्रीकृष्ण" શબ્દ અહીં મૂક્યો છે. કૃષ્ણ શબ્દનો અર્થ થાય છે, - સદાનંદ ! "कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्यभिधीयते ॥" તેમાં "कृष्" શબ્દ સત્તાવાચક છે અને "ण" આનંદવાચક છે. બન્ને શબ્દો ભેગા મળીને અર્થ થાય છે, - સત્ + આનંદ = સદાનંદ ! લૌકિક આનંદ એક ક્ષણે હોય, પણ પછી બીજી

કારણે તેમાં દુઃખ પણ આવે છે, પણ ભગવાનના સંબંધવાળા, ભગવાને આપેલા,આનંદમાં ક્યારેય દુઃખ આવતું નથી. ક્ષણ રહીને ચાલ્યો જાય, અથવા દુઃખમાં પરિવર્તન પામે એ આનંદ સાચો નથી. જે નિત્ય ટકે અને જેના અનુભવથી, બીજા બધાય આનંદનો અભિલાષ ચાલ્યો જાય, તે સાચો આનંદ છે. એવો આનંદ ભગવાન્ આપે છે, તેથી ભગવાનની ઓળખ કરાવી, - "કૃષ્ણ" શબ્દથી !

અહીં, કૃષ્ણ માટે જ કૃષ્ણની સ્તુતિ છે, કૃષ્ણ પાસેથી કાંઈક મેળવવા માટે નહિ :

"वयं नुमः" - કૃષ્ણ ભગવાનનું અમે સ્તવન કરીએ છીએ અથવા કૃષ્ણ ભગવાન્ માટે સ્તવન કરીએ છીએ. તાદર્થ્ય ચતુર્થી છે. સ્તુતિ દ્વારા ભગવાન્ સરલતાથી પ્રસન્ન થાય. સ્તુતિ એટલે માત્ર શબ્દનું ઉચ્ચારણ નહિ, પણ હૃદયના સ્નેહપ્રવાહમાં ભગવાનના સ્વરૂપ અથવા લીલાનું વર્ણન કરતા શબ્દોનું સ્વાભાવિક સરવું, - તે સ્તુતિ છે.

સ્તુતિ અને પ્રાર્થના બંને જુદાં છે :

સ્તુતિ અને પ્રાર્થના બન્ને જુદાં છે. સાધારણ રીતે લોકો સ્તુતિ અને પ્રાર્થના એક જ અર્થમાં સમજે છે, પણ પ્રાર્થનાનો નિષેધ છે. "प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ।" - પ્રાર્થના ક્યાંય, કોઈની પણ ન થાય, ભગવાન્ પાસે પણ નહિ. કાંઈક લૌકિક લાભ મેળવવાની આશાએ ભગવાનના કે વ્યક્તિના ગુણોનું વર્ણન કરવું કે માગવું તેનું નામ પ્રાર્થના. તેમાં તેથી "अर्थ" શબ્દ આવે છે, "प्र" ઉપસર્ગ છે. "प्रयत्नेन अर्थ्यते यया सा प्रार्थना ।" - જેના વડે પ્રયત્નપૂર્વક કોઈની પાસે કાંઈક (લૌકિક) માંગવામાં આવે તેનું નામ પ્રાર્થના ! તેમાં પ્રેમપૂર્વકનો પ્રયત્ન હોય, દુઃખને લીધે આવતી દીનતાનો પ્રયત્ન હોય કે કોઈ પણ પ્રયત્ન હોય; પણ પોતાના લાભમાં કાંઈક મેળવવાની અપેક્ષા પ્રાર્થનામાં હોય છે. સ્તુતિમાં કશું લૌકિક મેળવવાની અપેક્ષા હોય નહિ. સ્તુતિમાં સ્નેહની મુખ્યતા છે. ભગવાન્ પાસે કશો સ્વાર્થ ન રાખતાં, કોઈ ફલની અપેક્ષા ન રાખતાં, માત્ર સ્તુતિ કરતાં, વ્યાસ મહર્ષિજી મંગલાચરણના શ્લોકમાં શિખવે છે. પ્રાર્થના પરકીય બનાવે. સ્તુતિ સ્વકીયતાનું સંપાદન કરે. પ્રભુ પાસે કશું ય ન ઈચ્છતાં, માત્ર પ્રભુ સાથે પ્રીતિ કરે, પ્રભુ પ્રસન્ન થાય એટલી જ અપેક્ષા રાખે, તેના પર પ્રભુ જલદી પ્રસન્ન થાય.

પ્રભુ સાથે પ્રીતિ કરાવવી એ શ્રીમદ્ ભાગવતનો હેતુ છે; અથવા ફલ છે, તેથી વ્યાસ મહર્ષિજી 'नुमः' પદ કહે છે. ભગવાનને સ્તુતિ પ્રિય છે. "स्तुतिप्रियो विष्णुः ।" સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય છે. ભાગવતજીમાં જ્યાં જ્યાં પ્રભુ અવતાર લઈને પ્રકટ થવાની બ્રહ્માજીને ખબર પડે છે, ત્યાં ત્યાં બ્રહ્માજી દેવોને સાથે લઈને સ્તુતિ કરવા અવશ્ય આવે છે. દરેક જગ્યાએ જુદી જુદી સ્તુતિ દેખાય છે. - કપિલ-અવતારમાં, કૃષ્ણાવતારમાં, વામન-અવતાર વગેરેમાં સ્તુતિ દેખાય છે.

ભગવાનની ઓળખ અનુષ્ટુપ્ - છંદના એક શ્લોકમાં હોવાનું કારણ :

ભગવાનની ઓળખાણ વ્યાસ મહર્ષિજીએ મંગલાચરણમાં એક નાનકડા શ્લોકમાં કરાવી. કોઈ અઘરો છંદ ન મૂકતાં અનુષ્ટુપ્ છંદ મૂક્યો, તે સૂચક છે. લોકો ભગવાન્ મેળવવાના અનેક ઉપાયો માનતા હશે. વાસ્તવમાં એ બધા ઉપાય જ નથી. ભગવાન્ પોતાની કૃપા સિવાય, અને ભક્તોના ભાવ સિવાય બીજા કોઈ ઉપાયથી મળતા નથી. શરણાગતિ કે ભક્તિમાર્ગ પ્રભુપ્રાપ્તિનો

સરલ માર્ગ છે. તેને સ્પષ્ટ સમજાવે છે, - શ્રીમદ્ભાગવત ! તેના દ્વારા ભગવાન્ સરળતાથી મળે છે. તે સૂચવવા માટે આ સહેલો છંદ પહેલો વાપર્યો. તેનાં ચાર ચરણ, દરેકમાં આઠ અક્ષર, કુલ ૩૨ અક્ષર થાય. ભગવાન્ પુરુષોત્તમ બત્રીસ લક્ષણવાળા છે, તેથી બત્રીસ અક્ષર ! તે ભગવાન્ ભાગવતથી મળે છે. પુરુષોત્તમ ભગવાન્ પરબ્રહ્મ, એક જ અને અદ્વિતીય હોવાથી એક જ શ્લોક છે. અનુષ્ટુપ - છંદ વૈદિક નામવાળો છંદ છે. તે વેદમાં ગાયેલા ભગવાન્ ભાગવતમાં ગાવામાં આવે છે, - તેમ સૂચવે છે. ચાર ચરણ ચતુષ્પાદ બ્રહ્મનો નિર્દેશ કરે છે.

શ્રીમદ્-ભાગવતનાં પાંચ મુખ્ય ફલ :

શ્રીમદ્-ભાગવતજીનાં મુખ્ય પાંચ ફલ છે : એક ફલ સાક્ષાત્ ભગવત્-પ્રવેશ, પ્રભુપ્રાપ્તિ છે. દ્વિતીય ફલ ભગવાનમાં પરમ પ્રીતિ, તૃતીય ફલ ભગવત્-કૃપા, ચતુર્થ ફલ સર્વ સંશયનું દૂર થવું, પંચમ ફલ સર્વત્ર અભયની પ્રાપ્તિ ! શ્રીમદ્-ભાગવતજીનાં જુદાં જુદાં કથાનકોમાં વ્યાસ મહર્ષિજીએ જુદાં જુદાં ફલ કહ્યાં છે. એ બધાં ગૌણ ફલ છે. જે લોકો ફલની આશાએ શ્રીમદ્-ભાગવતનું સેવન કરવા ઈચ્છે છે, તેમને માટેનાં એ ફલ છે. વાસ્તવમાં તો ભગવાન્ પોતે જ ફલ છે, અથવા શ્રીમદ્-ભાગવત જ ફલ છે. ભાગવતથી ભગવાન્ મળે છે. ભાગવત પોતે ભગવાન્ રૂપે ફલિત થાય, - તે ફલ !

ભગવાનને પ્રાપ્ત કરવા એ મુખ્યફલ - ભાગવતજીનું ! ભગવાન્ બે રીતે પ્રાપ્ત થાય : (૧) બહાર, (૨) હૃદયમાં. જ્યારે શ્રીમદ્-ભાગવતના સતત પ્રેમપૂર્વકના શ્રવણથી, કીર્તનથી અને સ્મરણથી પ્રભુમાં શુદ્ધ, કપટરહિત પ્રીતિ થાય, ત્યારે ભગવાન્ કૃપા કરીને હૃદયમાં પ્રકટ થાય. પોતાના ભક્તોને જ્યારે પોતાને માટે ક્લેશ કરતા જુએ, ત્યારે પ્રભુ કૃપાયુક્ત બની જાય છે, હૃદયમાં રહેલા ભગવાન્, પોતાનું સ્વરૂપ ભક્ત પાસે પ્રકટ કરી દે છે. શ્યામસુંદર ભગવાન્ ભક્તની આંખ સામે તેને દર્શન દેતા પ્રકટ થઈ જાય છે. આમ, ભક્તના હૃદયમાં સાક્ષાદ્ ભગવાનનો પ્રવેશ થાય અથવા સાક્ષાત્ પ્રકટ થયેલા પ્રભુમાં ભક્તનો પ્રવેશ થાય.

શ્રીમદ્-ભાગવતનું બીજું ફલ - ભગવાનમાં પરમ પ્રીતિ ! જ્યાં સુધી આપણને સંસારમાં આસક્તિ છે, સ્વજનમાં મોહરૂપ સ્નેહ છે, ત્યાં સુધી ભગવાનમાં પ્રીતિ થાય નહિ. ભગવાન્ એક જ પ્રીતિ કરવા યોગ્ય છે, એમ સમજાવી ભાગવત પ્રભુમાં પ્રીતિ કરાવે છે. તાવમાં ભોજનનો સ્વાદ આવે નહિ, તેમ ભગવાનની સેવામાં અને કથામાં લોકાસક્તિ હોય કે સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી રસનો અનુભવ થાય નહિ, પ્રીતિ થાય નહિ. શ્રીમદ્-ભાગવતના સતત શ્રવણથી, કીર્તનથી અને સ્મરણથી લોકાસક્તિ અને મનની મલિનતા ચાલી જાય, અંતઃકરણ શુદ્ધ થાય. શુદ્ધ અંતઃકરણમાં પ્રભુમાં પ્રીતિ થાય. બીજે ક્યાંય ન હોય તેવી; પ્રભુ જેનાથી સમજાય, પ્રાપ્ત થાય તેવી, સર્વથી અધિક અને સુદૃઢ હોય, - તે પરમ પ્રીતિ કહેવાય.

ત્રીજું ફલ ભગવત્-કૃપા ! દુનિયામાં દેખાતા અનેક પદાર્થો અને પ્રાણીઓને પદાર્થ તરીકે અને પ્રાણીઓ તરીકે ઓળખીએ છીએ, ત્યાં સુધી કોઈમાં ભાવ અને કોઈમાં અભાવ આવે છે. કોઈક ગમે છે અને કોઈ તરફ અણગમો પણ થાય છે ! વાસ્તવમાં, "वासुदेवः सर्वमिति" - એ ગીતાજીમાં કહ્યું છે. શ્રુતિ પણ કહે છે, - "सर्वं खल्विदं ब्रह्म ।"- આ છે તે બધું ભગવાન્ જ છે, બ્રહ્મ છે. વસ્તુ દેખાય છે તે પણ ભગવાન્ ! અને વ્યક્તિ દેખાય છે તે પણ ભગવાન્ જ છે. આમ, વ્યક્તિ રૂપે અને

વસ્તુ રૂપે સઘળે ભગવાન્ જ બિરાજે છે, તે સમજાઈ જાય તો સર્વત્ર ભગવદ્ભાવ આવતાં મનમાંથી મલિનતા જાય, કાળજામાંથી કટુતા, કપટ અને કઠોરતા જાય, નિર્મલતા આવે. પોતાનાં માન્યા હોય તેમના તરફથી કૂણી લાગણીને લોકો પ્રેમ કહે છે. શ્રીમદ્-ભાગવત પોતાનાં અને પારકાં રૂપે માનેલાંને પ્રભુનાં સ્વરૂપ તરીકે ઓળખાવે છે ! પ્રભુ પોતાના તથા સૌના આત્મારૂપ છે. આત્મામાં સૌને પ્રીતિ હોય, તેથી માત્ર પ્રેમનું નહિ પણ પરમપ્રેમનું દાન ભાગવત કરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યેની ભક્તિ પરમપ્રેમ સ્વરૂપ છે. ભાગવત દુશ્મનને દુશ્મન તરીકે જોતી દૃષ્ટિ બદલી નાખે છે અને તેને ભગવાન્ તરીકે જોતાં શિખવે છે. વિશ્વની સર્વ વસ્તુમાં અને વ્યક્તિમાં કૃષ્ણનાં દર્શન કરાવી, તેમના પ્રત્યેની કઠોરતા, કટુતા, કપટ, અપેક્ષા વગેરે કાઢી નાખવાનું કાર્ય ભાગવતજી કરે છે. શ્રીમદ્-ભાગવત કોમલતા આપે છે, મધુરતા આપે છે. પ્રેમ આપે છે, ભગવદ્ભાવ દે છે. પ્રભુની કૃપાથી જ આ સુલભ બને. કૃપા ભાગવત દ્વારા મળે.

ચોથું ફલ - નિઃસંશયતા છે ! જ્યાં સુધી મનમાં સંદેહ હોય ત્યાં સુધી કાંઈ કામ કરવાનું મન ન થાય, સ્થિરતા ન આવે. કોઈ પણ પ્રવૃત્તિ કરતાં અચકાવાય, અટકી જવાય. માણસના મનમાં ગમે તેટલા, ગમે તે પ્રકારના, સંદેહ હોય, તે બધાને શ્રીમદ્-ભાગવત દૂર કરી દે છે. ભાગવત સર્વ વેદ-પુરાણ-ઈતિહાસનો સાર છે. ભાગવતનું ચિંતન કરે તેને સઘળા સંદેહોનું સમાધાન એમાંથી જડી આવે, નિઃસંદેહ થવાય. નિઃસંદેહ થયેલાની વૃત્તિ અને પ્રવૃત્તિ અટકાવી ન શકાય તેવી, ભગવાન્ માટેની થઈ જશે.

પાંચમું ફલ - શ્રીમદ્-ભાગવત સર્વત્ર અભય આપે છે ! અભયની ઈચ્છાવાળા માટે દશલીલાયુક્ત ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ શ્રીશુકદેવજી આવશ્યક ગણાવે છે. દશ લીલાઓ ભાગવતમાં છે. ભગવાન્ નૃસિંહે પ્રહ્લાદના મસ્તકે હસ્ત પધરાવીને કાળસર્પના ભયમાંથી તેને અભયનું દાન કર્યું છે. રાજા પરીક્ષિતને સંસાર-સર્પ કરડ્યો છે. એ સર્પના દંશમાંથી પરીક્ષિત રાજાને શ્રીશુકદેવજીએ શ્રીમદ્-ભાગવત દ્વારા મુક્ત કરાવ્યા. કાલ અને સંસારના ભયમાંથી શ્રીમદ્-ભાગવતજી છોડાવે છે. દુઃસંગ, દુઃખ કે આપત્તિ વગેરેના ભયમાંથી છૂટવાનો ઉપાય પણ શ્રીમદ્-ભાગવત બતાવે છે.

શ્રીનંદબાવાના પ્રસંગનો વિચાર કરીએ. શ્રીનંદમહોત્સવ પછી શ્રીનંદરાયજી મથુરામાં પધાર્યા, ત્યારે વસુદેવજીએ તેમને ચેતવ્યા કે, “અહીં બહુ રોકાશો નહિ. ગોકુલમાં બહુ ઉત્પાત છે !” નંદરાયજી ઉત્પાત આવશે, - એમ સમજ્યા ! વિચારમાં પડ્યા. ક ઈ આપત્તિ આવશે ? કઈ રીતે આવશે ? માનવ પણ જીવનમાં કોના તરફથી, કયે વખતે, કયા પ્રકારની આપત્તિ આવશે તે જાણતો નથી. પ્રાયઃ સૌ સંપત્તિને શોધવા પ્રયત્ન કરે છે. આપત્તિને ઓળખવાનો પ્રયાસ કરતા નથી. સંપત્તિની શોધ સંપત્તિ આવતાં પહેલાં કરે છે. આપત્તિને દૂર કરવાના ઉપાય આપત્તિ આવ્યા પછી શોધે છે. નંદબાવાએ આપત્તિ આવતાં પહેલાં જ તેને દૂર કરવાનો ઉપાય કર્યો છે; ઉત્પાતના આગમનની શંકાથી જ સાવધ થઈ ગયા છે, પ્રભુની શરણાગતિ કરી છે. આપત્તિ આવ્યા પછી નંદબાવા શરણે ગયા નથી, પણ આપત્તિની તેમને શંકા હતી. કઈ આપત્તિ? કેવી આપત્તિ ? ક્યારે આવનારી આપત્તિ ? - આ વિષે તે જાણતા ન હતા, તેથી હરિની શરણાગતિ કરી. સર્વનાં સર્વ દુઃખ હરનારા એક માત્ર હરિ છે. શ્રીહરિની શરણાગતિ કરનારને કોઈ પ્રકારનો ભય રહેતો નથી, અભય તેને અવશ્ય મળે છે. સંસારના

સંતાપમાં શેકાતા માનવને માટે બધાયે ધર્મો છોડી, પ્રભુની શરણાગતિથી અભય પ્રાપ્ત કરવા શ્રીમદ્ ભાગવત પ્રેરે છે. ભગવાનની શરણાગતિથી અભય મળે. શરણાગતિ શી રીતે થાય ? શરણાગતિ કેમ સચવાય ? - તે શિખવનાર પણ શ્રીમદ્-ભાગવત છે. બધા મોટે ભાગે આપત્તિના કાળમાં જ પ્રભુની શરણાગતિ કરે છે, પણ પછી શરણાગતિને સાચવતા નથી, શરણાગતિ દૃઢ અને અનન્ય રહેતી નથી. આપત્તિ પૂરતી શરણાગતિ કરે છે. દુ:ખ દૂર થતાં શરણાગતિ શિથિલ થઈ જાય છે અને વળી પાછા "હું કાંઈક છુ !" - એવા ભાનમાં અને તાનમાં આવી જાય છે. શરણાગતિ તો, - "હું કાંઈક છું !" - એવું તાન ક્યારેય આવવા ન દે, "હું એક માત્ર પ્રભુનો છું, પ્રભુ મારા સર્વસમર્થ સ્વામી છે; તે સર્વદા, સર્વથા અને સર્વત્ર મારી રક્ષા કરે છે, મને સંભાળે છે ! -" આનું સતત અનુસંધાન રહે. દૈન્ય તેનાથી ઉદ્ભવે, અભિમાન તેનાથી ક્યારેય આવે જ નહિ. કોઈ પણ પ્રકારનો ભય સતાવે નહિ. આ પ્રકારે, શ્રીમદ્ ભાગવત અભય આપે છે. પ્રભુમાં પ્રવેશથી મુખ્ય અભય મળે છે.

માહાત્મ્યનો પરિચય :

મહર્ષિ વ્યાસજી શ્રીમદ્-ભાગવતના માહાત્મ્યમાં શ્રીમદ્-ભાગવત પ્રત્યે આદર થાય તેવી કથાઓ કહી રહ્યા છે. માહાત્મ્ય ન જાણીએ તો આદર ન થાય. વસ્તુની ઉપયોગિતા, કિંમત, મહત્તા, વિશિષ્ટતા, શ્રેષ્ઠતા, જ્યારે સમજીએ ત્યારે જ તેનામાં આદર થાય. માહાત્મ્ય સમજાય છે, - ગુણોથી ! ભાગવત ભગવાનનું ચરિત છે, એટલા માટે ભગવાનની મહત્તા તે ભાગવતજીની મહત્તા ! ભગવાનનું માહાત્મ્ય ઓળખાવતા ભગવાનના ગુણો છ છે : ઐશ્વર્ય, વીર્ય, યશ:, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ! તેથી પદ્મપુરાણમાં કહેલા શ્રીમદ્ - ભાગવત - માહાત્મ્યમાં છ અધ્યાયો છે. તેમાં ૫૦૪ શ્લોકો છે. સ્કન્દપુરાણમાં કહેલા માહાત્મ્યમાં ૪ અધ્યાય છે, ૧૯૯ શ્લોક છે. શ્રીમદ્-ભાગવતના માહાત્મ્યને ગાતાં, એક શ્લોકમાં ભગવાનનું સ્તવન કરી ભગવાનની ઓળખ કરાવી દીધી.

બીજા શ્લોકમાં શ્રીમદ્-ભાગવતના મુખ્ય વક્તા શ્રીશુકદેવજીને વંદન કરે છે :

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव ।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुस्तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि ॥ (२)

શ્રીમદ્-ભાગવતજીના મુખ્ય ત્રણ વક્તાઓ છે : (૧) શ્રીશુકદેવજી, (૨) નારદજી અને (૩) સૂતજી. આ ત્રણમાંથી પહેલાં વંદન કર્યાં - શુકદેવજીને ! શ્રીશુકદેવજીમાં દૃઢ વૈરાગ્ય છે, તેથી ઉત્તમ - અધિકારી છે. શ્રોતા અને વક્તામાં જેમ જેમ વૈરાગ્ય વધારે હોય તેમ તેમ ભાગવતમાં અધિકાર વધારે હોય. અધિકાર ફલમાં સહાયક છે. અધિકારવાળો ક્રિયા કરે તેને ફલ જલદી મળે. સંસારમાં જેને વૈરાગ્ય હોય તે શ્રીમદ્-ભાગવતનું સેવન કરે, તો તેને શ્રીમદ્-ભાગવતનું ફલ જલદી મળે. જેમ વૈરાગ્ય ઓછો તેમ શ્રીમદ્-ભાગવતનું સેવન કરવા છતાં પણ ફલ વિલંબે મળે, અથવા ઓછું મળે. આ સૂચવવા માટે વૈરાગ્યપૂર્ણ મુખ્યવક્તા ભગવાન્ શુકદેવજીનું દર્શન અહીં વંદનરૂપ મંગલાચરણમાં કરાવે છે. સ્વયં ભગવાન્ શંકર વ્યાસ મહર્ષિજી દ્વારા શ્રીશુકરૂપે પ્રકટ થયા છે, - "**द्वैपायनाच्छुको जज्ञे भगवानेव शंकर :।**" તેમને શિવાવતારમાં જ જ્ઞાન અને વૈરાગ્ય સિદ્ધ છે. શંકર શુકસ્વરૂપે શ્રીમદ્-ભાગવતની પ્રવૃતિ માટે પધાર્યા છે. શ્રીમદ્-ભાગવતનું સમાધિમાં દર્શન વ્યાસ મહર્ષિજીને થયું છે.

વ્યાસજી પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણની જ્ઞાનકલાનો અવતાર છે. વ્યાસ મહર્ષિજી અધિકારી છે. તેમને વૈરાગ્ય નથી! વૈરાગ્ય ન હોવાથી સ્વયં ભગવાનની જ્ઞાનકલાનો અવતાર હોવા છતાં તેમનો અધિકાર ઉત્તમ નથી ગણ્યો; પણ વિરક્ત - પુરુષ શ્રીશુક ઉત્તમાધિકારી છે. વિરક્ત ભગવાન્ શુકદેવજી ૧૬ વર્ષ સુધી અરણીજીના ઉદરમાં બિરાજ્યા છે. માના ઉદરમાંથી બહાર પધારતાં શુકદેવજીને મોટી બીક લાગે છે, કે બહાર આવું તો ભગવાનની પ્રબલ માયા મને પીડે. ભગવાનની માયા પાર ન પહોંચી શકાય તેવી, સૌને મોહ કરાવનારી છે. ભગવાનનો જ શરણાગત બને તે માયાને તરી શકે. શુકદેવજી માયાથી ડર્યા! વ્યાસ મહર્ષિજીએ વચન આપ્યું કે માયાથી બંધન નહિ થવા દઈએ, ત્યારે વ્યાસ મહર્ષિજીને ત્યાં શુકદેવજી પ્રકટ થયા, પણ જન્મતાં સાથે જ નાળ ખભા ઉપર નાખી, શરીરે ઓર વિંટળાયેલું હતું અને ભગવાન્ શુકદેવજી ચાલી નીકળ્યા.

શ્રીશુકદેવજી પ્રવ્રજ્યા લઈને નહિ, સંગભયથી ચાલી નીકળ્યા છે :

વ્યાસજીએ આ કથા "**प्रव्रजन्तं**" શબ્દમાં કરી. કેટલાક પ્રવ્રજન - શબ્દ જોઈને જુદો અર્થ કરવા પ્રેરાય છે. જે દિવસે વૈરાગ્ય આવે તે દિવસે સંન્યસ્ત લઈને ચાલ્યા જવું. - "**यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत् ।**" - આ શ્રુતિનો અહીં સંદર્ભ કરે છે. શુકદેવજી વૈરાગ્યથી સંન્યસ્ત લઈ ઘરમાંથી ચાલ્યા જાય છે, તેમ ઘણા માને છે. શ્રીમહાપ્રભુજીનો અભિપ્રાય જુદો છે. શ્રીશુકદેવજી સંગના ભયથી પિતાનો આશ્રમ છોડીને ચાલ્યા જાય છે. "વ્યાસ મહર્ષિના આશ્રમમાં રહીને મને કોઈનો સંગ થાય તો ?" - વિરક્ત જ્ઞાની શ્રીશુકને સંગ ડરાવે છે! આપણે સંસારી માનવો કોઈની પણ સાથે મળીએ, બોલીએ, બેસીએ, ઊઠીએ છતાં આપણને સંગનો ક્યારેય ડર પ્રાયઃ નથી લાગતો, કારણ અજ્ઞાની છીએ! શુકદેવજી જ્ઞાની છે, તેથી તેમને સંગનો ડર લાગ્યો. શ્રીમદ્-ભાગવતજીના જે વક્તા થવાના છે, જેનામાં વૈરાગ્ય છે, જેનામાં જ્ઞાન છે, જે સ્વયં ભગવાન્ શંકરનો અવતાર છે, તેને પણ સંગનો ડર લાગે છે. સંગ કેટલો ભયાનક છે?!- તે આમાંથી સમજવા મળે છે. શુકદેવજીને વ્યાસજીના આશ્રમમાં સંગ વ્યાસજી અને વ્યાસજીના શિષ્યોનો થવાનો હતો. તે સામાન્ય સંસારી તો નહોતા જ, પણ જ્ઞાની હતા. આમ છતાં એવા ઋષિયો અને જ્ઞાનીઓનો સંગ પણ શુકદેવજીને ડરાવનારો લાગ્યો, તો આપણને સંસારિ - લોકોની વચ્ચે વસનારાને સંગ કેટલો ભયાનક બને ? અને એ સંગનો રંગ દૂર ન થયો હોય ત્યાં સુધી ભાગવતનો કે ભક્તિનો રંગ ક્યાંથી લાગે ? એક રંગ ઊખડ્યા વિના બીજો રંગ ન ચઢે. કપિલદેવજીએ પણ તૃતીય-સ્કંધમાં આ જ વાત જણાવી, - મા દેવહૂતિજીને ! "**प्रसंगमजरं पाशम्**" - પ્રસંગ છૂટે નહિ - ઘસાય નહિ - તેવું બંધન છે. (કોઈનો યે સંગ કરવો તે પોતે જ બંધનમાં મુકાવા જેવું છે.) પ્રસંગોની પરંપરા અંતઃકરણને રાગદ્વેષના બંધનમાં બાંધે છે. આ બંધન બહુ મજબૂત છે, ન છૂટે કે ન તૂટે! કોઈની યે સાથે સંગ કરશું તો અજાણતાં પણ તેની સાથે બંધાઈશું. બંધનમાંથી પછી છૂટવાનો ઉપાય મળવો કઠિન છે. તનનો સંગ ન છૂટે, - તો મનથી પણ સંગ છોડવો. શુકદેવજીને બંધન સ્પષ્ટ દેખાયું. સંગના બંધનમાંથી છૂટવા માટે શુકદેવજી ઘરમાંથી ચાલી નીકળ્યા. ઉપવીત વગેરે જે ક્રિયાઓ કરવાની હતી તે પણ શુકદેવજી કરવા રહ્યા નથી, જરૂર નથી પડી! ભગવાન્ વિષ્ણુના અવતાર વ્યાસજી દ્વારા જે દેહ પ્રકટ થયો તેની શુદ્ધિ કરવાની બીજી કશી જરૂરિયાત રહેતી નથી, વિશુદ્ધ દેહ છે. શુકદેવજી ચાલી રહ્યા છે, પાછળ પાછળ વ્યાસ મહર્ષિજી

પોકાર કરતા પધારે છે. પધારતા વ્યાસજીને "દ્વૈપાયન" તરીકે ઓળખાવે છે. "द्विर्गता आपो यस्मिंस्तद् द्वीपम् । तदयनं स्थानं यस्यास्तीति द्वीपायनः । स एव द्वैपायनः ।" - બે બાજુ પાણી અને વચમાં જમીન, તેનું નામ દ્વીપ ! એ દ્વીપમાં જન્મેલા અથવા એ દ્વીપમાં વસેલા તે દ્વીપાયન, એ જ દ્વૈપાયન. તે સૂચક શબ્દ છે. વ્યાસજીનો જન્મ થયા પછી મા વાસવીજીએ અને પિતા પરાશરજીએ તેમને બેટમાં મૂકી દીધા છે, તેથી એકલા રહેવા ટેવાયા છે; અને એકલા રહેવા ટેવાયેલા વ્યાસજીએ એકાન્તમાં વસીને જ્ઞાનની આરાધના ખૂબ કરી, લોકકલ્યાણ માટે ખૂબ પ્રયત્ન કર્યા. અનેક ઉપાયો કર્યા, છતાં સંતોષ થયો નહિ; પણ દેવર્ષિ નારદજી પાસેથી જ્યારે સમાધિનો આદેશ મળ્યો, ભગવાનની લીલાનાં દર્શન કર્યાં, ત્યારે સંતોષ થયો. પોતાના અનુભવે એકાન્તમાં વસવા છતાં પણ જીવન અધૂરું હતું, પ્રભુની લીલાનાં દર્શને મધુરું થયું. પોતાના આ ચાલ્યા જતા દીકરાને પણ એ ઉત્તમ લાભ કેમ ન મળે ? - એ વિચારે વ્યાસજી વિરહ-વ્યાકુલ છે, નહિ તો નાનપણથી એકાન્તમાં રહેવા ટેવાયેલા વ્યાસજી મહર્ષિને પોતાનો દીકરો ચાલ્યો જાય તેનું દુઃખ ન લાગે; પણ તે પિતા છે. ઉત્તમ વસ્તુ પુત્રના મુખમાં મૂકવા તત્પર છે. તે ઉત્તમ વસ્તુ શ્રીમદ્-ભાગવત છે. વ્યાસજી તે સુયોગ્ય પુત્રને દેવા તલસે છે અને એટલા માટે પોકાર કરી રહ્યા છે, - "पुत्रेति ।"

વ્યાકરણમાં "पुत्रेति"– સંધિ ન થાય, શ્રીભાગવતમાં તો થાય ! :

જો કે "पुत्र" અને "इति" બે શબ્દોની સંધિ ન થાય. વ્યાકરણના નિયમથી - "प्लुतप्रगृह्या-चिनित्यम् ।"- થી "पुत्र इति"- એવો શબ્દ રહે, (કે વિકલ્પે સંધિ થાય,) છતાં સંધિ કરી ! શ્રીમદ્-ભાગવત સુજન સાથે સંધિ કરતાં શિખવે છે. શ્રીભાગવત કોઈની સાથે વિગ્રહ (ક્લેશ) કરાવતું નથી. તે તો પોતાનો નિગ્રહ (સંયમ) કરતાં શિખવે છે, સદ્વસ્તુનો સંગ્રહ કરતાં શિખવે છે, ઈન્દ્રિયના પ્રગ્રહ (લગામ)ને હાથમાં રાખતાં શિખવે છે, પ્રભુનો અનુગ્રહ (કૃપા) મેળવી આપે છે, સઘળો દુરાગ્રહ છોડાવે છે, વ્યર્થ સંકલ્પમાંથી છોડાવે છે, વિકલ્પમાંથી પણ છોડાવે છે. એટલા માટે અહીં વિકલ્પસંધિ નથી, પણ વ્યાસ મહર્ષિ પોકાર કરતા હતા. દીકરો ઉત્તમ વસ્તુ (ભાગવત) લીધા વિના જતો હતો, તેથી વ્યાકુલતા હતી ! પરિણામે દુઃખથી વ્યાસજીનો કંઠરવ ગદ્ગદિત થયો ! "પુત્ર" - શબ્દ પ્લુત બની શક્યો જ નહિ, એટલા માટે અહીં સંધિ કરી દીધી. જેના હૈયામાં સ્નેહ છે, વાણી ગદ્ગદ્ છે, ઉત્તમ વસ્તુ અન્યને દેવાનો અભિલાષ છે, તેને સૌની સાથે સંધિ છે, વિગ્રહ થતો નથી.

વૈષ્ણવ વનસ્પતિનો અવ્યક્ત ઉત્તર : સર્વપ્રેરક મુનિ શ્રીશુકને નમન :

મહર્ષિ વ્યાસ પોકારતા જતા હતા. બાજુએ ઊભેલાં તરુઓને દયા આવી. વનસ્પતિ વૈષ્ણવ છે. - "वैष्णवा वै वनस्पतयः ।" - પરદુઃખ દેખીને દાઝે તે, - વૈષ્ણવ ! પોતાના દુઃખે દુઃખી ન બને, પણ પારકાના દુઃખે દુઃખી થાય, પારકાનાં દુઃખને દૂર કરવા માટે મથામણ કરે, -તે વૈષ્ણવ ! તેમણે વ્યાસજીનું દુઃખ જોયું. પોતે દુઃખી થયાં અને જાણે વ્યાસજીનાં દુઃખ દૂર કરવાં હોય તેમ પ્રત્યુત્તર દેવા લાગ્યાં ! "तरवोऽभिनेदुः ।" - વ્યક્ત નથી બોલ્યાં. અવ્યક્ત બોલ્યાં છે ! "नेदुः" શબ્દ છે. "णद अव्यक्ते शब्दे ।" - અવ્યક્ત શબ્દ બોલ્યાં, સ્પષ્ટ રીતે નહિ. વ્યાસજી અને વૃક્ષ બન્નેની સ્થિતિ સમાન થઈ છે. "तन्मयतया" શબ્દ એ સ્થિતિ સચૂવે છે. અહીં "तत्" - પદ શુકદેવજીને ઓળખાવે છે - "तन्मयतया शुकमयतया ।" વ્યાસજી વિરહમાં શુકમય બની ચૂક્યા છે અને પેલાં વૃક્ષો પણ શુકમય બની ગયાં છે.

શુકદેવજી બ્રહ્મજ્ઞાની છે. બ્રહ્મજ્ઞાનના પ્રભાવે સર્વભાવ તેમનામાં બિરાજે છે. સર્વભાવથી વૃક્ષોમાં પણ તે બિરાજે છે; અથવા યોગ દ્વારા પણ શુકદેવજી વૃક્ષોમાં પ્રવેશ કરી શકે છે. વૃક્ષોમાં પ્રવેશ કરી શ્રીશુકદેવજી પ્રત્યુત્તર આપી રહ્યા છે. શુકદેવજી "सर्वभूतहृदयः" છે. "सर्वभूतानां प्राणिनां हृत् हृदयं अयते प्रेरयति इति सर्व भूतहृदयः । तं सर्वभूतहृदयम् ।" - સર્વ પ્રાણીનાં હૃદયમાં પ્રવેશ કરીને પ્રેરે તે, - સર્વભૂતહૃદય ! શુકદેવજી પ્રાણીમાત્રના હૃદયને પ્રેરનારા છે; વળી,તે મુનિ છે. મનન કરે તે, - મુનિ ! મુનિની બીજી વ્યાખ્યા પણ છે. "वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ।" - રાગ, ભય અને ક્રોધ જેનામાંથી ચાલ્યા ગયા હોય તે પણ મુનિ ! શુકદેવજીમાં એ ત્રણે નથી. સંસારમાં તેમને રાગ નથી. તેમને કોઈનો ભય નથી. અભય પ્રાપ્ત થયું છે. ઘર છોડીને ચાલ્યા જતાં ચિંતા નથી કે ખાઈશું શું ? કરીશું શું ? શરીરે લંગોટી પણ ધારણ કરી નથી, અને ચાલ્યા જાય છે ! શુકદેવજીને ક્રોધ ક્યારેય આવતો નથી. તેઓ બ્રહ્માત્મભાવ-ચિંતનપરાયણ મુનિ છે. વ્યાસ મહર્ષિજી એ મુનિને ઉદ્દેશીને બોલ્યા, - "आनतोऽस्मि ।" શુકદેવજી સર્વત્ર બિરાજે છે, વ્યાપક છે. જ્યાં બિરાજતા હોય ત્યાં હું શુકદેવજીને નમસ્કાર કરું છું ! ચારે તરફ વંદન કર્યું. વંદન વડીલને નાનાં હોય તે કરે. પુત્ર પિતાને વંદન કરે તે, - મર્યાદા ! પિતા અહીં પુત્રને વંદન કરે છે, તે પુષ્ટિ છે ! તેમાં હૃદયની ભાવવૃષ્ટિ છે. શ્રીમદ્-ભાગવત વયને નહિ, વિત્તને નહિ, વપુને નહિ, માત્ર વિધાને નહિ, પણ ભગવાન્ સાથેના સંબંધને જ મહત્તા આપે છે ! ભગવાન્ સાથે જેનો સંબંધ, સ્નેહ દૃઢ તેનું સ્થાન ઊંચું ! વ્યાસ મહર્ષિજીએ પોતાના પુત્રના આ પ્રભાવને જોયો. વૃક્ષને પણ પ્રેરણા કરતા પુત્રને જોયા. એ પ્રભાવને જોતાં મહર્ષિ વ્યાસજી વંદન કરે છે. પરિસ્થિતિ ઉપર પક્વ વિચાર કરે એ જ્ઞાનની સ્વાભાવિક્તા છે. ઉત્તમતા કોઈ પણ સ્થળેથી, કોઈ પણ રીતે,મળી આવતી હોય; તો એને સ્વીકારી લે અને એ ઉત્તમતાનો આદર કરે એમાં જ્ઞાનનું ગૌરવ છે.

પોતાના માનસપુત્ર સનત્કુમારને બ્રહ્માજીએ એક વખત આજ્ઞા કરી, - સૃષ્ટિ કરો ! કુમારોએ સૃષ્ટિ કરવાની ઈચ્છા ન કરી. બ્રહ્માજીને ક્રોધ આવ્યો ! બ્રહ્માજીમાં રજોગુણ છે. શુકદેવજી ચાલ્યા જતા હતા. વ્યાસજી અટકાવવા માટે મથ્યા. શુકદેવજી ન અટક્યા, છતાં વ્યાસજી ગુસ્સે ન થયા. વ્યાસમાં જ્ઞાન છે, સાત્ત્વિકતા છે, તેથી ગુસ્સે થવાને બદલે, ચાલ્યા જતા ગુણનિધિ પુત્રને વંદન કરી રહ્યા છે ! - પુત્ર તરીકે નહિ, પ્રભુમગ્ન-સર્વપ્રેરક - મુનિને ! શરીરને નહિ, સન્નિષ્ઠાને ! દેહને નહિ, દિવ્યતાને ! વપુને નહિ, વૈરાગ્યને વંદન છે ! સંબંધનું નહિ પણ શ્રેષ્ઠતાનું સન્માન છે ! ભગવાન્ કરતાં પણ અધિક ભગવાનને ગાનાર ભક્તને બતાવતાં વસંતતિલક-વૃત્તમાં વંદન કર્યાં.

નૈમિષારણ્યમાં કથામૃત-રસાસ્વાદ-કુશલ શૌનકજીના કર્ણરસાયન રૂપ કથા સંબંધી સાત પ્રશ્ન :

તૃતીય શ્લોકથી શ્રીમદ્-ભાગવત જ્યાંથી ઋષિ-ગણને પ્રાપ્ત થયું, એ સ્થળની ઓળખ કરાવે છે. શ્રોતાવક્તાને પણ સાથે વર્ણવ્યા છે. સર્વપુરાણોની કથા એક સ્થળમાં થઈ છે, - નૈમિષારણ્યમાં !

नैमिषे सुतमासीनमभिवाद्य महामतिम् ।
कथामृतरसास्वादकुशलः शौनकोऽब्रवीत् ॥ (३)

ક્ષેત્ર નૈમિષારણ્ય છે. વક્તા મહામતિ છે. શ્રોતા કથામૃતરસાસ્વાદ-કુશલ છે. નૈમિષારણ્ય -

શબ્દમાં "નૈમિષ" અને "નૈમિશ," ષટ્કોણનો મૂર્ધન્ય ષ-કાર અને શકોરાનો તાલવ્ય શ-કાર બેમાંથી ગમે તે એક લઈ શકાય. આંખના પલકારા જેટલા ઓછા સમયમાં ખરાબ વિચારો જ્યાં શાન્ત થઈ જાય તેવું, દોષો દૂર કરનારું, સ્થળ, - નૈમિષ ! જ્યાં આગળ મન ક્યાંય દોડતું અટકી જાય, મનમાં કોઈ જ સંકલ્પ ન આવે, મન શાન્ત થઈ જાય, મનની વૃત્તિ અને તેથી થતી પ્રવૃત્તિ નિવૃત્તિ લઈ લે, તેવું પુણ્યમય તપઃસ્થાન, - નૈમિશ !

આવા દિવ્ય-સ્થળમાં ૮૮ હજાર મહર્ષિઓ વિરાજે છે. આ ઋષિઓના કુલપતિ એમનું પાલનપોષણ કરે છે, તેમનું નામ છે, - શૌનકમુનિ. આ શૌનકમુનિ શ્રોતા તરીકે અગ્રસ્થાને વિરાજ્યા છે. વક્તા સૂતજી મહામતિ છે. સર્વમાં ભગવાન્ મહાન્ છે. તેમાં જેની મતિ હોય તે મહામતિ છે. પ્રભુમાં મતિ ન હોય તેવા લોકોમાં ગમે તેટલી બુદ્ધિ દેખાતી હોવા છતાં તે મંદમતિ છે. કથા ભગવાનમાં રતિ દઈ, પ્રગતિ કરાવી, મહામતિ બનાવે છે, સામાન્યને શ્રેષ્ઠ બનાવે છે. કથા મનના મરેલાને ઉત્સાહરૂપ નવું જીવન દેનારી છે, તેથી અમૃત છે. સમજવામાં સરલ છે. એક રસ કરી દેનારી છે, નીરસને સરસ બનાવનારી છે. સાંભળવામાં શ્રમ કરવો પડતો નથી, તેથી તે ઘન નથી, પણ રસ છે, ભગવદ્રૂપ છે. તેનો આસ્વાદ પ્રભુને જાણવામાં તથા માણવામાં મળે છે. કથામાંથી બીજી કોઈ પણ વાતને હૃદયમાં રાખવા કરતાં, માત્ર પ્રભુને જાણવા, નાણવા, માણવા અને હૃદયમાં આણવા, તે કુશલતા છે. આ સર્વગુણોથી શૌનક ઋષિ કથામૃતરસાસ્વાદ-કુશલ છે.

શૌનકે પ્રથમ પ્રશ્ન કર્યો, - "અજ્ઞાનના અંધકારને દૂર કરવામાં સૂર્યકાન્તમણિના અગ્રભાગ જેવી તેજસ્વી બુદ્ધિવાળા હે સૂતજી ! કથાસાર સંભળાવો !" આમાં કથાસારને "मम कर्णरसायनम्" કહ્યું છે. તેમના કાનને વેદના મંત્ર સાંભળવાની ટેવ પડી છે, તેમાં રુચિ છે, કારણ તે ઋષિ છે. આપણે લૌકિક છીએ. આપણને લોકોની વાતો સાંભળવાની ટેવ પડી છે. જ્યાં લોકોને લૌકિક વાતો સાંભળવાની ટેવ છૂટી જાય, રુચિ ન રહે અને વેદના મંત્રો સાંભળનારાઓને વેદના રમ્ય મંત્રોચ્ચાર સાંભળવાની ટેવ કે રુચિ પણ જેનાથી છૂટી જાય, એવું અદ્‌ભુત સાંભળવા મળે તે કર્ણરસાયણ કહેવાય. જેને સાંભળ્યા પછી લૌકિક કે વૈદિક કશું જ સાંભળવાનું રુચે નહિ, જરૂરી જણાય નહિ, એનું નામ, - કર્ણરસાયન ! "कर्णयो रसस्य भगवतः कृष्णस्य अयनं प्राप्तिर्येन तत् कर्णरसायनम् ।" - જેના દ્વારા બે કાનની અંદર રસરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણ પધારે તે, - કર્ણરસાયણ ! આવું રસાયણ છે - કથાસાર - ભગવાનની કથા ! કથા જીવનમાં નીતિ અને રીતિ શિખવે છે; ભગવાનમાં પ્રીતિ કરાવે, જીવનની ભીતિ બધી દૂર કરે. ભગવાનમાં પ્રીતિ થતાં નીતિ અને રીતિ સ્વાભાવિકપણે આવે, શોધવાં-સમજવાં પણ ન પડે !

પંચતંત્ર, બૃહત્કથાસરિત્સાગર, કાદંબરી વગેરે જેવી કોઈની પણ વાત, કથા થઈ શકે. કથાસાર તો માત્ર ભગવાનની વાત જ હોઈ શકે. કથા કલ્યાણ કરે, કથાસાર કૃતાર્થ કરે. પોતાની કથા દ્વારા કૃષ્ણ કાનમાં પધારે છે; અને ત્યારબાદ હૃદયમાં સ્થિર થઈને બિરાજે છે. જેણે ભગવાનની કથાનો રસ ચાખ્યો છે, તેને જગતના કોઈ રસ ચાખવાનું મન થતું નથી. જેના કાનને કથા સાંભળવાની ગમે છે, તેના કાનને કુથલી સાંભળવી ગમે નહિ. જો આપણને લૌકિક વાતો સાંભળવી ગમે, તો માનવું કે હજી આપણા કાનને કથાનો સાર-રસ-મળ્યો નથી.

શૌનકે બીજો પ્રશ્ન પૂછ્યો, - "ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યથી પ્રાપ્ત થયેલો વિવેક વધે કેવી રીતે ?" ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય મેળવવાં કઠિન છે, પણ એ ત્રણેય મેળવ્યા પછી વિવેક મેળવવો અતિકઠિન છે. વિવેક મેળવ્યા પછી તેને સાચવવો કઠિન છે. સાચવ્યા પછી તેને વધારવો તો તેથીય કઠિન છે.

ત્રીજો પ્રશ્ન, - "જન્મેલા સૌને માયા પીડે છે, મોહ કરાવે છે. માયામાંથી થતા મોહને વૈષ્ણવો કઈ રીતે દૂર કરે છે ?" પ્રશ્નમાં **"वैष्णवैः"** શબ્દ સૂચક છે. વિષ્ણુના સંબંધી બને તે, - વૈષ્ણવ ! વિષ્ણુ સાથે સંબંધ સ્નેહ કે શરણાગતિથી થાય. આવો સંબંધ કરનારા વૈષ્ણવો જ માયાથી થતા મોહને દૂર કરી શકે છે. આવા વૈષ્ણવો અનેક છે. તેવું **"वैष्णवैः"** - શબ્દમાં બહુવચનથી સૂચવે છે. ચોથો પ્રશ્ન, - "આ ઘોર કલિયુગ આવ્યો છે. જીવ અસુર થઈ ગયો છે. પરિણામે ક્લેશાક્રાન્ત છે. ક્લેશ બધી તરફથી પીડે છે. તેની શુદ્ધિનું સાધન શું ?" **"असुषु रमत इत्यसुरः तस्य भावोऽसुरता।"** **"असु"** એટલે પ્રાણ, ઈન્દ્રિય ! પોતાની ઈન્દ્રિયોને રાજી રાખવા માટે જુદા જુદા ભોગો ભોગવવામાં જ જે પ્રવૃત્તિ કરે તે, - અસુર ! લૌકિક - ભોગ કરવાનો સ્વભાવ અસુરપણું છે. સઘળી ઈન્દ્રિયોને અનુકૂલ બનાવવાને બદલે, પોતે ઈન્દ્રિયોને અનુકૂળ બની જાય એનું નામ, - અસુર ! ઈન્દ્રિયોને અનુકૂલ બનાવે તે, સુર ! અને ઈન્દ્રિયોને પોતે અનુકૂલ બને તે, - અસુર ! કલિયુગમાં મોટે ભાગે સર્વ પોતાની ઈન્દ્રિયોને અનુકૂલ થાય છે. ઈન્દ્રિયોના ભોગ ભોગવે તેને ક્લેશ અને શોક અવશ્ય આવે; છતાં ભોગવૃત્તિ-વાસના જાય નહિ, તો ક્લેશ કાયમી થાય. તેમાંથી છૂટવાનો ઉપાય સૌને સહેલાઈથી મળે નહિ; તેથી ચોથો પ્રશ્ન પૂછ્યો. "ઈન્દ્રિયોના ભોગ ભોગવીને દુ:ખી થતા લોકોના ક્લેશને દૂર કરવાનું સાધન શું ?"

પાંચમો પ્રશ્ન પૂછ્યો, - "પરમ કલ્યાણકારી સાધન શું ?" કલ્યાણ તો અનેક દેખાય છે, પણ સૌનું સર્વ રીતે કલ્યાણ કરે તેવું શું ?

છઠ્ઠો પ્રશ્ન પૂછ્યો, - "પરમ પાવન શું ?" પવિત્ર તો અનેક હોય, પણ સૌને સર્વ રીતે પાવન કરે તેવું શું ?"

સાતમો પ્રશ્ન પૂછ્યો, - "ભગવાન્ કૃષ્ણને મેળવી આપનારું નિત્યસાધન કહો !" સત્યયુગમાં ધ્યાન, ત્રેતામાં યજ્ઞ, દ્વાપરમાં પરિચર્યા અને કલિયુગમાં કીર્તન ! એવાં ચાર કાલાનુકૂલ સાધનોનું સમાન ફલ તો શાસ્ત્ર બતાવે છે, પણ ભગવાન્ મેળવવામાં કે પ્રસન્ન કરવામાં ચારમાંથી કોઈ પણ યુગ હોય, છતાં સાધનમાં ફેર ન કરવો પડે અને માત્ર એક જ સાધનથી ભગવાન્ હમેશાં પ્રસન્ન થાય, પ્રાપ્ત થાય, એવું સાધન પૂછે છે.

સાતે પ્રશ્નોનું સંકલન : ઋષિયોના મતે પણ, લોકસુખ અને શાસ્ત્રફલની લાલસા છૂટ્યા પછી પ્રભુ માટે પ્રયત્ન થઈ શકે છે :

કુલ સાત પ્રશ્નો પૂછ્યા છે. ભગવાનના છ ગુણો અને ભગવાન્, મળીને સાત થાય. મહત્તા ગુણ અને સ્વરૂપથી સમજાય, તેથી માહાત્મ્યમાં સાત પ્રશ્ન છે. લોકમાં અને વેદમાં માનવના મનને લલચાવનારી અનેક વાતો સાંભળવા મળે છે. તેમાંથી બચવા માટે કર્ણરસાયન રૂપ કથાસાર પૂછ્યો. કથાસારથી પ્રભુમાં પ્રીતિ થાય, ભક્તિ થાય. ભક્તિથી જ્ઞાન-વૈરાગ્ય મળે; તેથી વિવેક મળે, છતાં વિવેક વધવો કઠિન છે, તેથી બીજો પ્રશ્ન વિવેક કેમ વધે ? - તેવો પૂછ્યો. વિવેક વધતાં માયાથી થતા મોહરૂપ અવિવેકમાંથી ભગવાનના ભક્ત વૈષ્ણવો કઈ રીતે છૂટે છે ? - તેવો વિવેકનો ઉપયોગ

પૂછ્યો. છૂટેલો મોહ પુનઃ ન થાય તથા થયેલો મોહ જાય, તે માટે ઈન્દ્રિયભોગથી ક્લેશાક્રાન્ત થયેલા જીવની શુદ્ધિનું સાધન પૂછ્યું. ભોગ છૂટતાં, ક્લેશ જતાં, જીવને કલ્યાણ મેળવવાની કામના થાય, તેથી પરમ કલ્યાણ પૂછ્યું. પ્રાપ્ત થયેલું કલ્યાણ પવિત્રતાથી કાયમ ટકે. પવિત્રના સેવનથી પાવન થવાય, તેથી પરમ પાવનનું સ્વરૂપ પૂછ્યું. તન અને મનથી જન પવિત્ર બને, તો કૃષ્ણ-પ્રાપ્તિની ઈચ્છા થાય. પાવનને પ્રભુ મળે, - તેવી માન્યતાએ, સાધનમાં શ્રદ્ધાવાળા ઋષિયોએ, ભગવાન્ કૃષ્ણ પણ સાધનથી મળે, - તેવી સમજ તેમને હોવાથી, કૃષ્ણ-પ્રાપ્તિનું નિત્યસાધન પૂછ્યું. આમ, લૌકિક તથા વૈદિક પ્રલોભનોમાંથી કે ભયમાંથી છૂટવાના સાધનથી આરંભી પ્રભુપ્રાપ્તિપર્યંતની સાધનપરંપરા ઋષિએ પૂછી છે, તેથી લોકસુખ અને શાસ્ત્રમાં કહેલાં ફળ મેળવવાની લાલસા છૂટયા પછી જ પ્રભુપ્રાપ્તિ માટે પ્રયત્ન થઈ શકે, - તેવો મત (યજ્ઞપરાયણ હોવા છતાં), ઋષિયોનો સ્પષ્ટ દેખાય છે.

ગુરુ પ્રસન્ન થાય તો યોગીઓને દુર્લભ વૈકુંઠ મેળવી આપે છે :

શૌનકે પ્રશ્નોનો ઉપસંહાર કર્યો, - "ચિંતામણિ મળે તો ચિંતવેલા બધાં લૌકિક સુખ તેનાથી મળે. જો કલ્પવૃક્ષ મળી જાય તો સ્વર્ગનાં સુખ આપે, પણ ગુરુ પ્રસન્ન થાય તો યોગીને દુર્લભ એવો વૈકુંઠલોક મેળવી આપે, ભગવાન્ મળે ! -" **"प्रयच्छति गुरुः प्रीतो वैकुण्ठं योगिदुर्लभम् ।"** ગુરુ કરવા માત્રથી કૃતાર્થતા થતી નથી. એ તો માત્ર પ્રાથમિક કક્ષા છે. ગુરુ તરીકે કોઈને સ્વીકારવા એ તો જીવનમાં કલ્યાણ મેળવવાની માત્ર શરૂઆત થઈ; પણ ગુરુ કર્યા પછી ગુરુને પ્રસન્ન કરવાથી પરમ કલ્યાણ થાય. પ્રસન્નતા ફળ આપનારી બને છે. ગુરુ કરવાથી માત્ર ગુરુના અભાવમાં જે દોષો આવતા હોય તે અટકી જાય, પણ ગુરુ પ્રસન્ન થાય તો ભગવાનને મેળવી આપે. ગુરુ પ્રસન્ન થાય તો સઘળું મળે. જ્ઞાન આપે તે, - ગુરુ ! અજ્ઞાનના અંધકારને દૂર કરે તે, - ગુરુ !

બધા પ્રશ્નોનો એક જ જવાબ છે, - શ્રીમદ્ભાગવતશાસ્ત્ર ! :

આ સાંભળી સૂતજી પ્રસન્ન થયા અને બોલ્યા, - "શૌનક ! તમારા હૃદયમાં પ્રીતિ છે, તેથી તમને વિચાર કરીને પ્રત્યુત્તર આપું છું !" પ્રભુની કથા સાંભળવા ઈચ્છનારના હૃદયમાં પ્રીતિ હોય તો જ કથા અંદર સ્થિર થાય. પ્રીતિવાળાને જ પૂર્ણ વાતો સંભળાવાય. જેને પ્રભુમાં પ્રીતિ ન હોય અને સાંભળે, તે સાંભળેલું ભૂલી જાય. પ્રીતિપૂર્વક સાંભળે તે ભૂલી ન જાય. પ્રીતિનું સામર્થ્ય યાદ રખાવે, ભૂલી જતાં અટકાવે. પ્રીતિવાળાને પ્રીતિ વધે, કલ્યાણ થાય, સાચો અને સ્પષ્ટ માર્ગ સરલતાથી મળે, તેવી વાત વિચારીને કહેવાય. વગર વિચારે ભૂલથી કાંઈ અયોગ્ય બતાવી દેવાય તો બતાવનારને દોષ લાગે, તેથી સૂતજી વિચારીને ઉત્તર આપે છે. આઠથી અગિયાર શ્લોક સુધીમાં સાત પ્રશ્નોના જવાબ આપ્યા. **"श्रीमद्भागवतं शास्त्रं कलौ कीरेण भाषितम् ।"**- માં સાતેય પ્રશ્નોનો સ્પષ્ટ પ્રત્યુત્તર સમાઈ ગયો છે.

શ્રીમદ્- ભાગવતશાસ્ત્ર કથાના સારરૂપ છે. શાસ્ત્રના સર્વ સિદ્ધાંતો તેમાં સમાયેલા છે; સર્વ શાસ્ત્રના સિદ્ધાંતના સારરૂપ પણ છે, સંસારના ભયનો નાશ કરનારું છે. ભેદદષ્ટિ અને બુદ્ધિમોહથી ઊભો થયેલો સઘળા પ્રકારનો ભય તેનાથી નાશ પામે છે. સંસાર અહંતા-મમતારૂપ છે. જીવે તે અવિદ્યાથી કલ્પેલો છે. ભાગવતજી વિદ્યાનો વિવેક દઈ, અવિદ્યા દૂર કરી, સંસારભયને દૂર કરે છે, માયાથી થતો મોહ દૂર કરે છે. ભાગવત-સેવનથી જીવની ઈન્દ્રિય - ભોગલાલસા છૂટે છે. ક્લેશ તો

લેશ પણ રહેતો નથી. શુદ્ધિમાં અભિવૃદ્ધિ થાય છે, સાથે જ પ્રભુમાં પ્રીતિ પ્રાણીમાત્રને પાવન કરે છે; તેથી શ્રીમદ્ ભાગવત પાવનરૂપ છે. વળી પ્રીતિ જ પ્રભુને પ્રસન્ન કરે છે. પ્રસન્નતાથી ભક્તને પ્રભુ મળે છે, તેથી કૃષ્ણ-પ્રાપ્તિ કરાવનારું પણ ભાગવત છે. સૌ માટે કૃષ્ણ-પ્રાપ્તિ જ પરમ કલ્યાણ રૂપ છે. શ્લોકમાં "च" કારથી તેનો સંગ્રહ છે. સાતેય પ્રશ્નનાં જવાબમાં શ્રીમદ્ ભાગવતને જ સાધન રૂપે દર્શાવે છે.

કાલની વિકલતામાંથી પણ બચાવનારું શ્રીમદ્ ભાગવત છે. કાલ વ્યાલ છે. વ્યાલ એટલે સર્પ. સર્પ આવે તો ખબર ન પડે. વાઘ કે સિંહ આવે તો ખબર પડે, અવાજ થાય; પણ સર્પ આવે તો ખબર નથી પડતી. કાલને લોકો આવતો જાણે, તો તો બચાવ માટે સાવધ થાય, પ્રયત્ન કરે, પણ કાલ સર્પ હોવાથી આવે છે તેની ખબર નથી પડતી, પણ આવ્યા પછી દેખાય છે. સર્પનો ભય તો લાગ્યા કરે છે, તેમ કાલની વિકરાલતાનો ભય તો ઘડપણ, મરણ, મોંઘવારી, અસલામતી, પ્રતિકૂલતા વગેરે રૂપે સતત સતાવ્યા કરે છે. સાપ કરડ્યા પછી શરીરમાં ઝેર વ્યાપી જાય છે, તેમ ક્રમશઃ કાલને કારણે થતા જુદા જુદા દોષો અને ભય અંતઃકરણમાં ભરાય છે. માનવ તેથી ગભરાય છે. વાણી, વિચાર અને વર્તનમાં તે ઊભરાય છે. કાલની ભયંકરતાથી ભયની જ વાતો, વિચારો કર્યા કરે છે. તેમાંથી બચવા ફાંફાં મારે છે, પણ બચી શકતો નથી. બચવાનું એકમાત્ર સચોટ સાધન છે, - શ્રીમદ્ ભાગવત !

શ્રીમદ્ એટલે શોભાવાળું, ભાગવતની શોભા તો અલંકારાદિ નથી, ભાગવત પોતે છે. "શ્રી" શબ્દ ચાર ધાતુઓમાંથી બની શકે. તે ચારેય યુક્ત શ્રીમદ્ ભાગવત પોતે છે. (૧) "श्रिञ् सेवायाम् ।" - સેવા પ્રણાલિકા પણ ભાગવતમાં છે. (૨) "श्रृ विस्तारे" - વેદ, ગીતા, બ્રહ્મસૂત્રનો વિસ્તાર પણ ભાગવત છે. (૩) "श्रृ हिंसायाम्" - સઘળા દોષ અને ભયનો નાશ કરનાર ઉપાયો યુક્ત ભાગવત છે. (૪) "श्रु श्रवणे" - શ્રવણ કરવી આવશ્યક ભગવાનની લીલાઓ રૂપ ભાગવત છે. ભગવાને કહેલું ભાગવત છે. તે શાસ્ત્ર છે. શાસન કરે તે, - શાસ્ત્ર ! અભયની ઈચ્છાવાળાએ તેની આજ્ઞા પાળવાની જ હોય.

શ્રીભાગવતના વક્તા શ્રીશુક તો શ્રીસ્વામિનીજીના પોપટ છે :

"कलौ कीरेण भाषितम्" - અહીં સૂચક શબ્દ "कीरेण" મૂકેલો છે. "कीर" એટલે પોપટ. શુક ન કહેતાં, કીર શબ્દ કહ્યો છે ! કીર્તનમાં "सूआ पढ़ावत सारंगनयनी" છે. શ્રીશુકદેવજી શ્રીસ્વામિનીજીના પોપટ છે. તે સ્પષ્ટ કરવા માટે "कीरेण" શબ્દ મૂકેલો છે. તેમણે કહેલા ભાગવત કરતાં વધારે શુદ્ધિ કરનારું કોઈ સાધન નથી. અનેક જન્મનાં પુણ્યનો જ્યારે ઉદય થાય ત્યારે ભાગવત સાંભળવા મળે; આચાર અને વિચારમાં વણાઈ જાય. દેવો પણ ભાગવત-લાભ ઝંખે છે !

દેવોને પણ દુર્લભ છે, - શ્રીમદ્ભાગવત ! :

પરીક્ષિત રાજા પાસે ગંગાકિનારે શુકદેવજી કથા કરતા હતા, તે વખતે દેવો આવ્યા. અમૃત કરતાં પણ કથામૃત એમને વધારે કિંમતી લાગ્યું. અમૃત પીએ તો શરીર નીરોગી રહે, દીર્ઘજીવન મળે. કથામૃત મળે તો અંતઃકરણ નીરોગી રહે, દિવ્યજીવન મળે ! કથાસુધા સ્વાન્તઃને શુદ્ધ, નિર્મલ રાખે છે. દેવોની સુધા શરીરને સ્વસ્થ રાખનાર છે. દેવો શરીરે સ્વસ્થ છે; અંતઃકરણે અસ્વસ્થ છે. ઈર્ષા, કામના

વગેરે દેવોમાં પણ છે. અનેક પ્રકારની ઈચ્છાઓ દેવોને પણ પીડે છે. ઈર્ષા અને ઈચ્છા જેના અંતઃકરણમાં આવે તેની શાન્તિ ચાલી જાય; ઈશ્વરથી તે આઘા રાખે છે. દેવોને નિત્ય ભોગવિલાસનાં અનેક સાધનો મળ્યાં છે, પણ અનેક ઈચ્છાઓ અને ઈર્ષાની આગ અંતરમાં ઉદ્ભવે છે, શાન્તિ મળતી નથી. શાન્તિ મેળવવા શુકદેવજી પાસે આવ્યા. કથામૃત પીને શાન્તિ મળે એવી ઈચ્છા કરતા હતા. શુકદેવજીએ દેવોને જોયા. હાસ્ય કર્યું. ના કહેવી પડે નહિ, તેથી ચતુરપુરુષ શુક હસ્યા ! દેવો ભક્ત ન હતા; તેથી કથામૃત ન દીધું ! ભક્ત ન હોય તેને કદાચ અમૃત મળે, પણ કથામૃત ન મળે. કથામૃત મળે છે, - માત્ર ભક્તોને ! નિર્મલતા અને પ્રભુપ્રીતિથી કથામૃત મળે છે. કથા સાંભળે અનેક, પણ સુખ- શાન્તિ-આનંદ-રસ કે ભગવાન્ તો તેમાંથી ભક્તોને મળે. ધન, વૈભવ, સત્તા, સુખ કે આકાંક્ષાવાળા- ઓમાં પણ સ્નેહ ન હોય તો તેમને કથા સંભળાવાય નહિ. દેવો કથામૃત ન મળતાં વિદાય થયા. પરીક્ષિત રાજાએ પણ દેવોના અમૃતનો અને અમર થવાનો લોભ નથી કર્યો. દીર્ઘજીવન કરતાં એમને દિવ્યજીવન વધારે પ્રિય છે. દેવોના ગયા પછી ભાગવત સાંભળી રાજા પરીક્ષિત મુક્ત થયા.

સર્વસાધનોમાં શ્રેષ્ઠ છે, - શ્રીમદ્ભાગવત ! ; શ્રીમદ્ભાગવત ગ્રંથ નથી, પણ સ્વયં ભગવાન્ છે ! :

રાજાને બ્રાહ્મણનો શાપ હતો અને સાપ કરડ્યો હતો, છતાં મુક્ત થયેલા જોઈ બ્રહ્માજીને આશ્ચર્ય થયું ! સત્યલોકમાં બ્રહ્માજીએ શ્રીમદ્ ભાગવત અને સર્વશાસ્ત્રની તુલના કરી. મોટા મોટા ઋષિઓ બેઠા, વિચાર કર્યો ! ત્યારે બધાં જ સાધનો કરતાં શ્રીમદ્ ભાગવત મુખ્ય ગણાયું, મોટું થયું, એનું ગૌરવ વધ્યું. બ્રહ્માજીએ પણ સાશ્ચર્ય સહર્ષ સ્વીકાર્યું; પણ ઋષિઓને પરમ આશ્ચર્ય થયું. ઋષિ એટલે મંત્રદ્રષ્ટા. તે સમાધિમાં મંત્રનું દર્શન કરે. ઋષિઓએ અનેક મંત્રોનાં દર્શન કર્યાં, તો પણ ભાગવતનું દર્શન ન કર્યું ! "અત્યાર સુધી માત્ર મંત્રનું દર્શન કરીને કે સૂક્તનું દર્શન કરીને અમે અમારી જાતને કૃતાર્થ ગણતા હતા ! મંત્ર અને સૂક્ત કરતાં શ્રીમદ્ ભાગવતનું ગૌરવ વિશેષ છે. વ્યાસ મહર્ષિને સમાધિમાં ભાગવત મળ્યું. અમે પ્રયત્ન કર્યો હોત તો અમને સમાધિમાં ન મળત ?" પોતાને સમાધિ કરવા છતાં ભાગવતનું દર્શન નહોતું થયું. એ વિચારી ઋષિઓ પણ વિસ્મિત થયા. ભગવાન્ અને ભગવદીય પદાર્થ યોગ-સમાધિ વગેરે પ્રયોગથી ન સમજી શકાય, ન મેળવી શકાય. એ તો માત્ર કૃપાથી જ મળે, તેથી સૌએ ભાગવતશાસ્ત્રને ભગવદ્રૂપ માન્યું. ભાગવત ગ્રંથ નથી, પણ ભગવાન્ છે, - એમ સૌએ સ્વીકાર્યું.

ભગવાનનું નામાત્મક - સ્વરૂપ છે, - શ્રીમદ્ભાગવત ! :

શબ્દ અને અર્થથી તે ભગવાનનું સ્વરૂપ છે. ભગવાનનાં બે સ્વરૂપ છે - રૂપ અને નામ ! નામાત્મક સ્વરૂપ ભાગવત છે. પુરુષ બાર અંગવાળા છે. - **''द्वादशाङ्गो वै पुरुषः ।''** ભાગવત પણ બાર અંગવાળું છે. તે અંગ "સ્કન્ધ" નામે પ્રસિદ્ધ છે. પૂર્ણ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ (ગોવર્ધનનાથજી)નું તે નામાત્મક સ્વરૂપ છે, ભગવાનની લીલારૂપ છે, જેવા ભગવાન્ ભાગવત રૂપે પ્રકટ થયા, તેવા દર્શાવેલા છે. ભાગવતપાઠ દ્વારા ભગવાન્ ધારણ થાય છે. ભાગવતના સાચા સ્પષ્ટ અર્થજ્ઞાનથી ભગવાન્ સમજાય છે અને ભગવાન્ ભક્તિ આપે છે.

ભગવાનનાં બાર અંગ - ભાગવતના બાર સ્કંધ :

સ્કન્ધ	લીલા	મુખ્ય - ક્રમાનુસાર અંગ	ઉપાસના માટે અન્ય - અંગક્રમ	અન્ય - ક્રમ
પ્રથમ	અધિકાર	જમણો ચરણ	બે ચરણ	બે ચરણ
દ્વિતીય	સાધન (જ્ઞાન)	ડાબો ચરણ	બે ચરણ	બે ઢીંચણ
તૃતીય	સર્ગ	જમણો બાહુ	બે ઊરુ	બે ઊરુ
ચતુર્થ	વિસર્ગ	ડાબો બાહુ	બે ઊરુ	કટિ
પંચમ	સ્થાન	જમણો ઊરુ	કટિ	નાભિ
ષષ્ઠ	પોષણ	ડાબો ઊરુ	ગુહ્ય	હૃદય
સપ્તમ	ઊતિ	જમણો હસ્ત	ઉદર	ઉર
અષ્ટમ	મન્વન્તર	જમણો સ્તન	હૃદય	કંઠ
નવમ	ઈશાનુકથા	ડાબો સ્તન	બે કર	બે ખભા
દશમ	નિરોધ	હૃદય	મુખ	મુખ
એકાદશ	મુક્તિ	મસ્તક	લલાટ	મસ્તક
દ્વાદશ	આશ્રય	ઊંચો કરેલો ડાબો હસ્ત	મસ્તક	બ્રહ્મરન્ધ્ર

સ્કંધ - સંગતિ : ભાગવતમાં તો તે ભગવાનની અલૌકિક - લીલા છે :

કોઈ પણ કાર્ય કરવા માટે પહેલાં અધિકાર જોઈએ. અધિકાર એટલે પાત્રતા, યોગ્યતા. તે ફલમાં ઉપકારક છે. આ અધિકાર આંતર છે, બાહ્ય નથી. અધિકાર મળે પછી તેનો ઉપયોગ કરવાનું જ્ઞાન હોવું જોઈએ, આથી અધિકાર પછી જ્ઞાન. જ્ઞાન મળ્યા પછી ક્રિયા કરવી જોઈએ. ક્રિયા એટલે સર્ગ. ક્રિયા પુરુષાર્થને પ્રકટ કરે. પુરુષાર્થ એટલે વિસર્ગ. પુરુષાર્થ-પરાયણ યોગ્ય સ્થાન પ્રાપ્ત કરી શકે. સ્થાન પ્રાપ્ત કરનારને પોષણ મળવું જોઈએ-મળે. પોષણ મેળવી પુષ્ટ થયેલાને અનેક વાસનાઓ થાય. તે કર્મવાસના ઊતિ કહેવાય. વાસનામાંથી શુદ્ધિ સદાચારથી થાય. સદાચાર મન્વન્તર છે. સદાચારનું શિખર છે, - ભક્તિ ! સદાચારપરાયણને ભક્તિ મળે. તે ઈશાનુકથા છે. ભક્તિ કરનાર જગતને ભૂલી ભગવાનમાં આસક્ત થાય, તે નિરોધ છે. નિરોધવાળાને સ્વરૂપસ્થિતિ મળે. "હું અમુક છું !" - તેવા અન્યથારૂપનો ત્યાગ અને સ્વરૂપમાં સ્થિતિ થાય,-તે મુક્તિ છે. પોતાના લૌકિક - તાનમાંથી છૂટી, ભગવાનના અંશ-દાસ-તરીકે જીવનારને ભગવાનનો આશ્રય મળે. ભગવાનનો આશ્રય સૌને કૃતાર્થ કરે. આમ, અધિકારથી આશ્રય પર્યંતની આવશ્યકતા સૌને છે, પણ ભાગવતમાં તો તે સ્વયં ભગવાનની-અલૌકિક લીલારૂપ છે.

શ્રીમદ્ભાગવત - સપ્તાહ - શ્રવણવિધિ કુમારોએ નારદજીને કહ્યો છે :

સાત દિવસમાં સાંભળતાં ભાગવત મુક્તિ આપે છે. અંતઃકરણના દોષો દૂર કરે છે. સંસારનાં બંધનોમાંથી, લૌકિક-આસક્તિમાંથી, દુઃખમાંથી, સંશયમાંથી અને જન્મમરણમાંથી પણ મુક્તિ આપે છે. જે જે બંધનો હોય તે સઘળાંય બંધનમાંથી શ્રીમદ્ - ભાગવત - સપ્તાહ-શ્રવણ મુક્તિ આપનારું

છે. સપ્તાહ - શ્રવણવિધિ સનત્કુમારોએ નારદમુનિને કહ્યો છે.

શૌનકે વચમાં પૂછ્યું, - "નારદજી તો લોકવિગ્રહયુક્ત છે, અસ્થિર છે. તેમને વિધિપૂર્વક સાંભળવામાં રુચિ ક્યાંથી થઈ ? કુમારો સાથે મિલન ક્યાં થયું ?" લોકો સાથે વિગ્રહ (ઝઘડા)માં રત રહે તે પોતાનો નિગ્રહ (સંયમ) ન કરી શકે, આગ્રહ ન છોડી શકે, પ્રભુનો અનુગ્રહ (કૃપા) ન મેળવી શકે. વિગ્રહયુક્ત હોય તે દોષ અને ભયમાંથી મુક્ત ન થાય, તેના મનને શાન્તિ ન હોય. તે સ્થિર ન થઈ શકે. શ્રવણમાં તો શાન્તિ જોઈએ.

પ્રશ્ન સાંભળતાં સૂતે ઉત્તર આરંભ્યો. શ્રીશુકે શિષ્ય ગણી એકાન્તમાં કહેલું રહસ્ય સૂતે રજૂ કર્યું.

વિશાલાનગરીમાં એક દિવસ સનત્કુમારો સત્સંગ માટે આવ્યા. બ્રહ્મલોકમાં રહેનારા સનત્કુમારો છે, જ્ઞાની છે, છતાં સત્સંગ માટે આવ્યા છે ! જ્ઞાન શુદ્ધ કરે છે અને સત્સંગ શુદ્ધિને કાયમ ટકાવી રાખે છે, પ્રભુમાં પ્રીતિ કરાવે છે. શુષ્કજ્ઞાન સત્સંગથી રસાલ બને છે, વિશાલ બને છે. સત્સંગના અભાવમાં અશુદ્ધિ આવતાં વાર લાગતી નથી. સત્સંગ થોડો પણ શિથિલ હોય તો દોષો તરત આવે છે. દોષોને દૂર રાખવા માટે નિત્ય સત્સંગ અનિવાર્ય છે. કુમારોએ નારદજીને જોયા. તેમને ઉતાવળા ઉતાવળા ચાલ્યા જતા જોઈ સનત્કુમારોએ પ્રશ્ન કર્યો, - "હે બ્રહ્મન્ ! આપ દીનમુખ કઈ રીતે ? ચિંતાતુર ક્યાંથી ? ઉતાવળા ક્યાં ચાલ્યા ? ક્યાંથી આવ્યા ?" મોં પડી ગયું હતું, તેથી ''**दीनमुखः**'' કહ્યું.

મુખની ત્રણ દશા દેખાય છે : (૧) ચઢી જવું, (૨) મધુર કે મલકતું હોવું અને (૩) પડી જવું. કોઈને કારણે મોં ચડે છે. પોતાને કારણે મોં પડે છે અને પ્રભુને કારણે મોં મલકે છે. સ્વાર્થલાભે મોંનો મલકાટ ક્ષણિક હોય. ભક્ત હોય તેનું મોં ક્યારેય ચઢે નહિ, પડે નહિ. ભક્ત અને જ્ઞાની હોય તેના હૃદયમાં ચિંતન ભગવાનનું હોય, બીજી કોઈ ચિંતા ન હોય. તો ચિંતાપરાયણ ક્યાંથી ? ઉતાવળા ક્યાં પધારો છો ? ભગવાનના ભક્તને અને જ્ઞાનીને ઉતાવળ હોય નહિ. વ્યાપારી, વ્યવહારુ કે વ્યવસાયી ક્યારેક ઉતાવળા અને ઉદ્વિગ્ન હોય. ભગવાનના ભક્ત અને જ્ઞાની શૂન્યચિત્ત હોય નહિ. એમનું ચિત્ત ભગવાનમાં હોય. "તમે શૂન્યચિત્ત લાગો છો. તમે તો મુક્તસંગ છો !" મુક્તપુરુષોનો સંગ કરનાર અને લોકોના સંગમાંથી મુક્ત રહેનારમાં કોઈ દોષ ન આવે. લોકોના સંગથી - (૧) મોંનું ચઢવું અને પડવું, (૨) ચિંતાતુરતા, (૩) ઉતાવળ, (૪) શૂન્યચિત્તતા અને પરિણામે અનેક અનર્થોની પરંપરા સર્જાય છે. ઉતાવળ, ઉદ્વેગ, અનાદર અને અભિમાન આવે તો અભ્યાસ, ઉન્નતિ, આત્મીયતા અને ઉત્કૃષ્ટતામાં અવરોધ થાય. કુમારોનો પ્રશ્ન સાંભળતાં જ નારદજીએ કહેવાની શરૂઆત કરી. વ્યગ્રતાથી વિવેકનું અનુસંધાન ન રહ્યું. મોટાઓને મળતાં વંદન કરવું જોઈએ, આદર કરવો જોઈએ. વાણીથી પણ નારદજીએ તેવો વિવેક ન કર્યો ! સીધેસીધો પ્રત્યુત્તર દેવાનો પ્રારંભ કર્યો.

"પૃથ્વી સર્વોત્તમ છે, એમ સમજીને હું પૃથ્વી ઉપર ગયો. જુદાં જુદાં તીર્થોમાં ફર્યો. મને ક્યાંય સંતોષકારક સુખ ન દેખાયું. કલિયુગ સૌને કલહ કરાવનારો છે અને તે અધર્મનો મિત્ર છે. મિત્ર મિત્રનું પોષણ કરે, એટલે આ કલિયુગ અધર્મનું પોષણ કરનારો છે. તે અધર્મનું પોષણ કરી-કરાવી સૌને કલહ કરાવે છે !" કલિયુગમાં અઠ્ઠાવીસ દોષ દેખાય છે.

પૃથ્વી કર્મભૂમિ હોવાથી તેને નારદજી સર્વોત્તમ ગણે છે. બીજા લોકમાં પુણ્યનાં ફલ રૂપે સુખ

ભોગવવા મળે છે. પૃથ્વી ઉપર કર્તવ્યનિષ્ઠ થઈને કૃતાર્થ થઈ શકાય છે, તેથી તે સર્વોત્તમ છે. તેમાં પણ નારદજી તીર્થો અને ક્ષેત્રોમાં જ ગયા છે. મુંબઈ, કલકત્તા, દિલ્હી જેવાં મોટાં શહેરોમાં નથી ગયા ! મોટાં સુખસગવડવાળાં શહેર (ધ્રુતસ્થાન) તામસ છે, ગામ રાજસ છે, વન સાત્ત્વિક છે. પ્રભુનાં ધામ નિર્ગુણ છે. નારદજી પુણ્યસ્થાનોમા ગયા. ભક્તિ અને પુણ્યના પ્રભાવે સુખ-શાન્તિ મળે, છતાં કલિના દોષોથી આધિદૈવિક સ્વરૂપો તિરોહિત થયાં છે, તેથી સુખ-શાન્તિ ક્યાંય ન દેખાયાં ! તેને બદલે અઠ્ઠાવીસ અનર્થ અથવા દોષ દેખાયા છે. મન: - સંતોષકારક સુખ ક્યાંય દેખાતું નથી. સુખનો આભાસ છે; પણ સંતોષપ્રદ સુખ નથી. સૌના મનમાં ઊંડે તો અસંતોષ છે, તેથી અશાન્તિ છે. કલિ અધર્મનો મિત્ર છે, તેથી અધર્મ પોષાય છે-વધે છે. આથી અનર્થ, દુ:ખ અને અશાન્તિ વધે છે. પૃથ્વી પરનાં સૌ તેનાથી પીડાય છે.

નારદજીએ પૃથ્વી પર તીર્થ - ક્ષેત્રોમાં પણ દેખેલા અઠ્ઠાવીસ અનર્થો :

(૧) સત્ય દેખાતું નથી. - વાણીનું, વિચારનું અને આચારનું સત્ય નથી.

(૨) તપ: પણ નથી. - સત્કાર્ય માટે કે કલ્યાણ માટે કાયાને કસવી, - તે તપ: ! કલ્યાણ માટે કાયાને કસવાને બદલે લોકો કાયાને સંભાળે છે, શરીરનાં સુખસગવડ સાચવે છે, સ્નેહ કે સ્વાન્તઃને સાચવતા નથી. તન કે મનથી પ્રતિકૂળતા સહન કરી શકતા નથી; એટલે તપ: નથી.

(૩) પવિત્રતા નથી. - પવિત્રતા બે પ્રકારની : બહારની અને અંદરની, તનની અને મનની. બહારની સ્વચ્છતા આંખથી દેખાય છે. તે સ્થૂલ છે. પવિત્રતા સૂક્ષ્મ છે, અંતરથી ઓળખાય છે. શાસ્ત્રથી સમજાય છે.

(૪) દયા નથી. - લોકો પાસે માત્ર વાણીમાં વ્યક્ત થતી, દેખાડવાની દયા છે. અંતઃકરણની દયા નથી.

(૫) દાન નથી. - દાન આપનારા બહુ દેખાય છે; પણ જો કીર્તિ મળે કે નામ જાહેર થાય તો દાન દેવા તૈયાર છે. યથાર્થ નથી.

(૬) જીવો પેટભરા છે. - "प्राणधारणप्रयत्नवान् जीवः ।" - જીવ માત્ર પ્રાણ ટકાવી રાખવા માટે પ્રયાસપરાયણ છે. પ્રાણ ટકાવવા માટે પેટ ભરવું પડે, તેથી જેમ તેમ કરતાં, જે કાંઈ મળી આવે તેનાથી, જે કોઈ ઉપાયે મળી આવે એ રીતે, પેટ ભરતા થયા. "યોગ્ય શું ? અને અયોગ્ય શું ?" - એ વિચાર મોટે ભાગે નીકળી ગયો છે. ઉદર ભરવું મુખ્ય થયું છે.

(૭) બાપડા બન્યા છે. - લોકોને બાપડા બિચારા થઈને પણ કામ નીકળતું હોય તો કઢાવી લેવાનું વધારે પસંદ છે, સ્વાશ્રયનું કે શ્રમનું ગૌરવ નથી.

(૮) કપટભર્યું બોલનારા છે. - લોકો મીઠું બોલે ખરા, પણ હૃદયમાં બીજાનું મીઠું દીઠું ન ગમે. કોઈની પણ સારી સ્થિતિ હોય તો હૈયામાં ગમે નહિ. મુખેથી તો સારું બોલે. વાસ્તવમાં મનમાં કાંઈક (જુદું) અને વાણીમાં કાંઈક (જુદું) અને વર્તનમાં કાંઈક (જુદું) - એનું નામ "कूटभाषण" - કપટવાણી.

(૯) લોકો આળસુ થયા છે. - કલ્યાણના કામમાં તો આળસુ છે. આળસ ચિત્તની જડતા છે.

(૧૦) બુદ્ધિમાં અતિમંદ છે. - મોજશોખમાં તો તૈયાર છે. - સ્વાર્થ, વિલાસ વગેરે શોધે છે.

કલ્યાણને સમજતા નથી.

(૧૧) સુખશાન્તિ કે સન્માર્ગ જડતાં નથી - ગમતાં નથી.

(૧૨) ઉપદ્રવવાળા છે. - તન અને મનના રોગ પીડે છે. ધરતીકંપ, ઉંદર, તીડ, અસામાજિક-તત્ત્વો, પૂર, દુષ્કાળ વગેરેથી પીડાયેલા છે.

(૧૩) સન્તો પાખંડપરાયણ દેખાય છે. - સમાજ જેને સાધુ તરીકે માને છે, તેવા પ્રસિદ્ધ થયેલાઓ પણ લોકભોગપરાયણ છે. મોક્ષનાં સાધનો આજીવિકા માટેનાં સાધન બનાવ્યાં છે. સાચા ભક્તો તો પ્રભુકૃપાથી જ મળે છે. સન્તો તરીકે સમાજમાં ઓળખાનાર પ્રાયઃ પાખંડમાં રત લાગ્યા છે.

(૧૪) વિરક્ત પુરુષો પરિગ્રહ કરે છે. - બહાર વૈરાગ્ય પ્રસિદ્ધ હોવા છતાં પણ અંતરથી પારકાનું પડાવવાનું તો ઈચ્છે છે.

(૧૫) ઘરમાં સ્ત્રીની મુખ્યતા છે. - સ્ત્રીને રાજી રાખવા માટે ધર્મ, કર્તવ્ય, સ્નેહ વગેરેને ગૌણ કરી દેવાય છે. કહ્યાગરા કંથ બહુ છે. સ્ત્રીને રાજી રાખવી તે તેમનો પંથ છે. સ્ત્રી બોલે-ઈચ્છે તે તેમનો આચારગ્રન્થ છે.

(૧૬) સાળા સલાહકાર છે. - પોતાના પિતાના ઘરની સલાહ ન ગમે; પણ પત્નીના પિતાના ઘરની સલાહ ગમે.

(૧૭) લોભથી કન્યાવિક્રય કરે છે. - કન્યાના બદલામાં લોભથી કાંઈક અપેક્ષા રાખવી, લેવું, તે દોષ છે.

(૧૮) પતિ-પત્નીની વચમાં ક્લેશ, - પોતે સાનુકૂલ થવાને બદલે સામાને સાનુકૂલ કરવા મથે તો ક્લેશ થાય. સમાનતાના વિચારે સહનશીલતા અને સ્નેહ શિથિલ થાય, સંઘર્ષ જ વધે.

(૧૯) આશ્રમો અધર્મીઓ પચાવી બેઠા છે. - શાસ્ત્રવિરુદ્ધ આચાર-વિચારવાળા લોકોએ પવિત્ર સ્થાનોમાં અધિકાર વિના, હક્કથી સ્થાન જમાવ્યાં છે. તીર્થોમાં પણ આવી જ દશા દેખાય છે. પવિત્ર નદીઓના સંબંધમાં પણ આવી જ સ્થિતિ છે.

(૨૦) દેવમંદિરો દુષ્ટોએ અનેક રીતે ખંડિત કર્યાં છે. - ઈતિહાસ સાક્ષિરૂપ છે.

(૨૧) યોગી નથી. - યોગના નામે અનેક વાતો વહેતી મુકાય છે; પણ યોગનું યથાર્થ રહસ્ય સમજી કૈવલ્ય પ્રાપ્ત કરનારા દેખાતા નથી.

(૨૨) સિદ્ધ નથી જ. - અનેક પ્રકારની સિદ્ધિ પ્રસિદ્ધિ માટે દેખાય છે, પણ ભગવાન્ વિના સર્વ કાંઈ દઈ શકે તેવા સિદ્ધો દેખાતા નથી.

(૨૩) જ્ઞાની નથી. - ભગવાનને ઓળખાવે તેવા જ્ઞાની દેખાતા નથી.

(૨૪) સત્ક્રિયાશીલ નથી. - સૌ ક્રિયારત છે; પણ શાસ્ત્ર અને સંતને સંમત પ્રભુ માટેની ક્રિયાવાળા દેખાતા નથી.

(૨૫) બધાં સાધનો ભસ્મ થઈ ગયાં છે. - કલિ દાવાનલ જેવો છે. વનમાં લાગેલી આગ દાવાનલ કહેવાય છે. શહેરમાં કદાચ આગ લાગી હોય તો બુઝાવી શકાય, પણ વનમાં લાગેલી આગ બુઝાવવી કેમ ? તે તો ફેલાતી જ જાય. કોઈ ઉપાયથી અટકે નહિ. કાલક્રમે સ્વતઃ શાંત થાય. કલિયુગમાં અનેક અનર્થો જોવામાં આવે છે. શાંત કરવાનો પ્રયાસ કરવા છતાં, તે શાંત થતા દેખાતા નથી; પણ

દાવાનલ જેમ વધતો જાય તેમ કલિયુગને કારણે આવતા અનર્થો પણ વધતા જતા દેખાય છે. આ કલિયુગમાંથી બચવાનાં જેટલાં સાધનો બતાવ્યાં છે તે બધાં જ ભસ્મસાત્ થઈ ગયાં છે ! તે સાધનો તૂટી ગયાં હોય, તો સમારકામ કરીને ફરી ઉપયોગમાં લેવાય; પણ બળી ગયાં તેનો શો ઉપયોગ થાય ? તેથી કલિયુગનાં અનર્થોમાંથી બચવા માટે ભગવાન્ અને ભગવાનની શરણાગતિ સિવાય બીજું એક પણ સાધન કે ઉપાય છે જ નહિ. બધાં સાધનો ભસ્મસાત્ થઈ ગયાં છે.

(૨૬) લોકમાં અન્નવિક્રય થાય છે. - રાંધેલાં ધાન પણ વેચાય છે. એ અન્નવિક્રય નામનો દોષ છે. રાંધેલું અન્ન ભૂખ્યાને આપવા માટે છે, વેચવા માટે નહિ. ઉદાર સંસ્કારનો આ આદર્શ છે. શાસ્ત્રનો નિયમ છે.

(૨૭) ભણેલાઓ વિદ્યાવિક્રય કરે છે. - પોતાની વિદ્યા દઈને બદલામાં ઠરાવીને-માગીને- પૈસા લેવા એ વિદ્યાવિક્રય છે. વિદ્યા તો સૌના કલ્યાણ માટે જ હોય. વિદ્યા સૌને પ્રભુમાં અભિમુખ કરવા માટે દેવાય. સૌની ઉન્નતિ થાય માટે વિદ્યા દેવાય, પછી વિદ્યા લેનાર પોતાની શક્તિ-શ્રદ્ધા - પ્રમાણે ગુરુદક્ષિણારૂપે દે તે પ્રેમથી લેવાય ! અને કદાચ બદલાયેલા સંયોગો અનુસાર, વિદ્યા નિયત થયેલો બદલો લઈને દેવી પડતી હોય, તો તેમાં વિદ્યા દેવાનો જ વિચાર મુખ્ય જોઈએ. માત્ર તેમાં મળતા મહેનતાણાની મુખ્યતા ન જોઈએ. વિક્રયબુદ્ધિને બદલે કર્તવ્યબુદ્ધિ આવે તો વિદ્યા કલ્યાણ કરનારી બને. તેમાં જો ઉપાર્જનવૃત્તિ આવે તો તે અનર્થ લાવનારી છે. એવી રીતે મળેલી વિદ્યા દેનાર અને લેનાર એ બેમાંથી કોઈનુંયે કલ્યાણ કરી શકતી નથી.

(૨૮) કામિનીઓ સ્વરૂપવિક્રય કરે છે. - કામિની એટલે લૌકિક કામનાવાળી સ્ત્રી. તે પતિમાં અને પ્રભુમાં પરાયણ ન હોય. તે પોતાના સ્વરૂપનો લૌકિક-લાભ માટે વિક્રય કરે છે. ક્વચિત્ જાહેરખબરોમાં, દુકાનોમાં, કેટલાંક પ્રદર્શનોમાં, કોઈક હરીફાઈમાં, કોઈક કાર્યક્રમોમાં આજે તો આ વિપુલ પ્રમાણમાં દેખાય છે.

કલિયુગમાં જનસમાજનું આ સર્વસામાન્ય ચિત્ર નારદજી રજૂ કરે છે. આધુનિક કાલમાં ઘણી બધી વાતો મળતી દેખાય છે; છતાં આ સામાન્ય ચિત્રમાંથી અપવાદ રૂપ વિશિષ્ટ શિષ્ટજનો સૌને અભીષ્ટ દેવા, અનિષ્ટને અટકાવવા મથતા દેખાય છે. તે તો પ્રભુની કૃપા છે.

ભક્તિદેવીને સાધુપુરુષ નારદજીનાં દર્શન - સત્સંગ :
દુઃખની વાતો કે વિચારોથી દુઃખ દૂર ન થાય, દુઃખનું કારણ વિચારાય :

આ બધું જોતા નારદજી યમુનાજીને કિનારે આવ્યા. ત્યાં એક આશ્ચર્ય દેખાયું. અનેક સ્ત્રીઓ બેઠી હતી. તેમની વચમાં એક યુવતી હતી. તે ખિન્ન હતી, રડતી હતી. સૌ તેને સમજાવતાં હતાં. તે સ્ત્રીના ખોળામાં બે પુરુષો સૂતા હતા. ઘરડા હતા. ઊઠતા ન હતા. નારદજીને ત્યાંથી જતા જોયા. સ્ત્રીએ વિનંતી કરી, - "સાધુપુરુષ ! એક ક્ષણ મારી પાસે ઊભા રહો. મારી પણ ચિંતા દૂર કરો !"

પોતાનો પ્રાણ દઈને પણ પારકાનું કામ સિદ્ધ કરી આપે, - તે સાધુ ! પોતાનો સ્વાર્થ જતો કરીને પણ પરમાર્થ કરે તેનું નામ સાધુ ! સાધુપુરુષનાં દર્શન થાય તો દુઃખ તો દૂર થાય, પણ દુઃખને કારણે આવનારી ચિંતાઓ પણ ક્ષણમાં ચાલી જાય;, દુઃખના મૂલરૂપ દોષો પણ દૂર થાય. કાલના ભક્ષણમાંથી સાધુપુરુષોના સંગની એક ક્ષણ પણ જીવનનું રક્ષણ કરે છે, બચાવે છે, વિચક્ષણ બનાવે

છે. સાધુપુરુષોનાં વચનથી સર્વનાં સર્વ દુ:ખો શાન્ત થાય છે. સાધુપુરુષને દુ:ખ દૂર કરવાનો પ્રયાસ પણ કરવો પડે નહિ. તેના મુખમાંથી નીકળતાં વાક્યોમાં જ વ્યક્તિને એટલી બધી શાંતિ મળી જાય કે પછી શાંતિ બીજે ક્યાંય શોધવી ન પડે. મહાભાગ્ય હોય ત્યારે જ સાધુપુરુષનાં દર્શન હોય!

સાધુ નારદે સ્વાભાવિક કહ્યું, - "દેવિ! તમે વિસ્તારપૂર્વક તમારા દુ:ખનું કારણ કહો!" માણસ દુ:ખના પ્રસંગનો વિચાર કે વાતો કરે છે ત્યારે દુ:ખની વેદના વધે છે. દુ:ખને દૂર કરવાના પ્રયાસ કરે છે, તો પણ દુ:ખ દૂર થતાં નથી. દુ:ખ જલદી દૂર કરવા માટે દુ:ખનાં કારણોનો વિચાર કરવો. નારદે દુ:ખનું કારણ પૂછ્યું છે. દુ:ખના કારણનો વિચાર કરતાં દુ:ખનું મૂળ દેખાશે અને તેને દૂર કરવા ઉપાય સમજાઈ જશે. રોગ થયો હોય તો ક્યા કારણે થયો ? - એટલું સમજી શકાય તો રોગ કાયમ માટે દૂર કરી શકાય. મૂલકારણ ન સમજાય તો રોગ કાયમ માટે જાય નહિ. એમ દુ:ખનું કારણ સમજાય તો દુ:ખ કાયમ માટે દૂર કરી શકાય.

જ્ઞાન - વૈરાગ્ય તો ભક્તિદેવીના પુત્રો છે :

સ્ત્રીએ ઉત્તર આપ્યો, "મારું નામ ભક્તિ છે. જ્ઞાન અને વૈરાગ્ય નામના આ બે મારા દીકરા માનેલા છે. કાલયોગે એ બન્ને ઘરડા થયા છે. આ ગંગાજી વગેરે નદીઓ મારી સેવા માટે આવ્યાં છે. મારા દુ:ખની વાત બહુ લાંબી છે, છતાં કહી સંભળાવું!" કહેતાં પોતાની કથા આરંભી. ભક્તિનો જન્મ દ્રવિડ - દક્ષિણ - દેશમાં, વૃદ્ધિ કર્ણાટકમાં, કોઈક કોઈક વખત સ્થિતિ મહારાષ્ટ્રમાં અને ઘડપણ ગુજરાતમાં છે. ભક્તિ પ્રવર્તકો, ભક્તો, પ્રાય: દક્ષિણમાં જન્મ્યા છે. શ્રીશંકરાચાર્યજી, શ્રીવલ્લભાચાર્યજી એ સર્વ દક્ષિણમાં પ્રકટ થયા છે. કર્ણાટક અને મહારાષ્ટ્રમાં પણ સંતો પ્રસિદ્ધ છે. ગુજરાતમાં પણ પ્રસિદ્ધ સંતો થઈ ગયા છે, છતાં સર્વસામાન્ય જનસમુદાયની સ્થિતિ જુદી છે. પોતાની સગવડ પ્રમાણે, પોતાની અનુકૂળતાએ ભક્તિ કરવી એનું નામ ઘરડી ભક્તિ! જ્ઞાન-વૈરાગ્યની શિથિલતાવાળી ભક્તિ ઘરડી છે. જેની ભક્તિ કરીએ તેને અનુકૂળ થવું અને તેને અનુકૂળ થવામાં પોતાની અનુકૂળતા જતી કરવી તે, - યુવતીભક્તિ!

વૃન્દાવનમાં પણ યુવતી ભક્તિ તો પોતાના ઘરડા પુત્રો - જ્ઞાન અને વૈરાગ્યના દુ:ખે રડે છે! :

વૃન્દાવનમાં આવ્યાં, ત્યારે ભક્તિને આ નૂતન યુવતી રૂપ મળ્યું છે, છતાં દીકરા જ્ઞાન-વૈરાગ્ય હજી યુવાન નથી થયા, તેનું અતિશય દુ:ખ છે. જગતમાં તો મા ઘરડી અને દીકરા યુવાન શોભે; પણ દીકરા ઘરડા, અને મા યુવતી ન શોભે. આ દુ:ખ દૂર કરવા ભક્તિએ નારદને કહ્યું. જ્ઞાન-વૈરાગ્ય વૃદ્ધ છે, શિથિલ છે, તેથી ભક્તિ રડે છે. ભક્તિ કરનાર તો જ્ઞાન-વૈરાગ્ય ન હોવા છતાં આજકાલ હસતાં લાગે છે! આ વિચિત્રતા છે. ભક્તિએ - "तनयौ मतौ"- શબ્દ કહ્યા છે, તેથી આ બે જ્ઞાન-વૈરાગ્ય પુત્રો માનેલા છે, પ્રભુએ દીધેલા છે. છતાં લોકો શું કહેશે ? આ લોકભયથી પણ દુ:ખ છે.

"ભક્તિ" - નામનો અર્થ :

ભક્તિ શબ્દ તો ખૂબ પ્રસિદ્ધ છે. કોશ અને વ્યાખ્યાઓમાં તેના ઘણા અર્થ અને સ્વરૂપો પ્રસિદ્ધ છે. વિભાગ, સેવા, ગૌણવૃત્તિ વગેરે પણ તેના અર્થ છે. પોતે નિ:સાર સંસારના ન રહેતાં - "હું હરિનો.... !" "तवाऽस्मि"- કહેતાં પ્રભુના થઈ જવું, સંસારના ભાગમાં ન રહેતાં, પ્રભુના વિભાગમાં

રહેવું તે, – ભક્તિ છે.

પ્રભુના થવા માટે, પ્રભુના સુખનું સંપાદન કરવું, પ્રભુને સાનુકૂલ થવું, – તે ભક્તિ છે. સેવા કરનારમાં અભિમાન ન જોઈએ. કોઈ પણ બાબતમાં પોતાની મુખ્યતા ન જોઈએ. મુખ્યતા અભિમાન કરાવે છે. પોતાના પ્રભુની જ મુખ્યતા અને પોતાની ગૌણતા જોઈએ. ગૌણતા પોતાની આજીવિકા (વૃત્તિ) મેળવવામાં થાય અને મુખ્યતા પ્રભુ-સેવામાં થાય. "દાસોઽહમ્" – કહેનારમાં પોતાની મુખ્યતા ન હોય. "હરિ છે, – મમ રક્ષક!" – માનનાર પોતાને ગૌણ જ ગણે. દીનતા તેનામાં હોય. તે પણ ભક્તિ છે.

પરમપ્રેમ, પરાનુરક્તિ વગેરેથી દોષોને દબાવી દઈને, દૂર કરી દઈ, ચિત્તની સ્વાભાવિક અસ્ખલિત લલિત ગતિ-મતિની રતિપૂર્વક – પ્રભુમાં થાય તે ભક્તિ છે.

પોતાનાં દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ, પરિવાર, સાધન, સંપત્તિ સઘળાં દ્વારા પોતાના સર્વસ્વરૂપ પ્રભુ પ્રસન્ન થાય તેમ, પ્રેમપૂર્વક પ્રભુનું સુખ સંપાદન કરતી સેવા તે ભક્તિ છે.

"જ્ઞાન" અને "વૈરાગ્ય" ની ઓળખ : કલિયુગમાં સર્વત્ર દોષ દેખાય છે :

ભક્તિને પરિણામે સઘળા વિષયભોગો કે સુખ તુચ્છ લાગે, ભગવાન્ સિવાય બીજું કાંઈ મેળવવાની ઈચ્છા પણ ન થાય તે વૈરાગ્ય છે. ભગવાન્ ઓળખાય-સમજાય – તે જ્ઞાન છે. જ્ઞાન અને વૈરાગ્ય બંને ભક્તિથી સ્વાભાવિકપણે ભગવાન્ આપે, તેથી ભક્તિ માતારૂપ છે. ભક્તિ જ મુખ્ય છે. જ્ઞાન-વૈરાગ્ય ગૌણ છે. જ્ઞાન-વૈરાગ્ય ચિત્તને કઠિન બનાવે છે, ભક્તિ સુકુમાર કોમલ બનાવે છે. જ્ઞાન-વૈરાગ્ય વૃદ્ધ છે. કાંઈ ઉપયોગમાં ન આવે તેવા, શિથિલ છે, તેથી ભક્તિ દુઃખી છે. દેવર્ષિ નારદજી તેને સમજાવે છે. "દેવિ ! આ દારુણ કલિયુગ આવ્યો છે. તેના પરિણામે સદાચાર ચાલ્યો ગયો છે, લોકો સંસાર અને વિષયના અનુરાગમાં આંધળા થઈ ગયા છે, વિવેક નથી. લોકો ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની ઉપેક્ષા કરે છે. કૃષ્ણ ભગવાનના પધારી જતાં કલિયુગ આવ્યો છે. કૃષ્ણ ભગવાનના કીર્તન માત્રથી કલિયુગમાં કૃતાર્થ થવાય છે. સૌના સુખ માટે રાજા પરીક્ષિતે તેને સ્થાન આપ્યું છે. અયોગ્ય આચાર, કુવિચાર, કામ, ક્રોધ, મદ, લોભ, પાખંડ, અભ્યાસનો અભાવ, વિષયભોગ, કપોલકલ્પિત ધર્માચરણ વગેરે કારણે પ્રાયઃ સઘળેથી સાર ચાલ્યો ગયો છે. બધું લગભગ નિઃસાર થઈ ગયું છે; તેથી પ્રયત્ન કરવા છતાં સુખ કોઈને મળતું નથી. આમ કલિયુગમાં સર્વત્ર દોષ દેખાય છે."

अयं तु युगधर्मो हि वर्तते कस्य दूषणम् ।
अतस्तु पुण्डरीकाक्षः सहते निकटे स्थितः ॥ (७७)

આ તો યુગધર્મ છે. દોષ જ કલિયુગમાં સ્વાભાવિક છે. તેમાં દોષ કોને દેવો ? તેથી તો ભગવાન્ નિકટમાં જ બિરાજે છે, સર્વત્ર બિરાજે છે અને છતાં પણ દોષ કે અધર્મ સહન કરે છે. એનો અર્થ આપણે અધર્મ કરવો એવો નથી; પણ બીજો કોઈ અધર્મ કરતો હોય, તો તેના અધર્મની ચિંતા કર્યા સિવાય, આપણે આપણો ધર્મ દૃઢતાથી કર્યા કરવો, પોતાના સુખનો સાચો માર્ગ શોધી કાઢવો.

ભક્તિએ નારદજીને ધન્યવાદ આપ્યા, – "નારદજી ! સાધુનાં દર્શન સર્વને સિદ્ધિ દેનારાં છે, સર્વની શુદ્ધિ કરનારાં છે. જેનું કહેલું માત્ર વિચારી પ્રહ્લાદજી માયા તરી ગયા, અને જેની કૃપાથી ધ્રુવજી ધ્રુવપદ પામ્યા. એ સૌનું કુશળ કરનારા, બ્રહ્માજીના પુત્ર ! આપને હું નમું છું !"

અધ્યાય : ૨

ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણકમલનું સ્મરણ - સર્વ - સંતાપ અને ભયને દૂર કરી દે છે :

નમસ્કાર કરતાં ભક્તિદેવીને નારદે એક શિખામણ આપી, - "તમે વૃથા દુઃખ કરો છો ! શ્રીકૃષ્ણ- चरणाम्भोजं स्मर दुःखं गमिष्यति ।" - ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલનું સ્મરણ કરો. દુઃખ જશે !" દુઃખને દૂર કરવાનો ઉપાય ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલનું સ્મરણ - શરણ - છે. સંસારના તાપમાં તપેલાને તે શીતલતા આપે છે. સંસારની કઠોરતામાં કંટાળેલાને કોમલતા આપે છે. દુર્વાસનાની દુર્વાસથી દુભાયેલાને સુવાસ આપે છે. સંસારમાં અનેક કટુતાઓનું પાન કરી ચૂકેલાઓને પોતાના મધુર મકરંદનું પાન કરાવીને મધુર બનાવે છે. અનેક પ્રકારે અયોગ્યતાથી અકળાયેલાને પોતાની સુંદરતાથી સુંદર, સુયોગ્ય બનાવે છે, શાંત કરે છે. ચિંતા આવે તો બીજું કાંઈ ચિંતન ન કરવું; દુઃખ આવે તો ડરી ન જવું, બીજો કોઈ વિચાર ન કરવો, ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરણકમલનું સ્મરણ કરવું. ચરણના ધ્યાન માત્રથી આપત્તિ ચાલી જાય, દુઃખ દૂર થાય. દ્રૌપદીની રક્ષા કરનાર, ગોપસુંદરીઓનું પાલન કરનાર, ભગવાન્ ક્યાંય દૂર નથી, નિકટમાં જ બિરાજે છે, સર્વથા ભક્તોની રક્ષા કરે છે. સ્વયં ભક્તિને પણ લૌકિક - દીકરાના - વિચારથી દુઃખ થયું ! તો બીજાની વાત શી ?!

કલિયુગમાં ભક્તિ છાયા - રૂપે ભક્તોનું પોષણ કરે છે, રક્ષણ કરે છે :

ભક્તિ ભગવાનને પ્રાણથી પણ પ્રિય છે. ભક્તિ છાયારૂપે ભૂમિ પરના ભક્તોનું પોષણ કરે છે; અને વૈકુણ્ઠમાં પોતાના મૂલસ્વરૂપે પોષણ કરે છે ! જ્યાં ભક્તિ હોય ત્યાં ભગવાન્ અવશ્ય પધારે છે. દેશ કે કાલ વગેરેના ભેદ પણ નથી જોતા. ભગવાને ભક્તિને જ્ઞાન અને વૈરાગ્ય બન્ને દીકરા રૂપે આપ્યા છે, મુક્તિ દાસી તરીકે આપી છે, તેથી ભક્તિથી મુક્તિ મળે છે. કલિયુગમાં લોકોએ જ્ઞાન-વૈરાગ્યની ઉપેક્ષા કરી છે. જીવનમાં તેમને સ્વીકારનારા ગ્રાહક કોઈ નથી, તેથી ઘરડા થયા છે, છતાં પણ કલિયુગ જેવો કોઈ યુગ નથી. દુર્ગુણના દરિયામાંથી પણ ગુણનું મોતી શોધી કાઢે એ સાધુતા છે. કલિયુગમાં સઘળાયે દોષ છતાં પણ તેમાંથી એક ગુણ શોધી કાઢ્યો અને અભિનંદન આપ્યાં ! સૌની સાથે વ્યવહારમાં પણ આ વણી લેવા જેવું છે. જેનામાં અનેક દુર્ગુણ ભરેલા હોય તેનામાંથી પણ કોઈ એકાદ પણ સારો ગુણ શોધી કાઢવો. એ ગુણનો વિચાર કરીને તેની સાથે વ્યવહાર કરીએ તો આપણી શાન્તિ તો ટકી રહે જ. કલિમાં ભક્તિપ્રચાર સરલતાથી થાય. પાપી પણ પ્રભુમાં પ્રેમ કરે તો પાવન થાય, પ્રભુને પામે. ભક્તિયુક્ત મનવાળાનો સ્પર્શ કરવાની તાકાત પણ ભૂતપ્રેત કે રાક્ષસની ન ચાલે !

न प्रेतो न पिशाचो वा राक्षसो वासुरोऽपि वा।
भक्तियुक्तमनस्कानां स्पर्शने न प्रभुर्भवेत् ॥ (१७)

ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનું દુઃખ દૂર કરવા નારદજીનો પ્રયત્ન :
દીનતા-પૂર્વક કરેલું ભગવાનનું સ્મરણ સાચો માર્ગ સૂઝાડે છે :

ઘેરઘેર વ્યક્તિ-વ્યક્તિના હૃદયમાં ભક્તિનું સ્થાપન કરવા માટે નારદજીએ, પોતાનું દાસત્વ આજે હોડમાં મૂક્યું, - "અન્ય ધર્મોને ગૌણ કરી દઈએ, મહોત્સવોને મુખ્ય બનાવીને, જો લોકમાં

તમારો પ્રચાર ન કરું તો હું હરિનો દાસ નહિ !"

નારદ પરોપકાર કરવા પ્રવૃત્ત થયા છે; છતાં પણ અલ્પ સાત્ત્વિક અભિમાન થઈ આવ્યું, - "હું તારો પ્રચાર કરીશ. જો પ્રચાર ન કરું તો હરિનો દાસ નહિ !" પારકાનું ભલું કરવા પ્રવૃત્ત થયેલા સાધુપુરુષમાં પણ અહંકાર આવે તો સાચો માર્ગ જડે નહિ. અહંકાર અંધકાર જેવો છે. અહંકાર વ્યક્તિને સાચી વાત સૂઝવા દેતો નથી, તેથી નારદજીને તરત સીધો ઉપાય ન જડયો. નારદજી જ્ઞાન-વૈરાગ્યના દુઃખને દૂર કરવા માટે, યુવાવસ્થા દેવા માટે, પ્રયત્નશીલ થયા. પાસે આવ્યા. સ્નેહથી શરીરે હાથ ફેરવવા લાગ્યા. કાન પાસે મુખ લાવ્યા. સંબોધન કરવા લાગ્યા : "હે જ્ઞાન ! હે વૈરાગ્ય ! તમે જાગો !" વેદપાઠ કર્યા, ગીતાપાઠ કર્યા, છતાં જ્ઞાન-વૈરાગ્ય ન જાગ્યા ! તેઓ આંખ બંધ હોવાથી દેખતા ન હતા. જ્ઞાન-વૈરાગ્યના નેત્રની અંદર ભક્તિ તેજઃ પ્રદાન કરે છે. એનાથી જ દર્શન સંભવે છે. બન્ને બગાસાં ખાતા હતા. આળસ ઉભયમાં હતી. જ્ઞાન અને વૈરાગ્ય બન્ને ક્રિયામાંથી નિવૃત્ત કરનાર છે. ભક્તિ જ ભગવાનની સેવામાં પ્રવૃત્ત કરનારી છે, આળસ દૂર કરનારી છે. બેય માથે પળીઆં (સફેદ વાળ)વાળા છે. જ્ઞાન-વૈરાગ્ય મેળવવામાં લાંબો સમય લાગે અને શ્રમ કરવો પડે. ભક્તિમાં શ્રમ નથી - વિલંબ નથી. જ્ઞાન-વૈરાગ્ય સૂકાં લાકડાં જેવા શરીરવાળા છે, નીરસ છે, શુષ્ક છે. ભક્તિ રસાલ છે. જ્ઞાન-વૈરાગ્ય બન્નેય ભૂખ તરસથી પીડાયેલા છે. તેમાં શ્રમ-વ્રત, તપઃ વગેરેથી દેહને પીડવો પડે છે. ભક્તિમાં તો દેહ પ્રભુસેવા માટે સાચવીને સુંદર રખાય છે ! વેદ-ગીતાના પાઠથી બંને સહેજ જાગ્યા, હાલ્યા, છતાં ઊઠયા નહિ ! ફરીથી સૂઈ ગયા. ત્યારે શું કરવું ? - એ ઋષિને સૂઝયું નહિ. મનમાં દુઃખ થયું. ગોવિંદ ભગવાનનું સ્મરણ કર્યું. અહંકાર દૂર થયો. "પોતે માર્ગ શોધી શકતા હતા, જ્ઞાન-વૈરાગ્યને યુવાવસ્થા દઈ શકતા હતા," - એ ભાનનું અભિમાન ઓગળી ગયું. દીનતાપૂર્વક કરેલું ભગવાનનું સ્મરણ સાચો માર્ગ સુઝાડે છે.

શાસ્ત્ર અને સાધુપુરુષો જેમાં સંમત હોય તેવું કર્મ સત્કર્મ છે :

નારદને માર્ગ દેખાયો. આકાશવાણી થઈ. એ અંતરવાણી છે. જેની પાસે દીનતા છે અને સતત ભગવાનનું સ્મરણ છે, તેના અંતઃકરણમાં ભગવાન્ સઘળો ઉપાય સુઝાડે છે. ઉપાય તો દેખાયો, - "सत्कर्म समाचर ।" - "સત્કર્મ કરો !" ઓગળેલું અભિમાન પણ અંતઃકરણમાં ન રહે, - ઊડી જાય, તે માટે ઉપાય અસ્પષ્ટ કહ્યો. સત્કર્મની સ્પષ્ટતા સાધુપુરુષો કરશે તેમ સ્પષ્ટ કહ્યું ! ભક્તોની શરણાગતિથી સાચી દીનતા આવે. આકાશવાણીનું સૂચન પણ વિચારવા જેવું છે. આપણે બધા સત્કર્મો કરીએ છીએ; પણ પોતાના મનથી માની લઈને કરીએ છીએ. મનથી માની લીધું કે આ સારું છે, પછી તેનું આચરણ કરીએ છીએ; અને સંતોષ લઈએ છીએ કે હવે અમે સત્કર્મ કરીએ છીએ; પણ સંભવ છે કે આપણું એ મનથી માની લીધેલું કર્મ સત્કર્મ ન પણ હોય ! સત્કર્મની ઓળખ અહીં સ્પષ્ટ રીતે કરાવી છે. શાસ્ત્ર જેનું સૂચન કરતું હોય અને સાધુ-પુરુષો જેમાં સંમત હોય એવું કર્મ સત્કર્મ છે. સંત અને શાસ્ત્ર જેમાં સંમત ન હોય તે સત્કર્મ નથી, તેથી આકાશવાણીએ "સાધુપુરુષો સત્કર્મ કહેશે," - તેમ સ્પષ્ટ કહ્યું છે. અન્ય દ્વારા માર્ગ મળતાં અભિમાન સંપૂર્ણ ઓગળી જાય. દીનતા આવે ત્યારે દીનબંધુ ભગવાન્ પ્રસન્ન થાય.

નારદજીને સનત્કુમારોનો સમાગમ: સાધુપુરુષોનો સમાગમ મહાભાગ્યે મળે :

ભક્તોના આચાર અને વિચાર એક હોય છે. વિચાર, વાણી અને વર્તનની એક્તા સાધુ-પુરુષોમાં સ્વાભાવિક હોય છે. નારદે ભગવાનનું સ્મરણ કર્યું. ભક્તિનું દુ:ખ દૂર કરવા માટે તેમણે ઉપદેશ દીધો હતો, "કૃષ્ણનાં ચરણનું સ્મરણ કરો !" નારદજીએ તેવું જ આચરણ કર્યું, એ સમજાવવા માટે "ભાર્ગવ !" - એવું સંબોધન કર્યું. ભગવાનના સ્મરણથી આપત્તિનું વિસ્મરણ થાય. નારદજી આકાશવાણી સાંભળી વિસ્મિન થયા, સત્કર્મ કોણ સમજાવશે ? એવા વિચારમાં પડયા, સર્વત્ર શોધવા લાગ્યા, પણ નારદને કોણ સમજાવે ? સૌ ચિંતાતુર થયા. સર્વત્ર હાહાકાર થયો. મહર્ષિ નારદ સૌને પૂછતા પૂછતા બદરીવનમાં આવ્યા. તપ:માં પ્રવૃત્ત થતા હતા, ત્યાં સનત્કુમારોનાં દર્શન થયાં. નારદે પોતાની સઘળી કથા એમને કહી સંભળાવી, તેથી મન શાંત થયું, તપ: કરવા ઈચ્છતા હતા. સ્વસ્થ થતાં વિવેક કર્યો, તે વાણીમાં પ્રકટ થયો - "સાધુપુરૂષનો સમાગમ મહાભાગ્યે મળે. કુમારો ! આપ પાંચ વર્ષની વયના છો. પૂર્વજના પણ પૂર્વજ છો, અને 'હરિ: શરણ, હરિ: શરણં' - એમ બોલ્યા કરો છો. પરિણામે બીજાને છોડતી નથી, તે વૃદ્ધાવસ્થા તમને છેડતી નથી !" ભગવાન્ કાલના ય કાલ છે. ભગવાનને શરણે જનારને કાલ કદાપિ કનડતો નથી. "કુમારો ! અમારા પર કૃપા કરીને કહો કે આ ભક્તિ, જ્ઞાન-વૈરાગ્યને સુખ કેમ થાય ?" કુમારોએ પ્રત્યુત્તર આપ્યો, - "દેવર્ષે ! ચિંતા ન કરશો. ઉપાય સહેલો છે. ઋષિઓએ અનેક માર્ગ પ્રકટ કર્યા છે. એ બધા માર્ગો અતિકઠિન છે. બહુ તો સ્વર્ગનું સુખ દેનારા છે. વૈકુણ્ઠ આપનાર માર્ગ તો ગુપ્ત છે. વૈકુણ્ઠલોક અને ભગવાન્ ભાગ્યે જ પ્રાપ્ત થાય છે. તે મેળવી આપનારા પુરુષ પણ મહાભાગ્યથી મળે છે. આકાશવાણીએ જે કહ્યું છે તે તમે પ્રસન્નતાપૂર્વક સમજો !" સ્થિરચિત્ત અને બુદ્ધિની પ્રસન્નતા ન હોય તો સહેલી વાત પણ ન સમજાય. સ્થિરતા અને પ્રસન્નતા હોય તો અઘરું પણ સહેલું લાગે.

સત્કર્મ-સૂચક છે - જ્ઞાનયજ્ઞ ! - શ્રીમદ્ભાગવતની કથા ! :

ઋષિઓએ કહેલા યજ્ઞો પાંચ પ્રકારના છે : (૧) દ્રવ્યયજ્ઞ - પુરોડાશ વગેરે દ્રવ્યથી થતા, (૨) તપોયજ્ઞ - ચાન્દ્રાયણ - આદિ વ્રતોથી થતા, (૩) યોગયજ્ઞ - ધ્યાન-સમાધિ વગેરેથી થતા, (૪) સ્વાધ્યાયયજ્ઞ - વેદાધ્યયન કરવાથી થતા, - અને (૫) જ્ઞાનયજ્ઞ - જ્ઞાન દેવાથી, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી થતા. આ બધા યજ્ઞો કર્મસૂચક છે, પણ સત્કર્મસૂચક જ્ઞાનયજ્ઞ છે. જ્ઞાનયજ્ઞનું સ્વરૂપ છે, - શ્રીમદ્ ભાગવતનો આલાપ ! એનાથી જ્ઞાનવૈરાગ્યનાં દુ:ખો જશે, ભક્તિને સુખ થશે. કલિયુગના દોષો નિવારી શકાશે, ભક્તિનો પ્રચાર એનાથી સરલ થશે.

વેદના સારરૂપ છે - શ્રીમદ્ભાગવત ! :

"શ્રીમદ્ ભાગવત તો વેદના સારરૂપ છે. વેદ દ્વારા ભક્તિનું દુ:ખ દૂર ન થયું, તો ભાગવત દ્વારા કેમ થશે ?" - એમ નારદે પૂછતાં કુમારો બોલ્યા, - "શેરડીમાં રસ તો ભરપૂર હોય, છતાં પણ શેરડીનો રસ સાકર તરીકે કામ નથી આપી શકતો, પણ શેરડીમાંથી રસ જુદો પાડીને તેમાંથી બનાવેલી સાકર મધુર લાગે, અનેક ઉપયોગમાં આવે, તેવી રીતે વેદના સાર રૂપ શ્રીમદ્ ભાગવત કલ્યાણ કરી શકે છે અને સુખ આપે છે. આ ભાગવત વેદ - સંમત પુરાણ છે. "पुरातनमपि नवं

पुराणम् ।" - જૂનું હોવા છતાં પણ નવું, તે પુરાણ છે. વર્ષોથી સાંભળતા હોઈએ, કહેતા હોઈએ, વિચારતા હોઈએ, છતાં પણ જેમ જેમ તેનું વધારે ને વધારે દર્શન કરતા જઈએ, તેમ તેમ તેમાંથી નવો અને નવો અર્થ મળે - રસ મળે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યના સ્થાપન માટે એને પ્રકટ કરવામાં આવ્યું છે. "જ્યારે વ્યાસ મહર્ષિ વિષાદમાં હતા, ત્યારે તમે તેમને ચતુઃશ્લોકી ભાગવત સારરૂપે સંભળાવ્યું હતું. તેનાથી વ્યાસજીનો શોક ગયો હતો !" ભાગવત સાંભળવાથી શોક અને દુઃખ કાયમ માટે ચાલ્યાં જાય છે. કુમારોને નમસ્કાર કરતાં એક વાક્ય નારદ બોલ્યા :

भाग्योदयेन बहुजन्मसमर्जितेन सत्संगमेव पुरुषो लभते यदा वै ।
अज्ञानहेतुकृतमोहमदान्धकारनाशं विधाय हि तदोदयते विवेकः ॥ (७६)

અનેક જન્મના ભાગ્યોદયથી સાચો સત્સંગ મળે, ત્યારે જીવન-વિવેકનો ઉદય થાય :

અનેક જન્મનાં પુણ્ય એકત્રિત થતાં ભાગ્યોદય થાય, ત્યારે સત્સંગ મળે, સ્વાન્તઃનું સ્વાસ્થ્ય મળે, સુખ મળે, શાંતિ તેમ જ સન્મતિ મળે. સંતતિ તેમ જ સંપત્તિ મળે, - એ તો સામાન્ય ભાગ્યોદય છે; પણ સાધુપુરુષોનો સંગ મળે એ અસામાન્ય-અલૌકિક-ભાગ્યોદય છે ! સત્સંગ મળે ત્યારે અજ્ઞાનને કારણે થયેલાં મોહ, મદ અને વિવેકહીનતા રૂપ અંધકારનો નાશ કરી દઈને વિવેકનો ઉદય થાય છે જ. સત્સંગના અભાવમાં સાચો માર્ગ મળતો નથી, અયોગ્યનો ત્યાગ કરી શકાતો નથી, યોગ્યનો સ્વીકાર કરી શકાતો નથી. અધર્મમાંથી ઉગારે અને શ્રેયઃ (કલ્યાણ - સારું હોય તે અને સાચું હોય તે) સ્વીકારાવે એ વિવેક છે.

અધ્યાય ૩ :

ગંગાદ્વાર - સમીપમાં આનંદ-તટે નારદજીએ કરેલું શ્રીભાગવત-કથાનું આયોજન :
તેમાં ઉલ્લાસથી આવેલાં સૌ :

મહર્ષિ નારદે પૂછ્યું, - "ભાગવત કથાયજ્ઞ હું કરીશ. પણ ક્યાં કરવો ? કઈ રીતે કરવો ? તે કહો !" સનત્કુમારોએ બતાવ્યું, - "ગંગાદ્વાર સમીપે આનંદ-તટ છે, ત્યાં આ સત્કાર્ય કરવું."

ગંગા ભક્તિનું સ્વરૂપ છે અને આનંદ એનો કિનારો છે. જ્યાં ભગવાનની ભક્તિ હોય ત્યાં આનંદ અવશ્ય હોય. ભક્તિ લૌકિક - ક્લેશને દૂર કરે છે. વૈર વગરના લોકો જ્યાં વસતા હોય ત્યાં શ્રીમદ્ ભાગવતની કથા હૈયામાં સ્થિર બને છે. ઋષિજનો ત્યાં વિરાજે છે. દેવતાપુરુષો વસે છે. સુંદર એકાંત દેશ છે. સુવર્ણકમલ જેવાં ભક્ત-હૃદયમાંથી ભક્તિની સૌરભ આવે છે. વૈર કરનાર, ભગવાનમાં, સ્નેહનો સ્વૈરવિહાર કરી શકે નહિ.

નારદજીએ તૈયારી કરી, સૌ લોકો ગંગાતટ ઉપર આવ્યા. ભાગવતપીયૂષ (અમૃત)નું પાન કરવા માટે વૈષ્ણવો દોડતા પ્રથમ આવ્યા ! પોતપોતાના સ્થાને બિરાજ્યા. વૈષ્ણવ લૌકિકસુખલંપટ કે લૌકિક-લાલસાવાળા ન હોય. વૈષ્ણવને ભગવાનની કથામાં અને સેવામાં આતુરતા હોય, લોલુપતા હોય, બીજા કશાયમાં નહિ. યોગેશ્વરો આવ્યા. છાયા-શુકદેવજી પધાર્યા. વ્યાસજી પણ આવ્યા, વેદ આવ્યા. વેદાંતો આવ્યાં. મંત્ર આવ્યા અને તંત્ર આવ્યાં. સત્તર પુરાણ આવ્યાં, છ શાસ્ત્રો વગેરે સૌ આવ્યાં. જડનાં મૂર્તિમંત આધિદૈવિક સ્વરૂપો આવ્યાં છે. અભિમાનથી જે ન આવ્યા, - નિમંત્રણની

રાહ જોવા રહ્યા, - તે સૌને ભગવાનનું માહાત્મ્ય અનુભવનારા ભૃગુ-ઋષિ સમજાવીને બોલાવી લાવ્યા ! સર્વજનહિત માટે સમજાવીને પણ કથા સાંભળવા ભક્તો પ્રેરે છે. નારદજી દીક્ષિત થઈને બિરાજ્યા. જય - શબ્દ થવા લાગ્યા, નમઃ - શબ્દ થયા, અબીલગુલાલ ઊડવા લાગ્યાં. દેવો પણ વિમાનોમાં આવ્યા. કલ્પવૃક્ષના પુષ્પની વૃષ્ટિ કરવા લાગ્યા. સૌ એક ચિત્તે શ્રવણ કરતા હતા ઉચ્ચ આસને બિરાજેલા કુમારો શ્રીમદ્ ભાગવતની કથા સંભળાવતા હતા.

શ્રીભાગવતની મહત્તા : સોળની તત્ત્વતઃ એક રૂપતા :

શ્રીમદ્ ભાગવતની કથા સાંભળે તેને કોઈ ભ્રમ થતો નથી. ભાગવતજી જે ઘરમાં, જે હૃદયમાં બિરાજે, તેનાં પાપ જાય - દોષ જાય, તે તીર્થરૂપ બને. અન્યના દોષ પણ તે દૂર કરી શકે. ભાગવતફલની સમાનતા કોઈ સાધનબલથી ન થઈ શકે. શ્રીમદ્ ભાગવત તો ભગવાન્ છે. અલ્પ પાઠ માત્રથી પાવન કરે છે. ૐકાર, ગાયત્રી, પુરુષસૂક્ત, ત્રણ વેદ, ભાગવતજી, દ્વાદશાક્ષરમંત્ર, બાર સ્વરૂપવાળા સૂર્ય, પ્રયાગ, સંવત્સરાત્મક કાલ, બ્રાહ્મણ, અગ્નિહોત્ર, ગાય, દ્વાદશી, તુલસી, વસંતઋતુ અને પુરુષોત્તમ, - આ સોળ તત્ત્વતઃ એકરૂપ છે. અર્થપૂર્વક ભાગવત ગાન કરે તો કરોડો જન્મનાં પાપ નાશ પામે, - એમાં સંશય નથી.

કૃતાર્થ કરનારાં ચારઃ શ્રીભાગવત-સપ્તાહ-શ્રવણથી-તૂટતી સાત ગ્રંથિયો :

નિત્ય શ્રીમદ્ ભાગવતનું ગાન, પ્રભુનું ચિંતન, તુલસીનું પોષણ અને ગાયની સેવા કૃતાર્થ કરે છે. અંતકાલે જે શ્રીમદ્ ભાગવત સાંભળે તેને પ્રભુ પ્રસન્ન થઈ વૈકુણ્ઠવાસ દે. સોનાના સિંહ (સિંહાસન) સાથે વૈષ્ણવને ભાગવત આપે તેને સાયુજ્ય મળે. શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી નથી, - એ જીવતાં શબ જેવો છે. ભાગવતકથા સાંભળવામાં દિવસનો કોઈ નિયમ નથી ! સર્વદા ભગવાનની કથા સાંભળવી જોઈએ. આ નિર્ગુણ - શ્રવણનું સ્વરૂપ છે. વાણીમાં, વિચારમાં અને વ્યવહારમાં સત્યનિષ્ઠ થઈ કથા સભળાય, સાથે સંયમ જોઈએ. સત્ય અને સંયમ સ્નેહરક્ષક છે. તે બે ન હોય તો ક્ષણિક ભગવદ્ભાવ ક્વચિત્ ભાસે, પણ ટકે નહિ, હૃદય રંગાય નહિ, બ્રહ્મચર્યના પાલનના અભાવે આયુષ્ય અલ્પ થઈ જાય, સામર્થ્ય ક્ષીણ થઈ જાય. કાયાને ભગવાનની સેવા સિવાય લૌકિક-ભોગ વગેરેના ઉપયોગમાં ન લેવી તે શરીરનો સંયમ છે. ભગવાન્ સિવાય બીજો કોઈ વિચાર ન કરવો, કાંઈ યાદ ન કરવું, એ બુદ્ધિનો સંયમ છે. ભગવાનમાં જ મન, બુદ્ધિ અને શરીરનો ઉપયોગ કરતાં નિત્ય શ્રવણ કરવું જોઈએ. પણ આ પ્રકારે નિત્ય શ્રવણ કરવામાં કલિયુગમાં અનેક પ્રકારની બાધાઓ સંભવે છે. સત્ય અને સંયમ સાચવવાં સહેલાં નથી. હૃદયની સાત પ્રકારની સંસારમાં બાંધનારી ગ્રંથિયો (ગાંઠો) છે : ૧. દામ્પત્યભાવ, ૨. ઘરનો મોહ, ૩. ક્ષેત્ર-(શરીર વા પત્ની વા જમીન) મોહ, ૪. પુત્રમોહ, ૫. આપ્તમોહ, ૬. વિત્તમોહ, ૭. અહંતા-મમતા. તે ક્રમશઃ સાત દિવસમાં છૂટતાં ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય, મુક્તિ મળે.

ભગવાને પોતાનું તેજઃ પધરાવેલું હોવાથી શ્રીકૃષ્ણનું નામાત્મક-સ્વરૂપ છે - શ્રીમદ્ભાગવત ! :

ભક્તિદેવીની પ્રસન્નતા : યુવક જ્ઞાન-વૈરાગ્ય સાથે વૈષ્ણવોના હૃદયમાં નિવાસ :

ભગવાન્ જે સવારે પધાર્યા ત્યારથી કલિ આવ્યો છે. ઉદ્ધવજીએ ભગવાનને વિનંતી કરી, -

"આપના પધારતાં ભક્તો કેમ જીવન ટકાવી શકશે ? આપ કાંઈક વિચારો !" પ્રભુએ કૃપા કરી પોતાનું તેજઃ શ્રીમદ્ ભાગવતમાં પધરાવી દીધું.

तेनेयं वाङ्मयी मूर्तिःप्रत्यक्षा वर्तते हरेः ।
सेवनाच्छ्रवणात् पाठाद्दर्शनात्पापनाशिनी ॥ (६२)

શ્રીમદ્ ભાગવત શ્રીકૃષ્ણનું નામાત્મક સ્વરૂપ છે. સેવનથી, શ્રવણથી, પાઠથી, દર્શનથી પાપ નાશ કરનાર છે. દુઃખ, દારિદ્રય, દુર્ભાગ્ય અને દોષોને દૂર કરવા માટે, કામ અને ક્રોધને જીતવા માટે, - કલિયુગમાં આ શ્રીમદ્ ભાગવતસપ્તાહ-શ્રવણ જ ધર્મ રૂપ છે. તે સૌને કૃતાર્થ કરે છે. આ સાંભળતાં સૌ પ્રસન્ન હતા, ત્યાં તો બે દીકરાને સાથે લઈ નાચતાં નાચતાં ભક્તોની શોભારૂપ ભક્તિદેવી પધાર્યાં ! ભગવાનનાં નામ વારંવાર ઉચ્ચારાતાં હતાં. "ઋષિની સભામાં આ સ્ત્રી કેમ આવ્યાં હશે ?" - બધા વિચાર કરતા હતા. કુમારોએ જોયાં. વંદન કર્યાં. ભક્તોને ગોવિંદ-સમાન બનાવનારાં, પ્રેમરૂપા, ભવરોગને દૂર કરનારાં ભક્તિને વૈષ્ણવોનાં મનમાં નિરંતર સંપૂર્ણ ધૈર્યપૂર્વક વિરાજવાની વિનંતી કરી ! કુમારોએ વૈષ્ણવોના ચિત્તમાં ભક્તિને સ્થાન આપ્યું, તેથી ભક્તિ વૈષ્ણવોના ચિત્તમાંથી ક્યારેય ચલિત થતાં નથી. સર્વ સ્થિતિમાં ભક્તિ વૈષ્ણવોના હૃદયમાં સ્થિર બિરાજે છે. જેના હૃદયમાં ભક્તિ બિરાજે તેને ભગવાન્ પ્રત્યક્ષ થાય. ભક્તિપ્રદ ભાગવત છે. ભાગવતના વક્તા અને શ્રોતા પણ ભાવથી ભગવાન્ શ્રીકૃષ્ણ - સમાન સ્વભાવવાળા થાય છે.

અધ્યાય ૪ :

ભક્તિથી હૃદયમાં ભક્તવત્સલ ભગવાનનું પ્રાકટ્ય :

ભક્તિ વૈષ્ણવોનાં હૃદયમાં આવ્યાં. ભક્તવત્સલ ભગવાન્ આવિર્ભૂત થયા. કોઈ કારણ વગર થતી, ક્યારેય ન અટકતી, નિત્ય ટકતી, ભગવાનની ભક્તિ અલૌકિક છે. પોતાની કામનાઓ સિદ્ધ કરવા માટે, પોતાની આશાઓ પૂરી કરવા માટે, થતી ભક્તિ લૌકિક છે. અહીં, અલૌકિક-ભક્તિનો ઉલ્લેખ કર્યો છે. જ્યારે કોઈ કામના વગરની ભક્તિ થાય, ત્યારે જ ભગવાન્ હૃદયમાં પધારે.

ભગવાન્ ભક્તવત્સલ છે. ભક્તોના ભાવને વશ છે. ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન, વૈરાગ્ય - એ છ ગુણોવાળા, સર્વસમર્થ, હોવા છતાં તે ભક્ત પરવશ છે ! ભક્તો પાસે પોતે સામે ચાલીને પધારે છે. ભગવાને કંઠમાં વનમાલા ધરી છે. ચરણપર્યંત લાંબી તુલસી અને પુષ્પની બનેલી માળા વનમાલા કહેવાય. તેમાં નવરત્ન હોય. વનમાલાનાં પુષ્પ ભક્તરૂપ છે. નવરત્ન નવધા ભક્તિરૂપ છે. તુલસી શરણાગતિ રૂપ છે. તે સૌને પ્રભુના યશઃની સુગંધનું દાન કરનારી છે. ભક્તોના જીવન-વનની સંભાળ લેનાર વનમાલી - ભગવાન્ - છે. ભગવાન્ ઘનશ્યામ છે. શ્યામ મેઘ જેમ સૃષ્ટિમાં વૃષ્ટિ કરે છે, શીતલતા દે છે, તેમ ભગવાન્ સૃષ્ટિમાં કૃપાવૃષ્ટિ કરી સંસારના તાપમાં તપેલાઓને શીતલતા દે છે. ભગવાન્ શૃંગારરસરૂપ છે, તેથી શ્યામ છે. ભક્તોનાં હૃદય - અમલ - શુદ્ધસત્ત્વાત્મક છે. ભગવાન્ આનંદરૂપ છે. શુદ્ધસત્ત્વમાં આનંદનું પ્રતિફલન થતાં શ્યામ રૂપ પ્રકટે છે. મેઘ જલ દે છે. પ્રભુ જલ (જીવન) દે છે, બલ (ભક્તિ) દે છે, ફલ (સ્વરૂપ) દે છે. ભગવાને પીતાંબર ધારણ કર્યું છે. પીતાંબર વેદાત્મક છે, ભગવાનનું જ્ઞાન કરાવનારું છે. ભક્તોને સ્વરૂપનું જ્ઞાન પણ ભગવાન્ કૃપાથી કરાવે છે.

ભગવાન્ ઉદાર છે, કૃપાશીલ છે, મનોહર છે. પોતાના ભક્તોનું ચિત્ત સંસારમાં આથડતું હોય, સ્થિર ન થતું હોય, તો ભગવાન્ પોતે ભક્તના મનને હરે છે, બીજે જવા ન દેતાં પોતાનામાં સ્થિર કરી દે છે. ભગવાન્ કટિમાં કટિમેખલા (કંદોરો) પરિધાન કરે છે. પીતાંબરને તે સ્થિર કરે છે. માહાત્મ્યજ્ઞાન કે સ્વરૂપજ્ઞાનને વૈરાગ્ય દ્વારા સ્વયં ભગવાન્ સ્થિર કરે છે, તેની તે સૂચક છે. શોભાયમાન કુંડલ અને મુકુટ પ્રભુએ ધારણ કર્યાં છે. સાંખ્ય, યોગ અને ઉપનિષદના જ્ઞાનને મેળવવા ભક્તોને યત્ન કરવો નથી પડતો ! સ્વયં ભગવાન્ સર્વ વિદ્યાનું દાન પોતાના ભક્તોને કરે છે. તે મુકુટ અને કુંડલ દર્શાવે છે. ત્રિભંગલલિત ભગવાન્ છે. પોતાના ભક્તોના જીવનમાં ભંગ કરાવનારા, ભક્તિમાં ભંગ કરાવનારા, કામ, ક્રોધ અને લોભ એ ત્રણનો ભંગ કરવા માટે ભગવાન્ લલિત થઈને હૃદયમાં આવે છે ! જીવનમાં કામ, ક્રોધ અને લોભ આવે તો લાલિત્ય ચાલ્યું જાય, સુખ અને શાંતિ ચાલ્યાં જાય. નિજભક્તોમાંથી એ ત્રણેય દોષોને દૂર કરી, પોતાનામાં પ્રેમપ્રદાન કરવા માટે આ લલિતત્રિભંગીજી પધાર્યા છે. સુંદર કૌસ્તુભમણિ ભગવાને ધારણ કર્યો છે. અંધકારને દૂર કરનારો, મુક્તજીવોના વાસસ્થાન રૂપ કૌસ્તુભમણિ છે. કરોડો કામદેવથી પણ અધિક લાવણ્ય ભગવાનનું છે. મોતીમાંની કાન્તિ જેવી અંગકાન્તિ લાવણ્ય કહેવાય છે. ભક્તોને તે મધુર બનાવે છે. ભગવાન્ હરિચન્દન-ચર્ચિત છે. કપિલ-વર્ણનું, મંડૂકાકાર - પર્વત પર થતું, ઈન્દ્રનું ચંદન વા પીળું ચન્દન હરિચન્દન કહેવાય, અથવા કર્પૂર અને અગરુ સાથે કે કેસર સાથે તુલસીના લાકડાને ઘસવાથી હરિચન્દન બને છે. ચંદન આહ્લાદ દેનારું છે. ભગવાન્ ભક્તોને આહ્લાદ દે છે. ભગવાન્ ચિન્મૂર્તિ છે, જ્ઞાનઘન છે, વેદૈકવેદ્ય સ્વરૂપવાળા છે, ભક્તોને જ્ઞાન દેનારા છે. જ્ઞાનની ગંભીરતા છતાં પણ ભગવાન્ પરમાનન્દરૂપ છે. મોક્ષ કરતાં પણ અધિક સુખ પોતાની લીલાના અનુભવથી ભક્તોને દે છે, ભગવાને મુરલી ધારણ કરી છે. ભક્તોને તે મધુર બનાવે છે. ભક્તોનાં મનનો તે નિરોધ કરે છે.

શ્રીભાગવત - સપ્તાહ - શ્રવણ સૌને પણ પાવન કરે છે :

ભક્તોના અમલ-હૃદયમાં પ્રભુએ પ્રવેશ કર્યો. જયજયકાર થયો. પુષ્પવૃષ્ટિ થવા લાગી. સૌ તન્મય થયા. તે જોઈને નારદે પૃચ્છા કરી, - "આ કથારૂપ સપ્તાહયજ્ઞથી કોણ કોણ પાવન થતા હશે ? મુનીશ્વર ! આપે અલૌકિક નવીનમાર્ગ પ્રકટ કર્યો છે. મૂઢ અને શઠ લોકો પણ આ ભાગવતસપ્તાહ દ્વારા પાવન બને છે !" એ સાંભળતાં કુમારોએ કહ્યું, - "અનેક પ્રકારનાં પાપ કરનારા પોતાનાં સઘળાં પાપોમાંથી શ્રીમદ્-ભાગવતસપ્તાહ-શ્રવણ દ્વારા મુક્ત બને છે. જે હમેશાં પાપપરાયણ હોય, દુરાચારરત હોય, ભગવાનથી અથવા ધર્મથી અવળે માર્ગે ચાલનારા હોય, ક્રોધના અગ્નિમાં બળેલા હોય, કપટ કરનારા હોય, કામી હોય, સત્યહીન હોય, માબાપને દૂષણ દેનારા હોય, તૃષ્ણાથી આતુર થયેલા હોય, આશ્રમ અને વર્ણના ધર્મોથી રહિત હોય, દંભ કરતા હોય, અદેખાઈવાળા હોય, હિંસા કરતા હોય, (૧) બ્રહ્મહત્યા, (૨) ગોહત્યા, (૩) સોનાની ચોરી, (૪) મદ્યપાન, (૫) આ ચારેય કરનારનો સંગ, - આ પાંચ ઉગ્ર પાપ છે. એ ઉગ્ર પાપ કરનારા હોય, છલકપટ કરનારા હોય, પિશાચ જેવા નિર્દય હોય, બ્રાહ્મણ કે દેવના દ્રવ્યથી પોષાયેલા હોય, વ્યભિચાર કરનારા હોય, શરીર - વાણી અને મનથી નિત્ય પરાણે પણ પાતક કરનારા હોય, પારકાનું દ્રવ્ય પડાવી લઈને પોતાનું પોષણ કરનારા હોય, મલિન હોય, ખરાબ આશયવાળા હોય, એવા લોકો પણ સપ્તાહ-શ્રવણથી કલિયુગમાં પાવન બને છે.

આત્મદેવ બ્રાહ્મણ અને ધુંધુલીની કથા :

એક પ્રાચીન ઈતિહાસ સંભળાવ્યો. તુંગભદ્રા નદીના કિનારે ઉત્તમ નગર હતું. તુંગ-(ઊંચું) ઉત્તમ. ભદ્ર-કલ્યાણ. ઉત્તમ-કલ્યાણ, જ્યાં પ્રાપ્ત કરી શકાય એ નદી તુંગભદ્રા! એના કિનારા પર એક નગર! - નામ ન આપ્યું. આ નગર એટલે શ્રેષ્ઠ કલ્યાણ પ્રાપ્ત કરી શકાય તેવો કોઈ પણ માનવદેહ! તેમાં આત્મદેવ નામનો તેજસ્વી બ્રાહ્મણ વસતો હતો. "आत्मनि दीव्यतीति आत्मदेव : ।" - આત્મામાં જે ક્રીડા કરે છે, અથવા ભગવાનમાં જે રત છે, - તે આત્મદેવ! આ બ્રાહ્મણ ભિક્ષુક હતો, પણ પૈસાદાર હતો. પોતાનું હોવા છતાં બીજાની પાસે આશા રાખે - માગે, - તે ભિખારી! અને પોતાને ધનનું અભિમાન ન આવે માટે, વર્ણધર્મ કે આશ્રમધર્મ પ્રમાણે નિરપેક્ષપણે ભિક્ષાથી નિર્વાહ ચલાવે તે, - ભિક્ષુક! આ પૈસા હોવા છતાં ભિક્ષા માગતો હતો, કારણ તે જ્ઞાની હતો. જ્ઞાની હોવા છતાં પત્નીમાં પ્રીતિ હતી! પત્નીનું નામ ધુન્ધુલી. તે સુંદર કુલમાં ઉત્પન્ન થયેલી કુલીન હતી. સ્વરૂપથી સુંદર હોવું અને કુલીનતાદિ ગુણથી ઉત્તમ હોવું એ તો સારું છે; પણ પોતાનું કહેલું જ થવું જોઈએ - એ અહંકાર દુર્લક્ષણ રૂપ છે. સુંદરતા અને કુલીનતાના ભાનથી આવેલા અભિમાનનું તે ફલ છે. પોતાનું જ કહેલું કરાવનારી આ સ્ત્રી હતી. તે લોકોની વાતોમાં રત હતી. તેને લોકોની વાતો સાંભળવામાં અને પોતાની વાતો લોકોને સંભળાવવામાં રસ વધારે હતો. આ દુર્બુદ્ધિનું કે સાચા શિક્ષણના અભાવનું લક્ષણ છે. તેનામાં દયા નહોતી. પોતાને લાભ થાય, પોતાનું ધાર્યું કે કહ્યું થાય, તે માટે કોઈના તરફ ક્રૂરતા કરતાં અચકાય તેવી ન હતી. તે વગર કારણે પણ, વગર જોઈતું, બોલ્યા કરતી. જેને લોકોની વાતોમાં રસ હોય તેને બોલવા પણ બહુ જોઈએ. તે લોકનિંદા કરતી હતી. ઘરકામનો ઢસરડો કરવામાં શૂરી હતી. ખૂબ કંજૂસ પણ હતી. સૌની સાથે મનથી બગડતી અને મોથી બબડતી હતી. આ બધાં લક્ષણો ભક્તિમાં અવરોધ કરનારાં છે. ધુન્ધુલીમાં ધર્મ કે ભક્તિ ન હતાં, - તેમ તે સૂચવે છે. આવાં લક્ષણવાળી સ્ત્રી ધુન્ધુલી છે. આત્મદેવને ત્યાં બધું હતું. અર્થ અને કામ હતાં, પણ ધર્મ અને મોક્ષ મુખ્ય ન હતા. સઘળું સુખ હોવા છતાં પણ સંતાન ન હતું, તેથી સુખ ન દેખાયું. સંતાન પ્રાપ્ત કરવા માટે અર્ધું દ્રવ્ય ખર્ચી નાખ્યું. પાછળથી સકામ ધર્મ કર્યો, છતાં પણ સંતાન ન મળ્યું; ત્યારે દુઃખી બ્રાહ્મણ વનમાં આવ્યો.

સાત-જન્મે પણ સંતાન ન હોવાનું કહેનાર યતિ જ દયાથી તે જન્મે જ પુત્ર જન્મે તેવા સંકલ્પ-પૂર્વક ફલ દે છે, સફલ કરે છે :

તે તળાવના કિનારે બેઠો હતો, ત્યાં એક યતિને આવેલા જોયા. જીવનમાં સત્પ્રવૃત્તિ માટે પ્રયત્ન કરે તે, - યતિ! પ્રભુ મેળવવા પ્રયત્ન કરે એ, - યતિ! પોતે, જ્ઞાન કે ભક્તિપૂર્વક સઘળાનો પરિત્યાગ કરી, પોતાના સંગમાં આવનારમાં જ્ઞાન અને ભક્તિનું સ્થાપન કરે તે, - સંન્યાસી! બ્રાહ્મણ તેમની પાસે ગયો. દુઃખ રડ્યો. યતિએ બ્રાહ્મણને - "સાત જન્મે પણ સંતાન સુખ નથી," - એમ સંભળાવ્યું. ત્યાગનો ઉપદેશ દીધો, છતાં પણ બ્રાહ્મણે અતિશય આગ્રહ કર્યો. "સંસારમાં સંતાન વગર સુખ નથી!" - એ મોહની વાત સંભળાવી; સાધુપુરુષે દયા કરી; એક ફલ આપ્યું. "इदं भक्षय पत्न्या त्वम् ।" - "આ ફલ તું પત્નીને ખવડાવજે, પુત્ર થશે!" - એમ આજ્ઞા કરી. "પત્ની સત્ય, પવિત્રતા, દયા, દાનપૂર્વક, વર્ષપર્યંત એક વખત ભોજન કરે, તેથી અતિ નિર્મલ પુત્ર થશે!" - એમ ફલ દઈ, આશીર્વાદ દઈ સંતપુરુષ વિદાય થયા, ફલ લઈ બ્રાહ્મણ ઘેર આવ્યો. પત્નીને ફલ આપ્યું. ફલ ખવડાવવાને બદલે ફલ આપીને પોતે

બહાર ચાલ્યો ગયો. સાધુપુરુષો પાસેથી આપણને સદાચારની વાતો મળે છે, જડે છે; પણ પ્રમાદપરવશ આપણે પૂરેપૂરું આચરણ કરતા નથી. તેથી જે ફલ મળવું જોઈએ તે મળતું નથી. સાધુપુરુષે "ખવડાવજે !"- કહ્યું હતું. એણે ખવડાવ્યું નહિ. ઉપદેશ મળ્યો હતો, આચરણ કર્યું નહિ. પરિણામે અસર થઈ નહિ, ઉન્નતિ મળી નહિ, ઈચ્છા પૂરી થઈ નહિ. જ્ઞાની પણ સ્ત્રીમાં આસક્ત બને તો અનર્થ જ થાય.

કુતર્કથી અને કપટથી કુપરિણામ આવે :

ધુન્ધુલીએ ફલ ખાવા બાબતમાં પતિ સાથે વિચાર કરવાને બદલે બહેનપણી સાથે વિચાર કર્યો. દામ્પત્યમાં આ ભયસ્થાન છે. પતિ-પત્ની પરિસ્થિતિનો વિચાર પરસ્પર કરે તો પ્રીતિ વધે - હિત થાય - જીવનની સાચી રીત જડે. કોઈ અજ્ઞાની-સંસારરતને પોતાની વાતો કહેવાથી માત્ર અવળો ઉપદેશ જ મળે, દંભ અને જૂઠાણું જીવનમાં જડાઈ જાય,-વણાઈ જાય. મૂંઝવણમાં માર્ગ શોધવો હોય તો સંતોને પુછાય, સામાન્ય સંસારીઓને નહિ. સંસારીઓના સંપર્કથી તો માત્ર વ્યર્થ વહેમ વધે, કુતર્ક જ સૂઝે. ધુન્ધુલીએ અનેક કુતર્કો કર્યા. આ ફલ ખાઈએ તો ઉદરમાં બાલક આવે, મોટી આપત્તિ ઊભી થાય. પ્રસૂતિકાળે નણંદ આવે. ઘરમાંથી બધું દ્રવ્ય લઈ જાય. ખૂબ લે, છતાં ભાઈ અને ભાભીને યશઃ આપે નહિ - સંતોષ પામે નહિ - એનું નામ નણંદ ! એ કુલક્ષણ કહેવાય; પણ ભાઈ કે ભાભી અલ્પ આપે, છતાં પણ તેમને યશઃ દે તે, - નણંદ ! "ननं सद्रूपं यशो ददातीति ननन्दा ननान्दा ।" - આ સુલક્ષણ કહેવાય.

સત્પુરુષના સુદૃઢ સત્યસંકલ્પથી ગાયનો પુત્ર વાછરડું ન થયો, - મનુષ્ય થયો, "ગોકર્ણ" થયો ! :

સ્ત્રીએ આપત્તિના વિચારે ફલ ન ખાધું. આકસ્મિક આવેલી બહેન સાથે સલાહ કરી. બહેનનો દીકરો પોતે લેવાની અને બહેનને બદલામાં દ્રવ્ય દેવાની શરત કરી. બહેને પોતે પુત્રનું પોષણ કરી જવાનું વચન આપ્યું. પરીક્ષા માટે ફલ ગાયને આપ્યું. ધુન્ધુલીએ ગર્ભવતી હોય એવો દેખાવ કર્યો. થોડા સમયે બહેનનો પુત્ર મળી જતાં બ્રાહ્મણને ત્યાં થાળી વાગી. આત્મદેવને ઘેર દીકરો જન્મ્યો છે, - એમ સૌએ જાણ્યું. માએ પોતે નામ પાડયું ! સંસ્કાર કરવાનો અધિકાર પિતાનો છે, છતાં સંસ્કાર માતાએ કર્યા. અનર્થ કર્યો, એટલે અનર્થ આવ્યો. દીકરો દુષ્ટ થયો. માએ તેનું નામ પાડયું "ધુન્ધુકારી". સૌને ધૂંધવાવે - અકળાવે તે ધુન્ધુકારી. ધુન્ધુ એટલે ઘરનો ધુમાડો ! સૌને પીડનારો આ દીકરો થયો. તેના જન્મ પછી ત્રણ માસે, જે ગાયને ફલ ખવડાવ્યું હતું, તેને પણ દીકરો થયો. માણસનો આકાર, સુંદર સોના જેવું શરીર અને ગાયના જેવા કાન હતા ! બ્રાહ્મણે પોતે સંસ્કાર કરી તેનું નામ "ગોકર્ણ" પાડયું, "गोषूपनिषत्सु भगवत्कथासु कर्णौ यस्यास्तीति गोकर्णः।" - ભગવાનની કથા સાંભળવામાં રત છે, - તે ગોકર્ણ ! તે પંડિત હતો, જ્ઞાની હતો. ધુન્ધુકારી નાનપણથી સૌને દુઃખ દેવા લાગ્યો. મહાખલ હતો. "વિશિખ" (બાણ)માંનો 'ખ' અને "વ્યાલ"(સાપ)માંનો "લ" મળીને "ખલ" - શબ્દ બને. બાણની વેધકતા અને સાપનું ઝેરીપણું - વૈરવૃત્તિ - બંને ખલમાં સાથે હોય. અનેક રીતે સૌને તે પીડતો. તે જોઈ બ્રાહ્મણ મૂંઝાયો. આવા દુષ્ટ દીકરા હોય તેના કરતાં મરવું વધારે સારું માન્યું. ડાહ્યા દીકરા ગોકર્ણે આવીને પિતાને જ્ઞાન દીધું. અહીં, મૂલમાં "जनक"- શબ્દ છે. જો કે ગોકર્ણ આત્મદેવનો પોતાનો પુત્ર નથી, છતાં શાસ્ત્રવિચારે તે પુત્ર છે. ભારતીય સંસ્કૃતિની એ ઉદાત્ત દૃષ્ટિ છે. તેમાં પાંચને પિતા જેવા પૂજ્ય માન્યા છે. અન્નદાતા (પોષક), ભયમાંથી બચાવનાર (રક્ષક), કન્યા દેનાર (સસરા), વિદ્યા દેનાર (ગુરુ), મંત્ર શીખવનાર (ગુપ્ત-રહસ્યનું જ્ઞાન દેનાર), - આ પાંચ પિતાતુલ્ય ગણાય છે.

ડાહ્યા દીકરા ગોકર્ણનો પિતા આત્મદેવને સદુપદેશ :

આત્મદેવ પોષક હોવાથી પિતા છે, ગોકર્ણે તેને સમજાવ્યું. - "લોહી અને માંસથી ભરેલાં આ શરીરમાં 'આ મારું છે' - એવી મનોવૃત્તિ - આસક્તિ - ન કરશો. પત્ની, પુત્ર વગેરેમાંથી મમતા છોડી દો. આ આખું જગત્ આંખ મીંચાશે તેની સાથે દેખાતું બંધ થવાનું છે, એમ સમજી વૈરાગ્યમાં રાગવાળા, સાધુજનોમાં રસવાળા બનો ! "ભક્તિમાં સ્થિર થાવ !". અને ભક્તિ કરવી હોય તો, -

धर्मं भजस्व सततं त्यज लोकधर्मान् सेवस्व साधुपुरुषान्जहि कामतृष्णाम् ।
अन्यस्य दोषगुणचिन्तनमाशु मुक्त्वा सेवाकथारसमहो नितरां पिब त्वम् ॥ (८०)

ધર્મનું સતત સેવન કરો. લોકધર્મોનો સતત ત્યાગ કરો. સાધુપુરુષોનું સેવન કરો. કામતૃષ્ણાદિનો ત્યાગ કરો. બીજાના ગુણદોષોનો વિચાર જલદીથી છોડી દઈને સેવા અને કથારસનું પાન કરો !

સેવામાં અને કથામાં રસાનુભવ જેને જોઈતો હોય તેને માટે અહીં ઉપાય બતાવે છે. સૌથી પહેલાં "धर्मं भजस्व सततम् ।" - સતત પોતાના ધર્મનું સેવન ! પોતાનાં વર્ણ અને આશ્રમના જે ધર્મો હોય તે અને જીવનો ભગવત્સેવા રૂપ દાસધર્મ સતત કરવો. ધર્માચરણ કરનારને તેનું ફલ મળે, માટે "भजस्व"- આત્મનેપદ છે. ધર્મ જીવનમાં હમેશાં માટે વણાઈ જવો જોઈએ. ધર્મ અમુક સમયે, અમુક કારણે, આચરવાની કોઈ આગંતુક વસ્તુ નથી. વાણી, વિચાર, વ્યવહાર વગેરેમાં તે વણાઈ જવો જોઈએ, સ્વાભાવિક થઈ જવો જોઈએ. "सततं"-પદ બન્ને બાજુએ લેવાનું; પછી લોક ધર્મોનો સતત ત્યાગ. લોકોમાં સારા દેખાવા માટે, લોકોને રાજી રાખવા માટે કરવામાં આવતા વ્યવહાર રૂપ લોકધર્મનો સતત ત્યાગ કરો. એકાદ વખત પણ લોકધર્મ આવ્યો તો અનેક વખત આવ્યા કરે, માટે સતત એનો ત્યાગ કરવો. માણસ લોકોમાં પોતાનું સારું દેખાય એવા પ્રયત્નમાં એટલો બધો ડૂબી જાય છે કે, ભગવાન્ સાથે સારા થવાનો વખત રહેતો જ નથી. સારા દેખાવાના દંભમાં સારો થઈ શકતો જ નથી ! સારા દેખાવા મથવું એ દંભ છે. સારા થવા મથવું એ કર્તવ્ય છે. લોકધર્મ લોકોમાં સારા દેખાવાનો છે, અને સદ્ધર્મ તો સારા થવાનો છે. સદ્ધર્મનું સેવન અને લોકધર્મનો ત્યાગ કઠિન છે, તે સરલ કરવા માટે - "सेवस्व साधुपुरुषान्" - સાધુપુરુષોનું સેવન કરો - સંગ કરો ! સાધુપુરુષના જીવનમાં ધર્મ વણાઈ ગયો હોય. તેમના સંપર્કથી અને સેવાથી તેમની કૃપા થતાં તે ધર્મ સંસારીના જીવનમાં વણાય; અને પરિણામે લોકધર્મ છૂટી જતાં સ્વધર્મ સિદ્ધ થાય. સત્પુરુષોની સેવા કરીને સંસારીઓ તેમના ઉપર ઉપકાર કરતા નથી, પોતે કૃતાર્થ બને છે. સેવા કરનાર સંસારીને ફલ મળે છે, તેથી આત્મનેપદ છે.

સંતોનો સંગ કરીને હૃદયમાંથી કામનાઓ અને તૃષ્ણાઓ બન્નેનો ત્યાગ કરવો. જ્યાં સુધી ઈચ્છા માત્ર નીકળી જાય નહિ ત્યાં સુધી પ્રભુમાં પ્રીતિ થાય નહિ. જેના અંતઃકરણમાં ઈચ્છાઓ વધારે તેને આપત્તિ વધારે, અવરોધ પણ વધારે. જેને અપેક્ષા વધારે હોય તેની ઉપેક્ષા પણ વધારે થાય. બધી જ લૌકિક ઈચ્છાઓ છોડી દીધા પછી જ ભગવાનમાં ચિત્ત લાગે. સત્પુરુષોના સંગથી અંતઃકરણમાંથી બધી જ લૌકિક ઈચ્છાઓ છૂટી જાય છે. બીજાના ગુણ અને દોષનો વિચાર કરવાનું છોડી દો. આપણી ઈચ્છાઓ અકારણ પણ ગુણદોષ-દૃષ્ટિ દે છે. ઈચ્છાઓ જતાં દૃષ્ટિ બદલાય. કોઈનામાં દોષ દેખાય તો એનો વિચાર ન કરતાં પોતાના દોષ વિચારવા. તેનાથી દીનતા આવે. કોઈનામાં કે પોતાનામાં ગુણ

દેખાય તો તે ગુણ ભગવાને દીધેલા છે એમ વિચાર કરો, તો ભગવાનની ઉદારતા - કૃપાના - વિચારે પ્રભુમાં આદરબુદ્ધિ થશે. સૌની પોતાના અધિકારમાં સ્થિતિ તે ગુણ છે. ચપ્પુ શાક સુધારવાના કામમાં આવે તો ગુણ. બેધ્યાનથી વાગે તો દોષ. ગુણદોષ-દૃષ્ટિ છોડવામાં જેટલો વિલંબ કરીએ તેટલો જ વિલંબ આપણને પ્રભુનો રસ પામતાં થાય. જ્યાં સુધી સામાના દોષના વિચારો ઘૂંટવાનું આપણે છોડી શકતા નથી, ત્યાં સુધી ભગવાનની કથા કે સેવાનો રસ આપણને મળતો નથી. સામાના દોષ દેખાય તે સ્વાભાવિક છે. તે દોષ પોતાનામાં ન આવે માટે સાવધ રહેવું. દૂર રહેવા દોષને ઓળખવા. પોતાનું મન બગાડવું નહિ. ક્રમશ: આ બધા ઉપાયો પછી ભગવાનની સેવા અને કથાનો રસ મળે.

૬૦ વર્ષના સ્થિર બુદ્ધિવાળાં સુયોગ્ય બ્રાહ્મણે દીકરાનાં વાક્ય સાંભળ્યાં, પ્રસન્ન ચિત્તે સ્વીકાર્યાં. વનમાં જઈ નિત્ય શ્રીહરિની સેવા કરી. નિયમપૂર્વક દશમ-સ્કંધનો પાઠ કરી શ્રીકૃષ્ણને પ્રાપ્ત કર્યા. શ્રીકૃષ્ણની સેવા અને કથા સૌને કૃતાર્થ કરે છે.

અધ્યાય ૫ :

ગયાશ્રાદ્ધથી પણ જેની મુક્તિ ન થાય, તેની મુક્તિ શ્રીભાગવત-સપ્તાહ-શ્રવણથી થાય છે : આ વિધિ નથી, માહાત્મ્ય છે :

પિતાના મર્યા પછી અનાચારી ધુન્ધુકારીએ દુષ્ટતાની હદ કરી. ધન માટે માને મારવા લાગ્યો. મા મૂંઝાઈ. પોતે અત્યાર સુધી વગરવિચાર્યે ગુજારેલું જીવન હવે વન જેવું વસમું થઈ પડ્યું. ગાફેલ જીવનારને અંતે તો પરિણામ ભોગવવું પડે, પસ્તાવાનો પાર ન રહે, છેવટે કંટાળીને મરવાનો માર્ગ સૂઝે; પણ મરવાથી માર્ગ ન મળે. આત્મઘાત કરવાથી તો મર્યા પછી પણ નરકની સજા ભોગવવી પડે, ફરી ફરીને દુ:ખ જ મળે. છોકરાથી કંટાળીને મા કૂવામાં પડી. પ્રાણ ગયા. ગોકર્ણ તીર્થયાત્રાએ ગયા. પાંચ વારાંગનાઓ સાથે ધુન્ધુકારી ઘરમાં રહ્યો. સ્ત્રીઓના શોખને પૂરા કરવા દ્રવ્યની ચોરી કરતો થયો. રાજા પકડશે, - એવા ભયે સ્ત્રીઓએ ફાંસો દઈને માર્યો. પ્રાણ ન જતાં મોંમાં અગ્નિ મૂક્યો. પરાણે પ્રાણ ગયા. મહાપ્રેત થયો. પથિકને આવતા જોઈ ભયંકર સ્વરૂપ ધરે, અસ્પષ્ટ બોલે, તે મહાપ્રેત છે. સ્ત્રીઓ દ્રવ્ય લઈ ચાલી ગઈ. ગોકર્ણે તીર્થયાત્રામાં તે જાણ્યું. તેને અનાથ જાણી ગયાશ્રાદ્ધ કર્યું. અનાથપ્રેતના સંસ્કારમાં અનેક યજ્ઞનું ફલ મળે છે. એક દિવસ ગોકર્ણ યાત્રા કરતાં ઘેર આવ્યા. રાત્રે સૂતા હતા. પેલો પ્રેત આવ્યો. તેનાથી બોલાતું નહોતું. સંજ્ઞા કરતો હતો. જુદાં જુદાં રૂપ ધરતો હતો. ગોકર્ણે પૃચ્છા કરી, - "તું ભૂત, પિશાચ કે રાક્ષસ છું ?" ક્રિયાવિહીન ભૂત થાય. મહાપાપથી પ્રેત થાય. સુતિકાસ્પર્શથી પિશાચ થાય. જીવહિંસાથી રાક્ષસ થાય. પ્રેત રડવા લાગ્યો. ગોકર્ણે જલ છાંટતાં, પ્રેતે પોતાની ઓળખ આપી. મુક્તિ માટે વિનંતી કરી. ગોકર્ણે ગયાશ્રાદ્ધથી પણ તેની મુક્તિ ન જોતાં સવારે વિદ્વાનોને પૂછ્યું. સામાન્ય રીતે અપમરણવાળા માટે નારાયણબલિ થાય છે. અંતરિક્ષમાં મરનાર માટે વેદપારાયણ થાય છે. બધા મૂંઝાયા. ઉત્તર કાંઈ ન મળ્યો, ત્યારે ગોકર્ણે સૂર્યનારાયણના વેગને અટકાવીને પૃચ્છા કરી. સૂર્યનારાયણે શ્રીમદ્-ભાગવતસપ્તાહ-વાચનની આજ્ઞા કરી. સૌ લોકો સાંભળવા આવ્યા. પોતાનાં પાપને દૂર કરવા કથા સાંભળવા બેઠા. એક બ્રાહ્મણને મુખ્યશ્રોતા કલ્પી, ગોકર્ણે સૌને સમજાય તેમ પ્રથમ સ્કન્ધથી કથા સંભળાવી. પેલો પ્રેત આવ્યો

હતો. તેને બેસવાની જગ્યા ન મળી. સાત ગાંઠવાળો એક વાંસ ત્યાં હતો. પ્રેત તેના મૂલના છિદ્રમાં બેઠો. પહેલે દિવસે કથાના અંતે વાંસની એક ગાંઠ તૂટી. બીજે દિવસે બીજી, એમ કરતાં સાત દિવસે સાત ગાંઠો તૂટી ! સામાન્યતઃ, કોઈના પણ વંશમાં જન્મનારના હૃદયમાં દેહ, દામ્પત્ય, ઘર, ક્ષેત્ર, પુત્ર, પ્રિયજન અને પૈસા, - એ સાતમાં અહંતા અને મમતાથી મોહની ગાંઠ વળે છે. શ્રીમદ્‌ભાગવત-સપ્તાહ-શ્રવણથી તે છૂટે છે, - તૂટે છે, તેમાંથી મુક્તિ મળે છે.

શ્રીભાગવત-સપ્તાહમાં પાઠ પછી કથાનો ક્રમ નથી :

ગોકર્ણે આખ્યાન કર્યું છે, અહીં માત્ર પાઠનો ક્રમ નથી, વ્યાખ્યાન છે, નિત્ય પુરાણ કથામાં પહેલાં પાઠ પછી કથા થાય. સપ્તાહમાં તેવો નિયમ નથી.

पाठस्तु प्रथमं कार्यो व्याख्यानं तदनन्तरम् ।
इति नियमस्तु सप्ताहे व्याख्यानेन विखण्डितः ॥ – વિધાનમંજરી

અન્ય વિપ્ર દ્વારા શ્રીમદ્ ભાગવતનો અક્ષરશઃ પાઠ કરાવવો. "**परीक्षिते कथां वक्तुं सभायां संस्थिते शुके ।**"-માં "કથા" છે; "પાઠ" નથી. પુનઃ "**कथाभङ्गनिवृत्तये**" છે, તેમાં પણ "પાઠ" શબ્દ નથી.

સપ્તાહમાં સાત વિરામ છે :

પ્રથમ	દિવસે	વરાહચરિત સમાપ્તિ	અથવા	હિરણ્યાક્ષવધ	અથવા	મનુકર્દમસંવાદ.
બીજે	દિવસે	ભરતચરિત સમાપ્તિ	અથવા	ભરતચરિત	અથવા	ભરતાખ્યાન.
ત્રીજે	દિવસે	નૃસિંહચરિત સમાપ્તિ	અથવા	સમુદ્રમંથન, કૂર્માવતાર સુધી	અથવા	સપ્તમસ્કંધ પૂરો.
ચોથે	દિવસે	વંશવર્ણન	અથવા	શ્રીકૃષ્ણજન્મ	અથવા	શ્રીકૃષ્ણજન્મ.
પાંચમે	દિવસે	ગુરુલીલા સમાપ્તિ	અથવા	રુક્મિણીહરણ	અથવા	શ્રીરુક્મિણીવિવાહ.
છઠ્ઠે	દિવસે	નિરોધલીલા સમાપ્તિ	અથવા	ઉદ્ધવસંવાદ	અથવા	શ્રીહંસાખ્યાન.
સાતમે	દિવસે	શ્રીશુકપૂજનપર્યંત	અથવા	સમાપ્તિ સુધી	અથવા	સમાપ્તિ.

કથા પછી તેના મનનથી મુક્તિ મળે છે :

સપ્તાહ-શ્રવણથી પ્રેતનું દિવ્યરૂપ થયું. તેને વિમાન લેવા આવ્યું. કથા સૌએ સાંભળી હતી, છતાં વિમાન એક માટે આવ્યું. મનન આ એક પ્રેતે કર્યું, તેથી તેને મુક્તિ મળી. જાણીને કરેલાં પાપ (આર્દ્ર), અજાણતાં કરેલાં પાપ (શુષ્ક), અલ્પજંતુને દુઃખ કર્યું હોય તે (લઘુ) પાપ, મોટાં પ્રાણીઓને કરેલું દુઃખ તે (સ્થૂલ) પાપ - વગેરે સપ્તાહ-શ્રવણથી દૂર થાય.

આષાઢ માસમાં ગોકર્ણે ધુન્ધુકારી માટે કથા કરી, પછી શ્રાવણ માસમાં સૌ માટે કથા કરી. તેમાં પ્રભુ પધાર્યા. ગોકર્ણની કથા જેમણે સાંભળી, તે બધા કૃષ્ણકૃપાથી કૃતાર્થ થયા.

સફલતા મળવામાં ૮ અવરોધક છે :

(૧) અદઢ જ્ઞાન - અસ્પષ્ટ કે ઉપદેશમાં જ રહેતું - આચરણ વગરનું - જ્ઞાન, (૨) પ્રમાદથી કરેલું

શ્રવણ - બેધ્યાનપણે, વ્યવહારબુદ્ધિથી, આદર વગર, સમજ વગર, ટેવ માત્રથી કરેલું શ્રવણ, (૩) સંદિગ્ધમંત્ર - ગુરુપરંપરા વગરનો મંત્ર, (૪) વ્યગ્ર ચિત્તે કરેલો જપ, (૫) અવૈષ્ણવ દેશ - ભગવાનના ભક્તો વગરનું સ્થાન, (૬) કુપાત્રને ભોજન દીધેલું શ્રાદ્ધ - સદાચારરહિતને ભોજનવાળું શ્રાદ્ધ, (૭) અશ્રોત્રિયને કરેલું દાન, - બ્રહ્મનિષ્ઠ ન હોય તેને કરેલું દાન, (૮) અનાચારવાળું કુલ - સદાચારરહિત કુટુંબ.

કથા-શ્રવણફલમાં ચાર ઉપકારક છે :-

(૧) ગુરુવાક્યમાં વિશ્વાસ - દીક્ષા અને શિક્ષા આપનાર ગુરુના વાક્યમાં વિશ્વાસ. જ્ઞાન દઈને અજ્ઞાન દૂર કરે તે, - ગુરુ. ગુરુના વાક્યમાં શ્રદ્ધા જોઈએ, શંકા નહિ. (૨) પોતાનામાં દીનભાવ - ભવબંધનમાંથી છૂટવાની તાલાવેલી, કે પ્રભુ-પ્રાપ્ત કરવાની આતુરતાથી આવતી દીનતા. અભિમાનનો અભાવ. આદરપૂર્વકની નમ્રતા. (૩) મનના દોષ પર જય - ચંચલતા, સંકલ્પવિકલ્પ, મલિનતા, કપટ, લોલુપતા, વગેરેને દબાવી દઈ દૂર કરવાં. (૪) કથામાં નિશ્ચલમતિ - કથા વગર કોઈ પણ વિચારનો અભાવ, પ્રતિપદ સમજપૂર્વકનું શ્રવણ અને સ્મરણ, - કથામાં દઢતા.

અધ્યાય ૬ :

શ્રીભાગવત-સપ્તાહ-શ્રવણ-વિધિ :

શ્રીમદ્ ભાગવતસપ્તાહ-શ્રવણનો વિધિ કુમારોએ નારદજીને સંભળાવ્યો. જ્યાં સુધી પ્રેમનિધિ પ્રાપ્ત થયો નથી, ત્યાં સુધી વિધિ આવશ્યક છે.

गत्वा नत्वा च दत्त्वा च परिपृच्छेत् सदक्षिणम् ।
ब्राह्मणं मंगलं यश्च तस्य कार्यं सुसिद्धिदम् ॥

બ્રાહ્મણને ત્યાં જઈ, વંદન કરી, દક્ષિણા દઈને મંગલ કાર્ય માટે મુહૂર્ત પૂછે, તેનું કાર્ય સફલ થાય. જ્યોતિષીને ઘેર બોલાવીને પૂછવાથી ફલ અર્ધું થઈ જાય. તીર્થમાં જઈને જ સ્નાન થાય, તીર્થોદક ઘેર લાવીને નહિ. આ તો લૌકિક કાર્યવિધિ છે; પણ શ્રીમદ્ ભાગવત અલૌકિક છે, એટલા માટે જ્યોતિષીને, શક્ય હોય તો પોતાને ત્યાં બોલાવી, મુહૂર્ત પૂછી, કથાનો મંગલ દિવસ નક્કી કરવો. વિવાહમાં હોય તેવું ઉત્સાહપૂર્ણ ચિત્ત રાખી, વિત્તનો વિનિયોગ વિચારવો. પ્રકૃતિની વિકૃતિ દૂર કરવા ૮ વિપ્રોની સહાયથી કાર્ય કરવું. સકામ વિધિમાં મંગળવાર-શનિવાર નિષિદ્ધ છે, પોષ-ચૈત્ર પણ નિષિદ્ધ છે; પણ "सर्वदा वाचयेद्गाथां पारायणमृते विधिम्"- સપ્તાહ-વાચન સર્વદા થઈ શકે. માસાદિ નિયમ સપ્તાહમાં નથી, સર્વદા શ્રવણ છે. નિત્યની પુરાણકથામાં સૂતસૂતક સંભવે, તેથી દ્વાદશી વર્જ્ય છે, સપ્તાહમાં તેનો નિષેધ નથી.

કથારસપાનનો ક્ષણ પણ લાભ લેવા સૌને નિમંત્રણ દેવું. આવેલા શ્રોતાઓના નિવાસાદિની વ્યવસ્થા કરવી. સૌ લાભ લઈ શકે માટે મંગલ મંડપ બાંધીને વિપ્ર, વિરક્ત, વૈષ્ણવને અગ્રસ્થાન દેવું. વક્તા ઉત્તરાભિમુખ વા પૂર્વાભિમુખ રહે, - તેમ વ્યાસપીઠ તૈયાર કરવી. વક્તા વિરક્ત, વૈષ્ણવ (ભગવદ્ભક્ત), વિપ્ર, વિદ્વાન્, (અપશબ્દરહિત), ભાગવતમાં કહેલાં દષ્ટાંતોને અનુસરીને સિદ્ધાન્તને સ્પષ્ટ કરે તેવો - દષ્ટાન્તકુશલ, શ્રોતાની શંકાનું સમાધાન કરતાં અકળાય નહિ તેવો - ધીર, અને

સંકોચ વગર સ્પષ્ટ સત્ય કહી દે તેવો, પૈસા અને પ્રતિષ્ઠાની સ્પૃહા વગરનો - અતિનિઃસ્પૃહ - પુરુષ જોઈએ. વક્તા અનેક ધર્મથી ચલિત બુદ્ધિવાળો, સ્ત્રૈણ (સ્ત્રીપરાયણ), પાખંડયુક્ત ન જોઈએ. વક્તાએ પોતાનો સન્ધ્યાદિ નિત્યકર્મ સંક્ષેપમાં કરવો. યજમાને સ્વનિત્યકર્મ પછી ગણેશપૂજન, પિતૃતર્પણ, પ્રાયશ્ચિત્તાદિ કરવાં. સર્વતોભદ્ર - મંડલ કરી બધી તરફથી ભદ્ર - કલ્યાણ - થવા માટે શ્રીકૃષ્ણનું વિધિવત્ પૂજન કરવું, પ્રાર્થના કરવી-,

संसारसागरे मग्नं दीनं मां करुणानिधे ।
कर्ममोहगृहीताङ्गं मामुद्धर भवार्णवात् ।। (२७)

"હે દયાનિધે ! સંસારસાગરમાં મગ્ન, કર્મમાં ફસાયેલા મારો ઉદ્ધાર કરો !" ભાગવતજીનું પૂજન કરવું, નમસ્કાર કરવા.

श्रीमद्भागवताख्योऽयं प्रत्यक्षः कृष्ण एव हि ।
स्वीकृतोऽसि मया नाथ मुक्त्यर्थं भवसागरे ।।
मनोरथो मदीयोऽयं सफलः सर्वथा त्वया ।
निर्विघ्नेनैव कर्तव्यो दासोऽहं तव केशव ।। (३०-३१)

"આ શ્રીમદ્ ભાગવત નામે સાક્ષાત્ શ્રીકૃષ્ણ જ છે. હે નાથ ! મુક્તિ માટે ભવસાગરમાં મેં આપનું શરણ સ્વીકાર્યું છે. મારો આ મનોરથ નિર્વિઘ્ને સર્વથા પૂર્ણ કરજો. હે કેશવ ! હું તમારો દાસ છું !"

કથા કરનાર પાસે હાથ જોડીને વિનંતી કરવી.

शुकरूप प्रबोधज्ञ सर्वशास्त्रविशारद ।
एतत्कथाप्रकाशेन मदज्ञानं विनाशय ।। (३३)

"હે શુકરૂપ ! હે જ્ઞાનકુશલ ! હે સર્વશાસ્ત્રમાં વિશારદ ! આ કથાજ્ઞાનથી મારા અજ્ઞાનનો નાશ કરો !" યથાશક્તિ નિયમ સાત દિવસ પાળવા. ૮ વિપ્રોનું પારાયણમાં અને ૫ વિપ્રોનું દ્વાદશાક્ષર - જપમાં વરણ કરવું. લોકવ્યવહાર, ધન, ઘર, પુત્રાદિ સ્વજનની ચિન્તા ન કરવી. કથામાં ચિત્ત રાખીને ચિંતન કરવું. મતિને મલિન ન થવા દેવી. સૂર્યોદયથી આરંભીને ૩ા પ્રહર કથા કરવી. મધ્યાહ્ને બે ઘડી વિરામ રાખવો. કથાનુકૂલ કીર્તન કરવાં. દેહધર્મો કથામાં વિઘ્ન ન કરે માટે અલ્પાહાર, ફલાહાર કે સાત્ત્વિક આહાર રાખવો. શક્તિ હોય તો ઉપવાસ કરવા. કથાની મુખ્યતા છે, નિયમો ગૌણ છે. શ્રવણમાં સાનુકૂલ થાય તેવા નિયમ રાખવા. દુરાગ્રહ ન રાખવો.

વૈષ્ણવદીક્ષા શ્રવણમાં ઉપકારક છે.

માહાત્મ્યના ઘણાં વાક્યોમાં આ વાત સ્પષ્ટ કહી છે. "अथ वैष्णवचित्तेषु दृष्ट्वा भक्तिमलौकिकीम् ।" "धावन्तोऽप्याययुः सर्वे प्रथमं ये च वैष्णवाः ।" "विष्णुदीक्षाविहीनानां नाधिकारः कथाश्रवे ।" "यश्चैनां कथयति शुद्धवैष्णवाग्रे ।" "देशे देशे विरक्ता ये वैष्णवाः कीर्तनोत्सुकाः ।" "वैष्णवं ब्राह्मणं मुख्यं श्रोतारं ।" "चित्तं समायाति हि वैष्णवानाम् ।" "अवैष्णवो हतो देशः ।" "श्रीमद भागवतं.... यद्वैष्णवानां धनम् ।" - વગરે વાક્યોમાં વૈષ્ણવ-ભગવદ્ભક્તો-ની મુખ્યતા દર્શાવેલી છે.

કથાશ્રવણમાં ઉપકારક આહાર-વિહાર :

બ્રહ્મચર્ય, ભૂમિશયન, પાતળમાં ભોજન વગેરે સંયમ સિદ્ધ કરે. સાયંકાલે ભોજન કરવું. પ્રમાદ અને વિકાર વધારે તેવાં ભોજન ન લેવાં. ભજનમાં તે વિઘ્ન કરે. કઠોળ, મધ, તેલ, ભારે ભોજન, ભાવદુષ્ટ, વાસી, લસણ, હિંગ, મૂળા, ગાજર, કુષ્માણ્ડ (કોળું), બે વખત પકવેલું, સૂતકવાળાનું, બકરીનું દૂધ, ખાબોચિયાનું પાણી વગેરે ન લેવાં. કાર્તિકમાં કઠોળ, માર્ગશીર્ષમાં કંદ, પોષમાં ગાજર, મહામાં (રક્તમૂળ) રતાળુ-મૂળા, ફાલ્ગુનમાં જંબીર, ચૈત્રમાં ચિત્રાન્ન (ચિત્રા-નક્ષત્રમાં થતાં), વૈશાખમાં પંડોળાં, જ્યેષ્ઠમાં માદકપાન, આષાઢમાં તુરીઆં, શ્રાવણમાં શાક, ભાદ્રપદમાં દહીં, આશ્વિનમાં દૂધ, - આ પ્રમાણે બાર માસમાં ત્યાજ્ય છે, તે પણ ન લેવાં. અન્નના સૂક્ષ્મ ભાગમાંથી મન બને છે. ભોજન વિકાર કરે તેવું હોય તો મન વિકારવાળું બને. કામક્રોધાદિ મનોવિકાર વધે તેવાઓનો સંગ પણ ન કરવો. સત્ય, પવિત્રતા, દયા, મૌન, સરલતા, વિનય અને ઉદારતા રાખવાં.

કથા-સમાપ્તિ-વિધિ :

સકામ વા નિષ્કામ શ્રોતા પણ શ્રવણથી કૃતાર્થ થાય છે. શ્રવણાન્તે જન્માષ્ટમી-વ્રતવત્ ઉધાપન કરવું. સદ્‌વિચાર સત્ક્રિયામાં પરિણામ પામે છે. નિષ્કિંચન, નિષ્કામ વૈષ્ણવ (ભગવદ્‌ભક્તો) માટે ઉધાપનનો આગ્રહ નથી. તે તો શ્રવણ માત્રથી પાવન છે. શ્રવણથી સ્વાન્તઃશુદ્ધિ અને હોમથી બાહ્ય - દ્રવ્યાદિની શુદ્ધિ થાય. હોમ દશમ-સ્કન્ધના શ્લોકથી વા ગાયત્રી- મંત્રથી કરવો. હોમ ન બને તો હોમવાના પદાર્થનું દાન બ્રાહ્મણને કરવું. ભગવત્સ્મરણ અને નામોચ્ચાર માત્રથી ક્રિયાદિની ન્યૂનતા નિવૃત્ત થઈ જાય છે, તેથી વિષ્ણુસહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો. બાર બ્રાહ્મણોને ભોજન કરાવવું. શક્ય હોય તો ત્રણ પલ (૧૯૨ માષા) સોનાના સિંહાસન પર સુંદર રીતે લખેલું ભાગવત પધરાવીને વક્તાનું વિધિપૂર્વક પૂજન કરીને દેવું. શ્રોતા વિરક્ત હોય તો ગીતાપાઠ કરે. શ્રવણ દ્વારા ભગવાન્ સંતુષ્ટ થાય. કથા સમાપ્તિમાં પૂજન પ્રસંગ મૃદંગાદિથી કીર્તન કરવાનું કહેલું છે, કથામાં નહિ.

સર્વધર્મોમાં શ્રવણ શ્રેષ્ઠ છે :

કથા સાંભળી નારદ મહર્ષિજી કૃતાર્થ થયા. ગદ્‌ગદ કંઠે અભિનંદન દેવા લાગ્યા.

श्रवणं सर्वधर्मेभ्यो वरं मन्ये तपोधनाः ।
वैकुण्ठस्थो यतः कृष्णः श्रवणादस्य लभ्यते ॥ (७६)

શ્રવણ સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે. શ્રવણમાં સૌનો અધિકાર છે. જે કોઈ સાંભળવા ઈચ્છે છે, તે બધા જ શ્રવણના અધિકારી છે. શ્રવણ દ્વારા સરલતાથી ભગવાન્ મળે છે.

શ્રીશુકદેવજીનું કથામાં પધારવું : શ્રીભાગવતમહિમા - કથન :

ભક્તિનું કાર્ય કરતાં નારદજીને આરંભમાં કુમાર મળ્યા. અંતે સુકુમાર સોળ વર્ષના વ્યાસાત્મજ શ્રીશુકદેવજી સ્વયં પધાર્યા. સાધુસમાગમ એટલે જ સફલતા. સભામાં જ્ઞાન મહાસાગર હતો. તેમાં ચંદ્ર શા શુકદેવજી પધાર્યા ! ભાવની ભરતી આવી. સૌએ ઊભા થઈ શુકદેવજીનું સ્વાગત કર્યું. ઊંચા આસને બિરાજાવ્યા, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની ત્રિવેણી શી તેમની વાણી વિલસી રહી, -

''श्रीमद् - भागवतं पुराणतिलकं यद्वैष्णवानां धनं
यस्मिन् पारमहंस्यमेवममलं ज्ञानं परं गीयते ।
यत्रज्ञान - विराग- भक्ति- सहितं नैष्कर्म्यमाविष्कृतं
तच्छृण्वन् प्रपठन् विचारणपरो भक्त्या विमुच्येन्नरः ॥ (८२)

શ્રીમદ્ ભાગવત સર્વ પુરાણોમાં શ્રેષ્ઠ છે. વૈષ્ણવનું એ ધન છે. શ્રીમદ્ ભાગવતમાં પરમ હંસોનું નિર્મલ પરમ જ્ઞાન ગાવામાં આવેલું છે. તેમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય સહિત નિષ્કામ- કર્મ પ્રકટ કરવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, પ્રયત્નપૂર્વક નિયમિત રીતે એનો પાઠ કે અર્થનો વિચાર કરનાર ભક્તિથી મુક્તિ પ્રાપ્ત કરે છે. આ રસ મળતો નથી - સ્વર્ગમાં, કૈલાસમાં કે વૈકુંઠમાં ! મળે છે, - માત્ર પૃથ્વી ઉપર ! તે સદ્ભાગ્યશાળી લોકોને મળે છે, માટે એનું પાન કરો. ક્યારેય તેને છોડશો નહિ !

પ્રભુ - પ્રાકટ્યથી પ્રભુના પાર્ષદોનો કીર્તનોત્સવ :

શ્રીભાગવત - કથામાં પાર્ષદો સાથે પ્રભુ પધારવા, પ્રભુનું વરદાન :

ત્યાં તો મધુર માધવ પ્રકટ થયા. ભાવ હોય તો ભગવાન્ જરૂર પધારે. ગુપ્ત રહેલા ભગવાનના પાર્ષદો પ્રકટ થયા. પાર્ષદોએ પ્રભુનું પૂજન કરી કીર્તન શરૂ કર્યું. કલિમાં કેશવનું કીર્તન કૃતાર્થ કરે. એ કીર્તનનાં દર્શન માટે દેવો આવ્યા. સુધાપાન કરનારાઓને વસુધામાં કથાસુધાનો રસાસ્વાદ લીલારસાસ્વાદમાં પરિણમતાં દર્શનીય લાગ્યો ! કથાનું ફલ સાક્ષાત્કાર અને સેવા હોય, લીલાનુભવ હોય, - એ માહાત્મ્ય - પ્રસંગથી સ્પષ્ટ કર્યું. દેવોને પણ તેમાં માત્ર દર્શનાધિકાર છે. તેમાં ભાગ લેવાનું ભાગ્ય તો ભક્તોને મળે છે. પ્રહ્લાદજીએ તાલ દઈ કરતાલ બજાવ્યા. ઉદ્ધવજીએ કાંસીજોડાં લીધાં. નારદે વીણા બજાવી. સ્વરનિપુણ અર્જુને રાગનો આલાપ કર્યો. ઈન્દ્રે મૃદંગ બજાવ્યાં. કુમારોએ જયજયકાર કર્યા. રસરાજ ભગવાનને ગાનારા શુકદેવજીએ કીર્તનનો ભાવ વ્યક્ત કર્યો. જ્યાં જ્યાં કીર્તન થતાં હોય ત્યાં ત્યાં કીર્તનનો ભાવ સમજાવવો જોઈએ. કથા-કીર્તન વગેરેમાં આન્તરભાવ મુખ્ય છે. ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણેય નર્તન કરવા લાગ્યા. એ અલૌકિક કીર્તન જોઈને હરિ પ્રસન્ન થયા. જ્યાં જ્યાં શ્રીમદ્ ભાગવતની સપ્તાહ થાય ત્યાં ત્યાં ભગવાને પોતાના પાર્ષદો સહિત અવશ્ય પધારવા વરદાન દીધું ! ભગવાન તિરોહિત થયા. શ્રીશુકદેવજીએ ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યને ભાગવતમાં વિરાજાવ્યાં. રામાયણની કથામાં હનુમાનજી અને મહાભારતની કથામાં અશ્વત્થામા આવવાનું સંભળાય છે. ભાગવતકથામાં ભગવાન્ અને ભક્તો પધારે છે.

શ્રીશુકદેવજી - ગોકર્ણ અને સનત્કુમારોએ કરેલી શ્રીભાગવત-સપ્તાહનો સમય :

સૌને કૃતાર્થ કરનારી શ્રીમદ્ ભાગવતની કથા, શ્રીશુકદેવજીએ ભગવાન્ શ્રીકૃષ્ણના તિરોધાન પછી કલિયુગમાં ત્રીસ વર્ષે, ભાદ્રપદ શુક્લ નવમીથી પૂર્ણિમા પર્યંત, શ્રીકૃષ્ણ-ચરણકમલની સેવાની મુખ્યતા માનતા રાજા પરીક્ષિતને સંભળાવી. પરીક્ષિતે સાંભળ્યા પછી ૨૦૦ વર્ષે ગોકર્ણે આષાઢ શુક્લ નવમીથી પૂર્ણિમા સુધી સપ્તાહ-વાચન રૂપે સંભળાવી, પછી ત્રીસ વર્ષે સનત્કુમારોએ સત્કર્મ શોધતા નારદજીને કાર્તિક શુક્લ નવમીથી પૂર્ણિમા સુધી સંભળાવી. સૂતશૌનકના સંવાદ રૂપ કથા સહસ્રસમસત્રના ભાગ રૂપે થઈ.

શ્રીભાગવત-શ્રવણથી મુક્તિ મળે છે, તેમાં સાક્ષી છે, - રાજા પરીક્ષિત ! :

असारे संसारे विषयविषसङ्गाकुलधियः
क्षणार्धं क्षेमार्थं पिबत शुकगाथातुलसुधाम् ।
किमर्थं व्यर्थं भो व्रजत कुपथे कुत्सितकथे
परीक्षित्साक्षी यच्छ्रवणगतमुक्त्युक्तिकथने ॥ (१००)

ભાગવતની કથા સૌને ભગવદ્રૂપ બનાવનારી છે. અસાર સંસારમાં વિષયભોગના વિષથી વ્યાકુલ બુદ્ધિવાળા અર્ધી ક્ષણ પણ કલ્યાણ માટે શ્રીશુકે ગાયેલ, અમૃતથી પણ અધિક, ભાગવતકથાનું પાન કરો ! નિન્દનીય સંસારસુખના માર્ગે વ્યર્થ શા માટે આથડો છો ? ભાગવત-શ્રવણથી સર્વ દુ:ખમાંથી મુક્તિ મળે છે. તેમાં પરીક્ષિત સાક્ષી છે.

શ્રીમદ્ભાગવત છે, - આનંદ રૂપ હરિની લીલા ! :

ભગવદ્ભક્ત વક્તા અને શ્રોતા ઉભયને ભગવન્મતિ, ભગવદ્રતિ અને ભગવદ્ગતિની પ્રાપ્તિ શ્રીમદ્ ભાગવત દ્વારા થાય છે. શ્રીમદ્ ભાગવત ભક્તિજનિકા સંહિતા છે. તેનો સમગ્ર અર્થ - "आनंदस्य हरेर्लीला शास्त्रार्थो दशधा हि सा ।" - આનંદ રૂપ સાકાર ભગવાનની લીલા છે, તેથી આનંદ આપવાનું, ભગવાનનાં સાક્ષાદ્ દર્શન કરાવવાનું, સામર્થ્ય શ્રીમદ્ ભાગવતમાં છે. ભાગવતજી, સૃષ્ટિ વગેરેને ભગવાનની લીલા તરીકે ઓળખાવે છે. સૃષ્ટિકાર્યને ભગવાનની લીલા તરીકે જાણીએ, તો ભક્તિ થાય. કાર્ય તરીકે જાણીએ તો બહુ તો માહાત્મ્યજ્ઞાન થાય, ભક્તિ ન થાય. "कौतुकधिष्ठितेन अनायासत्वेन क्रियमाणं कर्म लीला । तदा हि महत्त्वं निर्दुष्टत्वं च भवति ।" - વિહારાભિલાષે અનાયાસપણે કરાતું ભગવાનનું કર્મ લીલા છે, - તે હર્ષ પૂર્ણ જ હોય. આનંદ માત્રા પર આધાર રાખી જીવતા ગુપ્તાનંદવાળા જીવને આનંદની પ્રાપ્તિ, આનંદ રૂપ હરિની લીલા રૂપ શ્રીમદ્ ભાગવત દ્વારા સુલભ બને છે. ભગવાનનું કર્મ લીલા રૂપ છે, તેથી જ તેનું મહત્ત્વ અને નિર્દોષપણું છે. આ લીલા મુખ્ય રીતે દશધા છે. ત્રીજા સ્કન્ધથી બારમા સ્કન્ધ સુધી - સર્ગથી આશ્રય સુધી - છે. પ્રથમ સ્કન્ધમાં શ્રોતા અને વક્તાનાં લક્ષણ છે, - અધિકાર છે. બીજા સ્કન્ધમાં તેના અંગ રૂપે જ્ઞાનનું નિરૂપણ છે. તે બે ગૌણ છે. આમ, કુલ બાર સ્કન્ધમાં બાર લીલાઓ છે. તેના સેવનથી ભગવાનમાં ભક્તિ થાય છે.

પ્રભુ - પ્રસન્નતા - પ્રાપ્તિના ઉપાયો :

ભક્તિથી ભગવાન્ પ્રસન્ન થાય છે, - મળે છે. યથાધિકાર સતત સ્નેહસભર સેવા પણ પ્રભુને સંતુષ્ટ કરે છે. પ્રાણી માત્ર પર દયા, જે મળે તેથી સંતોષ અને સર્વ ઈન્દ્રિયોપશાન્તિથી પણ પ્રભુ શીઘ્ર સંતુષ્ટ થાય છે. ભગવાનની લીલાઓના શ્રવણ, કીર્તન, રટણ, સ્મરણ ને અભિનંદનથી પણ પ્રભુ મળે છે. કોઈ પણ જાતની ઈચ્છા વગર ભગવાનના ભક્તો અન્યોન્ય ભગવદ્વાર્તા કરે છે, તેથી સંતુષ્ટ થઈ પ્રભુ પ્રકટ દર્શન દે છે. કર્મ, જ્ઞાન, યોગાદિ સાધન દ્વારા પણ ભગવાનની કૃપા હોય તો યથાધિકાર ફલ મળે, પણ ભક્તિથી તો પ્રભુ ખૂબ પ્રસન્નતાથી મળે. "प्रेम्णोऽन्यत् साधनं लोके नास्ति मुख्यं परं महत् ।" - પ્રભુપ્રાપ્તિ માટે પ્રેમ જેવું મુખ્ય પરમ સાધન લોકમાં બીજું કાંઈ નથી. આ બધા બાહ્ય અને આન્તર પ્રયત્ન છે.

લૌકિક - ઈચ્છા અને ઈર્ષ્યા અવરોધ કરે, અકળાવે :

પ્રભુમાં પ્રેમ કરનારના હૃદયમાં પ્રભુપ્રાપ્તિની ઈચ્છા વિના અન્ય ઈચ્છા ન જોઈએ. અન્ય ઈચ્છાઓને દૂર કરવા માટે પોતાની જરૂરિયાતો ઘટાડવી. માનવની જરૂરિયાતો વધતી જાય તેમ તેમ ઈચ્છાઓ વધતી જાય. ઈચ્છાઓ વધતી જાય તેમ તેમ અકળામણ વધતી જાય. ઈચ્છાઓ અધૂરી રહે તો ઈર્ષ્યા - ઉદ્‌વેગ જ વધતાં જાય. ઈચ્છાઓ પૂર્ણ થાય તો પ્રમાદ અને ઈચ્છાઓ વધે. ઈચ્છાઓ અવરોધ રૂપ બને. અપૂર્ણ કે પૂર્ણ લૌકિક - ઈચ્છાઓ ભગવદભિમુખને પણ વિમુખ બનાવે, તેથી ભગવાનને પ્રાપ્ત કરવા ઈચ્છનારે તો પોતાની ઈચ્છાઓ કાઢી નાંખી; પ્રભુ માટે પ્રેમ થાય તેમ, આંતર અને બાહ્ય પ્રયત્નો કરવા જોઈએ. કોઈ પ્રયોજનપરવશ કે સ્વરુચિ માત્રથી થયેલો પ્રેમ પણ પ્રયોજન પૂર્ણ થતાં કે અપૂર્ણ રહેતાં કે અજ્ઞાનથી લૌકિક - દૃષ્ટિએ દોષ દેખાતાં સ્થિર રહેતો નથી, તેથી લોકો પ્રયત્ન કરતા દેખાય છે, છતાં પ્રભુ નથી મળતા. પ્રભુ મળે તો મન તેમાં રહે, - પ્રેમ થાય.

શ્રીમદ્‌ભાગવત દ્વારા પ્રભુમાં પ્રેમ થવા માટેની આવશ્યકતાઓ :

શ્રીમદ્‌ભાગવત જ સર્વશાસ્ત્રાર્થ-નિર્ધારક અને સર્વમાહાત્મ્ય-જ્ઞાપક છે. તેનાથી પ્રભુમાં પ્રેમ થાય છે. પ્રત્યક્ષ રીતે તો ભાગવત-શ્રવણાદિ કરવા છતાં, અત્યારે ઘણા લોકોને પ્રભુમાં પ્રેમ થતો દેખાતો નથી ! અન્યશાસ્ત્ર તો પ્રભુની માયાથી મોહ પામેલી દશામાં ઋષિયોએ પ્રકટ કરેલાં હોવાથી પ્રેમોત્પાદક થતાં નથી. શ્રીમદ્ - ભાગવત શ્રવણ કરવા ઈચ્છનાર માટે ત્રણ આવશ્યક્તાઓ છે : (૧) શ્રીમદ્ ભાગવતનું સ્પષ્ટ તાત્પર્ય-જ્ઞાન, (૨) (જ્ઞાનયુક્ત છતાં પ્રેમપૂર્ણ) ભક્તના મુખે શ્રવણ, (૩) શ્રોતાનો સંસારમાં વૈરાગ્ય. આ ત્રણ ન હોય તો શ્રવણથી પ્રેમરૂપ ફલ થતું નથી, સામાન્ય ફલ-કલ્યાણ-થાય. ઉચ્ચાધિકારવાળા શ્રોતાને તો ભાગવતની એકાદ લીલાના શ્રવણથી પણ પ્રભુમાં પ્રેમ થાય છે. સર્વથા લોકવિરક્ત, ભાગવતની કથામાં (અસંભાવના, વિપરીતભાવના રૂપ) શંકા વગેરે દોષબુદ્ધિરહિત, તીર્થસેવનાદિથી શુદ્ધ-અંતઃકરણવાળા, વિદુર જેવાને તેવું ફલ થયું છે. ઉદ્ધવજીનો તેનાથી વિશેષાધિકાર હોવાથી માત્ર એક લીલાના શ્રવણથી પણ પ્રભુમાં પ્રીતિ થતાં કૃતાર્થ થયા છે; તો સંપૂર્ણ શ્રીમદ્-ભાગવત-શ્રવણથી કૃતાર્થ થવાય જ. શ્રીમદ્ ભાગવતનું શ્રવણ, કીર્તન અને સ્મરણ નિરંતર યથાસંભવ થતાં પ્રભુમાં પ્રીતિ થાય. તેનાથી જીવનની સઘળી ભીતિ જાય. સેવાની રીતિ સ્વાભાવિક આવે, અને બાકીની બધી ભક્તિ સરલતાથી થઈ શકે. જેમ આતુરતા અધિક તેમ લાભ વધારે શીઘ્ર થાય. આપણી આતુરતા ઓછી હોય તેટલો જ વિલંબ થાય. શ્રીમદ્ ભાગવત ભગવાનના માહાત્મ્ય અને લીલાનું જ્ઞાન કરાવી ભગવાનમાં પ્રેમ કરાવે છે. શ્રીભાગવતનું માહાત્મ્યજ્ઞાન ભાગવતમાં પ્રેમ કરાવી, તેમાં પરાયણ બનાવે છે. માહાત્મ્ય દ્વારા ગુણનિષ્ઠાથી પ્રેમપ્રતિષ્ઠા સહજ થાય છે, યથાધિકાર સૌને ફલ મળે છે.

卐

श्रीहरिः

श्री गोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

(સાત્વતસંહિતા)

પ્રથમ સ્કન્ધ

અધ્યાય ૧ :

શ્રીમદ્ભાગવત-શ્રવણનો અધિકાર :

શ્રીમદ્ ભાગવત ભક્તિજનિકા સંહિતા છે. તેના સેવનથી સૌને પોતાના અધિકાર પ્રમાણે ફલ મળે છે. અધિકાર વગર ઉત્તમ વસ્તુ મળે તો પણ તેનાથી કાંઈ અર્થ સરતો નથી. આ અધિકાર અંતઃકરણની સ્થિતિ છે. લૌકિક-અધિકાર પદ, સ્થાન, વય, સંબંધ વગેરે સાથે સંબંધ ધરાવે છે, પણ શાસ્ત્રમાં ઓળખાવેલો અધિકાર બાહ્ય નથી, આંતર છે. વ્યક્તિની રુચિ અને કાર્ય પરથી સામાન્ય રીતે તેનો અધિકાર ઓળખી શકાય. બાહ્ય-લૌકિક-અધિકાર ઈચ્છનારને કદાચ કોઈક સાથે અથડામણમાં પણ ઊતરવું પડે, પણ પોતાના અંતઃકરણની સ્થિતિ રૂપ અધિકાર શોધનારમાંથી તો વિકાર જાય, વિકાસ થાય, નૂતન પ્રકાશ મળે, અથડામણને બદલે આત્મીયતા મળે. સૃષ્ટિની પૂર્વે જીવોને પ્રકટ કરતાં પ્રભુએ અમુક જીવને અમુક કાર્ય કરાવી અમુક સમયે અમુક ફલ દેવા વિચારેલું છે. તે વિચાર સૌને માટે અધિકાર રૂપ છે. તે પ્રમાણે જીવને સઘળું પ્રાપ્ત થાય છે. આ સામાન્ય મર્યાદા છે. કૃપાથી અશક્ય પણ શક્ય બને છે. શ્રીમદ્ ભાગવતમાં અધિકાર સૂક્ષ્મ રીતે ૧૯ પ્રકારનો છે, અને સ્થૂલ રીતે ત્રણ પ્રકારનો છે : (૧) હીન (સામાન્ય) અધિકાર, (૨) મધ્યમ અધિકાર અને (૩) ઉત્તમ અધિકાર.

હીન (સામાન્ય) અધિકારવાળા શ્રોતાનાં ત્રણ લક્ષણો છે :

(૧) જિજ્ઞાસા - જાણવાની ઈચ્છા. ભગવાન્ અને ભગવાનની લીલાને જાણવાની ઈચ્છા શ્રોતાને જોઈએ. "જિજ્ઞાસા" - શબ્દનો અર્થ વિચાર પણ છે, તેથી શ્રોતાને માટે વિચારવું પણ જરૂરી છે. લૌકિક દૃષ્ટાન્તો, રમૂજી વાર્તાઓ વગેરે સાંભળવાની ઈચ્છા ન જોઈએ. શબ્દની સુંદરતા કે વ્યવહારુ વાતો વગેરે પણ સાંભળવાની ઈચ્છા ન જોઈએ. (૨) અમાત્સર્ય - અન્યની ઉન્નતિ સહન ન થઈ શકે તે માત્સર્ય, કોઈની અદેખાઈ ન કરવી તે અમાત્સર્ય. અન્યની કોઈ પણ પ્રકારની ઉત્તમતા જોઈને રાજી થવું જોઈએ. પોતાને તેવું કાંઈ લૌકિક મેળવવાનો વિચાર પણ ન આવવો જોઈએ. (૩) શ્રવણમાં આદર - આદર અંતઃકરણને અભિમુખ રાખે છે, શ્રવણમાં સાવધ રાખે છે. આદર કથાને હૃદયની અંદર ઉતારે છે. માત્ર નવરાશનો વખત ગાળવા, યજમાન સાથેનો વ્યવહાર સાચવવા કે ઉપેક્ષાપૂર્વક,

પોતાની આવડતના અભિમાન સાથે, શ્રવણ ન થાય. ભાગવતનું રહસ્ય સાંભળવામાં આદર જોઈએ. "આ અઘરું છે, નથી સમજાતુ," - કહીને રહસ્ય ટાળી ન દેવાય. સમજવાનો પ્રયત્ન પણ આદરનો સૂચક છે.

શ્રીમદ્ ભાગવત સાંભળવાનો સૌને અધિકાર છે, પણ ઓછામાં ઓછાં આ ત્રણ લક્ષણ તો સાંભળવા ઈચ્છનારમાં હોવાં જ જોઈએ.

વક્તામાં પણ ઓછામાં ઓછાં ત્રણ લક્ષણ હોવાં જોઈએ :

(૧) સાંપ્રદાયિક-પરંપરાથી શ્રીમદ્ ભાગવત સાંભળેલું હોવું જોઈએ. અધ્યયન જોઈએ.

(૨) શ્રોતાની પ્રભુમાં પ્રીતિ વધે તેમ શ્રોતાના અધિકાર પ્રમાણે કથા કહેવાનું ચાતુર્ય જોઈએ.

(૩) શ્રીમદ્ ભાગવતના રહસ્યનું જ્ઞાન હોવું જોઈએ.

ત્રણે અધિકારનો દૃષ્ટિકોણ :

આ ત્રણેય લક્ષણો શ્રીમદ્ ભાગવતના પ્રથમ સ્કન્ધના પહેલા ત્રણ અધ્યાયમાં છે. તેમાં વક્તા છે- સૂત અને શ્રોતા છે- શૌનક વગેરે ઋષિયો ! સૂતમાં સામાન્ય વક્તા તરીકેનાં ત્રણ લક્ષણ છે. સૂતજીને શ્રીમદ્-ભાગવતના શબ્દનું જ્ઞાન છે, પણ વૈરાગ્ય નથી. શૌનક વગેરે ઋષિયો યજ્ઞાદિમાં આસક્ત છે, અનેક શિષ્યો રાખે છે; વળી વક્તા સૂત કરતાં પોતાને ચઢિયાતા માને છે. ભગવન્માર્ગમાં આ દોષરૂપ છે. અન્યાસક્તિ અને અભિમાન અધિકાર ઘટાડે છે, જીવને પ્રભુને લાયક બનવા દેતાં નથી, છતાં ભાગવત સાંભળવાથી દૃઢ - શાસ્ત્રજ્ઞાન થતાં ઋષિયોને ભગવાનમાં સાધનરૂપ ભક્તિ થઈ. ભગવાનની કૃપાથી શૌનક વગેરે યજ્ઞ દ્વારા મુક્ત થયા. સ્વતન્ત્ર શાસ્ત્રીય દૃષ્ટિ, મંત્રદ્રષ્ટા ઋષિયો અને પુરાણવક્તા સૂતને પણ સામાન્ય (હીન) અધિકારમાં મૂકે છે ! વ્યાસ, નારદ જેવા જ્ઞાની, ભક્ત અને ભગવદવતારોને મધ્યમાધિકારમાં મૂકે છે ! અને સંસારી છતાં વૈરાગ્યપૂર્ણ રાજા પરીક્ષિતને ઉત્તમાધિકારમાં મૂકે છે ! શ્રીશુકનો ઉત્તમાધિકાર તો સિદ્ધ છે.

મધ્યમાધિકાર - વિચાર :

મધ્યમાધિકારનું પ્રકરણ - ૪ - ૫ અને ૬ અધ્યાયનું છે. તેમાં શ્રોતા અને વક્તાનાં લક્ષણ એક સરખાં છે : (૧) ભગવત્કૃપા - સમાજસેવા, જનસેવા વગેરે સત્કાર્યો કરવાથી જ સંતોષ ન થવો જોઈએ. ભગવત્કાર્ય ન થાય ત્યાં સુધી ખેદ થવો જોઈએ. આવો ખેદ ભગવત્કૃપાનું લક્ષણ છે. (૨) ભગવદીયતા - ભગવત્કૃપાથી જન્મથી જ ભગવદીયતા આવે, અથવા ભગવાન્ સાધન કરાવીને પણ ભગવદીય બનાવે. (૩) ભગવદેકત્વ - ભગવદીયતાથી ભગવદ્રૂપ થવાય, - ભગવાનનો અનુભવ મળે, - ભગવદેકતા અનુભવાય.

મધ્યમાધિકારવાળા શ્રોતા છે - વ્યાસ મહર્ષિજી અને વક્તા છે - દેવર્ષિ નારદજી ! બન્ને ભગવાનના અવતાર છે. નારદજીને શ્રીમદ્ ભાગવતના શબ્દોનું અને અર્થનું પણ જ્ઞાન છે, પણ ભગવદિચ્છાથી વૈરાગ્ય નથી; માટે નારદજી મધ્યમાધિકારી છે. છતાં ભગવાનની કૃપાથી સાધન કરીને ભગવદીય થયા છે. સંસાર અને વિષયનો તેમને ભય નથી. સંસાર અને વિષયના ભયમાંથી પ્રભુપ્રીતિ બચાવે છે, નિર્ભય રાખે છે. પ્રીતિથી ભગવાનનાં દર્શન મળે છે. ભગવદીયતા મેળવવા માટે નારદ

પાસે પ્રભુએ ક્રમશઃ ચાર સાધન કરાવ્યાં છે : (૧) સત્સંગ, (૨) તેના દ્વારા જીવ અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન, (૩) તેથી સર્વત્ર વિરાજતા પ્રભુનો અનુભવ, (૪) દાસભાવની દૃઢતા માટે કર્મોનું ભગવાનને સમર્પણ; પછી સમાધિમાં અનુભવ દઈ ભગવાને પોતાના વચનથી નારદને ભગવદીય બનાવ્યા; ત્યાર બાદ નારદજીએ વ્યાસજીને ભાગવત-રચનાનું પ્રયોજન કહ્યું છે. ચોથા અધ્યાયમાં શ્રીભાગવત રચવાનું કારણ, પાંચમા અધ્યાયમાં વ્યાસજીની યોગ્યતા અને છઠ્ઠા અધ્યાયમાં નારદજીની પ્રેરણા કહેલી છે.

બહારના - સન્માન દેતા - અધિકારો અંદરના - પ્રભુપ્રાપ્તિના - અધિકારને ઘટાડે છે. મોટે ભાગે આપણે બધા બહારના - માન મળે તેવા - અધિકારો શોધીએ છીએ, તેથી ભગવાન્ મેળવવા માટેનો આપણો અંતઃકરણનો અધિકાર ઓછો થતો જાય છે. માન મેળવવા મથે તે ભગવાન્ મેળવવા યોગ્ય ન રહે. મહર્ષિ વ્યાસ અધિકારી છે. તેમનામાં શૌનક જેવા દોષ છે, વૈરાગ્ય નથી, છતાં પણ તે ભગવાનની જ્ઞાનકલાનો અવતાર છે, તેથી બધા પદાર્થનું જ્ઞાન છે. ભગવાનમાં પ્રીતિ પણ છે; છતાં નારદના ઉપદેશ પછી ભગવદીયતા વ્યક્ત થઈ છે. તેમને ભગવાનના ગુણગાન સિવાયનાં બીજાં સાધનોમાં - સત્કર્મમાં - આસક્તિ હતી. તે નારદજીના ઉપદેશથી દૂર થઈ. નારદનું પૂજન કર્યું. પોતાની ન્યૂનતા પૂછી. ઉપદેશ સાંભળ્યા પછી બીજો આગ્રહ ન રહ્યો, પછી ભગવદીયતા પ્રાપ્ત થઈ. નારદજીને જ્યારે માતાનો પ્રતિબંધ દૂર થયો, સત્પુરુષોની સેવા મળી, સંસારમાં પ્રીતિ ન રહી, ત્યાર પછી ભગવદીયતા પ્રાપ્ત થઈ.

નારદજીએ વ્યાસજીને ભાગવતની પરંપરા નથી કહી. તે લોકપ્રસિદ્ધ ન હતી. વ્યાસે તે સઘળો અનુભવ સમાધિમાં કર્યો છે.

ઉત્તમાધિકાર - વિચાર :

શ્રીશુકદેવજી અને પરીક્ષિત રાજા, ઉત્તમાધિકારવાળા વક્તા અને શ્રોતા છે. શુકદેવજીમાં દૃઢ વૈરાગ્ય છે, ભગવત્પણું છે. રાજામાં પણ તે બંને છે. દૃઢ વૈરાગ્યપૂર્ણ શ્રીશુકદેવજીને ભાગવતના શબ્દ અને અર્થ ઉભયનું જ્ઞાન છે. વૈરાગ્ય શ્રીમદ્ ભાગવતમાં અધિકાર દેનારો છે. ભગવદાવેશ થવા માટે વૈરાગ્ય આવશ્યક છે. શુકદેવજીનો અધિકાર સિદ્ધ છે. પ્રથમ-સ્કન્ધમાં એ ખાસ કહ્યો નથી. રાજાને યજ્ઞાદિમાં આસક્તિ નથી, શિષ્યાદિ નથી, વક્તા કરતાં પોતે ચઢિયાતા હોવાનું માનતો નથી, બ્રાહ્મણનો શાપ થયો છે, હૃદયમાં સંતાપ છે, પ્રભુની સેવા જ મુખ્ય માની છે, શ્રીશુકે સંભળાવ્યું તેમાં સંદેહ રહ્યો નથી, તેમાં સંપૂર્ણ વિશ્વાસ છે, તેથી શ્રવણનું ફલ થયું છે.

ઉત્તમાધિકારનું પ્રકરણ સાતમાથી ઓગણીસમા સુધીના ૧૩ અધ્યાયોનું છે. ભગવાનનાં બાર અંગ અને તેરમા અંગી-ભગવાન્ - પોતે મળીને કુલ ૧૩ છે; માટે શ્રોતા-વક્તાના ભગવાનપણાથી ઉત્તમાધિકાર પ્રકરણમાં ૧૩ અધ્યાય છે.

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને સંમત પ્રકરણવિભાગ :

આ પ્રકરણ-વિભાગ કથામાં આવતા દેશકાલને અનુસરીને છે. અધ્યાયના અર્થ પ્રમાણે ૧ થી ૯ અધ્યાયમાં સાધારણ, ૧૦ થી ૧૮ અધ્યાયમાં અસાધારણ અને ૧૯મા અધ્યાયમાં ગુણાતીત અધિકાર છે. શ્રી વલ્લભાચાર્યજીને આ પ્રકરણ-વિભાગ સંમત છે.

શ્રીમદ્ભાગવતમાં ત્રણપ્રકારની ભાષાઓ : તેનાથી પરસ્પર - કથા - વિરોધનું સમાધાન :

સૌને પોતપોતાના અધિકાર પ્રમાણે ભાગવત સમજાય છે. સૌને સરખું સમજાતું નથી. કેટલાકને ભાગવતમાં કેટલીક કથાઓમાં પુનરુક્તિ કે પરસ્પર વિરોધ પણ દેખાય છે. વાસ્તવમાં વિરોધ કે પુનરુક્તિ ઉદ્દેશપૂર્વક રાખેલાં છે; અને જે ભાગવતમાંની ત્રણ પ્રકારની ભાષાઓથી દેખાય છે : (૧) સમાધિ, (૨) મતાન્તર અથવા પરમત અને (૩) લૌકિક. આ ત્રણ ભાષાઓ ભાગવતમાં છે. વ્યાસજીએ સમાધિમાં શ્રીમદ્ ભાગવતનું દર્શન કર્યું છે. જ્યારે સૂત-શૌનકનો સંવાદ નૈમિષારણ્યમાં થયો ન હતો, ત્યારે પણ સમાધિમાં એનાં દર્શન કરેલાં, અને પ્રથમથી બારેય સ્કન્ધ-સંહિતા અનુક્રમ કરીને શ્રીશુકને ભણાવેલી, તેથી સામાન્ય રીતે તો સમગ્ર ભાગવત વ્યાસજીની સમાધિભાષા છે. ભાગવતમાંના પ્રસંગોને વ્યાસજીએ સમાધિમાં જોયેલા અને તેના વર્ણનના શબ્દો પણ સમાધિમાં જ મળેલા. જ્યાં શ્રીશુક કોઈનું કહેલું પોતે કહી રહ્યા હોય ત્યાં મતાન્તર કે પરમત - ભાષા ગણાય છે. તેવી વાતો બોલનારના અભિપ્રાય પૂરતી પ્રમાણ છે. લૌકિક રીતે વર્ણન હોય ત્યાં લૌકિકભાષા ગણાય છે. તે પણ બોલનારના અભિપ્રાય પૂરતી જ પ્રમાણ છે. પરમત અને લૌકિકભાષાનો જ્યાં સમાધિભાષામાં વિરોધ આવતો હોય ત્યાં તે બે ભાષા ગૌણ છે. વ્યાસજીએ તે વિરોધ હેતુપૂર્વક રાખેલો છે, તેથી તેમાં દોષ નથી. પુનઃ ભાષાના આ ત્રણ ભેદને કારણે કથાઓ ક્વચિત્ પરસ્પર જુદી કે વિરુદ્ધ દેખાય કે વારંવાર આવતી દેખાય તો તે જુદા જુદા કલ્પની કથાઓ છે; તેથી કાંઈ દોષ રહેતો નથી.

શ્રીમદ્ભાગવતના પરંપરાગત સાત અર્થ :

શ્રીમદ્ ભાગવતના પરંપરાગત સાત અર્થ શ્રીવલ્લભાચાર્યજી બતાવે છે : (૧) શાસ્ત્રાર્થ, (૨) સ્કંધાર્થ, (૩) પ્રકરણાર્થ, (૪) અધ્યાયાર્થ, (૫) શ્લોકાર્થ, (વાક્યાર્થ) (૬) શબ્દાર્થ અને (૭) અક્ષરાર્થ. શ્રીભાગવતનો અર્થ કરતી વખતે અક્ષરાર્થથી આરંભીને જે અર્થ કરવામાં આવે તે ક્રમશઃ આગળના અર્થને અનુકૂલ થવો જોઈએ. સંપૂર્ણ જે અર્થ કર્યો હોય તે ભાગવતના મુખ્યાર્થ-આનંદરૂપ સાકાર ભગવાનની લીલા - સાથે સંગત થવો જોઈએ. આ સાત પ્રકારે, એકબીજા સાથે વિરોધ ન આવે તેમ, અર્થ સમજાય ત્યારે સંસારબંધનમાંથી મુક્તિ મળે છે, ભક્તિ મળે છે.

ભગવાને જેમને કાંઈક સદ્બુદ્ધિ આપી છે, તેવા લોકો જ ભકિત કે મુકિત માટે પ્રયત્ન કરે છે, સૌ નહિ :

જેણે મુક્તિ જોઈ હોય - અનુભવી હોય, તે મુક્તિ મેળવવા મથે; પણ જેને મુક્તિનો સ્વપ્ને પણ ખ્યાલ નથી - એ મુક્તિ મેળવવા મથે ક્યારે ? ભગવાને જેને કાંઈક સદ્બુદ્ધિ આપી છે, શાસ્ત્રાભિમુખતા આપી છે, એવા લોકો મુક્તિ કે ભક્તિ માટે પ્રયાસ કરે છે. બાકી સામાન્ય લોકો તો બિચારા જેમ તેમ કરતા પણ મનમાન્યું કે મનમનાવીને જીવવા માટે જ પ્રયત્ન કરતા દેખાય છે, પણ મુક્તિ કે ભક્તિ માટે મથતા નથી. મુક્તિ કે ભક્તિ મેળવવા મથતા જનને મુક્તિ કે ભક્તિ ભગવાન્ કૃપા કરીને આપે છે ત્યારે જ મળે છે. ભગવાન્ પોતાના રૂપ અને નામ દ્વારા સૌનો ઉદ્ધાર કરે છે. અવતાર વખતે સ્વરૂપથી અને અનવતારદશામાં નામથી સામાન્ય રીતે ઉદ્ધાર કરે છે. પ્રાણીમાત્રનો ઉદ્ધાર કરવા માટે સર્વ - અવતારના અવતારી ભગવાન્ શ્રીકૃષ્ણે ભૂતલ પર પધારી

સૌને પોતાની લીલાથી કૃતાર્થ કર્યા છે. અવતાર લઈને પધારેલા ભગવાન્ શ્રીકૃષ્ણની ઓળખ સમગ્ર શ્રીમદ્ ભાગવતજીમાં લીલાગાન દ્વારા કરાવવામાં આવી છે. અઢાર હજાર શ્લોકમાં વર્ણવેલા.

શ્રીકૃષ્ણ ભગવાનને વ્યાસ મહર્ષિજીએ મંગલાચરણમાં એક શ્લોકમાં ઓળખાવ્યા છે :

जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये मुह्यन्ति यत्सूरयः ।
तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गोमृषा
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि ॥ (१)

"सत्यं परं"-પદમાં ભગવાનનું નામ સ્પષ્ટ છે. "ब्रह्मणो नाम सत्यमिति ।"- શ્રુતિ છે. સત્ય એ બ્રહ્મનું નામ છે, અને પછી "परम्" સાથે છે, - તેથી "परं ब्रह्म" અર્થ થાય. મહાભારતમાં પરબ્રહ્મની ઓળખ પણ સ્પષ્ટ છે. શ્રુતિમાં પણ છે,-

"कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः ।
तयोरैक्यं परं ब्रह्म कृष्ण इत्याभिधीयते ।"

"कृष्" સત્તાવાચક છે. "ण" આનંદવાચક છે. તે બન્ને મળીને સદાનંદ પરબ્રહ્મને "कृष्ण" કહેવામાં આવે છે. કૃષ્ણાવતાર સમયની ગર્ભસ્તુતિમાં દેવતાઓએ તે એકમાત્ર સ્થળે,- "सत्यव्रतं सत्यपरं ।" - કહીને સત્યાત્મક ભગવાન્ શ્રીકૃષ્ણની જ સ્તુતિ કરી છે, એટલે "सत्यं परं" - એ કૃષ્ણનું જ નામ છે, છતાં સીધેસીધો "कृष्ण" - શબ્દ મૂક્યો નથી. સીધું કૃષ્ણનું નામ મૂકે તો કોઈને લાગે કે વ્યાસજીએ પોતાને રુચતા ભગવાન ગાયા છે, તો અમે અમને રુચતા શા માટે ન ગાઈએ ? વ્યાસજીએ અહીં પોતાની રુચિ કે આગ્રહ નથી રાખ્યાં. બુદ્ધિશાળી માનવને કોઈ દુરાગ્રહ ન હોય, તેને તો સારી અને સાચી વાત સ્વીકાર્ય જ હોય. શ્રીમદ્ ભાગવત વેદ-ગીતા અને બ્રહ્મસૂત્રના સ્વભાવિક ભાષ્યરૂપ છે, તે ત્રણેમાં થતી સર્વ શંકાઓનું સમાધાન કરનાર છે, સર્વ-વેદ-ઈતિહાસ અને પુરાણોના સાર રૂપ છે, તેથી તે સર્વમાં સાર રૂપે ગાયેલા ત્રિકાલાબાધિત, પર સત્ય - રૂપ નિત્યલીલાસ્થ શ્રીકૃષ્ણને વ્યાસ મહર્ષિએ,- "सत्यं परं" - કહીને ઓળખાવ્યા છે. કૃષ્ણ - શબ્દનો અર્થ પૌરાણિક વ્યાખ્યામાં "ઉત્કૃષ્ટ-સદ્ભક્તિદાતા" છે,-

"कृषिरुत्कृष्टवचनो नश्च सद्भक्तिवाचकः । अश्चापि दातृवचनस्तेन कृष्णं विदुर्बुधाः ॥"

અવતાર વખતે સ્વરૂપથી ભગવાન્ કૃષ્ણ ભક્તિનું દાન કરે છે અને અનવતારદશામાં પોતાની લીલાઓની કથા દ્વારા ભક્તિનું દાન કરે છે. તે કથાઓ ભાગવતમાં છે. ભાગવત શ્રીકૃષ્ણનું જ નામાત્મક સ્વરૂપ છે, પુરાણ છે, ભક્તિ-પ્રીતિ-દેનારું છે. પૌરાણિક વ્યાખ્યાનુસાર કૃષ્ણ "ઉત્કૃષ્ટ-સદ્ભક્તિદાતા" છે, તેથી પુરાણતિલક શ્રીભાગવતના મંગલાચરણમાં, - "सत्यं परं" - શબ્દથી શ્રીકૃષ્ણને ઓળખાવે છે.

શ્રીમદ્ભાગવતમાં સત્યની મુખ્યતા : સત્ય ભગવદ્ધર્મ છે :-

વ્યાસ મહર્ષિજી, "सत्यं परं" - કહીને એક સ્પષ્ટ નિર્દેશ પણ કરે છે. જેના જીવનમાં સત્ય

નથી, તેની પાસે સત્યાત્મક ભગવાન્ પણ નથી. ભગવાનને મેળવતાં પહેલાં કે ઓળખતાં પહેલાં, જીવનમાં સત્યને મેળવવું પડે - ઓળખવું પડે. વાણીમાં, વ્યવહારમાં, વિચારમાં સત્ય જોઈએ. દુ:ખ વેઠીને પણ દૃઢતાથી સત્યને વળગી રહે, તે જ ભગવાનને પ્રાપ્ત કરી શકે. બલિરાજા સર્વસ્વ દેવા તૈયાર હતા. સત્ય જતું કરવા તૈયાર ન હતા. વામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી ન આપવાની વ્યવહારુ શિખામણ દેતા ગુરુ શુક્રાચાર્યને અસુર બલિરાજાએ "नह्यसत्यात् परोऽधर्मः" - એમ સંભળાવી દીધું. અસત્યથી કોઈ મોટો અધર્મ નથી; અને "करोम्यृतं तन्न भवेत् प्रलम्भनम्" - મારાં વચન સત્ય કરું છું, (કે જેથી) તે વચન છેતરપિંડી ન થાય - કહીને બે પગલાંમાં સર્વસ્વ લઈ લેનાર ભગવાન્ વામનને ત્રીજું ચરણ પોતાને મસ્તક મૂકવા કહ્યું. બલિ જાતિથી અસુર છે. અસુરમાં અસત્ય સ્વાભાવિક હોય. જેનાં વાણી-વર્તન-વ્યવહારમાં અસત્ય હોય તે અસુરરૂપ છે, છતાં બલિરાજાએ માત્ર સત્યનો જ પક્ષ કર્યો. સત્ય ભગવદ્ધર્મ છે. તેના પ્રભાવે બલિ કૃતાર્થ થયા. આત્મનિવેદનના અધિકારી થયા. બલિએ સર્વસ્વ છોડ્યું. સત્ય ન છોડ્યું. સત્યની સુરક્ષા સુરકાર્ય છે. સત્યસન્નિષ્ઠ બલિ પર પ્રભુ પ્રસન્ન થયા, સુતલમાં બલિને મોકલી સાથે પોતે પણ પધાર્યા. તેના દુર્ગપાલ થયા !

કૃષ્ણ-કૃપાથી જ સત્ય સમજાય : શ્રીભાગવતની બધી વાતો સત્ય જ છે :

"हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम्" - શ્રુતિ કહે છે. - સત્યનું મુખ સોનાના ઢાંકણાથી ઢંકાયેલું છે. સત્યરૂપ બ્રહ્મનું (મુખરૂપ બ્રહ્મ) જ્ઞાન, જીવના સુખભોગ કે મોહથી ઢંકાયું છે. લોકો બ્રહ્મજ્ઞાન મેળવવાને બદલે માત્ર સંપત્તિ મેળવવા મથે છે. વ્યવહારમાં તો આવી દશા દેખાય છે. સમ્પત્તિ સત્યને ગૂંગળાવે છે. પેટ કે પ્રમોદ માટે માત્ર પૈસો મેળવવા મથનારને સત્યની પરવા પરવડતી નથી, - રહેતી નથી. તેથી શ્રુતિમાં પ્રાર્થના છે, - "तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये" - હે પૂષન્ ! સત્ય-ધર્મ-દર્શન માટે તમે તે સુવર્ણનું ઢાંકણ (સમ્પત્તિનો મોહ કે ભોગ) દૂર કરો ! "पूष् वृद्धौ" અને "पोषणं तदनुग्रहः।"- થી કૃપા કરનાર કૃષ્ણ "पूषा" છે. તેમની કૃપાથી જ સત્ય સમજાય - સત્યસન્નિષ્ઠ થવાય. બ્રહ્મના અંશ રૂપ જીવને બ્રહ્મનું સ્વરૂપજ્ઞાન - અનુભવ - બ્રહ્મની કૃપાથી જ થાય. સંસારીને સમ્પત્તિનો મોહ સ્વાભાવિક હોય. મોહ દૂર કરવા શ્રુતિએ - "पूषन्" - કહી કૃષ્ણને જ સંબોધન કરી, સત્યદર્શન માટે વિનવ્યા છે; અને ભાગવતના મંગલાચરણમાં "सत्यं परं धीमहि" કહી વ્યાસ મહર્ષિજીએ કૃષ્ણમાં પ્રીતિ કરી છે, ધ્યાન કર્યું છે. સત્યાત્મક કૃષ્ણની કૃપાથી જ તેમનું સ્વરૂપ-સત્ય-સમજાય. સત્યને જેણે શોધ્યું નથી, તે ભગવાનને શોધી શકતો નથી. સત્ય સાથે જેણે સ્નેહ કર્યો નથી, તે ભગવાન્ સાથે સ્નેહ કરી શકતો નથી. જેનું જીવન આ લોકમાંનું સુધર્યું નથી તેનો પરલોક સુધરે શી રીતે ? સત્ય લૌકિકજીવનને સુધારનાર છે. "सत्यं परं धीमहि" - પદથી ભાગવતમાંની સઘળી કથાઓ પરમ સત્ય છે, તે પણ સમજાય છે. ભાગવતની વાતો કલ્પિત નથી કે આધ્યાત્મિક અર્થો માટેનાં માત્ર રૂપક નથી, પણ વાસ્તવમાં બનેલી ઘટનાઓ છે.

સર્વસમર્થ ભગવાન્ સૃષ્ટિ કર્તા છે, સર્વાત્મા છે : સૃષ્ટિકર્તૃત્વ પણ ભગવાનની લીલા છે : આ સમજથી ભગવાનમાં સુદૃઢ સ્નેહ થાય :

"सत्यं परं" - શ્રીકૃષ્ણને "जन्माद्यस्य यतः" - એ કાર્યલક્ષણથી પણ વ્યાસજી ઓળખાવે

છે. બ્રહ્મસૂત્રમાં પણ, "जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात् ।" - "વેદમાં કહેલા કારણથી આ વિશ્વનાં જન્માદિ (અથવા આકાશનો જન્મ) જેનાથી છે,"- તે સૂત્રથી બ્રહ્મનું લક્ષણ આપેલું છે. અહીં, ભાગવતમાં "शास्त्रयोनित्वात्" - એ હેતુસૂચક પદ આપ્યું નથી. ભાગવત સર્વ વેદના સાર રૂપ છે, પોતે જ શાસ્ત્ર છે, તેથી ! આંખ સામે જેને દેખીએ છીએ તે, બુદ્ધિથી જેનો વિચાર પણ ન કરી શકાય તેવા, અનંતકોટિ બ્રહ્માંડનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેનાથી થાય છે, તે બ્રહ્મ છે. "जन्माद्यस्य"નો પદચ્છેદ બે રીતે થાય છે,- ૧. "जन्मादि+अस्य", ૨. "जन्म+आद्यस्य." પ્રથમ - પ્રકારમાં તદ્‌ગુણસંવિજ્ઞાન અને અતદ્‌ગુણસંજ્ઞાન બહુવ્રીહિ - સમાસ લેતાં યુગપત્ - સૃષ્ટિના જુદા જુદા પ્રકાર તેમાં સમાઈ જાય છે. અગ્નિમાંથી તણખા નીકળે તેમ જીવો-લોકો વગેરે સઘળું એકસાથે પ્રકટ થાય, તે યુગપત્‌સૃષ્ટિ છે. તેના ત્રણ પ્રકાર છે,- પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ; ક્વચિત્ વિષયતા રૂપ માયિકસૃષ્ટિ પણ ભગવાન્ કરે છે. સાક્ષાત્ અને પરંપરા-ભેદે સૃષ્ટિના બધા પ્રકારો છે. ક્વચિત્ સાક્ષાત્, ક્વચિત્ પુરુષ દ્વારા, ક્વચિત્ ચતુર્મૂર્તિ પ્રકારે, ક્વચિત્ સ્વપ્નસૃષ્ટિ, ક્વચિત્ તત્ત્વપરંપરા દ્વારા ભગવાન્ સૃષ્ટિ કરે છે. ભગવાનની અચિન્ત્ય અને અનન્ત શક્તિઓ છે, તેથી સઘળા પ્રકારો સંભવે છે. ભગવાનના માહાત્મ્યનું પ્રતિપાદન વેદ કરે છે, તેથી તેમાં સૃષ્ટિના અનેક ભેદ કહેલા છે. વાસ્તવમાં સૃષ્ટિકર્તૃત્વથી પણ ભગવાનનું પૂર્ણ માહાત્મ્ય જણાતું નથી. મહારાજા ધિરાજને ચાલતાં આવડતું હોય, તે કાંઈ તેનું પૂર્ણ માહાત્મ્ય ન કહેવાય. રાજા માટે તે રમત માત્ર છે, છતાં પણ લોકોની નજરે તે મહત્તા ગણાય. તેવી જ રીતે, ભગવાનનું સૃષ્ટિકર્તૃત્વ-સૃષ્ટિનિર્માણ-મહત્તા ગણાય; તેથી તેનું વર્ણન કરેલું છે. માહાત્મ્યજ્ઞાનથી લોકો અવજ્ઞા કે અપરાધ કરતાં અચકાય. આવું માહાત્મ્યજ્ઞાન ભગવાનમાં ભક્તિપ્રદ બને. ભગવાનનું આ સૃષ્ટિકર્તૃત્વ રૂપ માહાત્મ્ય પણ ભગવાનની લીલા જ છે. લોકોને મોટું લાગે, પણ ભગવાન માટે તો તે રમતમાત્ર-લીલા-છે. સૃષ્ટિકાર્યને ભગવાનની લીલા તરીકે જાણતાં ભક્તિ થાય, તેથી ભક્તિપ્રદ ભાગવતજીમાં સૃષ્ટિકર્તૃત્વ પણ ભગવાનની લીલા જ છે. ભગવાનની ઓળખ સૃષ્ટિલીલા કરનાર અને સર્વાત્મા રૂપે પણ છે. પ્રભુને આત્મા રૂપે ઓળખતાં સ્નેહ-ભક્તિ-સુદૃઢ બને.

જગદ્રૂપે ભગવાન્ જ અવિકૃતપણે આવિર્ભાવ-તિરોભાવ-રૂપ પોતાની - શક્તિયો વડે લીલા - કરે છે : ત્રિવિધસૃષ્ટિલીલા :

"जन्माद्यस्य" - પદમાંના "अस्य" - શબ્દનો અર્થ દેખાતું જગત છે. તેમાં "जन्मादि"- પદનો અર્થ જુદી જુદી રીતે થાય છે. "जन्म आदिर्येषामित्यवयवसमासाद्तद्‌गुण- सम्विज्ञानो बहुव्रीहिः ।" -જન્મ એટલે આવિર્ભાવ. તે જન્મ રૂપ - અવયવ, સ્થિતિ - પ્રલય - પ્રકારોના આદિમાં છે - તે જન્માદિ ! "जन्म आविर्भावः तद्रूपं अवयवं तत् आदिः प्रथमं येषां स्थितिप्रलयाभिसम्वेशानां प्रकाराणां जन्मादिः।" "जन्मादयः" - પદ વૈદિકત્વથી કર્યું નથી. "આ જગતના જન્માદિ આવિર્ભાવ-તિરોભાવ પ્રકારો"- આ અર્થ "जन्माद्यस्य"નો થયો. તે પછીનું, "यतः" - પદ અવ્યય અને બ્રહ્મવાચક છે, તેથી જગદ્રૂપે ભગવાન્ જ અવિકૃતપણે આવિર્ભાવ અને તિરોભાવ રૂપ પોતાની શક્તિઓ વડે ક્રીડા કરે છે. જગદ્રૂપે પોતે જ ક્રીડા કરતાં આવિર્ભાવ-તિરોભાવ રૂપ થાય છે. અસ્તિત્વ ધરાવતી વસ્તુની અનુભવયોગ્યતા તે આવિર્ભાવ છે. અનુભવની અયોગ્યતા તે તિરોભાવ છે. "पुष्टिं

कायेन निश्चयः" - શ્રીવલ્લભાચાર્યોક્તિ છે. "स आत्मानं स्वयमकुरुत ।" - એ શ્રુતિ છે. પુષ્ટિસૃષ્ટિ પ્રકાર આ થયો. આ સૃષ્ટિના જીવ ભગવદનુકૂલ - ક્રીડોપયોગી હોય છે. ૨. जन्म च आदिश्चेत्येकवद्भावः । - લેતાં, તદ્ગુણસંવિજ્ઞાન-બહુવ્રીહિ સમાસથી "जन्म आदिर्येषाम् ।"માં બે રીતે અર્થ થાય છે. વેદનાં છ અંગ છે : શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, જ્યોતિષ્ અને છંદઃ. તે વેદના અર્થ સમજવામાં ઉપકારક છે. તેમાંના "નિરુક્ત"માં યાસ્કમુનિ પ્રત્યેક પદાર્થના છ વિકાર જણાવે છે. પદાર્થની સ્થિતિમાં થતા તે ફેરફાર છે. जायते, अस्ति, विपरिणमते, वर्धते, अपक्षीयते અને विनश्यति - જન્મવું, હોવું, ફેરફાર પામવો, વધવું, ક્ષીણ થવું અને નષ્ટ થવું. આ પ્રત્યેક પદાર્થનો સામાન્ય ક્રમ દેખાય છે. "जन्मादि" - પદમાં "जन्म" જેના "आदि"માં - આરંભમાં - છે તેવા સર્વ ભાવવિકારો "आदि" - શબ્દથી લેવામાં આવે છે. કાલાદિથી થતી સૃષ્ટિમાં કે ક્વચિત્ સંભળાતી માયિકસૃષ્ટિમાં પણ કર્તૃત્વ તો ભગવાનનું જ છે. "जन्म" - શબ્દથી પ્રથમ - વિકાર અને "आदि"થી બીજા પાંચ વિકારનો સ્વીકાર થાય છે. આ પ્રવાહસૃષ્ટિનો પ્રકાર છે. શ્રીવલ્લભાચાર્યજીએ, - "इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।" થી કહેલ, - "सोऽकामयत बहुस्यां प्रजायेय ।" - એ શ્રુતિમાં કહેલો પ્રવાહસૃષ્ટિ પ્રકાર છે. આ સૃષ્ટિના જીવોને જન્મ-મરણ નિયત છે. તે મરજી મુજબ જીવનારા હોય છે. જીવવા માટે જ પ્રયત્નપરાયણ હોય છે. ૩. "जन्म आदिर्येषाम् (तत्)" - માં ગમન-પ્રવેશના કારણથી-ભેદથી-જાત્યપેક્ષાથી એકવચન છે. જન્મ તો શ્રૌત હોવાથી સિદ્ધ છે. "જાતિ" અહીં વિકારપણું છે. બ્રહ્મમાંથી જગતના જન્માદિ છ વિકારો થાય છે. બ્રહ્મકૃત્ આ જગદ્રૂપ થવાની ક્રિયામાં ભાવવિકારોનો અન્વય છે, તેથી અહીં તદ્ગુણસંજ્ઞાન બહુવ્રીહિ સમાસ છે.

અતદ્ગુણસંજ્ઞાન - બહુવ્રીહિ અને તદ્ગુણસંજ્ઞાન - બહુવ્રીહિ :

વિશેષણનો કાર્યમાં સંબંધ ન હોય ત્યાં અતદ્ગુણસંજ્ઞાન બહુવ્રીહિ ગણાય છે. વિચિત્ર ગાયોવાળો "चित्रगुः" કહેવાય. "ચિત્રગુને બોલાવો" - કહેતાં, - વિચિત્ર ગાયોનો કાર્યમાં સંબંધ નથી. "चित्रगुः" એ કોઈ વ્યક્તિની વિશેષતા બતાવતું વિશેષણ છે. આ અતદ્ગુણ-સંજ્ઞાન-બહુવ્રીહિનું દૃષ્ટાંત છે. અવયવ પદાર્થ રૂપ ગુણનું સંવિજ્ઞાન જેનાથી થાય તે તદ્ગુણસંજ્ઞાન બહુવ્રીહિ છે. લાંબા કાનવાળો "લંબકર્ણ" કહેવાય. "લંબકર્ણને લાવો," - કહેતાં લાંબા કાનથી ઓળખ અને કાર્યસંબંધ છે. આ તદ્ગુણસંજ્ઞાન- બહુવ્રીહિનો દાખલો છે. આ મર્યાદા સૃષ્ટિ પ્રકાર છે. શ્રીવલ્લભાચાર્યજીએ - "वचसा वेदमार्गं हि ।" થી કહેલો છે, તે શ્રુતિમાં - "तस्माद् वा एतस्माद्वा...."થી કહેલ છે. એકસાથે સૃષ્ટિલીલાનો નિર્દેશ, અગ્નિમાંથી તણખા નીકળે તેમ, "यथाग्ने...।" તથા "यतो वा इमानि भूतानि...।" - શ્રુતિમાં કહેલો છે.

બ્રહ્મનું સર્વજ્ઞત્વ - સર્વશક્તિમત્વ અને નિરંકુશ - જગત્કર્તૃત્વ :

સર્વસૃષ્ટિ પ્રકારોનું સૂચન કરવા માટે આ વિવિધ પ્રકારો છે. તેમાં અનેકવિધ કલ્પનાઓ કરવી પડે છે; સમજવું પણ સહેલું ન લાગે, તેથી શ્રીવલ્લભાચાર્યજી સરલ અર્થ બતાવે છે. ક્રમિકસૃષ્ટિને ઓળખાવતાં,- "तस्माद्वा एतस्माद्वा आत्मन आकाशः संभूतः ॥" - શ્રુતિવાક્યથી, "जन्माद्यस्य"નો પદચ્છેદ - "जन्म आद्यस्य" છે. "आद्य" - ઉપરની શ્રુતિથી "आकाशः" છે. આમ, "जन्माद्यस्य

યતઃ'' - પદથી બ્રહ્મનું સર્વજ્ઞત્વ, સર્વશક્તિમત્ત્વ અને નિરંકુશજગત્કર્તૃત્વ સિદ્ધ થાય છે.

ગાયત્રીને અનુકૂલ વિચાર : શ્રીભાગવતનું સ્વરૂપ-લક્ષણ :

શ્રીમદ્ ભાગવતમાં પણ, ''जन्माद्यस्य यतः'' - પદ છે. તેમાં આ બધા વિચાર પછી, શ્રીમદ્ વલ્લભાચાર્યજી ''जन्म आद्यस्य आकाशस्य यतः'' - એવો અર્થ કરે છે. "આકાશનો જન્મ જેનાથી થયો છે" એવો અર્થ મુખ્યત્વે સ્વીકારે છે. આ અર્થમાં જન્મની મુખ્યતા છે, સ્થિતિ અને લયનું સૂચન માત્ર છે. ગાયત્રીમાં પણ ''सवितुः'' - પદથી પ્રસવ માત્ર કહ્યો છે, સ્થિતિ અને લય નહિ; પાછળથી તેમાં ''वरेण्य''- શબ્દથી સ્થિતિનું, અને ''भर्गः'' - શબ્દથી લયનું સૂચન છે. તેમ, અહીં પણ સ્થિતિ અને લયનું પાછળથી સૂચન થશે. પૂર્વમાં તો પ્રસવસૂચક - પદનો અર્થ મુખ્ય ગણ્યો છે.

શ્રીમદ્ ભાગવતમાં ગાયત્રીના અર્થને અનુકૂલ વિચાર આવશ્યક છે. શ્રીમદ્ ભાગવતના સ્વરૂપનું લક્ષણ અહીં વિચારવા જેવું છે. લક્ષણ એટલે અસાધારણ ધર્મ; જે બીજા કરતાં પદાર્થને જુદો પાડીને સ્પષ્ટ રીતે ઓળખાવે.

यत्राधिकृत्य गायत्रीं वर्ण्यते धर्मविस्तरः । वृत्रासुरवधोपेतं तद्भागवतमिष्यते ॥

જ્યાં ગાયત્રી પુરઃસર ધર્મ વિસ્તારનું વર્ણન છે અને જે વૃત્રાસુરવધની કથાયુક્ત છે તે ભાગવત કહેવાય છે.

ગાનારને તારે તે - ગાયત્રી ! વૃક્ષરૂપ વેદમાં નિપુણ હોવા છતાં ફલરૂપ શ્રીભાગવતને ન જાણે તે નિષ્ફલ જ છે :

ગાયત્રી વેદમાતા છે. ઋક્, યજુઃ અને સામ એ વેદત્રયીના અર્થનું તે પ્રતિપાદન કરે છે. ''गायन्तं त्रायसे यस्माद्गायत्री त्वं ततः स्मृता ।'' - ગાનારને તું તારે છે તેથી તું "ગાયત્રી" તરીકે સ્મરાયેલી છે. એ વ્યાખ્યાથી ગાયત્રી ગાનારને તારે છે. ગાયત્રીનો અભ્યુપસ્થાન, મન્દેહાદિ-દૈત્યનિવારણ અને ઉપનયનમાં વિનિયોગ છે. ગાયત્રીમાં ગવાયેલા ભગવાન્ પુરુષોત્તમના સામર્થ્યથી સઘળાં કાર્ય ગાયત્રી દ્વારા સિદ્ધ થાય છે. ૐકાર તથા વ્યાહૃતિઓનો અર્થ સ્પષ્ટ ન સમજાય, તેથી શ્રીમદ્ ભાગવતના આરંભમાં ગાયત્રીનો અર્થ લીધો છે. નિર્વિઘ્નપણે વાણીના પ્રસરણ માટે, ગાયત્રીના અર્થ દ્વારા, ભગવાનનું ઉપસ્થાન કરતાં, ગાયત્રીના અર્થને સમાવતા શ્લોકથી ભાગવતનું મંગલાચરણ છે. આ મંગલાચરણનો પ્રથમ-શ્લોક બીજરૂપ છે. તેમાંથી સમગ્ર ભાગવત-કલ્પવૃક્ષનો વિસ્તાર છે. વેદ અને ભાગવત બંનેના બીજમાં ગાયત્રી છે, તેથી બંને સમાન છે. ભાગવત વેદથી વિરુદ્ધ નથી કે વેદથી ઊતરતું નથી. ભાગવતના મંગલાચરણના ત્રણ શ્લોકોમાં ક્રમશઃ ગાયત્રી-બીજ, વેદ-વૃક્ષ અને ભાગવત-ફલ તરીકે કહેલાં છે, તેથી વેદમાં નિપુણ હોવા છતાં ભાગવતને ન જાણનાર નિષ્ફલ જ છે.

આમ, ''जन्माद्यस्य'' - એ ભાગવતનો પ્રથમ શ્લોક અને ગાયત્રીનો અર્થ સમાન છે. તે વિચારતાં પહેલાં, શ્લોકાર્થ વિચારીએ.

બ્રહ્મનું અવિકૃત પરિણામ જગત્ છે : અવિકૃત - પરિણામ-વાદ : વિશ્વનું ઉપાદાનકારણ અને નિમિત્તકારણ બ્રહ્મ જ છે : અભિન્ન - નિમિત્તોપાદાન-કારણ-વાદ :

"जन्माद्यस्य यतः" - પદથી, બ્રહ્મ જ આ જગદ્રૂપે આવિર્ભાવ-તિરોભાવ પ્રામીને લીલા કરે છે, તેમ સમજાવે છે. વર્તમાન વસ્તુની અનુભવ યોગ્યતા આવિર્ભાવ છે. તિરોભાવ તેથી ઊલટો છે. આમાં "यतः"- શબ્દ છે. "यस्मात्"- હોય તો પણ ચાલે. અર્થ તો સમજાય, પણ બ્રહ્મ વિકૃત થાય છે, - તેવો અનર્થ પણ સાથે ભળે. તેને દૂર કરવા, "यतः"- અવ્યય મૂક્યો છે. અવ્યયને વિભક્તિ કે પુરુષપ્રત્યયો લાગવાથી તેમાં કોઈ ફેરફાર થતો નથી, અવિકૃત રહે છે. કામધેનુ, કલ્પવૃક્ષ, ચિંતામણિ કે મંત્રના પ્રભાવથી તેના કરતાં જુદા દેખાતા, જુદા ગુણધર્મોવાળા, અનેક પદાર્થો પ્રકટે છે, છતાં મંત્ર વગેરેમાં કાંઈ ફેરફાર થતો નથી. તેમ, અનેક પદાર્થો રૂપ જગત પ્રકટ થવા છતાં પણ બ્રહ્મમાં વિકૃતિ આવતી નથી. બ્રહ્મનું અવિકૃત પરિણામ જગત્ છે. આ અવિકૃત-પરિણામવાદ કહેવાય છે. કલ્પવૃક્ષ વગેરે પાસેથી પદાર્થ પ્રાપ્ત કરવા માટે અન્ય કોઈની જરૂર પડે છે. કલ્પવૃક્ષ વગેરેનું સામર્થ્ય મર્યાદિત છે. સચ્ચિદાનંદ-બ્રહ્મનું સામર્થ્ય અચિન્ત્ય છે, અમર્યાદ છે. બ્રહ્મમાંથી વિશ્વના આવિર્ભાવ માટે અન્ય કશાયની આવશ્યક્તા પડતી નથી. બ્રહ્મ પોતાની ઈચ્છાથી જ સર્વ કાંઈ બને છે, તે ઈચ્છા પણ સર્વભવનસમર્થ બ્રહ્મના સ્વરૂપભૂત જ છે. વિશ્વરૂપે વ્યક્ત થવામાં, વિશ્વ પ્રકટ કરવામાં, બ્રહ્મને કોઈ સાધન વા સહાયની જરૂર પડતી નથી. પોતે જ વિશ્વના કારણરૂપ બને છે. બ્રહ્મ જ વિશ્વનું સમવાયિકારણ અને નિમિત્તકારણ છે. અનારોપિત અને અનાગન્તુક રૂપે અનુવૃત્તિ તે સમવાય છે. ઘડો બનવામાં માટી સમવાયિકારણ છે અને ચાકડો, કુંભાર વગેરે નિમિત્તકારણ છે. તેમ, વિશ્વનું સમવાયિકારણ અને નિમિત્તકારણ બ્રહ્મ જ છે. વિશ્વનાં તે બે કારણ જુદાં નથી. સમવાયિકારણ ઉપાદાનકારણ પણ કહેવાય છે. બ્રહ્મ જ વિશ્વનું ઉપાદાન અને નિમિત્તકારણ છે, ભિન્ન નથી, તેથી આ અભિન્નનિમિત્તોપાદાન-કારણવાદ કહેવાય છે. "अन्वयात्" - પદથી વિશ્વના સમવાયિકારણ રૂપે અને "इतरतः" - પદથી નિમિત્તકારણ રૂપે બ્રહ્મને ઓળખાવેલું છે. શ્લોકમાં કહેલા "च" કારથી ન કહેલાં સઘળાનું ગ્રહણ થાય છે. ભાગવતમાં કહેલું છે - "यत्र येन यतो यस्य यस्मै यद् यद् यथा यदा। स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरुषेश्वरः।" લોકમાં કારક તથા પ્રકાર સહિત સર્વ વિભક્તિઓનો જેટલો વાચ્યાર્થ છે, તે ભગવાન્ છે. તે પ્રકૃતિપુરુષના નિયંતા, કાલના પણ ઈશ્વર છે, તેથી સર્વ પ્રકારે સમવાયિ, નિમિત્ત, અધિષ્ઠાન, પ્રયોજકરૂપે - બ્રહ્મનું જગત્કારણપણું શ્રુતિસિદ્ધ છે.

જગત્કર્તૃ બ્રહ્મ સર્વજ્ઞ પણ છે :

જગત્કારણરૂપ બ્રહ્મ હોવાથી તેમાં ઉપયોગી સર્વજ્ઞતા પણ બ્રહ્મમાં છે જ, છતાં પણ લોકની જેમ ફલનું અજ્ઞાન નથી, તેથી "अर्थेष्वभिज्ञः"- કહે છે. સર્વજીવોને સર્વપુરુષાર્થ સિદ્ધ થવા માટે આ જગત્ છે. તેમાંના પ્રત્યેક પદાર્થનાં પ્રયોજન-કાર્ય-કારણ-પરંપરાનું જ્ઞાન ભગવાનને છે. તે ભગવાન્ પોતે જ પ્રકાશમાન છે, અથવા વિરાટમાં રહેલા સ્વરાટ્ રૂપ છે, અથવા સ્વરૂપાનંદમાં વિહાર કરે છે. તે "स्वराट्"- શબ્દથી સમજાવે છે.

રૂપ-નામ-વિભેદથી વિશ્વરૂપે ભગવાનની લીલા :

ભગવાન્ વિશ્વમાં નામ અને રૂપના વિસ્તારથી વિહાર કરે છે. તેમાં રૂપાત્મક પ્રપંચમાં ભગવાનનું કારણપણું, "जन्माद्यस्य" - ના પહેલા ચરણમાં કહ્યું. નામાત્મક વિસ્તારમાં પણ ભગવાન્ જ કારણ છે. તે "तेने ब्रह्म हृदा य" - એ બીજા ચરણથી કહે છે. જો કે આ બંને એકસાથે પણ કહી શકાય, છતાં પણ બંધન અને મોક્ષનું જુદા જુદા પ્રકારે નિરૂપણ કરવા માટે બંને જુદાં કહ્યાં છે. પહેલા - ચરણમાં વિશ્વરૂપે અને બીજા - ચરણમાં વેદરૂપે ભગવાનની લીલા કહી છે. વેદ નિત્ય છે. પ્રલયમાં પણ તે સૂક્ષ્મરીતે હોય છે જ. વેદ પણ બ્રહ્મ જેવા અવિકૃત છે, તેથી "ब्रह्म" - શબ્દથી વેદ ઓળખાવે છે.

વેદ અપૌરુષેય છે : પુરાણ પણ ભગવાનના નિઃશ્વાસમાંથી થયું છે :

વેદ કોઈ પુરુષે પ્રકટ કરેલા - બનાવેલા - નથી. ભગવાનના નિઃશ્વાસમાંથી પ્રકટ થયેલા છે. ભગવાને તેનો વિસ્તાર કર્યો છે. "तेने" - શબ્દ તેનો સૂચક છે. ભગવાને પુરાણ - સહિત વેદ બ્રહ્માને આપ્યા છે અથવા અનુગ્રહપૂર્વક આપ્યા છે. તે "हृदा" - શબ્દથી સૂચવે છે. પુરાણ પણ ભગવાનના નિઃશ્વાસમાંથી પ્રકટયું છે. પહેલાં તે એક જ હતું. વ્યાસજીએ તેના અઢાર વિભાગો કરી અઢાર મહાપુરાણ પ્રકટ કર્યાં છે. પોતે બનાવ્યાં નથી. અહીં, "यः" - પદથી સર્વપ્રેરક પ્રભુનો પરિચય દીધો છે, નહિ તો "यतः" - પદમાંથી સઘળી વિભક્તિઓના અર્થ નીકળી શકે છે, તેથી "यः" - પદ વધારાનું થઈ પડે.

બ્રહ્માજી "આદિકવિ" છે : શબ્દ અને અર્થના રસને જાણે તે કવિ :

અહીં, બ્રહ્માને "आदिकवये" -થી આદિકવિ કહ્યા છે. કવિઓમાં વ્યર્થ કલ્પનાઓ કરવાનો દોષ હોય. તે બ્રહ્મામાં નથી. શબ્દ અને અર્થના રસને જાણે તે કવિ. સઘળા શબ્દ અને અર્થનું સ્વારસ્ય ભગવાનમાં સમજી વિધવિધ સ્તોત્રોથી બ્રહ્માજી ભગવાનની સ્તુતિ અનેક પ્રસંગે કરે છે. પ્રત્યેક અવતાર-પ્રસંગમાં બ્રહ્માજીની સ્તુતિ છે, તેથી બ્રહ્મા આદિકવિ છે. ભગવાને તેમની પાસે વેદને પ્રકાશિત કર્યા છે.

ભગવાન્ કે ભગવાનનો શરણાગત જ વેદના સાચા અર્થો સમજી શકે છે :

યજ્ઞાત્મક ભગવાનનું એક સ્વરૂપ જેટલા વેદ-વિભાગમાં વ્યક્ત થતું હોય તે ભાગ "શાખા" છે :

વેદાત્મક ભગવાનના સ્વરૂપમાં વા વેદાર્થમાં વિદ્વાન્ પુરુષો પણ મોહ પામે છે. તે "मुह्यन्ति यत् सूरयः" - માં સ્પષ્ટ કહે છે. ભગવાન્ કે ભગવાનનો શરણાગત જ વેદના સાચા અર્થો સમજી શકે છે, નહિ તો ભગવાનની માયા જ્ઞાનીઓને પણ મોહ કરે છે, માત્ર શરણાગત જ માયાને તરે છે. કામનાઓથી પીડાતા પ્રાણીઓની કામનાઓ પૂર્ણ કરવા માટે સર્વસમર્થ વેદનો પ્રચાર પ્રભુએ કર્યો છે. તે જ રીતે શાખા-વિભાગ પણ છે. અનંત સ્વરૂપવાળા યજ્ઞાત્મક ભગવાન એક સ્વરૂપ જેટલા વેદવિભાગમાં વ્યક્ત થતું હોય, તેટલો વેદવિભાગ "શાખા" રૂપ ગણાય છે. ભગવાને પોતાના સ્વરૂપની સમજ દેવા વેદ પ્રકટ કર્યા છે. વેદ ભગવાનનું જ વર્ણન કરે છે.

ભગવાન નિર્દોષ છે, વરણીય છે : ભગવાનના સ્વરૂપમાં દેહ-દેહિ-વિભાગ નથી : આનંદમય ભગવાનના અવયવો પણ અપ્રાકૃત છે, આનંદમય છે :

આમ, પહેલા ચરણમાં, વિશ્વરૂપે - બંધન દેતાં - ભગવાન્ લીલા કરે છે. અને બીજા ચરણમાં વેદરૂપે - મોક્ષ દેતાં - ભગવાન્ લીલા કરે છે. તેમ પ્રતિપાદન છે. આ બંધન અને મોક્ષ દેવાં તે પણ ભગવાનને માટે તો રમત માત્ર છે. તે ભગવાનનું માહાત્મ્ય સૂચવે છે. ભગવાનનું માહાત્મ્યજ્ઞાન જીવને અપરાધ કરતાં અટકાવે છે, - પ્રભુમાં પ્રીતિ કરાવે છે; અને આત્મારૂપે ભગવાનનું જ્ઞાન સ્નેહને સુદૃઢ અને સર્વથી અધિક બનાવે છે. તેવો સ્નેહ ભક્તિ કહેવાય છે. ભક્તિથી ભગવાન્ કૃતાર્થ કરે છે. શ્લોકનાં બે ચરણમાં પૂર્ણસ્વરૂપવાળા ભગવાનને ઓળખાવ્યા છે; અને તે ભગવાનનું નિર્દોષપણું - વરણીયતા - ત્રીજા ચરણમાં કહે છે. માયા કે તેના કાર્યના સંબંધનો લેશમાત્ર કે પ્રાકૃત-દેહેન્દ્રિય - અંતઃકરણ-સંબંધરૂપ દોષ ભગવાનમાં નથી. માયા અને તેના કાર્યના સંબંધરહિત શુદ્ધ બ્રહ્મનું સ્વરૂપ ઓળખાવે છે. "तेजोवारिमृदां यथा विनिमयो यत्र त्रिसर्गो मृषा" - રણમાં તેજમાં (મૃગ) જલ, રાત્રે જલમાં પૃથ્વી, અંધકારમાં મણિ વગેરેમાં અગ્નિ તથા છીપમાં રજતભ્રાન્તિ થાય છે. તે ભ્રાન્તિ મિથ્યા છે. તે જોનારની બુદ્ધિમાં ઉત્પન્ન થતો ભ્રમ છે. માયામાં પ્રકટ થતા વિષયતારૂપ ભગવત્-સ્વરૂપથી તેવી ભ્રાન્તિ થાય છે, તે ભ્રાન્તિ મિથ્યા છે. વિષયરૂપ પદાર્થ મિથ્યા નથી, તેવી રીતે ભગવાનમાં દેહ-દેહિ-વિભાગની લોકોને ભ્રાન્તિ થાય, દેહ-ઈન્દ્રિય-અંતઃકરણાદિથી ભ્રાન્તિ થાય, તે મિથ્યા છે. આપણાં શરીર અને શરીરમાં રહેનાર જુદાં છે. હાથ, પગ અંતઃકરણાદિ જુદાં છે. તેવો વિભાગ-ભિન્નતા-જુદાપણું- ભગવાનમાં નથી; એટલે કે હાથ, પગ વગેરે નથી - તેવો અર્થ ન જ થાય; પણ ભગવાનના હાથ, પગ વગેરે પણ ભગવાન્ જ છે સર્વદા એકરસ છે. ભગવાન્– "आनन्दमात्र करपादमुखोदरादिः"- છે. ભગવાન્ આનંદરૂપ છે, સાકાર છે, આનંદરૂપ બ્રહ્મમાં પ્રાકૃત - દેહેન્દ્રિય - ધર્મોની પ્રતીતિ મિથ્યા છે. સાકરથી બનેલી પૂતળીમાં હાથ-પગ વગેરે સઘળું સાકરનું જ હોય, તેમ આનંદમય ભગવાનમાં હાથ-પગ વગેરે સઘળું આનન્દમય ભગવાન્ જ છે. ભગવાનમાં જીવ-જડ-ધર્મો મિથ્યા છે, તેથી ભગવાન્ સુંદર-વરણીય-નિર્દોષ છે, સેવનીય છે.

ભગવાનનું સ્વરૂપ જ પોતાના પ્રમેયબલથી અવિદ્યાનો નાશ કરનારું છે :

ભગવાન્ પોતાના સેવકોનો ઉદ્ધાર કરે છે; તે "धाम्ना स्वेन सदा निरस्तकुहकं" - માં કહ્યું છે. ભગવાનનું સ્વરૂપ જ પ્રમેયબલથી અવિદ્યાનો નાશ કરનારું છે. તેનું હૃદયમાં સ્ફુરણ થતાં જ જીવના સઘળા દોષો દૂર થઈ જાય છે. કાલ પણ તેમાં કાંઈ પ્રતિબંધ કરી શકતો નથી. તે "सदा" - પદથી સમજાવ્યું છે. દેહેન્દ્રિયાધ્યાસો - દેહેન્દ્રિયમાં પોતાપણાની સમજ - તે "કુહક" છે. તે પ્રભુ પધારતાં જ જીવનમાંથી દૂર થઈ જાય છે. "कुहक" કાપટ્ય છે. અન્ય સઘળાં કાપટ્ય પણ ચાલ્યાં જાય છે. કૃષ્ણ ત્યાં કપટ નહિ અને કપટ ત્યાં કૃષ્ણ નહિ. અવિદ્યાદિ-કપટ-દોષ વગેરે ચાલ્યાં જતાં અધિકારાનુસાર પ્રભુપ્રીતિ મળે, અભય સિદ્ધ થાય, કૃતાર્થ થવાય.

"सत्यं परं" છે, - લોકવેદ-પ્રસિદ્ધ-પુરુષોત્તમ-શ્રીકૃષ્ણ ! :

આવા પરમોત્કૃષ્ટ પ્રભુ "सत्यं परं" છે. ત્રિકાલાબાધિત સર્વલોક-પ્રસિદ્ધ "सत्य" છે; અને

"परं" સર્વવેદ-પ્રસિદ્ધ શ્રેષ્ઠ પુરુષોત્તમ છે "अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।" - ભગવાને ગીતામાં આજ્ઞા કરી છે. ક્ષર અને અક્ષર કરતાં શ્રેષ્ઠ પુરુષોત્તમ છે. તે લોકવેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ "सत्यं परं" છે.

"ગાયત્રી"-સમાન શબ્દ "धीमहि" ભાગવતજીનું વેદસંમતપણું સૂચવે છે; ગાયત્રીની મંત્ર-મર્યાદાની રક્ષા સૂચવે છે :

"धीमहि" - અમે તેનું ધ્યાન કરીએ છીએ. પુરુષોત્તમનું ધ્યાન કરે તે તેમની દશવિધ લીલા સમજી શકે, તેથી વ્યાસજીએ મુખ્ય દશલીલાત્મક ભાગવત ગાનના આરંભમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું છે. તેમની સાથે પ્રીતિ કરી છે. "धीमहि" - પદ આ શ્લોકમાં અને ગાયત્રીમાં સમાન છે. તે ભાગવતનું વેદ-સંમતપણું બતાવે છે. વ્યાસ મહર્ષિજીએ ગાયત્રીનો અર્થ આ શ્લોકમાં બતાવેલો છે. ગાયત્રીની મર્યાદાનું રક્ષણ કરવા માટે પણ બધા શબ્દો નથી મૂક્યા. એક જ શબ્દ મૂક્યો - "धीमहि".

વેદમાં-ગાયત્રીમાં-યજ્ઞોપવીતવાળા ત્રૈવર્ણિકનો જ અધિકાર છે :
સર્વોદ્ધાર માટે ભગવાને ગીતા - ભાગવતજી પ્રકટ કર્યાં છે :

શ્રીમદ્ ભાગવત વેદ સમાન છે, પણ વેદમાં સૌનો અધિકાર નથી. ત્રૈવર્ણિક - બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય - અને તેમાં પણ યજ્ઞોપવીત - સંસ્કાર જેમને થયો હોય - તેમનો જ અધિકાર વેદમાં છે. વેદ અને ગાયત્રીનો ઉચ્ચાર કે અભ્યાસ તે જ કરી શકે. ભગવાનની ઈચ્છા તેવા અધિકાર વિનાનો પણ ઉદ્ધાર કરવાની થઈ. ભગવાન્ તો પરમકૃપાળુ છે. પોતે વ્યાસ રૂપે અવતાર લીધો. સઘળા વૈદિકસાહિત્યને વ્યવસ્થિત કર્યું. સૌના કલ્યાણ માટે પુરાણોના વિભાગો પણ પ્રસિદ્ધ કર્યા, છતાં સંતોષ ન થયો. નારદજીને નિમિત્ત બનાવ્યા. શ્રીમદ્ ભાગવત પ્રકટ કર્યું. વેદ તથા ગાયત્રીમાં જેમનો અધિકાર છે અને જેમનો નથી, તે સૌના સંપૂર્ણ ઉદ્ધાર માટેનો રાજમાર્ગ પ્રકાશિત કર્યો. ગીતાજીમાં ભગવાને "मां हि पार्थ व्यपाश्रित्य" અને "अपि चेत्सुदुराचारः" - શ્લોકોમાં અધિકાર વગરનાનો પણ સર્વોદ્ધાર કહ્યો છે. ભગવાનનો આશ્રય કરનાર પાપી, સ્ત્રી, વૈશ્ય, શૂદ્રને પણ પરમગતિ - સાક્ષાત્ પ્રભુ - પણ પ્રાપ્ત થાય છે. ખૂબ દુરાચારી પણ પ્રભુનો અનન્ય બને, શરણાગત બને, તો સંત બને, સાક્ષાત્કાર પણ પામે. આ અભયપ્રદ ગીતાજી અતિ-સંક્ષિપ્ત છે. ગીતાજીનો વિસ્તાર ભાગવત છે, તેથી તેમાં સર્વનો ઉદ્ધાર સ્વાભાવિક છે. ભાગવત વેદસાર છે. તેના પહેલા શ્લોકના પદોમાં ગાયત્રીનો અર્થ સમાયેલો છે.

"जन्माद्यस्य -" શ્લોકમાં "ગાયત્રી"-મંત્રના અર્થની સમાનતા :
ગાયત્રી-મંત્રમાં પ્રતિપાદ્ય શ્રીકૃષ્ણ છે, સૂર્ય નહિ :

ગાયત્રીમાં "सवितुः" - પદ સૂર્યને ઓળખાવતું નથી, પણ "षुङ् प्राणिप्रसवे" - એ ધાતુપાઠથી "सविता प्रसविता" છે. સર્વનો પ્રસવ-જન્મ-આવિર્ભાવ જેનાથી થાય તે "સવિતા" છે. તેનો અર્થ "जन्माद्यस्य यतः"માં સમાઈ જાય છે. ગાયત્રીમાં પ્રસવ માત્ર કહેલો છે. સ્થિતિ અને લય

પાછળથી "वरेण्यं" અને "भर्गः" - શબ્દથી સૂચવેલાં છે. અથવા સૂચિત્ તે બેના અર્થનો સમાવેશ પણ "जन्माद्यस्य यतः"માં થઈ જાય છે, તેથી "સવિતા"નો અર્થ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે.

ગાયત્રીના "देवस्य" - શબ્દનો અર્થ "अर्थेष्वभिज्ञः"માં છે. દશલીલાવિશિષ્ટ, વિવિધરસભોગચતુર "દેવ" છે. "दिवु" - ક્રીડા, વિજિગીષા, વ્યવહાર, દ્યુતિ, સ્તુતિ, મોદ, મદ, સ્વપ્ન, કાન્તિ અને ગતિ - એ અર્થમાં વપરાય છે. તે દશલીલાસૂચક છે. સર્વજ્ઞતાનું તેમાં સૂચન છે. લોકવેદાતીત પુરુષોત્તમનો નિર્દેશ છે.

ગાયત્રીના "तत्" - પદનો અર્થ "सत्यं परं" છે. તે સર્વ લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમને ઓળખાવે છે.

"वरेण्यं" - પદનો અર્થ "तेजोवारिमृदां.. मृषा"માં છે. માયા અને તેના સંબંધનો લેશમાત્ર પણ ભગવાનમાં નથી, તેથી તે વરણીય-સુંદર-નિર્દોષ છે. તેમાં ભજનીય ગુણો કહ્યા. "वरेण्यं" - ભક્તિબીજ છે. "यमेवैष वृणुते तेन लभ्यः" - એ શ્રુતિ પરસ્પર વરણ કહે છે. જેમ વર કે કન્યા પોતાને મનગમતાં કન્યા કે વર સાથે વિવાહ કરે છે, તેમ ભગવાન્ પોતાને મન ગમે તેનું પોતાના દાસ તરીકે - આત્મીય તરીકે - વરણ કરે છે, પછી અન્યત્ર તેનો વિનિયોગ થતો નથી. ભગવાનનો તે જીવ અનન્ય બની જાય છે. ભગવાનનો આશ્રય કરનાર પાપી, સ્ત્રી, શૂદ્રને પણ પરમગતિ - સાક્ષાત્ પ્રભુ - પણ પ્રાપ્ત થાય છે. ભાગવત વેદનો સાર છે, તેથી તેના પહેલા શ્લોકનાં પદોમાં ગાયત્રીનો અર્થ સમાવેલો છે.

ગાયત્રીનાં "भर्गः" - પદનો અર્થ "धाम्ना स्वेन सदा निरस्तकुहकं"માં છે - "भर्जयत्यखिलामविद्यामिति भर्गः" અહીં સકારાન્ત વ્યાખ્યાન છે. સંપૂર્ણપણે અવિદ્યાને શેકી નાખે, કાઢી નાખે,- દૂર કરી દે, - તે "ભર્ગ" છે. અવિદ્યા "હું-મારું" રૂપ સંસારપ્રદ છે. અવિદ્યા જતાં સંસાર નિવૃત્ત થઈ જાય. ભગવાન્ પોતાના સ્વરૂપ દ્વારા - સ્વરૂપના પ્રકાશ માત્રથી - પોતાના ભક્તોની સઘળી અવિદ્યા દૂર કરી દે છે, સંસારમાંથી મુક્ત કરે છે. ભગવાનનું સ્વરૂપ જ અવિદ્યાનાશક છે. પ્રમેયબલ છે; તેથી "भर्गः" ભગવત્સ્વરૂપવાચક છે.

"धीमहि" - પદ બન્ને સ્થળે સમાન છે. "અમે તેનું ધ્યાન કરીએ છીએ" અથવા "પ્રીતિ કરીએ છીએ." ભગવત્સ્વરૂપનું ધ્યાન પણ અનેક જન્મોનાં પાપોને દૂર કરનારું છે. અને પ્રભુમાં પ્રીતિ તો સર્વથા કૃતાર્થ કરનારી છે.

"धीयो यो नः प्रचोदयात्" - "જે (તે) અમારી બુદ્ધિ અને સર્વ ઈન્દ્રિયાદિને પ્રકૃષ્ટ રીતે પ્રેરો." "तेने ब्रह्म हृदा य आदिकवये"માં આનો નિર્દેશ છે. ભગવાન્ બુદ્ધિપ્રેરક બને તો ભગવન્માર્ગ મળે, નહિ તો માત્ર મોહ થાય.

આમ, ગાયત્રીના શબ્દો ન કહેતાં, અર્થ કહીને, મંત્રમર્યાદા- શાસ્ત્રમર્યાદા - સાચવી.

વૃત્રાસુર-વધ-રૂપ ભાગવતલક્ષણની વિશેષતા છે,- ભક્તિપ્રચાર !:

ભાગવતનું અન્ય - લક્ષણ "वृत्रासुरवधोपेतं" છે. વેદમાં વૃત્ર યજ્ઞાત્મક છે. તેના વધથી યજ્ઞપ્રવૃત્તિ થઈ. ભાગવતમાં વૃત્ર ભક્તિરૂપ છે. તેના વધથી ભક્તિનો પ્રચાર થાય. બજારમાંથી લાવેલી

કેરીને ઘોળીએ નહિ, ડીંટું કાઢીએ નહિ, નીચોવીએ નહિ, ત્યાં સુધી રસ બહાર નીકળે નહિ અને સ્વાદ આવે નહિ, તેમ વૃત્રાસુરની અંદર ભક્તિ છે. વૃત્રાસુરનો વધ થાય ત્યારે જ એ ભક્તિ બહાર નીકળે અને ભક્તિનો જગતમાં પ્રચાર થાય.

વૃત્રાસુરની ઉત્પત્તિમાં અનેક પ્રકારની અશુદ્ધિઓ છે. વૃત્રાસુરની ઉત્પત્તિનું કારણ પણ વૈર લેવાનું હતું. ત્વષ્ટાએ વિશ્વરૂપનું વૈર લેવા વૃત્રને ઉત્પન્ન કર્યો. વૈર સ્નેહના સ્વૈરરૂપ ભક્તિને અશુદ્ધ કરનાર છે, પ્રતિબંધ રૂપ છે. અભિચારકર્મનો હોમ દક્ષિણાગ્નિમાં થાય. એ ક્રૂર અગ્નિ છે. ક્રૂરતા પણ કોમલ ભક્તિને અશુદ્ધ કરનાર છે. વૃત્રાસુરનો અસુર-દેહ છે, ઉચ્છિષ્ટ સોમરસના હોમમાંથી ઉત્પન્ન થયો છે. અયોગ્ય ખાનપાનથી પોષાતો દેહ પણ માત્ર પ્રભુના પ્રસાદથી જ શરીર ટકાવતા ભક્તિમાર્ગમાં વિઘ્ન રૂપ છે. વૃત્રનો વધ એટલે વૈર, ક્રૂરતા, અયોગ્ય ખાનપાન વગેરેનો ત્યાગ, - તે પછી ભક્તિ પ્રકટ થાય. વૃત્રાસુર ઈન્દ્ર સામે લડતાં વાર્તાલાપ કરવા લાગ્યો. ઈન્દ્ર વજ્ર લઈને ઊભો છે. વૃત્રાસુરને એ વજ્રમાં - ઈન્દ્રમાં - સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં. વજ્ર દધીચિ મહર્ષિજીનાં હાડકાંમાંથી બનેલું છે. હાડકાં બ્રહ્મજ્ઞાનીનાં હોવાથી તેમાં જ્ઞાનાત્મક ભગવાનનાં દર્શન થાય છે. ઈન્દ્રમાં પણ તે સમયે ભગવાનનો આવેશ છે.

કર્મ, જ્ઞાન અને ભક્તિની કથા વૃત્રવધમાં અદ્ભુત રીતે સમાયેલી છે! વૃત્રાસુર યજ્ઞકુંડમાંથી પ્રકટ થયો છે. તેનો દેહ કર્માત્મક છે, અશુદ્ધ છે, દ્વેષમૂલક છે. વજ્ર દધીચિનાં અસ્થિનું છે. તે બ્રહ્મજ્ઞાનાત્મક છે, તે વજ્રથી સ્વવધ વખતે વૃત્રે ભગવાનનાં સાક્ષાદ્ દર્શન કર્યાં. "अहं हरे तव....।"થી ભક્તિરૂપ પુષ્ટિમાર્ગના ચાર પુરુષાર્થો પ્રકટ કર્યા. આમ, ભક્તિનો વૃત્રવધથી પ્રચાર છે. અશુદ્ધ, રાગદ્વેષમૂલક, લૌકિક અને વૈદિકકર્મો ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થતાં છૂટે, પછી જ ભગવાનના દાસ્ય રૂપ ધર્મ મળે. ભગવાન્ સ્વસર્વસ્વ-અર્થ-રૂપે મેળવવા ગમે. ભગવાનનાં દર્શનની ઈચ્છા રૂપ કામ થાય અને કૃષ્ણના બની જતાં તો કૃતાર્થ થવાય, મોક્ષ સિદ્ધ થઈ જાય. રસાત્મક ભગવાનના સંબંધ માટે ચારેય પુરુષાર્થ સિદ્ધ થઈ જાય. આ પુષ્ટિભક્તિનું સ્વરૂપ છે, ભાગવતમાં પુષ્ટિભક્તિ અભીષ્ટ છે. ક્લિષ્ટને પણ તેથી જીવન મિષ્ટ લાગે છે. વિશિષ્ટ બને છે, મેળવવાનું અવશિષ્ટ (બાકી) કાંઈ રહેતું નથી. ભગવદીયપણાથી જ સઘળા પુરુષાર્થો પૂર્ણ થઈ જાય છે.

શ્રીભાગવતના મંગલાચરણના ત્રણ શ્લોકોની સંગતિ બીજ-વૃક્ષ-ફલ-ભાવથી છે :

આવી રીતે, શ્રીમદ્ ભાગવતના સ્વરૂપનું વિધાન કરતાં, મંગલાચરણના ત્રણ શ્લોકનો એકબીજા સાથેનો સંબંધ સ્પષ્ટ વિચારતાં, ભાગવતના મંગલાચરણના પ્રથમ-શ્લોકની અંદર બીજભાવ છે. ગાયત્રી-બીજ-પરિચય અર્થથી થયેલો છે.

બીજા શ્લોકમાં વેદાત્મક વૃક્ષભાવ છે, અને ત્રીજા શ્લોકમાં ભાગવત રૂપ ફલભાવ છે.

ભાગવત-લક્ષણમાં કહેલ - ગાયત્રી, ધર્મવિસ્તારવર્ણન અને વૃત્રાસુરવધથી ભક્તિપ્રચાર હોય તે ભાગવત કહેવાય. પહેલા શ્લોકમાં ગાયત્રીનો અર્થ કહ્યો. બીજા શ્લોકમાં ધર્મનું સ્વરૂપ, વિસ્તાર અને ભાગવત દ્વારા પુષ્ટિભક્તિથી શીઘ્ર થતી પ્રભુપ્રાપ્તિનું નિરૂપણ છે. ત્રીજા શ્લોકમાં ભાગવતસ્વરૂપનું નિરૂપણ છે; તેમાં પ્રીતિને લીધે રસાસ્વાદની પરવશતાથી વારંવાર પાનનું નિમંત્રણ

છે. કથાત્મક શ્રીમદ્ ભાગવતનો આરંભ ચોથા શ્લોકથી થાય છે. શાર્દૂલ-વિક્રીડિત-છંદમાં શાર્દૂલ-સિંહ-ની જેમ સર્વત્ર લીલાવિહાર કરતા એક અને અદ્વિતીય-સર્વશ્રેષ્ઠ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને ગાયા છે.

દ્વિતીય-શ્લોકમાં આ શ્રીકૃષ્ણની પ્રાપ્તિનો અતિ-સરલ ઉપાય પણ બતાવે છે :

धर्मः प्रोज्झितकैतवोऽत्र परमो निर्मत्सराणां सतां
वेद्यं वास्तवमत्र वस्तु शिवदं तापत्रयोन्मूलनम् ।
श्रीमद्भागवते महामुनिकृते किं वा परैरीश्वरः
सद्यो हृद्यवरुध्यतेऽत्र कृतिभिः शुश्रूषुभिस्तत्क्षणात् ॥ (२)

ભગવાનની પ્રાપ્તિનો સરલ ઉપાય આ શ્લોકમાં છે. ધર્મ અને જ્ઞાન તેમાં સહાયરૂપ સાધન બની શકે છે. પ્રભુ પ્રાપ્ત થાય - પ્રકટ થાય, પછી પોતાનામાં પ્રવેશ પ્રદાન કરે, તે ફલ છે. આ સઘળું શ્રીમદ્ ભાગવતથી બને છે. કલ્પવૃક્ષ પોતાનું સેવન કરનારને ઈચ્છેલું આપે છે. તેમ શ્રીમદ્ ભાગવતના સેવનથી પણ ઈચ્છેલું સઘળું મળે છે, પ્રીતિ મળે, પ્રભુ મળે, તેમાં પ્રવેશ પણ મળે.

કપટ-રહિત ધર્મ - શ્રવણાદિ - શ્રીભાગવતમાં છે :

ભાગવતજીમાં- "प्रोज्झित कैतवः धर्मः" - કપટરહિત ધર્મ છે. સામાન્ય દૃષ્ટિએ ધર્મ હોય ત્યાં કપટ ન જ હોય, છતાં "અહીં" ભાગવતમાં કપટ વગરનો ધર્મ હોવાનું "अत्र"શબ્દથી કહેલું છે, તો બીજે કહેલો ધર્મ કપટવાળો હોઈ શકે ખરો ? - તેવો સંદેહ થાય તેમ છે. વિધિસંબંધ ધર્મનું લક્ષણ છે અને તેમાં મુખ્ય પ્રમાણ ગણાય છે. તેમાં યજ્ઞ રૂપ ધર્મ છે. આચાર, સત્ય, તપઃ વગેરે પણ ધર્મ કહેવાય છે, પણ તે બધામાં ક્વચિત્ કહેલા ફલ કરતાં બીજું પ્રયોજન પણ હોય છે. એક જ વસ્તુમાં પણ જુદી જુદી પરિસ્થિતિમાં શુદ્ધિ અને અશુદ્ધિ ગણાય છે. આપણી પ્રવૃત્તિને ઓછી કરાવવા માટે વસ્તુના ગુણ બતાવ્યા પછી દોષનું વર્ણન શાસ્ત્રમાં દેખાય છે. તપ આદિમાં પણ વ્યવહાર, કષ્ટ વગેરેરૂપ કપટ છે. વિધિ સાથે નિષેધ કહે, તે પણ કપટ છે. પ્રભુની પ્રસન્નતા માટે ધર્મ કરવાને બદલે કોઈ લૌકિક ફલ માટે થતા ધર્મમાં કપટ છે, પણ અહીં શ્રીમદ્ ભાગવતમાં કહેલા ધર્મમાં આવું કાંઈ કપટ નથી. શ્રવણ વગેરે ધર્મમાં કોઈ નિષેધ નથી. તે "प्रोज्झित कैतवः" ધર્મ છે. આમાં "प्र" ઉપસર્ગ છે. શ્રવણ વગેરે કરનારમાં પણ કપટ નથી,-તેનું તે સૂચન કરે છે.

શ્રીભાગવતમાં -શ્રવણાદિ- પરમધર્મ છે : જેનાથી ભગવાનને જાણી શકાય,-માણી શકાય :

પ્રભુની કથા પ્રભુમાં પ્રીતિ થાય તે માટે સંભળાય; અથવા પ્રીતિપૂર્વક સંભળાય. વ્યવહાર, પરીક્ષા, કુતૂહલ, ઉપેક્ષા વગેરે હેતુથી ન સંભળાય. ભાગવતજીમાં માત્ર લૌકિક કે પારલૌકિક ફલ આપે તેવો ધર્મ નહિ, પણ પ્રભુ પ્રસન્ન થાય, પ્રાપ્ત થાય, તેવો ધર્મ કહ્યો છે, માટે તે પરમ ધર્મ છે. જે ધર્મ દ્વારા ભગવાનને જાણી શકાય, મેળવી શકાય, તે પરમ ધર્મ. તેવો શ્રવણાદિ ધર્મ ભાગવતમાં જ છે. તે ભાગવતધર્મ છે. તેવો ધર્મ ભગવદ્ધર્મ રૂપ છે, સર્વશ્રેષ્ઠ છે. ભગવાનના સંબંધવાળી વાતો સાંભળીને, ભગવાન્ સંબંધી સંદેહરહિત સ્પષ્ટ સમજ મેળવવી તે શ્રવણ છે.

લોકલજ્જા-રહિત, ઈર્ષ્યાવગરના, સત્પુરુષોનો ધર્મ શ્રીભાગવતમાં છે :

શ્રવણ રૂપ ધર્મ કપટરહિત છે. તેની વધારે ઓળખ "अत्रपरमः" શબ્દમાં છે. "अत्रपाः लज्जारहिताः भगवद्भक्ताः रमन्ते यस्मिन् सः अत्रपरमः ।" લજ્જા વગરના ભગવદ્ભક્તો લોકલાજ મૂકી દઈને, ભગવાનને પ્રાપ્ત કરવા માટે, જ્યાં ભગવાનની મસ્તીમાં વિહરે છે, એવો ધર્મ "अत्रपरमः धर्मः" એ અર્થ પણ સંભવે છે. લોકલાજ ભગવાન્ માટેના પ્રયત્નમાં સંકોચ કરાવે છે. "ભજન કરીશ તો હું સમાજમાં કેવો દેખાઈશ ? લોકો મને હસશે કે મશ્કરી કરશે ?" - એવી શરમ આવતી હોય તો ભગવાનનું ભજન ન થાય. નારદજીએ "नामान्यनन्तस्यः हतत्रपः पठन्"- ભગવાનની મંગલલીલાનું સ્મરણ કરતાં લાજ મૂકી દઈને, મોટે અવાજે ભગવાનનાં નામ રટયાં છે. ભગવાનના ભક્તોનો ધર્મ એટલે પ્રેમમગ્ન દશામાં લોકોની શેહ, શરમ અને સંકોચ છૂટી જતાં, પ્રભુમય બનાવી દેતો ધર્મ. જેને ભગવાનનું નામ દેતાં શરમ આવતી હોય તે પ્રભુમાં મગ્ન થાય કઈ રીતે ? મત્સર વગરના સાધુપુરુષો આ ધર્મનું આચરણ કરે છે. મત્સર એટલે અન્યનો ઉત્કર્ષ સહન ન કરી શકાય તે - ઈર્ષ્યા ! જેને કોઈની અદેખાઈ નથી એવા પુરુષો નિર્મલ હોય. અયોગ્ય વૃત્તિ અને પ્રવૃત્તિ વગરના પુરુષો સાધુ - સજ્જન - છે. જે પુરુષો અયોગ્ય પ્રવૃત્તિ ક્યારેય કરતા નથી, જેને કોઈ ખરાબ વિચાર આવતા નથી, ખરાબ શબ્દ જેના મુખમાંથી નીકળતા નથી, પણ સૌના પર દયા કરીને જે કલ્યાણ કરે છે - એ બધા સત્પુરુષો કહેવાય છે. તેમનો ધર્મ અહીં કહ્યો છે.

જાણવા યોગ્ય, વાસ્તવિક, કલ્યાણપ્રદ, ત્રિવિધ-સંતાપને સંપૂર્ણ શાન્ત કરનાર, વસ્તુ ભગવાન્ એક માત્ર-શ્રીભાગવતમાં છે :

આધુનિક લોકોને વિશ્વમાં લૌકિક વસ્તુઓ કે પ્રસંગો જાણવા જેવા લાગે છે; પણ વાસ્તવમાં તે જાણવા જેવા હોતા નથી. જાણવા જેવાં લાગે તે બધાં વાસ્તવ હોતાં નથી. શાસ્ત્રદૃષ્ટિએ જાણવા જેવા ચાર છે: (૧) યજ્ઞ, (૨) બ્રહ્મ, (૩) કાલ, (૪) પુરુષ. આ ચારેયનું મૂલ વાસ્તવ સ્વરૂપ ભગવાન્ પોતે છે. સર્વનું વાસ્તવિક રૂપ ભગવાન્ છે. એટલા માટે એ વાસ્તવવસ્તુ અને વેધ (જાણવા યોગ્ય) છે. - ભગવાનને જાણવા માત્રથી કલ્યાણ થઈ જાય, કલ્યાણ માટે કોઈ પ્રયાસ કરવો ન પડે. કોઈ પણ રીતે, કોઈથી પણ ન જાણી શકાય તેવા ભગવાન્ છે. તે પોતાની ઈચ્છાથી પ્રકટ થાય છે, ત્યારે તેમની ઈચ્છાથી ઓળખી શકાય છે, પણ જેની બુદ્ધિ લૌકિકમાં આસક્ત હોય તેને ભગવાન્ સંબંધમાં કાંઈ જાણવા જેવું લાગતું જ નથી. ભગવાનને જાણવા માત્રથી ત્રણ પ્રકારના તાપ મૂળમાંથી નીકળી જાય. દુઃખ દૂર કરવા માટે સૌ પ્રયાસ કરે છે. ક્વચિત્ દુઃખો દૂર થયેલાં દેખાય તો પણ પાછાં આવે છે, - જુદા રૂપમાં પણ આવે છે; પણ ભગવાનને જાણવાથી દૂર થયેલાં દુઃખ ફરી ક્યારેય પાછાં આવતાં નથી; મૂળ સાથે ચાલ્યાં જાય છે. ઝાડનાં મૂળ ઊખડી ગયાં હોય, તો ફરીથી એ ફળ આપે જ નહિ, એમ દુઃખનાં મૂળ અથવા પાપનાં મૂળ ઊખડી ગયા પછી પાપ કે દુઃખ કોઈ પરિણામ આપી શકતાં નથી, દુઃખી કરતાં નથી. આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક ત્રણેય દુઃખ ભગવાનને જાણવાથી નિર્મૂલ થઈ જાય છે. સર્વ પ્રકારના તાપનો સંતાપ ભગવજ્જ્ઞાનના પ્રતાપે પીડા કરી શકતો નથી. એવી જાણવા યોગ્ય, વાસ્તવિક, કલ્યાણપ્રદ, ત્રિવિધતાપનું શમન કરનાર વસ્તુ (ભગવાન્)

એકમાત્ર શ્રીમદ્ ભાગવતમાં છે.

મહામુનિ વ્યાસજીએ સમાધિમાં દર્શન કરીને, લીલા પ્રમાણે અનુક્રમ કરીને, ચૌદ રસવાળું-શ્રીમદ્-ભાગવત પ્રકટ કર્યું છે :

(૧) શ્રીમદ્ (૨) ભાગવત - એ બે વાત અહીં કહી છે. શ્રીમદ્ એટલે શોભાવાળુ. દસ પ્રકારના રસ ભાગવતજીની શોભા છે. ભગવાનની શોભા ભગવાન્ કરતાં ભિન્ન હોય નહિ, માટે રસાત્મક ભગવાનની શોભા રસાત્મક છે. આઠ પ્રકારના રસ - શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ અને અદ્દ્ભુત - સાહિત્યશાસ્ત્રમાં કહેલા છે. નવમો શાંત રસ અને દશમો ભક્તિ રસ તથા દશમ સ્કન્ધમાં "चतूरसः"થી કહેલા ચાર પુરુષાર્થ - ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - પણ રસ છે, તેથી શ્રીમદ્ ભાગવત ચૌદ રસવાળુ ભગવાનનું નામાત્મક સ્વરૂપ છે. ભાગવતના કર્તા "મહામુનિ" છે. અહીં કર્તા એટલે બનાવનાર નહિ, પણ વ્યાસ મહર્ષિજીએ ભાગવત અવ્યક્ત હતું એને વ્યક્ત કર્યું. લોકો એનાથી અજાણ્યા હતા, પણ હતું તો ખરું. વ્યાસજી પોતાને માટે "મહામુનિ" શબ્દ વાપરે છે. આત્મશ્લાઘા થાય નહિ, છતાંય વ્યાસે પોતાને મુનિ ન કહેતાં મહામુનિ કહ્યા છે. તે સૂચવે છે કે તેમણે શ્રીમદ્ ભાગવત બુદ્ધિથી નથી રચ્યું, સમાધિમાં તેનાં દર્શન કર્યાં છે, નજરે નિહાળ્યું છે, પછી પ્રકટ કર્યું છે; અને તેમાં અનુક્રમ કરીને વ્યવસ્થિત કર્યું છે. બીજા સ્કન્ધમાં કહેલી શબ્દ રૂપ ભાગવતની પરંપરા અને ત્રીજા સ્કન્ધમાં કહેલી અર્થ રૂપ ભાગવતની પરંપરા ભગવાનની લીલાઓના સર્ગ, વિસર્ગ વગેરે અનુક્રમ પ્રમાણે સઘળી લીલાઓ વ્યાસજીએ ક્રમબદ્ધ કરી છે. કાલક્રમ કે વ્યક્તિક્રમ ભાગવતમાં મુખ્ય નથી. ભગવાનની લીલાના ક્રમ પ્રમાણે બધી કથાઓ છે.

શ્રીભાગવત સાંભળતાં જ કૃતિ અને શુશ્રૂષુ-પુરુષના હૃદયમાં સર્વસમર્થ ભગવાન્ તરત પધારે છે, તે ક્ષણથી જ હૃદયમાં વસી જાય છે :

ભાગવત સિવાયનાં ગમે તેટલાં શાસ્ત્રો સાંભળો તો ય શું ? અને ન સાંભળો તો ય શું ? સાંભળવાથી વિશેષ લાભ નથી, ન સાંભળવાથી કાંઈ ગેરલાભ નથી. ભગવાન્ સિવાય અન્યને ઓળખાવનાર શાસ્ત્ર કે વસ્તુઓથી કાંઈ પ્રયોજન સિદ્ધ થતું નથી. ભાગવત સાંભળવા માત્રથી પુરાણપુરુષ ભગવાન્ જલદીથી હૃદયમાં પધારે છે અને રોકાઈ જાય છે. "कर्तुं, अकर्तुं, अन्यथाकर्तुं समर्थः ईश्वरः"- કરવા, ન કરવા અને અન્યથા કરવા માટે જે સમર્થ છે - એનું નામ ઈશ્વર ! નસીબ, કાલ, સ્વભાવ વગેરે પ્રતિબંધો દૂર કરીને ભક્તો માટે સર્વ કાંઈ કરી શકવા સમર્થ ઈશ્વર છે, છતાં પણ હૃદયમાં રોકાઈ જતાં વાર નથી લાગતી ! "सद्यः" - તરત જ રોકાઈ જાય છે. "तत्क्षणात्"- સાંભળ્યું તે જ ક્ષણે ભગવાન્ હૃદયમાં પધારે છે, અને તે ક્ષણથી જ હૃદયમાં રહી જાય છે, હૃદય છોડીને પછી ક્યાંય નથી જતા, છતાં સૌ ભાગવત સાંભળનારને આ અનુભવ થતો નથી, પણ તેવા અધિકારી બે છે : (૧) કૃતિ:, (૨) શુશ્રૂષુ: બુદ્ધિની કુશલતા જેનામાં હોય તે - કૃતિ પુરુષ ! કથામાંથી અર્થને સમજવા માટે, પ્રભુલીલાનો નિર્ણય કરવા માટે, જેની પાસે બુદ્ધિ છે એનું નામ - કૃતિ - કુશલ ! ત્રણ ભાષાઓના વિરોધને દૂર કરી, પ્રત્યેક શબ્દથી પ્રભુને ઓળખે તે - કુશલ ! આ રીતે પ્રભુ ન સમજાય, તો ભાગવત સાંભળ્યું હોવા છતાં પણ ન સાંભળ્યા બરાબર છે. આવા અધિકાર

માટે, - (૧) બુદ્ધિ, (૨) આયુષ્ય અને (૩) દોષનો અભાવ, આવશ્યક છે. તે વગર અધિકાર નથી. અધિકાર વિનાનો માણસ ક્રિયા કરે, પણ જે ફલ મળવું જોઈએ તે તેને મળે નહિ. "મારે ભગવાન્ જ જોઈએ છીએ" - તેવો નિર્ણય જેણે કરી લીધો છે, તે પણ કૃતિ છે.

- સાંભળવાની ઈચ્છાવાળો "શુશ્રૂષુઃ" છે. ભાગવત સાંભળવાની ઈચ્છાવાળા બધા અધિકારી છે, પણ તેમનો મુખ્ય હેતુ ભાગવત સાંભળવાનો હોવો જોઈએ, બીજો કોઈ નહિ.

વેદના કર્મકાંડ-જ્ઞાનકાંડ-ઉપાસનાકાંડ કરતાં પણ શ્રીભાગવત શ્રેષ્ઠ છે :

શ્રીભાગવતનાં અધિકારી-સાધન-ફલ તથા વસ્તુ-નિર્દેશ :

આ શ્લોકના પહેલા ચરણમાં કર્મકાંડ કરતાં ભગવાનની શ્રેષ્ઠતા બતાવી છે. બીજા ચરણમાં જ્ઞાનકાંડથી અને ત્રીજા ચરણમાં ઉપાસનાકાંડથી શ્રેષ્ઠતા બતાવી છે. આમ, ભગવાન્ સર્વોત્કૃષ્ટ છે, તેવો વસ્તુનિર્દેશ કરેલો છે. નિષ્કપટધર્મરૂપ સાધન અને સર્વદુઃખનિવારણ તથા હૃદયમાં પ્રભુપ્રાપ્તિરૂપ ફલ પણ કહેલું છે. કૃતિ અને સાંભળવા ઈચ્છનાર - અધિકારી છે.

શ્રીભાગવતની ફલરૂપતા ત્રીજાશ્લોકમાં ઓળખાવે છે :

निगमकल्पतरोर्गलितं फलं शुकमुखादमृतद्रवसंयुतम् ।
पिबत भागवतं रसमालयं मुहुरहो रसिका भुवि भावुकाः ॥ (३)

પહેલા બે શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં છે, અને આ ત્રીજો દ્રુતવિલંબિત વૃત્તમાં છે.

શ્રીભાગવતમાં અલંકારો શ્રીમહાપ્રભુજીને સ્વીકાર્ય નથી :

શ્રીમદ્‌ભાગવત નિગમકલ્પવૃક્ષનું ગલિતફલ છે, સૌને માટે લલિત છે. વિકરાલ કલિકાલમાં પણ ચલિત થવા દેતું નથી. હમેશાં ભગવાનનું જ્ઞાન કરાવે તે નિગમ, એટલે વેદ. તે કલ્પવૃક્ષ રૂપ છે. તેના પરથી નીચે ગળી પડેલું ફલ શ્રીમદ્ ભાગવત છે. અહીં, રૂપક-અલંકાર સ્પષ્ટ છે. તેનાથી અર્થ સમજાય તેવો છે. શાસ્ત્રોમાં અલંકારો સ્વીકારેલા પણ છે. "असौ वा आदित्यो देव मधु ।" - "शरीररूपकविन्यस्त- गृहीतेः" - વગેરે શ્રુતિ તથા બ્રહ્મસૂત્રમાં પણ રૂપકનો સ્વીકાર કરેલો દેખાય છે. શ્રીમદ્ ભાગવતમાં વ્યાસજીએ પણ "સ્કન્ધ" - શબ્દ વિભાગ માટે વાપરેલો છે. જેનાથી શોભા કે સૌન્દર્ય વધે તે અલંકાર. તેના બે પ્રકાર છે : શબ્દાલંકાર અને અર્થાલંકાર. કેટલાક અલંકાર શબ્દના સ્વરૂપની શોભા વધારે છે, તે શબ્દાલંકાર છે. શબ્દના અર્થની શોભા વધારે તે અર્થાલંકાર. "નિગમકલ્પતરુ"માં રૂપક લઈએ તો અર્થ સ્પષ્ટ થાય, પણ સાથે અનર્થ થાય. અલંકાર બુદ્ધિથી માત્ર કલ્પેલા છે, અલંકાર કલ્પિત હોવાથી સાચા અર્થનું પ્રદાન કરતા નથી. આમ, અલંકાર હોય ત્યાં કલ્પના હોય, એ વાત પણ આવી જાય કલ્પના સત્ય ન હોય, વાસ્તવ ન હોય. ભાગવતમાં તો "सत्यं परं" અને "वास्तवं वस्तु"-લીલા-કહેલી છે, તેથી ભાગવતમાં રૂપક વગેરે અલંકારો શ્રીમહાપ્રભુજી સ્વીકારતા નથી.

વેદો પુરુષરૂપ તથા કલ્પવૃક્ષ રૂપ પણ છે : તેનું ગલિત-લલિત-ફલ શ્રીમદ્‌ભાગવત છે : તે મહાભારતથી વિશિષ્ટ છે :

શ્રીમદ્ ભાગવત તો સર્વ વેદના સાર રૂપ છે, તેથી તેમાં કલ્પના કરવાની આવશ્યકતા નથી. અપ્રસિદ્ધ અર્થ (પ્રમેય)ને પણ કહેલ હોવાથી સ્વીકાર્યો છે. અહીં વેદ શબ્દ રૂપે, ગ્રન્થ રૂપે દેખાય છે. પણ બ્રહ્મલોકની અંદર વેદ સ્વયં પુરુષ આકારવાળા પણ છે. શૌનક મુનિના "ચરણવ્યૂહ"માં વેદોનાં જુદાં જુદાં સ્વરૂપનું વર્ણન છે. વેદોનું વૃક્ષ તરીકેનું પણ એક સ્વરૂપ છે. વ્યાપિવૈકુણ્ઠલોકની અંદર "નૈઃશ્રેયસ" નામના ઉધ્યાનમાં પ્રણવબીજવાળું વેદવૃક્ષ છે. ઈચ્છા કરતાં પણ અધિક ફલ દેનારું તે વિશિષ્ટ કલ્પવૃક્ષ છે. તે શબ્દરસાત્મક છે. તે વેદાત્મક કલ્પવૃક્ષની ઉપર આવેલું ફળ શ્રીમદ્ ભાગવત છે. શબ્દાત્મક વૃક્ષ છે, એટલે એના પર આવેલું ફળ પણ શબ્દાત્મક છે. સર્વ વેદાર્થ વિચારતાં ભગવાનના હૃદયમાં તે ફલિત થયું છે. સૌને સુખ દેવા માટે ભગવાન્ આદિનારાયણ કે વ્યાસ મહર્ષિજી તે મૂર્તિમંત દેવતાત્મક ફલ પોતાના અવતાર વખતે સાથે લાવ્યા છે. ભગવદાજ્ઞાથી અવતાર લેવા પધારતા હતા, તે વખતે વૃક્ષ ઉપરનું ફળ નીચે પડ્યું. આપણે જતા હોઈએ અને ઝાડ પરથી ફળ નીચે પડે, એ શુભ ચિહ્‌ન-શકુન-છે. શુભ શકુન કાર્યની સફલતાનું સૂચક છે. વ્યાસ મહર્ષિજીએ તે ફલ પોતાની સાથે લીધું, પણ પછી વિસરી ગયા. અધિકારી હતા તેથી તે ભૂલી ગયા. યાદ રહેવું એ ભગવાનની ઈચ્છાથી બને છે; અને ભૂલી જવું એમાં પણ ભગવાનની જ ઈચ્છા કારણ હોય છે. ભગવાને નારદજીને મોકલ્યા. નારદજીએ યાદ કરાવ્યું. સમાધિ કરવાનો આદેશ દીધો. ખોવાઈ ગયેલી ચીજ જડી. તેમણે સમાધિમાં ભગવાનની લીલાનાં દર્શન કર્યાં. વ્યાસે સમાધિમાં (૧) પૂર્ણ પુરુષ, (૨) માયાથી બંધન અને (૩) ભક્તિથી થતી મુક્તિ, - આ ત્રણ જોયાં. સમાધિમાં દર્શન કરીને ભગવાનની ભક્તિ કરાવનારી, શોક, મોહ અને ભયને દૂર કરનારી, ભાગવતસંહિતા વ્યાસ મહર્ષિજીએ પ્રકટ કરી. વ્યાસજીએ પોતે મહાભારતની રચના કરી છે. એમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ પ્રાપ્તિના ઉપાયો દર્શાવ્યા છે, એની મુખ્યતા બતાવી છે. પોતે જ ભાગવતની રચના કરે, અને તેમાં માત્ર ભગવાનનું ગાન કરે તો લોકોને તેમાં વિરોધ દેખાય; એટલે નારદજી દ્વારા આદેશ મેળવીને વ્યાસ મહર્ષિજીએ શ્રીમદ્ ભાગવતની રચના કરી. નારદજીના ઉપદેશથી રચના થઈ હોવાથી, વ્યાસજી મહાભારત કરતાં જુદો અભિપ્રાય આપે તો તે દોષ રૂપ ન ગણાય.

શ્રીશુકના મુખમાંથી ભક્તિ-રસ-સંયુત ભાગવત સાંભળતાં રસપરવશ મહર્ષિ વ્યાસજી વારંવાર રસપાન કરવા કહે છે :

ઝાડ પર રહેલાં ફળમાં રસ પૂરેપૂરો ભરાઈ જાય, ત્યારે ફળ એની મેળે નીચે ગળી પડે. શ્રીમદ્ ભાગવતમાં પૂરેપૂરો રસ ભરેલો છે. વેદવૃક્ષ પરથી તે ગળી પડ્યું છે. ભક્ત - ચિંતાપરવશ ભગવાનના હૃદયમાંથી વેદનો ગુપ્તાર્થ પ્રકટ થયો છે. શુદ્ધ, સુખી અને બ્રહ્મવિધા-વિશારદ જ ભગવાનની સેવા કરવા યોગ્ય છે. રહસ્યનું પ્રકટ થવું તે ફલનું ગળી પડવું છે. વળી, જે ફળ પર પોપટ ચાંચ મારે તે વધારે મીઠું હોય. શ્રીશુકદેવજીના મુખમાંથી પણ એ પ્રેમપરવશપણે ગાન રૂપે ગલિત થયેલું છે. શ્રીશુક અત્યંત વૈરાગ્યપૂર્ણ છે, ભાગવત ફલિત થયું છે. તેમના હૃદયમાં ભક્તિરસ

વિરાજે છે. શ્રીશુકદેવજીના મુખમાંથી નીકળતું ભાગવત હૃદયમાં રહેલી ભક્તિ સાથે બહાર નીકળે છે. સાંભળતાંની સાથે જ અધિકારીના હૃદયમાં ભક્તિનો આવેશ થાય છે. ભાગવત શ્રીશુકના મુખમાંથી નીકળતાં અમૃતદ્રવસંયુત છે.

વ્યાસજી વત્સલ પિતા છે, અને શ્રીશુક ઉત્તમ, વિરક્ત પુત્ર છે. વાત્સલ્યવશ પિતા સ્વાભાવિકપણે ઉત્તમ ફલ ઉત્તમ પુત્રને દે. વ્યાસજીએ ભાગવતરૂપ ફલ શ્રીશુકના મુખમાં મૂક્યું. તે ભાગવત (ફલ) રસરૂપ છે. સર્વેન્દ્રિયમાંથી પ્રેમરસ પ્રકટ કરે છે. તે રસ હૃદયમાં એકત્રિત થાય છે. તેમાં ભળી ગયેલું, ભક્તિરસના મથન રૂપ શ્રીમદ્ ભાગવત છે. મોક્ષને પણ શિથિલ કરી દેનારો ભક્તિરસ છે, તેથી તે "અમૃતદ્રવ" છે. મોક્ષથી મળતું સુખ પણ તેની તુલનામાં તુચ્છ લાગે છે. આ ભક્તિરસસંયુત ભાગવત શ્રીશુકના મુખમાંથી સ્રવે છે. વ્યાસજીએ તે અનુભવ્યું છે.

વ્યાસજીએ નારદના મુખથી જ્યારે ભાગવતનું શ્રવણ કર્યું, ત્યારે તેવો આનંદ નહોતો આવ્યો. સમાધિમાં દર્શન કર્યું ત્યારે સુખ નહોતું મળ્યું. શુકદેવજીને શ્રીમદ્ ભાગવત ભણાવ્યું, ત્યારે પણ તે રસ અનુભવ્યો ન હતો, પણ પરીક્ષિતની સભામાં ગંગાકિનારે શુકદેવજી કથા કરતા હતા ત્યાં વ્યાસજી પધાર્યા. સભામાં બેસીને શ્રોતા તરીકે સાંભળ્યું, ત્યારે રસાનુભવ પછી તેમણે કહ્યું,- "शुकमुखादमृतद्रवसंयुतम् ।" - શ્રીમદ્ ભાગવતનો સાચો રસાનુભવ શ્રીશુકના મુખમાંથી ભાગવત સાંભળતાં થયો, તેથી ભલામણ કરી, - "पिबत भागवतं"- "ભાગવતનું પાન કરો"!

બહાર રહેલી ઈન્દ્રિય દ્વારા અંદર ઉતારવું તેનું નામ- પાન! ભાગવત સાંભળ્યા પછી હૃદયમાં ઊતરે નહિ તો પાન કર્યું કહેવાય નહિ. વ્યાસજીનો ઉપદેશ સાંભળવા માટે નથી, પાન કરવા માટે છે. પાન રસનું થાય, તેથી "रसं" કહ્યું, "ભાગવતરસનું પાન કરજો! એક બે વખત રસપાન કરીને અટકી ન જશો! વારંવાર રસપાન કરજો!" જેને સાચો રસ શ્રીમદ્ ભાગવતમાં લાગે તે વારંવાર એનું પાન કર્યા વિના રહેવાનો નથી. સામાન્ય માણસ પણ આ વાત સમજી શકે છે; છતાં વ્યાસજી કહે છે, "વારંવાર તે રસનું પાન કરજો!" ભાગવતના રસમાં તરબોળ થયેલા વ્યાસજી રસપરવશપણે ઉપદેશ કરે છે. - "पिबत भागवतं रसमालयं मुहुः"- વ્યાસજી માત્ર શ્રવણ કરવાનું કહેતા નથી, પાન કરવાનું કહે છે. ભાગવતના શબ્દો સાંભળતાં તેનો અર્થ સમજાય તો જુદો જ રસાસ્વાદ મળે, ત્યારે પાન કર્યું કહેવાય.

શ્રીમદ્ભાગવત ફલ છે, છતાં રસ છે : તેમાં કાઢી નાખવા જેવું કાંઈ નથી :

અહીં ભાગવતજીનાં બે સ્વરૂપનો વિચાર છે : (૧) ફલ અને (૨) રસ. ફલમાં રસ તો હોય છે જ; પણ રસ કાઢી લીધા પછી છોડાં અને ગોટલા પડી રહે છે, તે ફેંકી દઈએ છીએ. તેમ ભાગવતમાંથી રસ લઈ લીધા પછી છોડાં-ગોટલાં જેવું કાંઈ પડી રહેતું હશે, કાંઈ કાઢી નાખવા જેવું હશે-તેવો વિચાર "फलं"- શબ્દથી કદાચ આવે, તો તેવી શંકાને દૂર કરવા માટે "रसं"- શબ્દ છે. ભાગવત ફલ છે, છતાં સંપૂર્ણ રસમય છે. તેમાં કાંઈ જ કાઢી નાખવા જેવું નથી. અમુક ભાગ ન સાંભળીએ કે ન કહીએ તો ચાલે,- એવી લોકકલ્પના અજ્ઞાન છે. સંપૂર્ણ શ્રીમદ્ ભાગવત "રસ" છે. તેનું પૂરેપૂરું પાન કરવું જોઈએ. બીજ વગરના દાડમના દાણા, બીજ વગરની દ્રાક્ષ વગેરે ફલ હોવા છતાં માત્ર રસરૂપ છે. તેમાં

ફેંકી દેવા જેવું કાંઇ હોતું નથી. તેમ શ્રીમદ્ ભાગવત રસરૂપ ફલ છે. રસાત્મક ભગવાનનો રસ શ્રીમદ્ ભાગવતમાં છે. પ્રથમ સ્કંધના પ્રથમ શ્લોકથી બારમા સ્કન્ધના અંતિમ શ્લોક સુધીમાં કાંઇ જ કાઢી નાખવા જેવું નથી. હૃદયમાં ઉતારવા જેવું છે. ભાગવતનો ઉપરછલ્લો સ્પર્શમાત્ર નહિ, પણ પાન કરવું જોઈએ. સમજીને રસાનુભવ કરવો જોઈએ. તે માટે વારંવાર પાન કરવું જોઈએ. પ્રાકૃત કાન ઉપર-ઉપરની કથા સાંભળવાથી રસને સમજી ન શકે, વારંવાર સાંભળવાથી રસનું જ્ઞાન થાય, પાન થાય. રસાસ્વાદ મળતાં તો દેહ-ગેહનું ભાન પણ ભુલાઈ જાય, સ્નેહ ભગવાનમાં થઈ જાય.

શ્રીમદ્ ભાગવતનું પાન કરતાં પ્રભુમાં પ્રીતિ થાય, પ્રભુ પ્રકટ થાય, પ્રભુમાં પ્રવેશ મળે, ત્યાં સુધી પાન કરવું, જીવનની છેલ્લી ક્ષણ સુધી અથવા મોક્ષની ઈચ્છાને પણ છોડીને આ રસનું પાન કરવું જોઈએ. તે "आलय"- શબ્દ સૂચવે છે. આ રસ રસિક અને ભાવુક માટે છે. રસિક એટલે લૌકિક-કામના વગરના. માત્ર "रसो वै सः"- ભગવાનની જ કામનાવાળા, આવા લોકો જ ભગવાનના રસને સમજી શકે. ભાવુક એટલે ભાવનાચતુર. રસ ભુલાઈ ગયો હોય તો પણ, પોતાની ભાવનાથી રસાવેશ કરે, સતત રસપાન મગ્ન રહે. કથામાં ચાલતા પ્રસંગને સાંભળીને તેની સાથે પોતાની ભાવનાથી એકરૂપ બની જાય; તે ભાવુક છે. રસિક અને ભાવુકને રસપાન માટે વ્યાસજીનું નિમંત્રણ છે. આ રસપાનનો લાભ સ્વર્ગમાં કે બ્રહ્મલોકમાં નહિ મળે; પણ પૃથ્વી પર મળશે. તેમાં પણ વિશેષત: ભારતમાં જ મળશે, તેથી તેનું રસપાન વારંવાર કરો.

વ્યાસ મહર્ષિજીએ ત્રણ શ્લોકમાં મંગલાચરણ કર્યું. ચોથા શ્લોકથી કથાત્મક શ્રીમદ્-ભાગવતનો પ્રારંભ કરે છે. : નૈમિષારણ્ય - (નૈમિશારણ્ય) માં ઋષિયોનું સહસ્રસમ-સત્ર :

તેમાં પ્રથમના બે શ્લોકમાં પ્રશ્ન પૂછનાર-શ્રોતા, અને ઉત્તર દેનાર - વક્તા તથા કથાનાં સ્થલ અને પ્રસંગનું વર્ણન છે. અનિમિષ એટલે ભગવાન્ વિષ્ણુ. તે જેના દેવતા છે તેવું ક્ષેત્ર-નૈમિષારણ્ય ! એમાં મંત્રદર્શન કરનારા શૌનક વગેરે ઋષિઓએ સ્વર્ગલોક માટે હજાર વર્ષનું સત્ર કર્યું. એ સત્રનું નામ "સહસ્રસમ" છે.

ભગવાનના આનંદના અંશરૂપ સ્વર્ગ છે. તે લોકાત્મક આધિદૈવિક - સ્વર્ગ પ્રાપ્ત કરવા માટે ઋષિયોનું આ સત્ર છે. સ્વર્ગની સર્વ સમૃદ્ધિ હોવા છતાં પણ જેના વિના તેમાં સુખનો અનુભવ ન થાય તેવો દેવવિશેષ લોક આધિદૈવિક સ્વર્ગ છે. ઋષિઓએ પહેલાં વસુ નામના દેવોએ કરેલા હજાર વર્ષના સત્રમાં ભગવાનનું પ્રાકટય જોયું છે. તેવી રીતે અહીં પણ ભાગવત રૂપ પ્રભુનું પ્રાકટય થશે તેમ જાણીને આ સત્ર શરૂ કર્યું છે. પુણ્યરૂપ નૈમિષારણ્યમાં આ સત્ર થયું હતું. મન ચક્ર જેવું ભટકતું - ગતિશીલ છે. તેની ધાર - વૃત્તિઓ જ્યાં ખંડિત થઈ, મન જ્યાં શાંત થઈ ગયું તેવું - તપ: યોગ્ય પુણ્યમય સ્થાન નૈમિશારણ્ય છે. મૂર્ધન્ય 'ષ'કાર લેતાં નૈમિષારણ્ય થાય. આંખના પલકારા-નિમિષ-માત્રમાં જે સ્થળે મનની મલિનતા - દાનવબલ-દૂર થઈ જાય તે નૈમિષારણ્ય છે. અરણ્ય સાત્ત્વિક છે : તેમાં મંત્રદ્રષ્ટા ઋષિઓનું સત્ર છે. જ્યાં યજમાન પોતે સઘળું ઋત્વિક્કર્મ કરી લે તે સત્ર છે. હજાર વર્ષના આ સત્રમાં ઋષિઓએ મૃત્યુદેવને પણ નિમંત્ર્યા છે. જેથી વચમાં કોઈનું મરણ ન થાય. કૃષ્ણાવતાર વખતે, શ્રીબલદેવજીની તીર્થયાત્રા વખતે, આ સત્ર ચાલુ હતું. તેમાં

બલરામજીએ રોમહર્ષણ સૂતનો વધ કર્યો છે. પરીક્ષિતના રાજ્ય સમયે અને જનમેજયના સમયમાં પણ આ સત્ર ચાલુ હતું. આવા પુણ્યક્ષેત્રમાં, યજ્ઞરૂપ ભગવાનના આવેશવાળો પવિત્ર ઋષિઓનો પ્રભુ સંબંધી પ્રશ્ન પૂછવામાં પ્રાથમિક અધિકાર છે. ઋષિઓના સત્રમાં પ્રભુની કથા કરવાનો દિવસ આવ્યો; ત્યારે સૂત આવ્યા. મનનશીલ મુનિઓએ તેમને ઓળખ્યા. પૃથુરાજાનો યજ્ઞ ચાલતો હતો. તેમાં ઈન્દ્રના હવિ સાથે બૃહસ્પતિનો હવિ મિશ્ર થઈ ગયો, અને ઈન્દ્રને ઉદ્દેશીને તેનો હોમ થયો તેમાંથી સૂત ઉત્પન્ન થયા. તે મુખ્યપણે પુરાણની કથા કરે છે. ઋષિઓના સત્રમાં રોમહર્ષણ નામના સૂતનો વધ બલદેવજીએ કર્યો, પછી તે સૂતના પુત્ર ઉગ્રશ્રવાએ કથા કરી છે.

ઋષિઓએ સૂતનું સ્વાગત કર્યું. બ્રહ્માસન આપ્યું. બ્રાહ્મણની સભામાં બીજાથી ઊંચા આસને બેસાય નહિ; પણ સૂત પૌરાણિક છે તથા ઊભા રહીને પ્રવચન કરતાં વ્યગ્રતા થાય, કથામાં ન્યૂનતા આવે, તેથી તેમને આસન દીધું.

શ્રોતા શૌનક વગેરે ઋષિઓના વક્તા સૂતજીને છ પ્રશ્નો :

મનનશીલ મુનિઓ સવારના અગ્નિમાં પુનઃ હોમ કરી, નિવૃત્ત થઈ, ભગવાનની કથામાં રસાસક્ત થઈ સૂતને આદરપૂર્વક પ્રશ્ન કરે છે. આદર ભાવસૂચક છે, મુખ્ય છે. (માત્ર શબ્દો નહિ.) "આપે શતકોટિ પ્રવિસ્તરમાંના અથવા ચાર મૂલ સંહિતાઓ રૂપ પુરાણ, ઈતિહાસ રૂપ ભારત અને અન્ય ગાથાઓ વગેરેનો વ્યાખ્યાન દ્વારા પણ અભ્યાસ કર્યો છે. વ્યાસ મહર્ષિજી તથા અન્ય મુનિઓ જે જાણે છે તે સઘળું તેમની કૃપાથી આપ જાણો છો. ભણવાથી જે ન આવડે, એ કૃપાથી આવડે, બુદ્ધિથી જે ન સમજી શકાય, તે અનુગ્રહથી સમજી શકાય. અનુગ્રહથી અપાત્ર પણ સુપાત્ર બને. ગુરુકૃપાથી અજ્ઞ પણ સર્વજ્ઞ બને. સ્નેહવાળા શિષ્યને સઘળાં રહસ્યો પણ કૃપા કરીને ગુરુ આપી દે છે. **૧. સૌ ઋષિયોએ કૃપા કરીને આપને રહસ્ય સમજાવ્યાં છે. તે બધાનો વિચાર કરીને આપે જેનો સૌને માટે (સર્વ સામાન્ય) કલ્યાણ એ નિર્ણય કર્યો હોય તે કહો.** "ऐकान्ततः श्रेयः" એટલે એવું કલ્યાણ કે જેનાથી સૌને પોતાનું કલ્યાણ લાગે; સ્વર્ગમાં રહેનારને પુત્રાદિથી, મુક્ત થયેલાને સ્વર્ગમાં કે ભક્તને મુક્તિમાં પોતાનું કલ્યાણ ન લાગે, તેથી એકમાં જ સૌનું કલ્યાણ સમાઈ જતું હોય તે અમને કહો. આમાં ફલની પૃચ્છા કરી; પછી બીજા પ્રશ્નમાં સાધન પૂછે છે. કલિયુગમાં મોટે ભાગે લોકો સહજ સંસારપરાયણ અને અલ્પઆયુષ્યવાળા છે. મંદ એટલે આળસુ છે. આળસ એ ચિત્તની જડતા છે. મન્દ બુદ્ધિવાળા છે, - તે જ્ઞાનેન્દ્રિયનો દોષ છે. મન્દ ભાગ્યવાળા છે,-તે કર્મેન્દ્રિયનો દોષ છે. અનેક પ્રકારના રોગોથી પીડાયેલા છે, - તે શરીરનો દોષ છે. લોકોમાં જન્મના અને આગંતુક દોષો છે. વળી, લૌકિક કર્મોમાં સૌ ગળાડૂબ છે, - તે બાહ્યદોષ છે. પુનઃ, કલ્યાણ માટે શાસ્ત્રોક્ત કર્મ કરવામાં મગ્ન છે, તે માટે ઘણો શાસ્ત્રવિધિ સાંભળીને આચરવો પડે છે. આમ સહજ, આગંતુક અને બાહ્ય એ ત્રિવિધ દોષથી સૌ પીડાય છે. **૨. આ દોષોને દૂર કરનારાં સાધનો તો અનેક છે, પણ દોષગ્રસ્ત, મોહમસ્ત માનવ તે બધાં ન કરી શકે. એટલા માટે આપ બુદ્ધિપુર્વક વિચાર કરીને જે સાર હોય તે અમને કહો; જે સૌને સુગમ હોય,"** પ્રશ્નમાં બુદ્ધિ શબ્દ નથી વાપર્યો, પણ - "**मनीषया**"- કહે છે. "**मनस ईषा मनीषा ।**"- મન ઉપર શાસન કરનારી બુદ્ધિ મનીષા કહેવાય. તે

મનની ચંચલતા દૂર કરે છે. માત્ર મનને ગમતું મેળવવા મથતી બુદ્ધિ મનીષા નથી, પણ મનને મલિન થતું અટકાવી, નિર્મલ વૃત્તિ દેનારી બુદ્ધિ મનીષા છે. તેનાથી યોગ્ય કે અયોગ્યનો નિર્ણય થઈ શકે છે. લોકો મનગમતું મેળવવા મથે છે, બુદ્ધિ તેમાં વાપરે છે, તેથી મુશ્કેલીમાં મુકાય છે મનગમતું મેળવવાને બદલે યોગ્ય મેળવવા મથે, બુદ્ધિથી મનને અટકાવે તો મૂંઝવણ મટે, - માર્ગ મળે. મૂંઝાતા લોકો પ્રેતની જેમ વાસનાવશ થઈને બધે આથડે છે, તેમના પર દયા કરવી જોઈએ, ત્રિવિધ દુઃખ દૂર કરી, મહાસુખ રૂપ કલ્યાણ સૌને મળે, ભગવાન્ પ્રસન્ન થાય તેવો સાર કહો.

બે પ્રશ્નમાં ફલ અને સાધન પૂછ્યાં. પ્રકટ થયેલા પ્રભુ ફલ અને સાધન રૂપ છે, એટલે ભગવાનના પ્રાકટ્યનું પ્રયોજન પૂછે છે. ભગવાન્ પોતાને માટે પ્રકટ થતા હશે કે લોકોને માટે ? આ તો અતિગૂઢ છે, તેથી પ્રશ્ન પૂછવો કે નહિ ? - એમ ઋષિઓ વિચાર કરતા હતા. " અમે જે પૂછવા ઈચ્છીએ છીએ તે સૂત જાણતા હશે ?"સૂતજીના મુખ સામે જોતાં પ્રસન્નતા દેખાઈ. એટલા માટે બોલ્યા, - "સૂત ! જાણો છો ? તમારું કલ્યાણ થાવ !" બ્રાહ્મણને મન જ્ઞાન મુખ્ય છે. ભગવાનનું જ્ઞાન મળતાં બ્રાહ્મણ પ્રસન્ન થાય. પ્રસન્નતા પ્રદાનમાં પરિણમે. બ્રાહ્મણનું સ્વાભાવિક પ્રદાન તેના આશીર્વાદ છે. ઋષિઓએ સૂતને આ મોટી દક્ષિણા દીધી છે. સામાન્ય રીતે વિધિ પ્રમાણે કાર્યના અંતે દક્ષિણા દેવાય છે, પણ પ્રસન્ન બ્રાહ્મણોએ ઉદારતાથી આરંભમાં જ ઉદાત્ત દક્ષિણા દીધી, પછી પ્રશ્ન પૂછે છે : "ભગવાન્ છ ગુણવાળા છે, સર્વસમર્થ છે, સ્વતંત્ર છે. કાંઈ પણ કાર્ય કરવા માટે તેમને દેહસંબંધ જરૂરી નથી. અવતાર લીધા વિના પણ પ્રભુ બધું જ કરી શકે છે, છતાં તે ભગવાન્ સામાન્ય લોકોની જેમ કેમ પ્રકટ થયા ? ભગવાન્ દેવો અને મુક્તોના પણ સ્વામી છે, છતાં સંસારી માણસોમાં કેમ પ્રકટ થયા ? સનત્કુમારો પણ બ્રહ્માના મનમાંથી પ્રકટ થાય છે, તો ભગવાન્ સ્ત્રી દ્વારા કેમ પ્રકટે ? **ઉ. ભગવાન્ તો સ્વતંત્ર છે. સ્ત્રી પરતંત્ર છે. તેમાંય દેવકનાં કન્યા, વસુદેવજીનાં પત્નીમાં શું કરવા પ્રકટ થયા** ? તે તો વિશેષ પરતન્ત્ર ગણાય. કંસવધ વગેરે તો બીજી રીતે પણ થઈ શકે. અમને-ઋષિઓને તે સાંભળવાની ઈચ્છા છે. ઋષિઓ મંત્રદ્રષ્ટા-યોગનિપુણ-છે, પણ યોગથી કાંઈ સાંભળવાની ઈચ્છા પૂર્ણ ન થાય. ભગવત્કૃપા સિવાય, યોગથી ભગવત્સંબંધી પદાર્થ જાણી શકાય નહિ, તેથી "સાક્ષાત્ કે પરંપરાથી, પ્રભુએ કહેલું કે ગુરુમુખે સાંભળેલું, અવતારનું પ્રયોજન આપ કહો !"- ઋષિઓએ વિનંતી કરી.

પ્રાણીમાત્રનાં સર્વ દુઃખો દૂર કરવા, સર્વ સુખ દેવા માટે, અવિદ્યા દૂર કરવા તથા મોક્ષ દેવા માટે ભગવાનનો અવતાર છે. આપત્તિમાં આવી પડેલા, પરવશપણે કે કાલવશ પણે પણ જો ભગવાનના નામનો ઉચ્ચાર કરે તો ભયમાંથી મુક્ત થઈ જાય છે. ભગવાનના નામથી ભયને પણ ભય લાગે છે. ભયમાંથી અભય થઈ જાય છે, દ્વૈતદૃષ્ટિ ચાલી જાય છે. પ્રભુ પ્રકટ ન વિરાજતા હોય ત્યારે પ્રભુનામથી પણ મુક્તિ મળે, નામ તો ઉચ્ચાર કરવાથી જેટલાં બોલી શકે છે તેટલાં પ્રાણીનું કલ્યાણ થાય, પણ વાણી જેમને મળી ન હોય તેમનું કલ્યાણ કેમ થાય ? ભગવાન્ તો સૌનું કલ્યાણ કરે છે. સાધુપુરુષો પસાર થતા હોય ત્યારે પ્રાણીનો કે વનસ્પતિનો પણ સ્પર્શ કરે તો તે પણ પાવન થાય, મુક્ત થઈ જાય. જ્ઞાનીની વાણી પાવન કરે અને ભગવાનનાં ચરણકમલનો આશ્રય કરનારા

ભક્તો સ્પર્શમાત્રથી પાવન કરે. ભગવદાશ્રય કરનારા ઋષિઓ જ્ઞાનકર્મ-સંપન્ન થાય છે. ભક્તિ પણ પાવન કરે છે. સ્વયં શુદ્ધ સંતો બીજાને દૃષ્ટિમાત્રથી પાવન કરે છે. જ્ઞાન અને કર્મથી પોતાની શુદ્ધિ થાય છે. ભક્તિથી સર્વની શુદ્ધિ થાય છે. ભગવાનનો આશ્રય ગુરુરૂપે જ્ઞાનમાર્ગમાં પણ છે. ભગવાનને જાણ્યા વિના ચરણકમલનો આશ્રય ભક્તિમાર્ગમાં જ છે. ભગવદાશ્રિત ભક્તો સૌને પાવન કરે છે. તેવો અનુભવ સૂતને તો છે. તે યાદ કરાવવા "સૂત" સંબોધન કર્યું છે. તે સૂતજાતિના હોવા છતાં વ્યાસજી વગેરે મહાપુરુષોની કૃપાથી બ્રાહ્મણો સાથે યજ્ઞાદિમાં તેમનો વ્યવહાર છે. ગંગાજી અને ભક્તો ભગવત્સેવાથી પાવન કરે છે. માયાનો સ્પર્શ ન થાય તે પરમ પાવન છે. ભગવાનના સ્વરૂપ કે નામથી પણ તેના સંબંધવાળા ભક્તોનો મહિમા છે. પ્રભુનો પવિત્ર યશઃ સાંભળવાની ઈચ્છાથી તે ઋષિઓના હૃદયમાં સમજાયું. ભક્તિ વગર ભગવદ્યશઃનું શ્રવણ પુરુષાર્થ રૂપ ન થાય. સન્માર્ગે ચાલનાર માટે શુદ્ધિ જરૂર છે. દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ- એ છ ધર્મનાં અંગ છે. કલિયુગમાં તે છએ અશુદ્ધ છે, માટે ભગવાનના યશનું શ્રવણ ખૂબ જરૂરી છે. ભગવાનનું કીર્તન-યશોગાન- કરનારની કીર્તિ પણ સૌને પાવન કરે છે; તો યશોગાન તો પાવન કરે જ. પવિત્ર પુરુષો માત્ર ભગવાનનો જ યશઃ ગાય છે. સૌને તેથી લાભ મળે છે. ભગવાન્ કાલથી પર છે, કલિયુગથી આવતા બધા દોષ ભગવાનના યશોગાનથી દૂર થઈ જાય છે. ભગવાનનાં કર્મ ઉદાર છે. શ્રદ્ધાવાળાને પુનઃ પુનઃ ભગવાનની લીલા સાંભળવાની ઈચ્છા થાય છે. રુચિ વધે છે. ૪: **"લીલા માત્રથી અનેક કલાઓને ધારણ કરતા ભગવાનનાં ઉદાર કર્મ અમને શ્રદ્ધાળુને સંભળાવો. ભકતોનાં દુઃખ દૂર કરનાર ભગવાનની શુભ અવતાર કથાઓ કહો.** અવતારનું પ્રયોજન, કઈ રીતે ? કોનો અવતાર ? વગેરે અમને કહો ! મર્યાદાનું ઉલ્લંઘન કરીને ભગવાને સ્વેચ્છાથી વિહાર કર્યા હોય તે પણ કહો !" ભગવાન આત્મમાયાથી અવતાર લે છે. ગીતામાં પણ છે :

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया ॥

માયા ભગવાનનું સર્વભવન-સામર્થ્ય છે. બીજા તેને સમજી શકતા નથી. ભગવાનની કથા ન સમજનાર લોકો કેટલોક વખત સાંભળ્યા પછી અટકી જાય છે, પણ રસ જાણનાર શ્રોતાનો રસ તો પદે પદે વધતો જાય છે. અટકી જનારા ત્રણ કારણે અટકે : (૧) બીજો અધિક રસ મળે તો, (૨) રસના અભાવથી, (૩) રસના અજ્ઞાનથી. ભગવદ્રસથી કોઈ બીજો અધિક રસ નથી. બ્રહ્માનંદ-રસ પણ તેનાથી ન્યૂન છે. કથા સાંભળતાં રસ ન આવે - ઘટતો જાય તો એમાં દોષ કથાનો નથી, આપણો છે. આપણને રસનું જ્ઞાન નથી. સુંદર મિષ્ટાન્ન હોય, છતાં મોમાં મૂકતાં સ્વાદિષ્ટ ન લાગે તેમાં મિષ્ટાન્નનો દોષ નથી. તાવ આવ્યો હોય તે ઊતરી જાય પછી મધુરતા લાગે. તેમ આપણા દોષો કે રસનું અજ્ઞાન જેમ જેમ કથા સાંભળતા જઈએ તેમ તેમ દૂર થાય, કથામાં રસ વધતો જાય. જે ભગવાન્ પહેલાં અનેક વાક્યોથી મુશ્કેલીથી ઓળખાતા હોય, તે પ્રત્યેક વાક્યમાં તેમ જ પદમાં પ્રતીત થાય. પ્રત્યેક અક્ષરના અર્થ રૂપે ભગવાન્ ઓળખાય ત્યારે અતિ રસપ્રદ બને.

કૃષ્ણાવતારમાં ભગવાને અવસ્થા અને સાધન વગર પણ અલૌકિક પરાક્રમ કર્યાં છે. સાથે

આવેશ રૂપ બલદેવજીને પણ રાખ્યા છે. બ્રહ્મા અને શંકરને પણ સુખ દેનારી લીલાઓ કરી છે. ૫. **"આનંદમય કૃષ્ણ સાક્ષાત્ ભગવાન્ છે, પણ લોકોની બુદ્ધિને મોહ થાય તેમ પોતાના તે સ્વરૂપને માનવ જેવું બતાવે છે. તેમની લીલા અમને કહો.** અત્યારે કલિયુગ આવ્યો છે. તેમાં સર્વ ધર્મ નિવૃત્ત થઈ ગયા છે. અધિકાર રહ્યો નથી. કર્મ કરતાં કદાચ દોષ પણ થાય. તે કલિમાં કથામાં ઉત્સાહયુક્ત થઈને અમે બધા વૈષ્ણવક્ષેત્રમાં બેઠાં છીએ. અપવિત્ર સ્થાનમાં તો બુદ્ધિ બગડે, તેથી કોઈ પણ પવિત્ર સ્થાનમાં કથા સાંભળવી. બુદ્ધિ ન બગડે તો કથાસ્વાદ મળે. કલિયુગને તરવા ઈચ્છતા અમારા ઉપર ભગવાને કૃપા કરી. કથા વગર કલિ તરી ન શકાય, દોષો દૂર ન થાય. કલિયુગ વિવેક, ધૈર્ય અને જ્ઞાનને હરી લેનારો છે. સત્ત્વ ગુણ જતાં રજસ્તમો ગુણથી નાશ અને વિક્ષેપ થાય છે. નાવિક વગર દરિયો પાર ન ઊતરાય, તેમ કથા વિના કલિયુગમાં સલામત ન રહેવાય. કથા વિવેક, ધૈર્ય, જ્ઞાન અને ભક્તિ દઈને પ્રભુ-પ્રાપ્તિ કરાવનારી છે. ભગવાને અમને આપનું દર્શન કરાવ્યું છે." ઋષિઓ યજ્ઞાત્મક-કર્મ કરતા હતા, તેથી ધર્મની વાત પૂછી. ધર્મગ્લાનિ થતાં ભગવાન્ અવતાર લઈને પધારે છે. યોગ અને બ્રાહ્મણો પણ ધર્મરક્ષક છે. ૬. **ભગવાન્ કૃષ્ણ યોગેશ્વર અને બ્રહ્મણ્ય છે. તે જ્યાં સુધી ભૂતલ ઉપર વિરાજતા હતા, ત્યાં સુધી ધર્મરક્ષા કરતા હતા. ભગવાનના પધારી ગયા પછી પણ ધર્મના કાર્યરૂપ ભગવત્સંબંધી બુદ્ધિ તો દેખાય છે, તો ધર્મ કોને શરણે ગયો ? ધર્મની રક્ષા કોણે કરી ?**

ઋષિયોના છ પ્રશ્નોનું કારણ :

ઋષિયોએ કુલ છ પ્રશ્ન પૂછ્યા. ભગવાન્ છ ગુણવાળા છે, તેથી તેમના સંબંધી છ પ્રશ્ન છે. તેના ઉત્તરથી છ ગુણ સહિત ભગવાનનું જ્ઞાન થાય. બે બે સ્કન્ધ દ્વારા ભગવાનના એક એક ગુણનું નિરૂપણ સામાન્ય રીતે છે. જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ, ઐશ્વર્ય, યશ: અને શ્રી, દરેકનું ક્રમશઃ બે બે સ્કન્ધથી નિરૂપણ છે. અથવા ઐશ્વર્ય, વીર્ય, યશ:, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય ક્રમશઃ છે. ઉત્તમાધિકારીને અલ્પમાં પણ પૂર્ણ અનુભવ થાય છે. સર્વ વેદનો અર્થ ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તે વેદના બે કાંડ છે-કર્મ અને જ્ઞાન, તેથી ધર્મ અને જ્ઞાન સંબંધી પહેલા બે પ્રશ્નો પૂછયા છે; અને ભગવાન્ શ્રીકૃષ્ણ ચાર મૂર્તિવાળા હોવાથી ચાર પ્રશ્ન તેમના સંબંધમાં પૂછયા છે. કુલ છ થયા. પહેલા અધ્યાયમાં મુખ્યત્વે માત્ર છ પ્રશ્ન છે, તેથી "પ્રશ્નાધ્યાય" છે. શ્રીમદ્ ભાગવતમાં આ પ્રશ્નો બીજ રૂપ છે. આ છ પ્રશ્નોના ઉત્તર રૂપે સંપૂર્ણ શ્રીમદ્ ભાગવત છે. તે છ પ્રશ્નોનો સંક્ષિપ્ત જવાબ બીજા અને ત્રીજા અધ્યાયમાં સૂતે આપ્યો છે. પોતાનો વક્તા તરીકેનો અધિકાર સિદ્ધ કર્યો છે. ઋષિઓની જિજ્ઞાસા પણ તપાસી છે,-રસ વધાર્યો છે.

અધ્યાય : ૨

વિપ્રોને રોમહર્ષણજીના પુત્ર ઉગ્રશ્રવાજી કથા સંભળાવે છે :

ઋષિઓના પ્રશ્નો સાંભળીને સૂત ખૂબ રાજી થયા. આ પ્રશ્નો સામાન્ય નથી. પુરુષાર્થમાં પરિણામ પામનારા છે, ભગવત્સંબંધી છે. પૂછનારા "વિપ્ર" છે. પોતાના પ્રશ્નોથી વક્તાને અને

પોતાને ભક્તિપૂર્ણ બનાવનારા છે. – "प्रा पूरणे । विशेषेण वक्तारमात्मानं वा भक्त्या प्रान्ति पूरयन्तीति विप्राः ।" ઉત્તર આપનાર પણ સામાન્ય નથી. રોમહર્ષણ સૂતના પુત્ર ઉગ્રશ્રવા છે. "रोमसु सर्वदा हर्षणं यस्य सः रोमहर्षणः । तस्यापत्यं रौमहर्षणिः ।" – ભગવાનની કથા કરતાં કરતાં ભક્ત્યુદ્રેકથી હર્ષ થતાં, જેનાં રૂંવાડાં સર્વદા ખડાં થઈ જતાં એનું નામ રોમહર્ષણ, તેના પુત્ર રૌમહર્ષણિ. તે પણ તેવા જ છે. ઋષિઓને કથા સાંભળવાનો મનોરથ છે. તે મહાસાગર જેવો છે. વક્તારૂપ નાવિક વગર ઋષિઓ તેમાં ડૂબતા હતા. ભગવાને સૂતજીને મોકલી આપ્યા. મનોરથ પૂર્ણ કર્યો- ઉદ્ધાર કર્યો. માનવ મંગલ મનોરથ કરે, મલિન કલ્પનાઓ ન કરે. મંગલ મનોરથથી જીવન મંગલ બને. પ્રભુ તે પૂર્ણ કરે, ઉદ્ધાર થાય.

સૂતજીનું કથારંભમાં મંગલાચરણ : ગુરુ-ગૌરવ પહેલાં, ગોવિન્દ પછી ! :

સૂતે પ્રતિપૂજનથી અભિનંદન આપ્યાં. તેના શબ્દો ભાગવતજીમાં નથી. આગળ ઉપર કરેલું અભિનંદન સામાન્ય રીતે ઉત્તરના ભાગ રૂપે છે. સૂતજીએ પોતાની બુદ્ધિથી નક્કી કરેલો અર્થ કહેવાનો અને ભાગવતનો નમસ્કારાત્મક મંગલાચરણથી આરંભ કર્યો. નમન દીનતાનું સૂચક છે, અભિમાનનું શમન કરનારું છે. સૂતના મંગલાચરણમાં પ્રથમ વંદન ગુરુને છે, અને પછી દેવતાઓને છે. ગુરુ દ્વારા જ્ઞાન મળે. ભગવાન્ ઓળખાય. ભગવાન્ તો દાન છે, ગુરુ તેના દાતા છે. "यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ । तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥" – જેને ભગવાનમાં પરમ પ્રીતિ છે, અને જેવી ભગવાનમાં છે, તેવી જ પરમ પ્રીતિ ગુરુમાં છે, તે મહાત્માને આ કહેલા અર્થો પ્રકાશે છે. અર્થ પોતે પોતાનાં રહસ્યો રજૂ કરે છે. પ્રભુ અને ગુરુમાં પરમ પ્રીતિથી જ મહાત્મા થવાય. મહાન આત્મા-અંતઃકરણ-જેનું હોય તે – મહાત્મા ! અંતઃકરણની મોટાઈ પ્રભુ અને ગુરુમાં પરમ પ્રીતિથી છે. સૌથી વધારે અને અચલ પ્રીતિ, જેનાથી પ્રભુ મળે-જાણી શકાય તે પરમ પ્રીતિ છે. સૂત પોતાના ગુરુને વંદન કરતાં સ્મરણ પણ કરી રહ્યા છે. પોતાના ગુરુ શુકદેવજીનો વિચાર કરવાથી શુકદેવજીનો વૈરાગ્ય પણ પોતાનામાં આવે. વૈરાગ્ય દ્વારા ભાગવતમાં અધિકાર પ્રાપ્ત થાય. આપણે પણ જેના વિચાર કર્યા કરતા હોઈએ તેની અસર આપણામાં આવ્યા વિના રહે નહિ. દોષવાળાના વિચારો કરીએ તો આપણામાં દોષ આવે જ; અને સદ્‌ગુણવાળાના વિચાર કરીએ તો સદ્‌ગુણોની આપણા પર અસર પડ્યા વિના રહે નહિ.

"જે જેનું ચિંતન કરે, તે તે મય થઈ જાય, હરિ ચિંતવી હરિમય થવું, કીટ ભ્રમરને ન્યાય."

સંગભયથી જ્ઞાન-વૈરાગ્ય-પૂર્ણ મુનિ શ્રીશુકદેવજીનું ઘર છોડીને ચાલ્યા જવું :

જ્ઞાનીને દૂરથી જ વંદન થાય :

ગુરુ શબ્દમાં બે અક્ષર છે. "ગુ" અંધકારનો વાચક છે અને "રુ" તેનો નિષેધક છે. અજ્ઞાન-રૂપ અંધકારને દૂર કરે તે-ગુરુ !

પહેલા શ્લોકમાં શુકદેવજીને વંદન કર્યાં, ત્યાં "ગુ"નું સૂચન સંભવે છે. શુકદેવજીને તે સમયે સઘળું જ્ઞાન હોવા છતાં ભાગવતનું અજ્ઞાન હતું. ભાગવત ભણ્યા પહેલાંના જ્ઞાની, વિરક્ત શ્રીશુકને વંદન પહેલાં છે, પછી બીજા શ્લોકમાં સૂતજી ભાગવત ભણેલા શુકદેવજીનું શરણ કરે છે. તે "રુ"નું

નિર્દેશક છે. પોતાને જ્ઞાન હોય તે બીજાનું અજ્ઞાન દૂર કરી શકે. બંને શ્લોકમાં મળીને જ્ઞાન-વૈરાગ્યપૂર્ણ અને ભાગવતજ્ઞાનથી ભક્તિપૂર્ણ "ગુરુ" શુકને ઓળખાવ્યા છે. "यं प्रव्रजन्तं" - શ્લોકમાં જ્ઞાન અને વૈરાગ્યમાં પરિપૂર્ણ શ્રીશુકનું વર્ણન છે. શુકદેવજી સોળ વર્ષના છે. યજ્ઞોપવીત વગેરે સંસ્કારો પણ થયા નથી. વ્યાસજી વિષ્ણુનો અવતાર છે. શ્રીશુક તેમના પુત્ર છે, તેથી કોઈ દેહસંસ્કારની તેમને જરૂર નથી. જ્ઞાન તો તેમને પૂર્વજન્મથી સિદ્ધ છે. શુકદેવજી શંકરનો અવતાર છે, - તે પ્રસિદ્ધ છે. જન્મીને તરત આશ્રમમાંથી ચાલી નીકળ્યા છે. પાછળ પિતા "પુત્ર પુત્ર" પોકાર કરતા જઈ રહ્યા છે. વિરહવ્યાકુલ વ્યાસ મહર્ષિજી છે. તેમને દેહાનુસંધાન છે. શુકદેવજી સંગના ડરથી ચાલ્યા જાય છે. કંટાળીને કે ક્રોધથી જતા નથી. તે "प्रव्रजन्तं" માંનો "प्र" - ઉપસર્ગ સૂચવે છે. વ્યાસજીને ઉપવીતાદિ-સંસ્કાર કરવાની ઈચ્છા છે. શુકદેવને તો કાંઈ કરવાનું બાકી નથી. તે તો સર્વભાવ પ્રાપ્ત કરી ચૂકેલા છે. યોગ દ્વારા વૃક્ષમાં પ્રવેશ કરી વૃક્ષમાંથી પ્રત્યુત્તર આપે છે. વનસ્પતિ વૈષ્ણવ છે. વૈષ્ણવ પરદુઃખે દુઃખી થાય છે, વળી "वाग्वै देवेभ्योऽपाक्रमद्यज्ञायातिष्ठमाना । सा वनस्पतिन् प्राविशेत्सैषां वाग्वनस्पतिषु वदति ।" - એ શ્રુતિ છે. તે વનસ્પતિમાંથી શબ્દોત્પત્તિ સૂચવે છે. બ્રહ્માત્મચિંતન-પરાયણ શ્રીશુક સૌના હૃદયને પ્રેરનારા છે. શ્રીશુક સર્વત્ર વિરાજે છે, તેથી તેમને "आनतोऽस्मि" - કહી સર્વ તરફ વંદન કરે છે.

ભાગવત-સેવનથી ભક્તિપૂર્ણ મુનિયોના ગુરુ શ્રીશુકદેવજી સંસારીઓને કરુણાથી કથા કહે છે :

ભાગવત જાણીને ઉદારતાથી સૌને સંભળાવતા ભક્ત શુકદેવજીનું બીજા શ્લોકમાં સૂતજી શરણ લે છે. જ્ઞાનીને વંદન થાય. ભક્તનું શરણ લેવાય. એ ભાગવતનો વિશિષ્ટ વિવેક છે.

यः स्वानुभावमखिलश्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतां तमोऽन्धम् ।
संसारिणां करुणयाऽऽह पुराणगुह्यं तं व्याससूनुमुपयामि गुरुं मुनीनाम् ॥ (३)

પહેલા શ્લોકમાં શ્રીશુકને "મુનિ" કહ્યા. બીજા શ્લોકમાં "મુનિઓના ગુરુ" કહ્યા છે. શ્રીમદ્ ભાગવત દ્વારા શ્રીશુકદેવજી સામાન્ય મુનિમાંથી મુનિઓના પણ ગુરુ થયા છે. ભાગવત નહોતા ભણ્યા ત્યાં સુધી માત્ર મુનિ હતા. ભાગવત ભણ્યા પછી મુનિઓના ગુરુ થયા છે. જ્ઞાન-વૈરાગ્ય માત્ર મુનિ બનાવે; પણ શ્રીમદ્ ભાગવતનું સેવન-ભક્તિ મુનિઓના પણ ગુરુ બનાવે. સામાન્યને પણ શ્રીમદ્ ભાગવત સર્વશ્રેષ્ઠ બનાવે છે.

શુકદેવજી જ્ઞાની હતા, વૈરાગી હતા. શંકરના અવતાર રૂપ હતા અને છતાંય તેમને ભગવાનના જ્ઞાનાવતાર પિતા વ્યાસ મહર્ષિજીના આશ્રમમાં પણ સંગનો ડર લાગ્યો. અને તે ભયથી ચાલ્યા જતા હતા ! તે જ શુકદેવજી ભાગવત ભણ્યા પછી પરીક્ષિત રાજાની સભામાં પધાર્યા. સભામાં સંસારીઓ પણ હતા. સંસારીમાં અજ્ઞાન સ્વાભાવિક હોય. સંસારીનો સંગ પણ સંસારપ્રેરક બને,-તે દુઃસંગ કહેવાય. સંસારી જીવમાં દોષ સ્વાભાવિક હોય. તેના સંગમાં આવનારને દોષ જ લાગે, છતાં શુકદેવજી સામે ચાલીને સંસારીઓ પાસે સભામાં પધાર્યા. તેમને સંસારીઓના સંગનો ડર ન લાગ્યો ! અનેક રીતે ડરેલા સંસારીઓને દયાથી ભાગવત સંભળાવીને નીડર બનાવ્યા, અભય આપ્યું ! ભગવદ્ધર્મો હૃદયમાં પ્રવેશતાં બધો જ ભય ચાલ્યો જાય, અભય મળે, ભાગવત-સેવનથી અભય દેતું ભગવદ્બલ મળે છે. ભગવદાવેશમાં ભાગવતરસમગ્ન શુકદેવજી મુનિઓને પણ તેનો ઉપદેશ કરતા સર્વત્ર વિચરે છે.

શ્રીભાગવત અખિલ શ્રુતિનો સાર છે :

ભાગવત પ્રમેય રૂપ, પ્રમાણ રૂપ, અસાધારણ રૂપ અને ઉત્તમ સાધન રૂપ પણ છે. શ્રીમદ્ ભાગવત ભગવદ્રૂપ છે. ભગવાનનો પોતાનો સ્વતંત્ર પ્રભાવ છે; અને તે તેના ભક્તોમાં આવે છે, તેમ શ્રીમદ્ ભાગવતનો પણ સ્વતંત્ર પ્રભાવ છે. ભાગવતનું ચિંતન કરનારમાં એનો પ્રભાવ આવે છે. "स्वानुभावं" - પદ તેનું સૂચક છે. વેદના કર્મ, જ્ઞાન અને ઉપાસના-કાંડમાં જે પ્રતિપાદન છે, તે ભક્તિના અંગ રૂપ છે. જેની ભક્તિ કરવાની છે તે ભગવાન્ સર્વશ્રુતિના તાત્પર્યનો વિષય છે. દેવ-દૈત્યાદિમાં પ્રવૃત્ત સઘળી શ્રુતિઓનો સાર ભગવાન્ છે. તે ભગવાનનું પ્રતિપાદન ભાગવતમાં છે, તેથી ભાગવત સર્વશ્રુતિનો સાર - "अखिलश्रुतिसारं" છે.

સંસાર મોહના અંધકારને તરવા ઈચ્છનાર માટે શ્રીભાગવત અધ્યાત્મદીપ છે; અંદરનો દીપ છે :

જેમ બ્રહ્મ એક અને અદ્વિતીય છે તેમ, ભાગવત પણ એક જ છે, અને અદ્વિતીય છે. બીજું કોઈ ભાગવત આવું નથી, તેથી "एकं"- કહ્યું છે. "अध्यात्मदीपं" - અંતઃકરણનો એ દીવો છે. બહાર દીવો કરીએ અને બધી વસ્તુ દેખાય, તેમ ભાગવતજી હૃદયમાં વિરાજે તો અંતઃકરણમાં સઘળી વાતો સ્પષ્ટ થઈ જાય. બધું જ્ઞાન મળે. આત્મસાક્ષાત્કાર થાય. તેમાં કોઈની અપેક્ષા ન રહે. કોઈને પૂછવા જવું ન પડે. આંખો બંધ રાખી હોય, અપેક્ષા ન રાખી હોય, તો અજવાળું હોવા છતાં આપણને ઉપયોગી થતું નથી, તેમ જેને આ 'અન્ધતમઃ' - સંસાર રૂપ મોહાન્ધકાર પાર ઊતરી જવો છે, અથવા હૃદયનો અંધકાર જેને દૂર કરવો છે, એને માટે આ દીવડો છે. "अतितितीर्षतां" - પદ ઈચ્છાદર્શક છે. પોતાને તરવાની પ્રબલ ઈચ્છા થવી જોઈએ. બીજા સ્કન્ધમાં શુકદેવજી પણ અભયની ઈચ્છાવાળાને ભગવાનનાં શ્રવણ, કીર્તન અને સ્મરણ આવશ્યક ગણાવે છે. ત્યાં પણ "इच्छताऽभयं" છે. આપણી ઈચ્છા તીવ્ર બને, આતુરતા થાય, ઝંખના જાગે, તો સફલ જરૂર થવાય. જેને અંધકાર દૂર કરવાની ઈચ્છા હોય એ દીવડો સળગાવે છે, તેમ અભય કે અંતઃકરણની ઉજ્જ્વલતા મેળવવાની જેને ઈચ્છા હોય તેને માટે ભાગવત જ સરલ ઉપાય છે. તેવી ઝંખનાવાળો કઠિનતાથી કંટાળે નહિ, અઘરાથી અકળાય નહિ, પણ પ્રયત્નશીલ બને; જેને અભય મેળવવાની, સંસાર તરવાની કે અંતઃકરણને ઉજ્જ્વલ બનાવવાની ઈચ્છા-ઝંખના નથી, તે તો ઘરમાં ભાગવત હોવા છતાં તેનાં પાનાં પણ ફેરવે નહિ. કોઈક વાર પ્રયાસ કરે તો થોડી વારમાં કંટાળીને મૂકી દે. તીવ્ર ઈચ્છા જાગે તો જ પ્રયત્નપરાયણ થવાય, સફલ થવાય. તેથી તીવ્ર ઈચ્છા-તાપભાવનું સૂચક - "अतितितीर्षतां" - પદ છે.

શ્રીશુકદેવજીના વિવિધ શ્રોતા :

પુરાણગુહ્ય શ્રીમદ્ ભાગવત છે. અતિ ગુપ્ત-રહસ્ય રૂપ છે. પરીક્ષિત રાજાની સભામાં શ્રીશુકે ત્રણને સંભળાવ્યું છે. ત્રણેય શ્રોતા-વર્ગનો અધિકાર જુદો છે, તેથી જુદા જુદા કારણે તેમને સંભળાવ્યું છે.

(૧) રાજા પરીક્ષિતને-મહાપુરુષો - ભક્ત પાંડવો અને ભગવાન્ શ્રીકૃષ્ણ સાથેના તેના સંબંધથી.

(૨) પરીક્ષિતની સભામાં આવેલા મુનિઓને-પોતે મુનિઓના ગુરુ હોવાથી તથા મુનિઓ

ભગવદ્ભક્ત-વિષ્ણુજન-છે. શ્રીશુક "વિષ્ણુજનપ્રિય" છે, તેથી.

(૩) સંસારીઓને- સંસારીઓ તો માત્ર દોષવાળા છે, અપાત્ર છે. છતાં પણ માત્ર કરુણાથી તેમને સંભળાવ્યું. દીન પર દયા કરવી તે દૈવી-પુરુષોનો સ્વભાવ છે.

કૉલેજ, હાઈસ્કૂલ અને પ્રાથમિક સ્કૂલ કે બાલમંદિરના બધા જ છાત્રોને સાથે બેસાડીને એક જ કથા સંભળાવે છતાં સૌને તે ગમે, તે વક્તાની વિશિષ્ટતા છે. પરીક્ષિત રાજાને અભય-પ્રભુમાં પ્રવેશ-મળ્યો. મુનિઓ શુદ્ધ હતા. તેમને કર્મયોગ્યતા મળી, પ્રભુમાં પ્રીતિ થઈ, સિદ્ધાન્ત દઢ થયો. સંસારીઓના દોષ-મનની મલિનતા વગેરે દૂર થયાં, શુદ્ધિ થઈ. શુકદેવજીએ કરુણા કરીને સંસારીઓને પરીક્ષિત રાજા દ્વારા શ્રીમદ્ ભાગવત ન સંભળાવ્યું હોત તો આપણને બધાંને અધિકાર ન મળ્યો હોત ! મહાપુરુષોની કરુણા-કૃપા તો કૃપણ (દયાપાત્ર)ને પણ કૃતાર્થ કરે છે. શુકદેવજી વ્યાસજીના પુત્ર છે. વિસ્તાર કરે એનું નામ-વ્યાસ ! વ્યાસ-મુનિ શાસ્ત્રનો વિસ્તાર કરે છે, તેમ શુકદેવજી ભગવાનના ગુણોનો વિસ્તાર કરનારા છે. ભાગવતના વક્તા સ્વયં "વ્યાસસૂનુ" શુકદેવજી છે, છાયાશુક નહિ. શુકદેવજી જ્યારે આશ્રમમાંથી ચાલ્યા જતા હતાં, તે વખતે વ્યાસજીએ "પુત્ર પુત્ર" - પોકાર કર્યો. શુકદેવજી શાસ્ત્રજ્ઞ છે. વેદાભ્યાસથી વૈરાગ્ય પકવ થતાં ભગવદ્વિરહાનુભવ માટે પરિત્યાગ થાય. ગમે તેમ આશ્રમ-ધર્મનું ઉલ્લંઘન કરીને, ઘર છોડીને, ચાલ્યા જવાય નહિ, દોષ લાગે, સનત્કુમારોએ પિતા બ્રહ્માજીની સૃષ્ટિ કરવાની આજ્ઞા ન માની, આશ્રમ-ધર્મનું ઉલ્લંઘન કર્યું. પરિણામે દોષ લાગ્યો. જ્ઞાની છતાં અસુર રૂપ થયા. ભગવદ્-દયાએ પ્રભુની ઈચ્છાએ-ભક્તિ મળી. પ્રહ્લાદ થયા ! ભક્તિથી કૃતાર્થ થયા. એવો દોષ ન લાગે માટે પોતાની છાયામાંથી શુકદેવજીએ બીજું રૂપ પ્રકટ કર્યું. વ્યાસ-મહર્ષિજીને આપ્યું. તે થયા - "છાયા-શુક" ! આ છાયાશુકે લગ્ન પણ કર્યું છે અને સંતાન પણ થયાં છે ! મુનિઓના ગુરુ-શ્રીશુકે કરુણા કરી. સંસારીઓને ભાગવત સંભળાવ્યું. કૉલેજમાં સૌથી ઊંચી કક્ષામાં ભણાવનાર બાલમંદિરના બાલકને ભણાવે તે કરુણા- વાત્સલ્ય-જ છે. સૂત ઉપર પણ કૃપા કરી. પરીક્ષિતની સભામાં સૂતને પણ અનુગ્રહપૂર્વક ભાગવત સંભળાવ્યું. તે ઉપકાર-સ્મરણે સૂત શરણાગતિ કરી. "હું શુકદેવજીને શરણે જાઉં છું." - "उपयामि" થી ભાવાત્મક નિકટગમન પણ છે. "શ્રીશુકની સમીપ જઈને તેમનાં વાક્ય સાંભળીને કથા કહીશ." - તેવો આશય પણ છે. બે શ્લોકમાં અસાધારણ મંગલાચરણ છે.

ત્રીજા શ્લોકમાં સૌએ કરવા જેવું સાધારણ મંગલાચરણ છે :

नारायणं नमस्कृत्य नरं चैव नरोत्तमम् ।
देवीं सरस्वतीं व्यासं ततो जयमुदीरयेत् ॥ (४)

નારાયણ અને નરોત્તમ નર, દેવી સરસ્વતી અને વ્યાસને નમસ્કાર કરીને "જય" કહેવું. "जयतीति जयः ।" - જે સંસારને અથવા દોષોને જીતે તે - "જય !" કૃષ્ણ-દ્વૈપાયને કહેલાં પુરાણો તથા મહાભારત વગેરે અંદર અને બહાર જય આપનારાં છે, તેથી તેમનું સામાન્ય નામ - "જય !" તેમાં નારાયણ વાચ્ય છે, વ્યાસ વક્તા છે. તે આદિ અને અંતે કહ્યા. નર ઉપસાધક છે-સહાયક છે. નર અને નારાયણ બંને ગુરુ રૂપ છે. "એવ"-કારથી વાચ્ય-વાચકની વચમાં નર સૂત્ર રૂપ છે. માનવના

ભાગ્ય રૂપ સરસ્વતી વાક્યરૂપ છે. ભાગ્યમાં હોય તેવો અર્થ સૌને સમજાય. એક જ વાત એકસાથે સૌ સાંભળે, છતાં સૌને જુદું જુદું સમજાય. આ બધાં ભગવદ્રૂપ છે, તેથી હમેશાં વંદનીય છે. તેનાથી આત્મા રૂપ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય છે. ભગવાન્ કે ભગવદ્ધર્મોના આવેશથી અંતઃકરણ પણ પ્રસન્ન થાય છે. અન્ય-શાસ્ત્ર સાંભળ્યા પછી મનન તથા નિદિધ્યાસનથી ફલ મળે. અહીં તો કૃષ્ણસંબંધી પ્રશ્ન-માત્રથી પ્રસન્નતા મળે. અંતઃકરણને પ્રસન્ન રાખવા માટે કૃષ્ણ-સંબંધી પ્રશ્નો પૂછવા. મન ભગવાનમાં રહેવાથી મલિનતા ન આવે, મનમાંથી મધુરતા ચાલી ન જાય, અંતઃકરણ પ્રસન્ન રહે.

સૂતજીએ કરેલું યજ્ઞ અને જ્ઞાન રૂપ ભગવાનનું નિરૂપણ :

ફલ રૂપ કૃષ્ણ છે. તે જ પ્રાણીમાત્રને આ લોક અને પરલોકનાં ફલ દેનાર છે. ભક્તિ અને મુક્તિ બંને ભગવાનની લીલા છે. સઘળા અવતારો પણ કૃષ્ણના જ છે. ધર્મરક્ષક પણ કૃષ્ણ જ છે, તેથી ઋષિઓના છએ પ્રશ્નનો (ઉત્તર) અર્થ કૃષ્ણ જ છે. મુનિઓ મનનશીલ છે. સર્વ અર્થનો નિર્ણય મનનથી તેમણે કર્યો છે. સૂત પોતાના અધિકાર પ્રમાણે શાસ્ત્રાર્થ ૧૭ શ્લોકથી કહે છે. ફલ અને સાધન એક કરીને ઉત્તર દે છે. નમસ્કાર કરી, અભિનંદન દઈ, પ્રશ્નોના અર્થનો નિર્ધાર કરી, પ્રારંભના પાંચ શ્લોકો (૬ થી ૧૦) ધર્મ- સંબંધી અને પછીના બાર (૧૧ થી ૨૨) શ્લોકોમાં જ્ઞાન-સંબધી પ્રશ્નનો પ્રત્યુત્તર સૂતજી આપે છે. કુલ સત્તર શ્લોકમાં કર્મ અને જ્ઞાનનું નિરૂપણ છે. કર્મ (ધર્મ, યજ્ઞ) પાંચ પ્રકારનાં છે. અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ-ક્રમશઃ આ યજ્ઞાત્મક ભગવાનનાં રૂપ છે. પુરુષ બાર પ્રકાર (અંગ)વાળા છે. – "पुरुषो द्वादशविधः ।" આથી બાર શ્લોકની અંદર એ જ્ઞાનાત્મક પુરુષ-બ્રહ્મનું નિરૂપણ કર્યું છે.. કુલ સત્તર થયા. "सप्तदशो वै प्रजापतिः ।"– પ્રજાપતિ સત્તર રૂપવાળા છે. એ શ્રુતિ છે, તેથી વેદના બંને કાંડના અર્થનો નિર્ણય સૂચવવા સત્તર શ્લોકોમાં એનું નિરૂપણ કર્યું. વેદમાં આનાથી અધિક ગતિ નથી; તેનું સૂચન કર્યું. કર્મ અને જ્ઞાનનો નિર્ણય થાય, ત્યારે જ ભગવાનનું શ્રવણ કરવામાં રુચિ (સિદ્ધ) થાય, પછી આદરપૂર્વક શ્રવણાદિ કરતાં પ્રભુમાં પ્રેમ થાય. શ્રવણાદિ કરનાર પર પ્રભુની પ્રીતિ-પ્રસન્નતા-થાય છે. શ્રવણાદિ કરનાર ભક્તના ઉદ્ધાર માટે ભગવાનના અવતાર થાય છે. (૨૩ થી ૨૯) એ સાત શ્લોકોમાં અવતારનું કારણ અને (૩૦ થી ૩૪) પાંચ શ્લોકોમાં ભગવાનની લીલા કહેલી છે. અવતારની પહેલાં સ્વરૂપસ્થ ભગવાનની આ પાંચ લીલા છે.

ભક્તિના ત્રણ પ્રકાર : જ્ઞાનના ત્રણ પ્રકાર :

સાધનપરંપરામાં પહેલો ધર્મ છે. છેલ્લે પ્રભુની પ્રસન્નતા-કૃપા છે. ભગવાનનો સાક્ષાત્કાર એ ફલ છે. સઘળાં સાધનોમાં પ્રભુકૃપા નિમિત્ત રૂપે છે. સાધનપરંપરાના અંતે પ્રભુ ખૂબ કૃપા કરે ત્યારે પ્રકટ થાય. તેમાં રુચિ, શ્રવણાદિ અને પ્રેમ;-એ ભક્તિના ત્રણ પ્રકાર છે. જ્ઞાન પણ ત્રણ પ્રકારનું છે. આત્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને ભગવજ્જ્ઞાન. તેમાં ધર્મ અને વૈરાગ્ય સાધન છે. ૬ થી ૧૨ શ્લોકમાં સાધનની એક પરંપરા છે. તેમાં પ્રાથમિક જ્ઞાન ભક્તિ (તત્ત્વજ્ઞાન અને રુચિ)નું નિરૂપણ છે. પરંપરામાં સાધનો ક્રમશઃ બતાવે છે. તેમાં ધર્મ સાધન છે, અને ભક્તિ ફલ છે. ફલ બે પ્રકારનું છે ! દષ્ટ અને અદષ્ટ-શાસ્ત્રમાં કહેલાં, શ્રવણ વગેરે ધર્મરૂપ સાધનો દષ્ટ રીતે ભક્તિ રૂપ ફલ આપે છે અને સ્નાનાદિ



શ્રીકૃષ્ણમુખારવિન્દવિરહાનલરૂપ વૈશ્વાનરાવતાર વાક્પતિ મહાપ્રભુ શ્રીમદ્દ્વલ્લભાચાર્યજી

“अर्थं तस्य विवेचितुं नहि विभुर्वैश्वानराद्वाक्पतेरन्यस्तत्र विधाय मानुषतनुं मां व्यासवच्छ्रीपतिः ।
दत्वाज्ञां च कृपावलोकनपटुर्यस्माददतोऽह मुदा गूढार्थं प्रकटीकरोमि बहुधा व्यासस्य विष्णोः प्रियम् ॥”
“क्वचित्पाण्डित्यं चेन्न निगमगतिः सापि यदि न क्रिया सा सापि स्याद्यदि न हरिमार्गे परिचयः ।
यदि स्यात्सोऽपि श्रीव्रजपतिरतिर्नेति निखिलैर्गुणैरन्यः को वा विलसति विना वल्लभवरम् ॥”

ધર્મ રૂપ સાધનો અદૃશ્ય રીતે ફલ આપે છે. સાધન પણ બે પ્રકારનાં છે : શાસ્ત્રમાં કહેલાં - વિહિત અને સ્વતંત્ર.. ભક્તિ પણ બે પ્રકારની છે : વિહિત- પ્રહ્લાદ વગેરેની અને સ્વતંત્ર-શ્રી ગોપીજનની!

ભગવાનમાં જેનાથી ભક્તિ થાય તે જ માનવનો પરમ ધર્મ છે :

પ્રાથમિક કક્ષામાં તો શ્રદ્ધા રૂપ ભક્તિ થવી જોઈએ. ભગવાનમાં જેનાથી શ્રદ્ધા થાય તે જ માનવનો શ્રેષ્ઠ ધર્મ છે.

स वै पुंसां परो धर्मो यतो भक्तिरधोक्षजे ।
अहैतुक्यप्रतिहता ययाऽऽत्मा सुप्रसीदति ॥ (६)

માનવનો પરમ ધર્મ તો એ છે કે જેનાથી ઈન્દ્રિયોથી જાણી ન શકાતા-અધોક્ષજ ભગવાનમાં હેતુ વગરની અને અવરોધોથી પણ અટકે નહિ તેવી ભક્તિ થાય, જેનાથી પ્રભુ પ્રસન્ન થાય. પોતાનો સ્વાર્થ સાધવા ભક્તિ કરીએ તો તે કામ પતી જતાં ભક્તિ ચાલી જાય, તેથી કોઈ હેતુ વગરની-ભગવાનની-ભક્તિ કરવી જોઈએ. ભક્તિમાં કોઈ કારણ ન હોવું જોઈએ. બદલામાં કોઈ વસ્તુ મેળવવાની અપેક્ષા ન જોઈએ તથા તે "अप्रतिहता" જોઈએ. કોઈપણ સંયોગોમાં ભક્તિ અટકવી ન જોઈએ. પ્રતિકૂલ સંયોગોમાં પણ ભક્તિ પોષાવી જોઈએ,-શોષાવી ન જોઈએ. કોઈક ફલ મેળવવાની આશાથી પણ ભગવાનમાં રુચિ હોય તો તે પણ ધર્મ નથી. પ્રતિકૂલતાથી ભગવાનમાં રુચિ ન રહે તે પણ ધર્મ નથી. શ્રદ્ધા રૂપ ભક્તિથી અંતઃકરણના સાક્ષી ભગવાન્ પ્રસન્ન થાય છે. તે જ માનવનો પરમ ધર્મ છે. પ્રસન્નતાથી શુદ્ધ સત્ત્વાત્મક અંતઃકરણમાં પ્રકટ થયેલા ભગવાન્ વાસુદેવ કહેવાય છે. લાંબા વખત સુધી આદરથી, ભગવાનની-નિરંતર ભક્તિ થાય- તે ભક્તિયોગ છે. તેનાથી પ્રભુ પ્રસન્ન થાય તથા જલદીથી સાક્ષાત્ આત્મજ્ઞાન અને વિષય-વૈરાગ્ય પ્રાપ્ત કરાવે છે.

શ્રીભાગવતમાં મહાભારત કરતાં જુદો સાધન-પરંપરા-રૂપે પુરુષાર્થોનો ક્રમ; કામ, અર્થ, ધર્મ અને મોક્ષ છે: તત્ત્વવિચાર જીવનફલ છે : તે તત્ત્વ બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્ છે, એ શબ્દો જુદા છે, તત્ત્વ એક જ છે :

"धर्मो हि चोदनालक्षणः" - શાસ્ત્રવાક્યોથી જેની પ્રેરણા કરવામાં આવી હોય તે ધર્મ છે. જે ક્રિયાની પાછળ શાસ્ત્રનું પ્રમાણ ન હોય તે ધર્મ નથી. વેદમાં કહેલો, ફલવાળો, અર્થ, ધર્મ છે. લૌકિક અનુરાગવાળી ભોજનાદિ ક્રિયાઓ, સ્વર્ગાદિ કે ધનાદિ-સાધક ક્રિયાઓ કે અનર્થ-સાધક ક્રિયાઓ ધર્મ નથી. કથારુચિ સાધ્ય છે. જે ધર્માચરણ ભગવાનની કથામાં પ્રીતિ ન કરાવે એ માત્ર શ્રમ જ છે. મોક્ષ-સંબંધી ધર્મનું ફલ અર્થ નથી. ધર્મ જેનાથી થઈ શકે તેવા અર્થનું ફલ કામ નથી. કામનું ફલ ઈન્દ્રિયોની પ્રસન્નતા નથી; માત્ર જીવન ટકે તેટલું જ કામનું ફલ (લાભ) છે. જીવને માટે તત્ત્વજિજ્ઞાસા (લાભ) ફલ છે, ધર્મથી સિદ્ધ થતો અર્થ નથી. મહાભારત કરતાં અહીં ભાગવતમાં વ્યાસજીએ પુરુષાર્થનો ક્રમ જુદો આપ્યો છે. મહાભારતમાં "धर्मादर्थश्च कामश्च" - ધર્મથી અર્થ અને કામ એવો ક્રમ દેખાય છે. ભાગવતમાં પુરુષાર્થનો ક્રમ સાધનપરંપરા રૂપ છે. "इन्द्रियाणां स्वे स्वे विषये आनुकूल्येन प्रवृत्तिः कामः" - ઈન્દ્રિયોની પોતપોતાના વિષયમાં અનુકૂલતાથી- સુખ થાય તેમ-

પ્રવૃત્તિ તે કામ છે અને "शरीरस्थिति- हेतुत्वादाहारसधर्माणो हि कामाः ।" - શરીર ટકે તે હેતુપણાથી આહારના સમાન ધર્મવાળો કામ છે; તેથી સૌથી પહેલાં કામ છે. કામથી અર્થરૂપ જીવન છે. જીવનથી ધર્મ અને જ્ઞાન છે. મોક્ષ મળે છે. આમ કામ, અર્થ, ધર્મ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થોનો સાધનપરંપરા તરીકે ક્રમ છે: જેટલાથી જીવન ટકે તેટલા અને તેવા આહાર-વિહાર કરવા, તે કામ-પુરુષાર્થ છે. તેનાથી નભતું જીવન તે અર્થ-પુરુષાર્થ છે. જીવનમાં તત્ત્વ (ભગવાન્)ને ઓળખવાની ઈચ્છા કરવી તે જીવનનું ફલ છે. તે ધર્મ-પુરુષાર્થ છે. ભગવાનને ઓળખવાથી મોક્ષ મળે. તે ચોથો પુરુષાર્થ છે. "जीवस्य तत्त्वजिज्ञासा।" - એ જીવનનું ફલ છે. "तस्य भावः तत्त्वम् । तत्त्वस्य जिज्ञासा विचारः तत्त्वजिज्ञासा ।" કાર્યકારણ, રૂપનામ, બ્રહ્મ-જીવ જુદાં છે, તેવું દ્વિધાજ્ઞાન-દ્વૈત-છે. તે સમજ દૂર કરનારું એકપણાનું જ્ઞાન અદ્વૈત છે. તેને જાણે તે તત્ત્વવેત્તા છે. જેના અભિપ્રાયમાં વેદ સાથે અક્ષર-માત્રનો પણ વિરોધ ન આવે, તેવી રીતે વેદનો અર્થ જાણનાર તત્ત્વવિદ્ છે. તેઓ જેને અદ્વૈતવસ્તુ-તત્ત્વ કહે છે તે, શ્રુતિમાં બ્રહ્મ, સ્મૃતિમાં પરમાત્મા અને પુરાણમાં ભગવાન્ કહેવાય છે. શબ્દો જુદા હોવા છતાં અર્થ એક છે.

તત્ત્વવિચારથી સર્વત્ર ભગવત્સાક્ષાત્કારનો ક્રમ: ધર્મનું ફલ પ્રભુપ્રસન્નતા છે :

આ તત્ત્વ(ભગવાન્)નો વિચાર તે જીવનું ફલ છે. તેને પરિણામે સાક્ષાત્કાર થાય છે, છતાં વિચારથી સંદેહરહિત શાબ્દજ્ઞાન થાય, પણ અંતઃકરણના દોષથી સાક્ષાત્કાર ન થાય. પહેલાં ધર્માચરણથી અંતઃકરણ શુદ્ધ થાય, પછી વેદાદિમાં શ્રદ્ધા થાય. અંતઃકરણ અશુદ્ધ હોય તો શ્રદ્ધા ન થાય. શ્રદ્ધા વિના ફલ ન મળે. શ્રદ્ધા પછી પ્રમાણરૂપ અર્થનું મનન, પછી નિદિધ્યાસનથી સાક્ષાત્કાર જેવું જ્ઞાન, પછી વિષયભોગમાં વૈરાગ્ય, ત્યાર પછીથી શ્રવણાદિ સાધનભક્તિ, પછી પરમભક્તિ, પછી હૃદયમાં અને બહાર-સર્વત્ર-ભગવાનનો સાક્ષાત્કાર થાય.

ભગવાનમાં શ્રદ્ધાવાળા મુનિજનો જ્ઞાન-વૈરાગ્યવાળી પરમભક્તિથી ભગવાનનાં દર્શન કરે છે. જેમ જેમ શ્રવણ વધે, તેમ તેમ ભક્તિ વધે, તેથી સર્વ ફલ મળે.

આમ, સામાન્ય ધર્મનું સાધનપણું કહ્યું, પછી વર્ણાશ્રમ રૂપ વિશેષધર્મનું સાધનપણું બતાવે છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર-એ ચાર વર્ણ. બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યસ્ત-એ ચાર આશ્રમ. તેમને માટે કહેલા ધર્મોના આચરણનું ફલ પણ પ્રભુની પ્રસન્નતા છે. પ્રભુની પ્રસન્નતા (કૃપા) સિવાય ધર્માચરણ, અંતઃકરણની શુદ્ધિ કે પ્રભુમાં રુચિ થાય નહિ. ધર્મનું મુખ્ય-ફલ પ્રભુની પ્રસન્નતા છે. ધર્મનાં ગૌણ-ફલ અનેક છે, છતાં પણ પ્રભુ પ્રસન્ન થાય તો જ ધર્મ સફલ છે, નહિ તો વ્યર્થ છે. બીજા ધર્મથી તો બીજું પણ ફલ થવા સંભવ છે, તેથી પ્રભુ પ્રસન્ન થાય તેવો ધર્મ શ્રવણ વગેરે છે.

ભગવાનનું શ્રવણ-કીર્તનાદિ એકાગ્ર મનથી કરવાં જરૂરી છે :

तस्मादेकेन मनसा भगवान् सात्त्वतां पतिः ।
श्रोतव्यः कीर्तितव्यश्च ध्येयः पूज्यश्च नित्यदा ॥ (૧૪)

વ્યગ્રતા વગરના મનથી, સર્વ ધર્મો છોડીને, શરણાગતના પતિ ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રવણ, કીર્તન, ધ્યાન, પૂજન હમેશાં કરવું જોઈએ. શ્રીનાથજીના અનન્ય સખા, કીર્તનકાર ગોવિંદ સ્વામી હતા.

તેમની દીકરી સાસરેથી આવી. તેની સાથે બોલવાની પણ તેમને ઈચ્છા ન થતી. મન પ્રભુમાં પરોવાઈ ગયું હતું. બહેને બોલવાનું કહ્યું. ત્યારે ભક્તે ઉત્તર દીધો,- "મન એક છે. શ્રીનાથજીને દીધું છે." આ એક મનવાળાની દશા છે. વ્યગ્રતા કે અન્ય ચિંતા તેને ન હોય. ભગવાનને ઓળખાવનારા શબ્દો અને વાક્યોથી ભગવાનમાં અર્થ અને તાત્પર્યનો નિર્ણય તે શ્રવણ છે. માત્ર સાંભળવું તે અધૂરું છે, પણ સાંભળીને સંદેહરહિતપણે સ્પષ્ટ સમજવું તે શ્રવણ છે. અર્થ અને તાત્પર્યના નિર્ણય-સંદેહરહિત સમજ-નું વર્ણન (પ્રેમથી ગાન) તે કીર્તન છે; અથવા સમજ્યા હોઈએ તેનું સ્વતઃ ઉચ્ચારણ પણ કીર્તન છે. ભગવાનમાં ચિત્ત સ્થિર કરવું, પ્રભુના સ્વરૂપનું અનુસંધાન કરવું તે ધ્યાન છે. પૂજન બે પ્રકારનું છે : અંદરનું મનથી અને બહારનું-ક્રિયાદિથી. આ બધામાં પહેલું શ્રવણ છે. અલૌકિક પદાર્થોનું માહાત્મ્ય સાંભળવાથી તેમાં રુચિ ઉત્પન્ન થાય. તે ન મળતાં નિપુણ પુરુષો તો ભગવાનનું ધ્યાન કરે છે. ધ્યાનથી પ્રભુ પ્રસન્ન નથી થતા, પણ તે ધ્યાન તલવાર રૂપ છે. તેનાથી કર્મની ગાંઠો કપાય છે. કર્મ ભોગવવાથી નાશ પામે. કર્મ ભોગવતાં પુનઃ નવાં કર્મ થાય, તેથી જન્માદિ મળે, તેથી કર્મનાશ કઠિન છે. મોહની ગાંઠો-વાસના-કર્મથી દૃઢ બને છે. ધ્યાન દ્વારા યોગની સિદ્ધિની ઈચ્છા ન રાખતાં જ્ઞાનથી અવિદ્યાને દૂર કરે, મોહની ગાંઠો-વાસના અને કર્મને કાપે તે નિપુણ છે. પ્રભુના સ્વરૂપ-ધ્યાનરૂપ ધર્મથી આ કાર્ય થાય છે. કથાથી તો સ્વયં ભગવાન્ ચિત્તમાં પધારે. એવી કથામાં કોણ પ્રીતિ ન કરે ?

ઘર છોડીને, તીર્થાટન કરતાં કથાથી ભક્તિ થતાં કૃતાર્થતા થાય છે :

પ્રાથમિક અને મધ્યમ-જ્ઞાન અને ભક્તિ બતાવ્યાં પછી, તેનો ઉત્તમ પ્રકાર બતાવે છે. તેમાં વૈરાગ્ય કારણ રૂપ છે. સૌથી પહેલાં ઘર છોડીને તીર્થાટન કરવું. ત્યાં સત્સંગ કરવો, ભક્તોની સેવા કરવી, ભગવાનની કથા સાંભળવી. તેથી કથામાં રુચિ થાય, પછી કથામાં અને ભક્તોમાં શ્રદ્ધા થાય, પછી શ્રવણની સાચી ઝંખના જાગે. પાંચસો વર્ષ પૂર્વે દિનકરદાસ શેઠ થયા. નાનપણથી કથામાં રસ. કથા સાંભળતાં શરીરનાં ઘરેણાં પણ દઈ દે. માબાપ મારે છતાં ન માને. એક દિવસ ઘર છોડ્યું. કથાનો રંગ સાચો હતો. શ્રીવલ્લભાચાર્યની કથામાં રંગાઈ ગયા. એક દિવસ કથાની તૈયારી. દિનકરદાસ રસોઈ કરે, રોટલી કાચી, પણ સાંભળવાની ઝંખના સાચી. કાચી રોટલી ચરણામૃત પધરાવી ખાઈ ગયા, પણ કથા ન છોડી. ત્યારથી તેમના આવ્યા પછી શ્રીમહાપ્રભુજી કથા કરતા. આ છે-સાંભળવાની સાચી ઝંખના !

ભગવાનની કથા ભગવાનનું જ સ્વરૂપ છે. કથાથી પ્રીતિ દ્વારા ભગવાન્ વશ થાય. ભક્તિ દેવા માટે કૃષ્ણ ભગવાનનો અવતાર છે. તે ભગવાનના શ્રવણ-કીર્તનથી જ હૃદયમાં કોઈ દોષ-પાપવૃત્તિ-ઉત્પન્ન ન થાય, હોય તો દૂર થઈ જાય. પોતાની કથા સાંભળતાં હૃદયની અંદર વિરાજતા ભગવાન્ કૃષ્ણ સઘળાં અશુભ-કામાદિ દોષોને નિવૃત્ત કરી દે છે. કામાદિ દોષો દૂર થાય નહિ ત્યાં સુધી ભગવાનની ભક્તિ થાય નહિ. અન્ય-ઈચ્છા પણ અવરોધક છે. જ્યારે બધાં અશુભ ચાલ્યાં જાય, દોષ દૂર થઈ જાય, ભગવાનની કથા નિત્ય સાંભળે, ભગવાનના ભક્તોની સેવા કરે, ત્યારે ભગવાનની અચલ ભક્તિની પ્રાપ્તિ થાય. ત્યારે કપરો કાલ પણ ન પીડે. માનવ આટલું કરે તો

કામ, ક્રોધ, લોભ વગેરે રજોગુણ અને તમોગુણના ભાવો મનમાં આવે નહિ, ચિત્ત સ્થિર થાય, પ્રસન્નતા આવે. સર્વ કાર્યમાં સફલતા દેનારો પ્રકાશ મનમાં થાય. સર્વ વસ્તુનું તત્ત્વજ્ઞાન થાય, પછી પ્રસન્ન મનવાળાને ભગવાનના ભક્તિયોગ દ્વારા ભગવાનનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત થાય. તે માટે તન અને મનથી નિઃસંગ રહેવું જરૂરી છે. સાચી સમજવાળા લોકો હર્ષપૂર્વક ભગવાનની ભક્તિ નિત્ય કરે છે. આવી ભક્તિ પ્રભુને પ્રસન્ન કરનારી છે.

આમ ત્રણ સાધનપરંપરા થઈ. ભક્ત પ્રથમ સાધનપરંપરા કરે તો હિત કરનાર-મિત્ર-ભગવાન્ પોતે બીજી પરંપરા કરી આપે. પ્રભુ સાથે પ્રીતિ કરે, તેનાં કામ પ્રભુ પોતે પતાવે. સત્ત્વાત્મક પ્રભુની ભક્તિ જ સૌને કૃતાર્થ કરે છે. સર્વ સ્વરૂપે ભગવાન્ જ સર્વત્ર વિરાજે છે, તે સમજ અચલ હોય તો ગમે તે સ્વરૂપે ભગવાનની સેવા થાય; પણ સામાન્ય માનવમાં તેવી સમજ હોતી નથી, તેથી તે મનને ડહોળી ન નાખે તેમ, સ્પષ્ટ રીતે સત્ત્વાત્મક ભગવાન્ વિરાજતા હોય તેમની સેવા કરે-ભક્તિ કરે તો કલ્યાણ જલદી થાય.

ભગવાન્ પોતાની લીલા માટે પ્રકૃતિના ગુણો સ્વીકારે છે; બ્રહ્મા-વિષ્ણુ-શંકર ત્રણે ભગવાનના ગુણાવતારો છે : વિષ્ણુજી મૂલ-રૂપ કૃષ્ણના સાદૃશ્યથી શુભ ફલ દે છે :

ભગવાન્ શુદ્ધ પરબ્રહ્મ છે. વિશ્વરચનામાં ભગવાનનું સહજ કર્તૃત્વ છે. તે લીલા છે. તેમાં પોતાની ઈચ્છા રૂપ પ્રકૃતિના ગુણો સ્વીકારે છે. પ્રાકૃત-નિર્માણમાં સાધન તરીકે પ્રકૃતિનો પ્રભુ ઉપયોગ કરે છે, તેથી ભગવત્સ્વરૂપમાં દોષ કે ભેદ આવતો નથી. ભગવાનનું કર્તૃત્વ પ્રકૃતિ-પુરુષના વિભાગથી બે પ્રકારનું થાય છે. ભગવાન્ તો એક છે. જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લય માટે તે પોતે સત્ત્વ, રજઃ, તમઃ એ ત્રણને સ્વીકારે છે. રજોગુણ ધારણ કરનારનું સ્વરૂપ-બ્રહ્મા, સત્ત્વગુણ ધારણ કરનારું સ્વરૂપ-વિષ્ણુ અને તમોગુણધારી સ્વરૂપ- શંકર છે. તમોગુણ દ્વારા ભગવાન્ ભોગ દે છે. રજોગુણ દ્વારા કર્મ સંપાદન કરે છે, સત્ત્વગુણ દ્વારા જ્ઞાન મળે છે. વળી, મૂળ રૂપ શ્રીકૃષ્ણનું સાદૃશ્ય વિષ્ણુ ભગવાનમાં છે. સત્ત્વ સ્વરૂપવાળા ભગવાન્ દ્વારા લોકો શુભ ફલ મેળવે છે. તે ભગવાનનું આરાધન જ્ઞાનયુક્ત મુનિઓ અને તેમના સેવકો કરે છે. તેમને આ જન્મમાં જ કૃતાર્થતા મળે છે. ઘોર-સ્વરૂપોનું ધ્યાન કરવાથી ચિત્ત અશાન્ત બને છે. અશાન્ત ચિત્તવાળાને જ્ઞાન ન થાય. જ્ઞાન સત્ત્વગુણથી થાય. કુલપરંપરાથી કે શ્રદ્ધાથી ચાલ્યા આવતા અન્ય ગુણવાળા દેવાદિનું ભજન પણ મુક્તિની ઈચ્છાવાળા ગુણજ્ઞો છોડી દે છે. પોતાના પુરુષાર્થની સિદ્ધિ માટે ધર્મમાર્ગાનુસાર ભગવાનનાં નિઃસંદિગ્ધ સ્વરૂપોને સેવે છે. સામાન્ય ભક્તિમાર્ગમાં તો ભગવાનની મુખ્યતા છે. ભક્તિ કોઈ પ્રયોજન વગર કરવામાં આવે છે, તેથી ભગવાનનાં સર્વ સ્વરૂપો ભજનીય છે.

બધી ભગવાનની જ લીલા છે :

આમ છતાં, લોકો પોતાના જેવી પ્રકૃતિવાળા દેવાદિને ભજે છે. રજોગુણ તથા તમોગુણોથી અનેક કામનાઓ-ઈચ્છાઓ-થાય છે. તે પૂર્ણ કરવા માટે તેવા ગુણોવાળા દેવાદિને ભજે છે. આ પણ ભગવાનની પ્રવાહસૃષ્ટિ - લીલા છે.

વાસ્તવમાં તો, સઘળાય વેદ, યજ્ઞ, યોગ, ક્રિયા, જ્ઞાન, તપઃ, ધર્મ અને ગતિ એ સઘળાં પ્રમાણ

ભગવાન્ વાસુદેવ-પરક છે. એ ભગવાન્ પાંચ પ્રકારની લીલાઓ કરે છે :

(૧) સમગ્ર વિશ્વને ભગવાન્ સર્જે છે.

(૨) સર્જ્યા પછી એ ભગવાન્ એ સૌમાં પ્રવેશ કરે છે.

(૩) પોતે એક હોવા છતાં અનેક રૂપે દેખાય છે.

(૪) સર્વમાં વિરાજીને ભોગ કરે છે.

(૫) અવતાર લઈને ભક્તોની રક્ષા કરે છે.

અધ્યાય : ૩

ભગવાનના અવતારનો વિચાર :

ભક્ત ભગવાનમાં રત બને, તો ભગવાન્ ભક્તમાં અનુરત બને. ભગવાન્ ભક્ત સિવાય રહી ન શકે, ભક્તનાં દુઃખ સહી ન શકે; ત્યારે ભગવાન્ પોતે ભક્ત પાસે પધારે છે. વ્યાપિ-વૈકુણ્ઠલોકમાંથી ભગવાનનું ભક્ત પાસે પ્રકટ થવું-પધારવું-તે અવતાર છે. દેવ, પશુ, માનવ કે મિશ્ર-જાતિમાં પણ પ્રભુ અવતાર લે છે. અવતાર લઈને કરવાનાં અસુરવધાદિ કામ તો સર્વસમર્થ વિભુ પ્રકટ થયા વગર પણ કરી શકે, છતાં માત્ર ભક્તકાર્ય માટે ભાવવશ ભગવાન્ પધારે છે. પધારવું તથા સર્વ કાર્ય કરવાં તે ભગવાન્ માટે તો રમત માત્ર છે. અનાયાસે, હર્ષથી થતી તે ચેષ્ટાઓ લીલા છે. અક્ષરબ્રહ્મ, કાલ, કર્મ-સ્વભાવ, તત્ત્વાદિ રૂપે પણ ભગવાન્ જ અવતરે છે, છતાં તેમાં યોનિત્વ, અધિકારિત્વાદિથી દ્વિરૂપતા છે, તેથી અવતારપણું નથી. તેમાં સ્વેચ્છા-લીલા નથી. ભગવાનની ભૂતલીલા સાક્ષાત્ - "एतस्माज्जायते प्राणः ।"- રૂપે અને પરંપરાથી "तस्माद्वा एतस्मादात्मन आकाशः संभूतः ... ।" - રૂપે બે પ્રકારની છે. ભૌતિકલીલા પણ બે પ્રકારની છે. (વિરાડ્‌રૂપ) બ્રહ્માંડનું નિર્માણ કરીને (પુરુષસૂક્તમાં) અને તેમ કર્યા વગર (ઉપર શ્રુતિમાં કહેલ). ભગવાન્ અવતાર લઈને પધારે છે, ત્યારે વર્તન તથા વાણી દ્વારા ધર્મો પણ શીખવે છે. ભગવાને સૌથી પહેલાં પુરુષ રૂપનો સ્વીકાર કર્યો. પુરુષ રૂપ સૌથી પહેલો અવતાર છે ત્યાર પછી નારાયણના નાભિકમલમાંથી બ્રહ્માજી થયા. એ ભગવાનનો બીજો અવતાર છે. ભગવાનના અનેક હાથપગવાળા પુરુષ રૂપનાં દર્શન સૌને નથી થતાં, પણ યોગિપુરુષોને જ્ઞાનદૃષ્ટિથી થાય છે. તે (પુરુષ) સર્વ અવતારોના (આધાર) આશ્રય રૂપ છે. તે અવ્યય છે. તેમાંથી સઘળા અવતારો આવિર્ભૂત થાય છે; અને કાર્ય પૂરું થતાં અવતારો અંદર (પુરુષ રૂપમાં) આવીને વિરાજી જાય છે. ભગવાનના દત્ત, વ્યાસ, કપિલાદિ કેટલાક અવતારો જ્ઞાનશક્તિ-યુક્ત અને વરાહાદિ કેટલાક અવતારો ક્રિયાશક્તિવાળા હોય છે. ભગવાન્ કૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ છે. તેમાં જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ એ બન્ને સંપૂર્ણ છે. સૂતજીને પણ કૃષ્ણાવતારનું કાર્ય સ્પષ્ટ ખબર નથી, તેથી માત્ર સામાન્ય રીતે એનું નિરુપણ કર્યું છે. નારદ, નર વગેરે આવેશાવતારો છે. તેમાં અમુક કાર્ય પૂરતો જ ભગવાનનો આવેશ થાય છે.

ભગવાનની ક્રિયા ભક્તોનાં બહારનાં દુઃખોને દૂર કરે છે, અને જ્ઞાન અંદરનાં દુઃખોને દૂર કરે છે. ભક્તોનાં ઉભય (બહારનાં અને અંદરનાં) દુઃખો દૂર કરવા માટે ભગવાનના અવતારો છે. તે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એ વર્ણધર્મોના પણ સૂચક છે.

ગીતાજીમાં અવતાર-નિર્દેશ :

ગીતાજીમાં પણ ભગવાનના અવતારોનો વિચાર દેખાય છે. "अजोऽपि सन्नव्ययात्मा"- થી જ્ઞાન અને ક્રિયાશક્તિવાળા પૂર્ણાવતારનો ઉલ્લેખ છે. "यदा यदा हि धर्मस्य... ।"થી જ્ઞાનશક્તિવાળા આચાર્ય- ઋષિ વગેરે રૂપ અવતારનો ઉલ્લેખ સંભવે છે. "परित्राणाय साधूनां ।"થી ક્રિયાશક્તિવાળા અંશ અંશાંશાદિ અવતારનો ઉલ્લેખ છે.

"પુરુષ" - શબ્દની વ્યુત્પત્તિ :

ભગવાને લોકસર્જનની ઈચ્છા કરી. તે માટે પહેલાં "जगृहे पौरुषं रूपं...." - પુરુષસંબંધી સ્વરૂપ સ્વીકાર્યું. પુરુષ શબ્દ ત્રણ રીતે બને છે.

(૧) पुरि वसतीति पुरुषः । संप्रसारण અને षत्व થાય છે. પુર એટલે શરીર, તેની અંદર રહેનાર પુરુષ. આ અર્થમાં જીવ પણ સંભવે.

(૨) पुरमुषतीति पुरुषः । उष दाहे ધાતુથી બને, આ વ્યાખ્યામાં પુરુષનો અર્થ ભગવાન્ થાય છે.

તપાવેલા લોખંડના ગોળામાંના અગ્નિની જેમ અંડમાંથી પ્રકટ થયેલ હોવાથી તેની અંદર જ સર્વનિર્માણ છે. તેમાં સર્વને મુક્તિદાન પ્રયોજન છે. આ બ્રહ્માંડ પુરુષાકૃતિ છે, પુરુષ નથી. શુદ્ધ-સત્ત્વાત્મક શરીરની જેમ તત્ત્વોથી બનેલું પુરુષ રૂપ ભગવાન્ સ્વીકારે છે.

(૩) पुरा आस्त इति पुरुषः । "व्यत्ययो बहुलम् ।"થી "ઉ"કાર થાય. આ અર્થમાં શરીર- સંબંધ નથી. અહીં, પુરુષનો અર્થ ભગવાન્ છે. બીજજન્ય બ્રહ્માંડમાંથી ભિન્ન રૂપે મહત્તત્ત્વ, અહંકાર અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સાતથી બનેલું, અગિયાર ઈન્દ્રિયો અને પાંચ મહાભૂત એ સોળ કળાયુક્ત -પૌરુષ રૂપ ભગવાને ગ્રહણ કર્યું. ગણાવેલા સાત અને સોળ મળીને ૨૩ પ્રાકૃત - પદાર્થ થયા. આ સૃષ્ટિમાં પ્રકૃતિ-પુરુષ ભગવાન્ પોતે જ છે. આ આદ્યસૃષ્ટિ છે.

સૃષ્ટિસર્જન પહેલાંના ભગવાનના બે અવતારો :

સઘળા લોકો ભગવાનના ઉદરમાં રહેલા છે. તેમની સૃષ્ટિ અને ઉદરમાં સ્થિતિ થાય તેમ કરવા માટે ભગવાને આ બ્રહ્માંડ-દેહ સ્વીકાર્યો છે. આ પુરુષશરીરના સ્થૂલ અવયવોથી જ સર્વ લોકવિસ્તાર ગણેલો છે. ઊર્ધ્વગોલ આ દેહ છે. આ ભગવાનનું જ સ્વરૂપ છે. ભગવાનને પ્રાકૃત રૂપ નથી, પણ આ શુદ્ધસત્ત્વાત્મક શરીર છે. તે સર્વ-કાર્યમાં પ્રવૃત્ત છે. પ્રાકૃત આંખે તો જગત્ દેખાય છે, પણ યોગીઓ પોતાનાં દિવ્ય જ્ઞાનનેત્રો વડે અનેક ચરણ, ઊરુ, હાથ, મો, મસ્તક, કાન, નેત્ર, નાસિકાઓવાળા, અનેક મુકુટ, વસ્ત્ર, કુંડલોથી શોભાયમાન ભગવાનના અદ્‌ભુત પુરુષરૂપનાં દર્શન કરે છે. તે સર્વ અવતારોના બીજરૂપ - આધારરૂપ - અવ્યય છે. આ ભગવાન્ આદિ-નારાયણ પોતાની પ્રાણીમાત્રના ક્લેશને દૂર કરનારી યોગનિદ્રા નામની શક્તિને શરીરમાં વ્યાપ્ત કરીને જલરૂપ શૈયામાં પોઢ્યા હતા. ભગવાનના નાભિ રૂપ હ્રદમાંથી કમલ થયું. તે ત્રૈલોકયાત્મક નાભિકમલમાંથી બ્રહ્માજી પ્રકટ થયા. પ્રથમ કાર્ય રૂપ હોવાથી તે "બ્રહ્મ" શબ્દથી ઓળખાય છે. કર્તા તરીકે સ્વતંત્રતા માટે પુલ્લિંગમાં "બ્રહ્મા" છે, એટલે ભગવાનના જે બાવીસ અવતારો ગણાવ્યા છે, તેમાં આ બે ગણતાં

કુલ ૨૪ અવતારો પ્રસિદ્ધ છે.

શ્રીભાગવતમાં ગણાવેલા બાવીસ લીલા અવતારો : તેમની વિશેષતા - લીલા :

અવતારો લોકોને સુખ દેવા માટે, વિચક્ષણ બનાવવા માટે છે. એ અવતારોમાં પહેલા છ અવતાર બ્રાહ્મણ તરીકેના છે. પછીના ત્રણ અવતારો ક્ષત્રિય રૂપે છે. અને પછીના ચાર અવતારો વૈશ્યત્વે છે. ભણવું- ભણાવવું, યજ્ઞ કરવા-કરાવવા, દાન દેવું-લેવું; આ છ ધર્મ બ્રાહ્મણના ! શત્રુજય, ધર્મનિષ્ઠા અને પ્રજાપાલન- આ ત્રણ ધર્મ ક્ષત્રિયના છે.

બ્રાહ્મણ-અવતારોમાં સૌથી પહેલો અવતાર બ્રહ્માના મનમાંથી સનત્કુમારો રૂપે થયો. તેમનામાં ભગવાનનો આવેશ છે. જીવને માટે ઈન્દ્રિય-સંબંધથી બ્રહ્મચર્ય અશક્ય છે. ભગવદ્ધર્મ સામર્થ્યથી જ વિષય-વૈરાગ્ય સ્થિર થાય, સાચો સંયમ શક્ય બને. જેની પાસે કામદેવ પણ કુત્સિત લાગે તે - કુમાર !- "कुत्सितो मारो यस्मात् सः कुमारः ।" હરિશરણ અને બ્રહ્મચર્યવ્રતથી સનત્કુમારો સર્વદા કુમાર અવસ્થામાં રહે છે. સંયમ સફલ બનાવે છે. સેવા, સફલતા, સ્વાસ્થ્ય, શાંતિ, સ્વાધ્યાય માટે સંયમ (બ્રહ્મચર્ય) આવશ્યક હોવાથી ભગવાને તે શીખવ્યું છે.

બીજો અવતાર વરાહનારાયણ છે. આદિવરાહકલ્પમાં નિર્મિત પૃથ્વીનો ઉદ્ધાર વરાહકલ્પમાં કર્યો છે. આ પુરુષાવતાર નથી, પણ યજ્ઞાધિષ્ઠાતા ધર્મ રૂપ ભગવાનનો અવતાર છે, ક્રિયા રૂપ છે. વરાહ પશુઓના ક્રોધ રૂપ છે. લોભ રૂપ હિરણ્યાક્ષને મારી, યજ્ઞ રૂપ ધર્મતત્પરતા રાખતાં શિખવે છે. લોભ નરકનું દ્વાર છે. ભક્તિનાશક છે. તેને દૂર કરી સર્વોપયોગી સેવા-કાર્યમાં સાવધ રહેતાં શિખવે છે. આ વરાહ વિરાડ્માંથી પ્રકટ થયા છે. ત્રીજા સ્કંધમાં કહેલા વરાહ બ્રહ્માની નાસિકામાંથી પ્રકટયા છે. યજ્ઞ ક્ષત્રિયમાં પ્રતિષ્ઠિત છે, બ્રાહ્મણ પછી થયા તેથી બીજા ગણ્યા છે.

ત્રીજો અવતાર દેવર્ષિ નારદજી છે. તે આવેશ છે. કર્મનાં બંધન ન રહે એ રીતે નિષ્કામ કર્મ કરવા માટે એમણે વૈષ્ણવતંત્ર-પંચરાત્ર કહ્યું. સઘળાં કર્મ બંધન કરે, તેનાં ફલ ભોગવવાં પડે, પણ ભગવાનના સંબંધવાળાં કર્મ-સેવા-કૃતાર્થ કરે. આ સેવા-સ્મરણ અને સ્વાધ્યાય શિખવે છે. સેવાની સમજ ભગવાન્ જ આપી શકે.

ચોથા અવતારની અંદર ભગવાન્ નર અને નારાયણ સ્વરૂપે પ્રકટ થયા. નારાયણ અવતાર અને નર આવેશ છે. તેઓ તપ કરે છે. સામાન્ય રીતે તપથી ક્રોધ આવે છે. ક્રોધ વગરનું તપ ભગવાન્ નારાયણ કરે છે. કલ્યાણ માટે કાયાને કસવી તે તપ, પણ પ્રતિકૂલતામાં ઉગ્ર કે વ્યગ્ર ન થવું, શાન્ત-મક્કમ રહેવું, તેમ આ અવતાર શિખવે છે. બ્રહ્મચર્ય, યજ્ઞ, પ્રભુસેવા અને ઉપશમ (શાંતિ) એ ચારે આશ્રમના ધર્મો ક્રમશઃ ગણાવી દીધા. ભક્તિ અને વૈરાગ્ય રૂપ પરમહંસ ધર્મ બે સ્વરૂપે બતાવ્યો.

પાંચમો અવતાર કપિલદેવજી છે. સાંખ્યજ્ઞાન, પુરાણનો પ્રચાર ન હોવાથી, યોગમિશ્ર થવાથી અને અંગભૂત ત્યાગના અભાવથી નષ્ટ થઈ ગયું. તે આસુરી-ઋષિને દીધું. સ્ત્રીશૂદ્રને પણ આ જ્ઞાન હોવાથી પ્રવર્તક આસુરી છે. માતાને પણ જ્ઞાન દઈ તેનો ઉદ્ધાર કર્યો. અભ્યાસના અભાવે આજે આપણા પ્રાચીન ગ્રંથોનો લોપ થઈ રહ્યો છે. તેની સુરક્ષા કરવાનું અવતાર શિખવે છે. સામાન્ય લોકોમાં પણ સાચા જ્ઞાનપ્રચારથી જ સંસ્કાર અને સંસ્કૃતિની રક્ષા થાય. શરીરસુખ અને સૌન્દર્ય-પ્રસાધનો

છોડી આત્મકલ્યાણ માટે પ્રયાસ કરવાનું આ અવતાર સૂચવે છે.

છઠ્ઠા અવતારમાં ભગવાન્ દત્તાત્રેયજી થયા. અનસૂયા દ્વારા પ્રાદુર્ભૂત થયા. અલર્ક રાજા, પ્રહ્લાદ વગેરેને યોગપુરઃસરનું આત્મજ્ઞાન આપ્યું, સન્નિષ્ઠાવાળાને જ્ઞાન દેવું, કોઈની અદેખાઈ ન કરવી, ચિત્તને ગમે ત્યાં ભટકવા ન દેવું, આહારવિહારમાં યોગ્યાયોગ્યતાનું ધ્યાન રાખવું, નિયમિત રહેવું, ગુણગ્રાહી થવું,- એમ આ પ્રભુ શિખવે છે.

સાતમા અવતારમાં ભગવાન્ સુયજ્ઞ નારાયણ થયા. યજ્ઞો બ્રાહ્મણ કરે અને ફળ ક્ષત્રિયને મળે. દીકરા રુચિ ઋષિને પણ દાદા મનુએ સ્વીકાર્યા. પ્રથમ મન્વન્તરમાં રક્ષા કરી. રાજ્ય કર્યું. પોતાની પાસેની સારી વસ્તુઓને સૌના કલ્યાણ માટે અર્પણ કરવી તે યજ્ઞ. સમાજનાં શીલ, શાંતિ અને સુખની સુરક્ષા માટે તે જરૂરી છે. આ સુયજ્ઞાવતારનો સંદેશ છે.

આઠમા અવતારમાં ભગવાન્ ઋષભ-દેવજી થયા. જ્યારે દેશકાલ સ્વસ્થ હોય ત્યારે બધા આશ્રમ- ધર્મો થાય. આ ગુણાવતાર વિષ્ણુનો અવતાર છે. ધૈર્યનું તેમાં દર્શન છે. તેમની પરમહંસ-દશા છે. પાખંડનો અભાવ છે. સર્વને તે આદરણીય છે. વ્યર્થ વિલાસોનો ધૈર્યપૂર્વક ત્યાગ કરી નિઃસંગ થવું, - એમ તે સૂચવે છે.

નવમા અવતારમાં ઋષિઓએ પ્રાર્થના કરતાં ભગવાન્ પૃથુ રૂપે પ્રાદુર્ભૂત થયા. આ આવેશી છે. ગાયરૂપ પૃથ્વીનું દોહન અવતારકાર્ય છે. જીવથી તે ન બને. પ્રજાને અને સૌને ઈચ્છેલાં સુખ દઈને સંતુષ્ટ કર્યાં. પરોપકાર-પરાયણ થવું, સતત ઉદ્યમશીલ રહેવું, પોતાના વખાણની અપેક્ષા ન રાખવી, નિરાશ ન થવું. આ પૃથુ રાજા શિખવે છે.

હવે, વૈશ્યાવતાર કહે છે. "वञ्चनेन कार्यसिद्धिर्वैश्यता ।" - છેતરીને કાર્ય કરી લેવું તે વૈશ્યપણું છે. ભગવાન્ તરીકે ઓળખાય નહિ, તેથી છેતરે અને પોતાનું કાર્ય કરે, તેથી વૈશ્ય! ચાક્ષુષ- મન્વન્તરની સમાપ્તિ સમયે મત્સ્યનારાયણ-સ્વરૂપથી ભગવાને વૈવસ્વત-મનુને સપ્તર્ષિઓ સાથે પૃથ્વી રૂપ નાવમાં વિરાજાવીને રક્ષા કરી. આ સમયે થયેલો પ્રલય માયિક નથી. ચાક્ષુષ મન્વન્તર પણ ક્યારેક ચૌદમો હોય છે, તેથી પ્રલય અંતે સંભવે છે. ભગવાને મનુને જ્ઞાન પણ આપ્યું. દેવ રૂપ હોવાથી પૃથ્વી નૌકાનું સ્વરૂપ લઈ શકે. ભક્ત-પરિપાલન અવતાર-ધર્મ છે. જીવનમાં પ્રયત્નપૂર્વક સત્ય, વ્રત, ભક્તિ, જ્ઞાન વગેરેની રક્ષા કરવી. સદાચાર-પરાયણ રહેવું, - તેમ શિખવે છે. આ દશમો અવતાર છે.

અગિયારમા અવતારમાં દેવ અને દાનવ સમુદ્રમંથન કરતા હતા, ત્યારે સમુદ્રમાં ડૂબતા મંદરાચલને ધારણ કરવા માટે ભગવાન્ કૂર્મનારાયણનું સ્વરૂપ લઈને પ્રકટ થયા. આ આદિકૂર્મનો અવતાર છે. અમૃત ન પીધું, છતાં સહકાર દીધો. સઘળાં દુઃખો સહન કરીને, પોતાને લાભ કાંઈ ન દેખાય, છતાં પણ સત્કાર્યમાં સાથ દેવો, - તેમ આ દર્શાવે છે. કપટથી થતા સમુદ્રમંથનમાં સાથ દઈને દેવહિત કર્યું છે.

બારમો અને તેરમો અવતાર એકસાથે થયા, માટે વ્યાસ મહર્ષિજીએ એક શ્લોકમાં એમની કથા સાથે કરી. દેવોને અમૃત દેવા માટે ધન્વન્તરી તરીકે ભગવાન્ અમૃત કલશ લઈને પ્રકટ થયા. (પછી કાશીરાજાને ત્યાં આયુર્વેદ - દાન કરનારા ધન્વન્તરિ તરીકે જુદા રૂપે પ્રકટ થયા.) આ વિષ્ણુનો

અવતાર છે. ધન્વન્તરી પાસેથી દાનવોએ અમૃતનો કલશ ઝૂંટવી લીધો. દેવોને અમૃતપાન કરાવવાનું પોતે વચન આપ્યું હતું, તે પૂર્ણ કરવા ભગવાને ધન્વન્તરિ-સ્વરૂપમાં જ મોહિની-નારાયણનાં દર્શન કરાવ્યાં. એ મોહિની સ્વરૂપનાં દર્શન દેવોને નથી થયાં, માત્ર દાનવોને જ થયાં છે! પોતાના સામર્થ્યથી સ્ત્રીરૂપ બતાવીને ભગવાને દાનવોને મોહ કરાવ્યો. વસ્તુમાં કે વ્યક્તિમાં મોહકતા દેખાય, - તે મોહિની! તેનાથી ભાન ભૂલી જવાય તે અસુરપણું છે. કોઈ પણ વસ્તુની કે વ્યક્તિની મોહકતાને જોતાં એમાં મોહ ન પામવો. એમાં મુગ્ધ ન થવું. પ્રભુને યાદ કરવા,-એમ મોહિનીનારાયણ સૂચવે છે. ધન્વન્તરીજીએ દેવોને અમૃત આપ્યું, તેમ જિજ્ઞાસુઓને કથામૃત કે જ્ઞાનામૃત દેવું,-એમ તે સૂચવે છે. ઉત્તમ વસ્તુ અધિકારીને દેવાય.

ચૌદમો અવતાર ભગવાનનો નૃસિંહ રૂપે છે. તે કાલનો અવતાર છે. નૃસિંહ ભગવાને સ્વકીયનો વધ કર્યો અને તદીયની રક્ષા કરી. હિરણ્યકશ્યપુ પહેલાં પોતાનો દ્વારપાલ હતો. તે અવધ્ય હતો, છતાં પ્રભુએ નખથી ચીરી નાખ્યો! તેના પુત્ર પ્રહ્લાદની રક્ષા કરી. આ પુષ્ટિમાર્ગ (કૃપા) સ્વરૂપ છે. નરનું રૂપ અને સિંહનું રૂપ એકમાં જ જગતમાં જોવા મળે નહિ. અલૌકિક છે, તેથી પણ પુષ્ટિરૂપ છે. સત્તા, સમ્પત્તિની પરવા કર્યા વિના, દુઃખથી ડર્યા કે ડગ્યા વિના કોઈની કૂથલી કર્યા વિના, પ્રભુને ભજનારની-શરણે રહેનારની રક્ષા પ્રભુ કરે જ છે, - તેમ આ અવતાર સમજાવે છે.

નૃસિંહ ભગવાનથી શરૂ કરી નવ અવતારો ભક્તિમાર્ગીય મુખ્ય અવતારો ગણાય છે. નૃસિંહ મૂલરૂપ છે. પછીના ત્રણ બ્રહ્મભાવે, ત્રણ ક્ષત્રિય-ભાવે અને એક વૈશ્યભાવે અને એક મૂલરૂપે કહેલા છે.

પંદરમો અવતાર ભગવાન્ વામનજીનો છે. તે વિષ્ણુનો અવતાર છે. પોતાના ભક્તનું હિત કરીને કૃતાર્થ કરવા માટે, એના યજ્ઞમાં ભગવાન વામનજી સ્વયં પધાર્યા. બલિરાજાના યજ્ઞમાં પધારવું, તે જ અવતાર કાર્ય છે. બલિરાજા પાસેથી પોતે આપેલું સર્વસ્વ પાછું લઈ લેવું એ તો દેવકાર્ય છે. પોતે અ-વામન છતાં વામન થયા. સ્વરૂપ અને સ્વધર્મ પણ ભગવાને ભક્ત માટે અન્યથા કર્યાં! તે વિશેષ છે. ભક્તનો અનર્થ ભગવાન્ ક્યારેય ન થવા દે. તેને કૃતાર્થ કરવા માટે અવશ્ય પધારે છે. સત્યરત બને, પ્રભુ માટે પ્રયત્ન- પરાયણ બને, પ્રભુ માટે સર્વસ્વનો ઉપયોગ કરે, - તેનો પ્રભુ અંગીકાર કરી, સત્ફલ આપે છે, - તેમ આ દર્શાવે છે.

સોળમા અવતારમાં ભગવાન્ પરશુરામ રૂપે પ્રકટ થયા. તે વૈશ્વાનરનો અવતાર છે. પોતાના પિતાનો અપરાધ ક્ષત્રિયોએ કર્યો, તેથી શિક્ષા કરવા માટે, પૃથ્વી ઉપરથી તેમણે એકવીસ વખત ક્ષત્રિયોનો નાશ કર્યો. પિતાનો અપરાધ એ માત્ર નિમિત્ત હતું. વાસ્તવમાં તો, બ્રાહ્મણનું રક્ષણ-સન્માન-આજીવિકા-સંપાદન સમાજનું અનિવાર્ય કર્તવ્ય છે. બ્રાહ્મણની અવજ્ઞા સૌને વ્યગ્ર બનાવે છે, - તેમ અહીં સૂચન છે.

સત્તરમા અવતારમાં પરાશર મહર્ષિજી દ્વારા ભગવાન્ વ્યાસજી તરીકે પ્રકટ થયા. તે વિષ્ણુના જ્ઞાનનો અવતાર છે. તેમણે વેદની અનેક શાખાઓ કરી. અનંત સ્વરૂપવાળા યજ્ઞનું એક સ્વરૂપ, વેદના જેટલા ભાગમાં પ્રતિપાદિત હોય, એટલા વિભાગને શાખા કહેવામાં આવે છે. બ્રાહ્મણે સઘળા વેદ

ભણવા જોઈએ, છતાં વ્યાસ મહર્ષિજીએએક સ્વરૂપ પણ સર્વરૂપાત્મક હોવાથી, પ્રમેયબલથી, વિભાગ કર્યા, જેથી અલ્પબુદ્ધિવાળા પણ વેદાધ્યયન કરીને બાકીનો સમય ભગવાનની ભક્તિ કરી શકે. પુરાણ-વિભાગો તથા ભાગવત પણ પ્રકટ કર્યું. સમજુ કે અણસમજુ સૌના કલ્યાણ માટે જ્ઞાન તથા ભક્તિનો પ્રચાર કરવો. જ્ઞાન-ભક્તિનો પ્રચાર- પ્રકાશ સૌને સાચી સમૃદ્ધિ આપે છે, તેમ વ્યાસાવતાર શિખવે છે.

અઢારમા અવતારે ભગવાન્ રામ તરીકે પ્રાદુર્ભૂત થયા. તે વાસુદેવનો અવતાર છે. ભગવાને સમુદ્રનિગ્રહ કર્યો. સમુદ્ર ઉપર સેતુ બાંધ્યો. મર્યાદાશાસ્ત્ર પ્રમાણે સમુદ્રનું ઉલ્લંઘન થાય નહિ. ભગવાને આ કાર્ય કર્યું. આ છે, - અવતાર કાર્ય-પુષ્ટિ ! વાલિવધ, પરશુરામજય વગેરે બીજાં પણ પુષ્ટિકાર્ય કર્યાં છે. રાવણવધ તો દેવકાર્ય છે. શાસ્ત્ર અને સંતને સાનુકૂલ જીવવું, સંયમશીલ રહેવું, સાધુત્વસન્નિષ્ઠ રહેવું, - તેમ તે શિખવે છે.

ઓગણીસ અને વીસમા અવતારમાં ભગવાન્ બલરામ અને કૃષ્ણ થયા. કૃષ્ણ અવતાર છે. બલરામ આવેશ છે. સંકર્ષણ રૂપ બલરામ છે. ચતુર્વ્યૂહાત્મક કૃષ્ણ છે. નારાયણાંશ, કેશ, સુતપા અને વૃષ્ણિ પર પ્રસન્ન થયેલા, અને ભગવાનનાં એકરૂપ અનેક રૂપે કહેલાં છે; અને એક બલરામ. આમ, પાંચ અવતારો છે. જન્મ બે છે. અવતારનું વિશેષ-કાર્ય ભગવાન્ પોતે કરે છે. ભૂભારહરણ સામાન્ય રીતે લોકપ્રસિદ્ધ કાર્ય છે. સૌનાં દુઃખ દૂર કરી ચિંતાનો ભાર ઉતારવો, - તેમ તે શિખવે છે.

જેમને વેદમાં અધિકાર નહોતો તેવા લોકોએ પણ વેદમાં પ્રવૃત્તિ શરૂ કરી. અનર્થ આરંભ્યો. એમને યુક્તિપૂર્વક અટકાવવા માટે ભગવાને બુદ્ધ તરીકે અવતાર લીધો. આ વાસુદેવનો અવતાર છે. ધર્મની રક્ષા માટે યોગાનુકૂલ રીતે યુક્તિપૂર્વક ધર્મ-પ્રવૃત્તિ કરવી. ધર્મમાં ઘૂસેલા ધર્મ-શત્રુઓને યુક્તિથી દૂર કરવા, - તેમ તે સૂચવે છે.

હવે જ્યારે, કલિયુગની સંધ્યા આવશે ત્યારે વિષ્ણુયશા નામના, શંભલગામમાં રહેતા, વૈષ્ણવ બ્રાહ્મણને ત્યાં કલ્કિ નામે ભગવાન્ પ્રકટ થશે. આ પુરુષનો અવતાર છે. કૂર્મથી બુદ્ધ સુધી પુરુષનો અવતાર નથી. ક્ષીણ થયેલા જગતનો પુનરુદ્ભવ કલ્કિ કરશે, સત્ય-યુગનો આરંભ કરશે. કલહને કડક હાથે દાબી દેવો, સૌજન્યની સુરક્ષા કરવી, નષ્ટ થયેલાં પ્રાચીન સત્યો - ઉદાત્ત મૂલ્યોનું પુનરુત્થાન - કરવું તેમ આ શિખવે છે.

બધા અવતારો પુરુષરૂપ આદિ-નારાયણના અંશ-અંશાશ-કલા-આવેશ-વગેરે રૂપ છે, કૃષ્ણ તો "સ્વયં ભગવાન્" છે :

ભગવાનના આટલા લીલા-અવતારો તો ગણાવ્યા, પણ વાસ્તવમાં તો સર્વ ભગવદ્રૂપ હોવાથી ભગવાનના અવતારો અગણિત છે. ઋષિઓ, મનુઓ, દેવો, મનુપુત્રો, પ્રજાપતિ વગેરે બધા ભગવાનની જ કલારૂપ છે. સઘળા અવતારો પુરુષ રૂપ ભગવાનના અંશ - અંશાંશ, આવેશ કે કલા રૂપ છે. પુરુષ વગેરે જેના અંશરૂપ છે, - તે ભગવાન્ શ્રીકૃષ્ણ તો પૂર્ણપુરુષોત્તમ છે !

યુગે યુગે ભગવાન્ અવતાર લઈ લોકોને સુખનું દાન કરે છે. જે વખતે, જેવું પ્રયોજન હોય તે વખતે તેવા રૂપે પ્રકટ થાય છે. કૃષ્ણાવતારનું પ્રયોજન ગોપ્ય છે.

સાંજે અને સવારે જે સાવધાન-શુદ્ધ-માણસ આ અવતારોનું ગાન પ્રેમથી - શ્રદ્ધાપૂર્વક કરે છે, તે અનેક પ્રકારનાં દુઃખોમાંથી છૂટી જાય છે.

બ્રહ્મનું રૂપ પણ બ્રહ્મ જ છે. જડ-જીવ પણ ભગવદ્રૂપ છે :

બ્રહ્માણ્ડાત્મક આ ભગવાનનું રૂપ છે, સત્ત્વયુક્ત, પૂર્ણ બ્રહ્મનું સ્વરૂપ છે. "अरूपवदेव हि तत्प्रधानत्वात् ।"- એ બ્રહ્મસૂત્રમાં બ્રહ્મમાં સ્વતઃ રૂપ નથી, - તેમ દેખાય છે. "रूपवत्" એટલે જગત્. તે જડ છે, રૂપવાળું છે. તેવું જડ રૂપ બ્રહ્મનું નથી, તેથી "अरूपवत्" કહે છે, "अरूप" નથી કહ્યું. ભાગવતમાંનો "अरूपस्य" શબ્દ ભગવાન્ જડ રૂપ વગરના છે, - તેમ જણાવે છે, તેથી ભગવાન્ અને ભગવાનનું રૂપ જુદાં નથી. ભગવાનનું રૂપ પણ ભગવાન્ પોતે જ છે, અન્ય - રૂપ નથી, માટે "અરૂપ" છે. ભગવાન્ ચિદાત્મ" છે, - ચૈતન્ય રૂપ છે. ભગવાનનું તે બ્રહ્માણ્ડાત્મક સ્વરૂપ, આધિદૈવિક રૂપની શક્તિ માયાના સત્ત્વરજસ્તમઃ - ગુણોથી થયેલા, મહત્તત્ત્વ વગેરેનાં કાર્યથી બનેલું છે. ભગવાન્ તેમાં તપાવેલા લોહના ગોળામાંના અગ્નિની જેમ વિરાજે છે. મહાપુરુષોને તેની પ્રતીતિ થાય છે. જો કે બ્રહ્માંડ રૂપ ભગવાનનું શરીર દશ્ય છે, પણ દ્રષ્ટાથી તે વ્યાપ્ત છે, તેથી દ્રષ્ટા રૂપ છે; પણ મૂઢ-અજ્ઞાન-લોકો આ બ્રહ્માંડ રૂપ દ્રષ્ટામાં દશ્યત્વનો આરોપ કરે છે. વાસ્તવમાં, જડ દેખાતું જગત્ પણ દ્રષ્ટા છે. દશ્યનો તો આપણે આરોપ કર્યો છે. સાચું જ્ઞાન આપણી પાસે નથી, તેથી આપણને જગત્ દશ્ય તરીકે દેખાય છે; અથવા તેને દશ્ય તરીકે માનીએ છીએ. જગત્ જડ છે,- તેવી સમજ તો ભ્રાન્તિ છે; જગત્ ભગવદ્રૂપ છે, - તેવી સમજ મુખ્ય છે. જડ પદાર્થ પણ ભગવદ્રૂપ છે, તેવી રીતે જીવ પણ ભગવદ્રૂપ જ છે. જીવમાં ભગવદ્રૂપની સમજ મુખ્ય છે. જીવમાં જીવ તરીકે સમજ ગૌણ છે.

ભગવાન્ જ જીવને પોષે છે : સર્વ કાંઈ ભગવાન્ જ છે :

ભગવાનનું આ જે સ્થૂલ બ્રહ્માંડ રૂપ બતાવ્યું તેનાથી જુદું સૂક્ષ્મ રૂપ છે. તે સર્વ ઈન્દ્રિયથી અગોચર છે. એટલે અવ્યક્ત શબ્દથી તેનો વ્યવહાર થાય છે. હાથ, પગ વગેરે આકારે પરિણામ ન પામેલા સ્વાભાવિક ગુણોથી એ વ્યાપ્ત છે. અદષ્ટ છે, - એટલા માટે એ જડ પદાર્થ નથી. વેદમાં એનું વર્ણન નથી, - માટે એ બ્રહ્મ નથી, છતાં વસ્તુ રૂપે અસ્તિત્વ તો ધરાવે છે; તેથી નિઃસ્વભાવ નથી. જડ, જીવ, બ્રહ્મ, - સિવાય ચોથો કોઈ પદાર્થ નથી, તેથી આ જડ અને બ્રહ્મ ન હોવાથી જીવ છે. ભગવાન્ અન્તર્યામી રૂપે નિકટ રહીને તેને પોષે છે. વસ્તુતઃ, સર્વ કાંઈ ભગવાન્ પોતે જ છે. પોતાના બ્રહ્મજ્ઞાનથી કે આત્મજ્ઞાનથી જે સ્થૂલ-રૂપ અને સૂક્ષ્મ રૂપ એ બેનો પ્રતિષેધ થાય (અવિદ્યાથી થયેલી આ પ્રતીતિ નિવૃત્ત થઈ જાય) તો બ્રહ્મદર્શન થાય છે. સર્વત્ર સાક્ષાદ્ ભગવાનનો અનુભવ થાય છે.

જડ-વસ્તુ અને જીવ, ભગવાન્ તરીકે દેખાય છે, - સમજાય છે, ત્યારે વિશારદ ભગવાનની દેવતા રૂપ માયા શાંત થઈ જાય છે; છતાં નિઃસ્વભાવ નથી થતી, પણ મતિ-રૂપા થાય છે જ્યારે તે પ્રવૃત્તિ-રૂપા હોય ત્યારે માયા છે, અને નિવૃત્તિ-રૂપા હોય ત્યારે મતિ છે. ત્યારે આ જીવ પોતાના મહિમામાં (સામ્રાજ્યમાં)- સ્વરૂપ-પ્રાપ્ત થઈને સુખ માણે છે. આમ, સર્વ કાંઈ ભગવાન્ છે. "सर्वं हरिः" - તે રીતે સપરિકર પુરુષાવતારનું નિરૂપણ કર્યું.

જીવ આધુનિક - જંતુ જેવો-કુબુદ્ધિવાળો - અજ્ઞ છે, તેથી ભગવાનની લીલાને જાણી શકતો નથી; પુષ્ટિમાર્ગને જાણતો નથી :

વેદમાં પણ ગોપ્ય ભગવાનનાં ચરિત છે. તે અજન્મા, છતાં જન્મ લે છે ! અકર્તા, છતાં પણ સઘળી લીલા કરે છે ! ભગવાનનું તે માહાત્મ્ય છે. - વિરુદ્ધ-ધર્માશ્રય છે. ભગવાન્ સર્વસમર્થ છે. તે બધું બની શકે છે, બધું કરી શકે છે. ભગવાનમાં કોઈ વિરોધ આવતો નથી. સર્વને તે પ્રેરે છે. અક્ષર-કાલ-કર્મ-સ્વભાવ-પ્રકૃતિ- પુરુષથી જગત્ થાય છે. તે વાસ્તવમાં ભગવાન્ જ કરે છે, તેથી કોઈ ગુણદોષનો સ્પર્શ પણ પ્રભુને નથી. ભગવાનની આ "ઊતિ" (ભક્તભાવપરવશ ભગવાનની લીલા) બ્રહ્માજી પણ સ્પષ્ટ રીતે જાણતા નથી કે કયા પ્રયોજનથી ? કઈ રીતે ભગવાન્ લીલા કરે છે ? તો અન્ય કોણ જાણી શકે ? "ધાતુઃ"- શબ્દ સૂચવે છે કે ભગવાન્ સૌને પ્રકટ કરનાર હોવાથી સૌથી પહેલા છે, અને ત્યાર પછી જીવ પ્રકટ થયો છે; એટલે ભગવાનની અપેક્ષાએ "આધુનિક" છે.

જીવ "જંતુ" જેવો છે. પોતાનું અસ્તિત્વ કોઈ પણ રીતે ટકાવી રાખવા, જીવતા રહેવા જ પ્રયત્ન કરે છે. ભગવાનના સંબંધમાં તર્ક-વિતર્ક કશું જ જીવ કરી શકે તેમ નથી. જેની પાસે સદ્બુદ્ધિ હોય એ ક્વચિત્ ભગવાનનો વિચાર કરી શકે, અથવા ભગવાન્ માટે પ્રયત્ન કરી શકે; પણ જીવ તો "કુબુદ્ધિવાળો" છે. એને અલૌકિકનો વિચાર આવતો નથી. લૌકિક-સુખ ભોગવવામાં અને મેળવવામાં આસક્ત છે એ કુમતિ છે.

જીવ "અજ્ઞ" છે. અજ્ઞાની હોવાથી ભગવાનની લીલા જાણી શકતો નથી. આ ચાર મહારોગરૂપ દોષથી ઘેરાયેલો જીવ મન અને વાણીથી વેદ અને રૂપનો વિસ્તાર કરીને, મોહ માટે નટની જેમ પ્રવૃત્તિ કરતા ભગવાનની લીલાને જાણી શકતો નથી. પુષ્ટિમાર્ગને-ભગવાનના અનુગ્રહ માર્ગને - તે જાણતો નથી.

ભગવાનને અનુસરીને સેવા કરે, ભગવાનના ભક્તોની સેવા કરે, તે લીલાનાં રહસ્યો સમજી શકે :

વિશ્વ રથ છે. તેની નીચે પૈડાં છે. એ રથના પૈડામાં જેમ ધરી હોય તેમ ભગવાનના હાથમાં ચક્ર વિરાજે છે. ભગવાનનો હાથ આ રથની ધરીરૂપ કાલચક્રનો આધાર છે. ઉપર બેસનારને તે દેખાય નહિ. એમ જગતમાં જીવનારને બ્રહ્મ દેખી શકાતા નથી. ભગવાનના પરાક્રમનો ક્યારેય અંત આવતો નથી. ભગવાનની ચરણસેવા કપટ વગર સતત કરે તે લીલાનું રહસ્ય સમજી શકે છે. સેવા કરીને ભગવાન્ પાસેથી બદલાની આશા રાખવી એ માયા-કપટ છે. તેનાથી પ્રભુ પ્રસન્ન ન થાય, લીલાનું રહસ્ય ન સમજાય. જે પ્રભુની પ્રસન્નતા માટે સેવા કરે, એ પ્રભુની લીલાનાં રહસ્યો સમજી શકે. સેવા પણ સતત-નિરંતર કરવી જોઈએ. સેવાને "અનુવૃત્તિ" - કહી છે.

ભગવાનની ઈચ્છા (વૃત્તિ)-ને અનુસરીને સેવા કરીએ, તેનું નામ - "અનુવૃત્તિ" ! આપણને સાનુકૂળ સેવા કરીએ એનું નામ અનુવૃત્તિ નહિ, મોટે ભાગે આપણે આપણા શરીરને સાનુકૂલ રહીને સેવા કરીએ છીએ. સ્વભાવને,-સંયોગોને, સ્વજનને અને શરીરને સાનુકૂલ થનારા તો પોતાને અનુરૂપ સેવા કરનારા છે,- ભગવાનને નહિ, તેથી તે "અનુવૃત્તિ" ન કહેવાય. માત્ર "વૃત્તિ" કહેવાય. પોતાને પ્રતિકૂલ છતાં ભગવાનની મનોવૃત્તિને અનુસરીને સેવા કરે તે "અનુવૃત્તિ" છે. ભગવાનની

વૃત્તિ-ઈચ્છા-નો મોટા પુરુષો પણ સમજી શકતા નથી. આદરપૂર્વક નિરંતર સેવાને પરિણામે, પ્રભુ અંતઃકરણમાં પ્રેરણા કરે ત્યારે, તે જાણી શકાય. તેમ ન સમજાય ત્યાં સુધી પોતાના ગુરુની આજ્ઞાનુસાર સેવા કરે તેના પર કૃપા થાય.- તે ભગવાનની લીલા સમજી શકે છે. પોતાની કલ્પનાથી સેવા કરવાથી પ્રભુ પ્રસન્ન ન થાય. પ્રભુનું ચરણ એ કમલ છે. એનું સેવન કરવાથી સુગંધ મળે છે. જેના હૃદયમાં ભગવાન્ સ્વેચ્છાથી વિરાજે, - તેની બાહ્યેન્દ્રિયો તે ગંધથી અંતઃપ્રવિષ્ટ થઈ જાય છે, બાહ્યાનુસંધાન રહેતું નથી. ચરણજ્ઞાનથી ભગવન્માર્ગ જાણી શકાય છે. આ જ્ઞાનપક્ષ છે. ભક્તિપક્ષમાં ભગવાનનું ચરણ ભક્તિમાર્ગરૂપ છે. તે શુદ્ધ, વિશદ, અંતઃકરણમાં પ્રકટેલું કમલ છે. તેમાંનો સુગંધ સંતો, ભક્તો કે પ્રેમ છે. તેના સેવન દ્વારા ભગવાનની સઘળી લીલા સમજી શકાય છે.

ભગવાનમાં શ્રદ્ધા-નિષ્ઠા-વાળા ભગવદ્રૂપ છે : ભગવાનપણું બે પ્રકારનું છે :

"**अथेह धन्या भगवन्त इत्थं**..."- કહીને સૂતે ઋષિયોને ધન્યવાદ આપ્યા. પ્રભુ-સંબંધી પ્રશ્નો પ્રભુમાં નિષ્ઠાના સૂચક છે. જેને પ્રભુમાં નિષ્ઠા હોય તે પ્રભુનું સ્વરૂપ છે. પ્રભુનિષ્ઠાવાળા પ્રભુમય છે, તેથી "**भगवन्तः**" "હે ભગવાનો' !' કહીને સંબોધે છે. ભગવાન્ પોતાના સામર્થ્યને જેનામાં પધરાવે તે ભગવાન્ જ કહેવાય. શ્રદ્ધારૂપે ઋષિયોમાં ભગવાન્ વિરાજતા હતા; એટલે સૂતે ઋષિયોને તેવું સંબોધન કર્યું.

ભગવાનપણાના બે પ્રકાર છે, નિત્ય અને અનિત્ય ! નિત્ય ભગવાનપણું માત્ર ભગવાનમાં છે, અને અનિત્ય ભગવાનપણું ભગવાનના કૃપાપાત્રોમાં છે. ભગવાન્ કોઈ પણ કાર્ય માટે પોતાનું સામર્થ્ય પોતાના ભક્તને આપે, એ ભક્ત પણ ભગવાન્ કહેવાય, આ સામર્થ્ય ભગવાનની ઈચ્છા હોય ત્યાં સુધી રહે છે, માટે તે અનિત્ય. ભગવાનમાં જ છ ગુણો-ઐશ્વર્ય, વીર્ય, યશઃ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય-રૂપ "ભગ" નિત્ય છે.

ભગવત્સંબંધી જ્ઞાન જ સાચું ધન છે, તે ધન્ય બનાવે છે :
અનુગ્રહથી મળેલું જ્ઞાન સ્વયંપ્રકાશ હોય છે :

સર્વલોકના નાથ ભગવાન્ વાસુદેવમાં સર્વસ્વરૂપ આત્મભાવ - માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સ્નેહ-કરે છે, તે ધન્ય છે. ભગવાનની ભક્તિ કે ભગવાન્-સંબંધી જ્ઞાન જ સાચું ધન છે, તે ધનને યોગ્ય હોય તે જ ધન્ય છે. તે વગર તો ગમે તેટલું ધન હોવા છતાં સૌ નિર્ધન છે. આવું ધન જેને મળે છે, તેને પુનઃ પુનઃ જન્મ અને મરણ પ્રાપ્ત થતાં નથી. એકમાત્ર ભગવાનની ભક્તિ પુનર્જન્મ અને મરણ અટકાવી દે છે. જન્મ અને મરણ બેની વચમાં એક વન આવે છે, તેનું નામ જીવન. એ વનમાં અનેક આપત્તિ આવે છે. જન્મ્યા પછી જીવનરૂપ વનમાંથી પસાર થવાનું, પછી મરવાનું ! આ બધું અતિકઠિન છે, તેથી તે "उग्रः" છે, વ્યગ્ર બનાવે છે; પણ ભક્તિ પ્રાપ્ત થઈ હોય તો આ ઉગ્ર જન્મ-જીવન-મરણની ઘટમાળ ફરીથી પ્રાપ્ત થતી નથી. સૂતે કહ્યું, "આ ગ્રંથનું નામ - ભાગવત ! તે બ્રહ્મ-વેદ-સંમત છે. તેમાંની પ્રાસંગિક કથા પણ કૃષ્ણકથા જ છે. ભગવાન્ વેદવ્યાસે અનુભવીને જિતેન્દ્રિય જ્ઞાની શુકદેવજીને શ્રીમદ્ ભાગવત વેદવત્ ભણાવ્યું છે. સર્વ વેદ, - ઈતિહાસના સાર રૂપ શ્રીમદ્ ભાગવત શુકદેવજીએ ગંગા-નદીને કિનારે શ્રેષ્ઠ ઋષિયોથી વીંટળાયેલા, અંતપર્યંત અન્નજળ

છોડીને બેઠેલા પરીક્ષિત મહારાજને સંભળાવ્યું. એ વખતે હું ત્યાં ગયો. શુકદેવજીએ કૃપા કરી, તેથી આ ભાગવત મને મળ્યું. અભ્યાસથી સામાન્ય રીતે જ્ઞાન મળે છે. અનુગ્રહપૂર્વક મળે - તે સ્વયંપ્રકાશ જ્ઞાન મળે. શુકદેવજી પાસેથી હું જે સાંભળી, ભણી, પ્રાપ્ત કરી, આવ્યો છું, એ હું જેવું જાણું છું તેવું અને જેવું સમજુ છું તેવું, મારી બુદ્ધિ- પ્રમાણે તમને સંભળાવીશ." મને આવડે છે, - એમ કહે તો અભિમાન આવે. જ્ઞાનના પ્રકાશમાં અંજાઈ જવાય, દીનતા હોય તો તેમાંથી બચી જવાય. અહીં સૂતે દીનતા બતાવી છે.

શ્રીભાગવત પુરાણ રૂપ સૂર્ય છે : ઉત્તમ પુરુષોની વિનંતીથી જ શ્રીભાગવત સંભળાવાય :

છેલ્લે છઠ્ઠા પ્રશ્નનો જવાબ પણ આપતાં બોલ્યા, - "ધર્મ, જ્ઞાન વગેરે સાથે ભગવાન્ સ્વધામ પધાર્યા ત્યારે અંધકાર રૂપ કલિયુગમાં નષ્ટ થઈ ગયેલી દૃષ્ટિવાળા માટે આ પુરાણ રૂપ સૂર્ય આ લોકમાં પ્રકટ થયો છે."

જેની દૃષ્ટિ ચાલી ગઈ છે, તે અંધકારમાં અટવાય છે. તેવા લોકો માટે પુરાણ રૂપ સૂર્ય આજે ઉદય પામ્યો છે. સૂર્ય ઉદય પામતાં પ્રવૃત્તિની શરૂઆત થાય. શ્રીમદ્ ભાગવતનો ઉદય થતાં લોકોની ભગવાન્ માટેની પ્રવૃત્તિનો પ્રારંભ થાય છે. સૂર્ય જેમ જીવનદાતા છે તેમ શ્રીમદ્ ભાગવત (પ્રેમરૂપ) જીવનદાતા છે. સૂર્ય રોગાદિને નિવૃત્ત કરનારો છે. શ્રીમદ્ ભાગવત અંતઃકરણમાં રહેલા સઘળા દોષોને દૂર કરનાર છે. ભગવાનની કૃપા પ્રાપ્ત કરાવનાર છે.

સૂતજીએ ઋષિયોના છએ પ્રશ્નોના ઉત્તર બે અધ્યાયમાં આપી દીધા. સંક્ષેપમાં પોતાના અધિકાર પ્રમાણે ભાગવત કહ્યું. વક્તા તરીકે પોતાનો અધિકાર સિદ્ધ કર્યો. ઋષિઓની જિજ્ઞાસા તપાસવા મૌન થયા. જિજ્ઞાસુને જ વધારે સંભળાવાય. કોઈ વેપારી પોતાની દુકાનમાંનો બધો માલ ગ્રાહક સામે લાવીને મૂકી ન દે, પણ થોડાક નમૂના મૂકે. તેમાં રુચિ થાય તો ગ્રાહકને વધુ માલ બતાવે. ઉત્તમ પુરુષો વિનંતી કરે, ત્યારે ભાગવત સંભળાવાય. ગમે તેને ગમે તે રીતે ન સંભળાવાય.

અધ્યાય : ૪

કથા સાંભળતાં વધેલી જિજ્ઞાસાથી શૌનકજીના શ્રીભાગવત માટે ચાર પ્રકારના પ્રશ્નો :

ઋષિયોએ આ સાંભળ્યું. પ્રસન્ન થયા. "વ્યાસજી બોલ્યા." શ્રીમદ્ ભાગવતમાં "વ્યાસ ઉવાચ"- આવે છે, - એક બીજા અધ્યાયમાં અને બીજું ચોથા અધ્યાયમાં. તેમાં વ્યાસજી કથાનું અનુસંધાન આપે છે.

સૂતજીએ આ કથા સર્વને સંભળાવી. સૌને રસ થયો. પ્રભુ પ્રકટ થશે તેવી શ્રદ્ધા થઈ, વધુ સાંભળવું હતું, પણ સાથે પૂછે તો કોલાહલ થાય, સંભળાય નહિ. તેથી જ્ઞાનવૃદ્ધ, ઋગ્વેદી કુલપતિ શૌનકે સૂતની સ્તુતિ કરી. આદરથી પ્રશ્નો પૂછ્યા. સ્તુતિના શબ્દો ગ્રંથમાં નથી. ભગવાનની લીલા સાથે સંગત ન હોય તેવું વ્યાસજીએ ગ્રંથમાં નથી લીધું. "ભગવાન્ શુકદેવજીએ જે કથા સંભળાવી હોય તે કથા સંભળાવો." પોતાના મનમાં ઈચ્છેલા પુરાણ-સૂર્ય ભાગવતના પ્રાકટ્યને જાણીને સૌ પ્રસન્ન થયા. સર્વના પ્રતિનિધિ રૂપે શૌનકે વિનંતી કરી, પછી ચાર પ્રકારના પ્રશ્નો પૂછ્યા :

(૧) ભાગવત-સંબંધી, (૨) ભાગવતના કર્તા-સંબંધી, (૩) ભાગવતના વક્તા-સંબંધી, (૪) ભાગવતના શ્રોતા-સંબંધી. તેમાં ભાગવતનાં સ્વરૂપ, ઉત્પત્તિ અને કારણ-સંબંધી પ્રશ્ન મુખ્ય છે. સૂત કહે છે : "હું જેવું સમજું છું તેવું ભાગવત સંભળાવીશ." અને ઋષિયો કહે છે : "પૂર્ણ ગુણવાળા ભગવાન્ શુકે જે કથા કરી હોય તે અમને સંભળાવો." લૌકિક બાબત અનુમાન કે કલ્પનાથી સમજાય. અલૌકિક વાત કલ્પના કે તર્કથી ન સમજાય. શૌનક માનતા કે, શાસ્ત્ર વૈરાગ્ય માટે છે; શ્રીશુક તથા પરીક્ષિતમાં પૂર્ણ વૈરાગ્ય તથા પ્રભુકૃપા છે, છતાં ભાગવત-શાસ્ત્ર-સંવાદ કેમ સંભવે ? - તે સમજવા પૂછે છે. અલૌકિક વાત શ્રદ્ધાથી સમજાય, હોય તેવી જ સ્વીકારાય. "કયા યુગમાં ? કયા સ્થાનમાં ? કયા હેતુથી ? કોની પ્રેરણાથી મુનિ વ્યાસે આ સંહિતા કરી ? એમના પુત્ર તો મહાયોગી છે. એમને કોઈ પ્રાકૃત કલ્પના નથી. એકાંતમાં જ રુચિવાળા છે; એમને કોઈનો સંગ કરવો ગમતો નથી. મૂઢ જેવા દેખાય છે. શ્રીશુક તો સર્વત્ર ભગવાનને નિહાળે છે, છતાં પોતે ઉન્મત્ત, મૂક, જડવત્ ફરે છે. આ જ્ઞાનમાં બાધક છે. જ્ઞાન માટે તો સ્થિરતા, વાણી, વ્યવહાર અને સદાચાર જરૂરી છે. ઉતાવળ, અભિમાન અને અનાચાર વિદ્યામાં વિઘ્નરૂપ છે. વનમાં વિચરતા તરુણ શ્રીશુકને નગ્ન જતા જોવા છતાં નગ્ન સ્નાન કરતાં અપ્સરાઓને સંકોચ ન થયો ! વૃદ્ધ વ્યાસજીને જોઈને સંકોચથી વસ્ત્રો ઓઢી લીધાં ! વ્યાસજીએ કારણ પૂછ્યું. સ્ત્રીઓએ કહી દીધું, - સ્ત્રી-પુરુષ-ભેદ આપને છે, આપના પુત્રને નહિ ! તે તો દેહને નહિ, દેવને દેખે છે ! સર્વત્ર ફરતા શુકને લોકોએ કઈ રીતે ઓળખ્યા ? પરમહંસ શુકદેવજી તો ગોદોહન થાય તેટલો સમય વિરાજી ઘરને તીર્થ રૂપ બનાવી દે છે. ઘરમાં અત્યંત આસક્ત બુદ્ધિ અને સંગ આ બે સંસારીના મોટા દોષ છે. તે સત્સંગથી ચાલ્યા જાય છે. શુકદેવજી પરીક્ષિતની સભામાં સાત દિવસ કેમ રોકાયા ? અભિમન્યુના દીકરાનાં મહા આશ્ચર્ય રૂપ જન્મ અને કર્મ અમને સંભળાવો : પાંડવોની કીર્તિ વધારનાર પરીક્ષિત સામ્રાજ્ય-લક્ષ્મીનો ત્યાગ કરી, અન્નજળ છોડી, ગંગાકિનારે ક્યા હેતુથી બેઠા ? લોકલાજ તો સૌને લાગે, છતાં જેના ચરણે શત્રુરાજાઓ દ્રવ્ય ભેટ ધરીને નમતા, તે વીર પરીક્ષિતે યુવાવસ્થામાં ધન અને કલેવરનો ત્યાગ વૈરાગ્યપૂર્વક કઈ રીતે કર્યો ?" "कल" - એટલે અવ્યક્ત અને મધુર. "वर" - એટલે શ્રેષ્ઠ-ભક્તિરસ. ભક્તિરસ શરીરથી અનુભવાય તેથી શરીર કલેવર છે. ઋષભદેવે દીકરાઓને દેહનો ઉપયોગ શિખવ્યો છે. દેહ સંસારનાં ઈન્દ્રિય-સુખ ભોગવીને વ્યર્થ વેડફી દેવાય નહિ. ઈન્દ્રિય-સુખ તો કૂતરાં પણ ભોગવે છે. આ શરીરનો સદુપયોગ સેવામાં કરો, તો અનંત સુખરૂપ ભગવાન્ સાથેનો સંબંધ થાય, કૃતાર્થ થવાય.

શૌનકે પ્રશ્ન પૂછતાં સૂતે કહેવાનો પ્રારંભ કર્યો. "બ્રહ્મકલ્પના પ્રથમ મન્વન્તરમાં ત્રીજા યુગક્રમે દ્વાપરયુગ આવ્યો, ત્યારે ભક્ત પરાશર અને માતા વાસવીજી દ્વારા ભગવાનની જ્ઞાનકલાના અવતાર રૂપ મહર્ષિ વ્યાસજી ભક્તિ પ્રચાર માટે પ્રકટ થયા. એક દિવસ તે પોતાના આશ્રમમાં સરસ્વતી-નદીના કિનારા ઉપર મનની સ્થિરતા માટે એકાન્તમાં એકલા બેઠા હતા. સૂર્યોદય થયો હતો. વ્યાસે સમાધિ કરી. કાલથી થતાં ધર્મ અને પદાર્થના નાશને જોયો. કલિયુગમાં લોકો શક્તિ અને સ્વાધ્યાય વગરના, ખેતી અને વરસાદ વગર પીડાતા, શ્રદ્ધા, બલ અને વિવેક વગરના, બુદ્ધિરહિત છતાં અભિમાન ભરેલા, અલ્પ આયુષ્યવાળા, દુર્ભાગ્યવાળા થશે,-એ બધું દિવ્યદૃષ્ટિથી જોયું. સૌના

હિતનો વિચાર કર્યો.

વેદ એક હતો. તેના ચાર ભાગ કર્યા. પોતાના શિષ્યોને આપ્યા. ઋગ્વેદથી હોતા, યજુર્વેદથી અધ્વર્યુ, સોમવેદથી ઉદ્‌ગાતા અને અથર્વવેદથી બ્રહ્મા કામ કરે છે. ઈતિહાસપુરાણ રૂપ પાંચમો વેદ પ્રકટ કર્યો. પુરાણ પણ બ્રહ્માના મુખમાંથી પ્રકટયું છે. વ્યાસે તેના વિભાગો કર્યા છે. વ્યાસજીના શિષ્યોએ વેદના પુનઃ વિભાગો કર્યા. વ્યાસજી દીનવત્સલ છે. એમને દયા આવી. વેદમાં તો જેને યજ્ઞોપવીત મળ્યું હોય તેનો જ અધિકાર છે. જેને તે યજ્ઞોપવીત વગેરે સંસ્કાર નથી મળ્યા, એનાથી ગાયત્રી ન બોલાય, વેદના મંત્રો ન બોલાય. સ્ત્રીને પતિ દ્વારા યજ્ઞમાં વેદ-સંબંધ છે. બ્રાહ્મણ વગેરેના સેવક સચ્છૂદ્રને પણ મંત્ર-શ્રવણ મળે, પણ સ્વતન્ત્રપણે સ્ત્રી, શૂદ્ર, પતિત, સંસ્કારરહિત-બ્રાહ્મણ વગેરેને શ્રુતિશ્રવણનો અધિકાર નથી. તે સૌને લૌકિક તથા અલૌકિક કલ્યાણ મળે તે માટે વ્યાસજીએ "ભારત" આખ્યાન કર્યું. પરોપકાર-ધર્મ વ્યાસે કર્યો, છતાં અંતઃકરણને સંપૂર્ણ સંતોષ ન થયો. વિચારમાં પડયા. મહાભારતમાં વેદના અર્થને પ્રકટ કર્યો, સૌનું કલ્યાણ થાય એવો પ્રયત્ન કર્યો, વ્રત કર્યાં. અગ્નિ, ગુરુ વગેરેને માન આપ્યું, તેમની આજ્ઞાનું પાલન કર્યું. નિષ્કપટ-ભાવે પોતાના ગુરુજનોની સેવા કરે એને શાંતિ મળે. "બ્રહ્મ-તેજ: હોવા છતાં કેમ શાંતિ મળતી નથી ?"- વ્યાસજી ખેદ કરતા હતા. ત્યાં નારદજી પધાર્યા. વ્યાસજીએ વિધિવત્ સ્વાગત કર્યું.

અધ્યાય : ૫

ભક્ત નારદજીને વૈષ્ણવ વ્યાસજીએ પોતાના ખેદનું કારણ, પોતાનામાં ખૂટતું હોય તે, કહેવા વિનવ્યા :

દેવર્ષિ નારદ સુખપૂર્વક વિરાજ્યા. બ્રહ્મર્ષિ વ્યાસને ખિન્ન જોયા. આશ્ચર્ય થયું. હસતા હોય તેમ પૂછવા લાગ્યા : "પરાશરના પુત્ર ! શરીરે સુખી છો ? મનથી પ્રસન્ન છો ? તમે વેદવિભાગ કર્યા. ચાર પુરુષાર્થ દેનારું મહાભારત કર્યું. બ્રહ્મવિચાર કર્યો, તેથી તો શોક જાય, છતાં શોક શા માટે ? વૈષ્ણવ હોય એ વ્યગ્ર ન થાય. તેને ચિંતા ન થાય, ઉદ્વેગ ન થાય. ઉદ્વેગ તો પ્રતિબંધ છે. તમે વૈષ્ણવના પુત્ર છો, વૈષ્ણવ છો, વૈષ્ણવ વ્યર્થ ચિંતા ન કરે, છતાં ચિંતા કેમ દેખાય છે ?" વ્યાસે વાત શરૂ કરી : "આપ અગાધ જ્ઞાનવાળા છો. ભગવાનના સેવક છો." અધૂરા જ્ઞાનવાળાને પૂછતાં અવળું મળે. જેની પાસે પૂર્ણ જ્ઞાન છે, એમની સલાહ જીવનમાં પ્રત્યેક પગલે લેવાય. લૌકિક-વ્યવહારમાં પણ ભગવજ્જ્ઞાનવાળાને પૂછીને પ્રવૃત્તિ કરીએ તો ભગવન્માર્ગથી વિમુખ ન થવાય. લૌકિક અને અલૌકિક જીવન કોઈ દિવસ બગડે નહિ. "આપે વર્ણવ્યું તેમ મેં સઘળું કર્યું છે, છતાં મારા અંતઃકરણમાં પ્રસન્નતા નથી. તેનું કારણ પૂછું છું. આપે પુરુષોત્તમ પ્રભુની સેવા કરી છે. ભક્તિથી સર્વ-સમર્થ છો. મારામાં ખૂટતું હોય તે વિચારીને કહો !" આપણે આપણામાં ખૂટતું શોધવા માંડીએ એટલે ઉન્નતિ આરંભાય, પોતાની અધૂરપને ઓળખે તે આગળ વધે. આવડતને ઓળખે તે અટકી પડે. પારકાના દોષ શોધવામાં પડે તેને પોતાના દોષો શોધવાની નવરાશ આવે જ નહિ. દુનિયાનાં દોષ દેખનાર દુઃખી બને. સ્વદોષ જોનાર નિર્દોષ બને, સુખી બને.

અંતઃકરણની આતુરતા હોય તો પ્રભુકૃપાથી સન્માર્ગ બતાવનાર જરૂર મળે જ છે :

વ્યાસે વિશ્વમાં વિશિષ્ટ કાર્ય કર્યાં છે, છતાં તેનાથી સુખ, શાંતિ કે ગૌરવ નથી લાગ્યાં. આપણે બધા તો જે કાંઈ થોડુંઘણું ધર્માદિ સત્કાર્ય કરીએ છીએ, તે પૂરતું છે, - એમ સમજીને બેસી ગયા છીએ. પરિણામે, છીએ તેના કરતાં આગળ વધતા નથી. અમુક માળા ફેરવીને સંતોષ માનીએ છીએ. દિવસમાં ૨૧,૬૦૦ વખત શ્વાસ લેવાય છે; તેટલાં ભગવાનનાં નામ લેવાં જોઈએ. વ્યાસજીએ ઊણપ ઓળખી તો શ્રીમદ્ ભાગવત મળ્યું. આપણી ઊણપ આપણે ઓળખીશું તો ભગવાનની કૃપા આપણા ઉપર થશે. આપણી ઊણપ આપણને ન દેખાય તો કોઈ સુપાત્રને પૂછી લેવું જોઈએ. આપણાં વખાણ ન કરે, પણ આપણી ભૂલો તરત બતાવી દે,- એવાનો સંગ કરવો. વ્યાસજીએ દોષ અને તેને દૂર કરવાના ઉપાય પણ બતાવે તેવા ભક્ત નારદને પૂછયું છે. જ્ઞાની ભક્તો રોષ કર્યા સિવાય, સંતોષ થાય તેમ, દોષ દૂર થાય એવો ઉપાય બતાવે છે. સંસારી તો સૌને પોતાની બુદ્ધિથી જ માપે છે. જેનામાં દોષ ભર્યા હોય, તે બીજાને શો માર્ગ બતાવે ? અંતઃકરણની સાચી આતુરતા હોય તો માર્ગ બતાવનાર પ્રભુ-કૃપાથી જરૂર મળે જ છે. વ્યાસને નારદ મળ્યા. નારદે તરત ઉત્તર આપ્યો.

મહાભારતમાં ભગવાનનો અમલ-યશ ગાયો નથી : નિષ્કામ કર્મ કે નિરંજનજ્ઞાન પણ નકામાં છે,-ભક્તિ વગર તો ! :

સાધુપુરુષોને કોઈની શેહશરમ ન હોય. તે સ્પષ્ટ-વક્તા અને સત્ય-વક્તા હોય. ખટપટીઆ લોકો ખોટું ન લાગે તેવું બોલે. સંતો ખોટું ન થાય તેવું બોલે. નારદે સીધી વાત કહી દીધી : "આપે ભગવાનનો અમલયશ મુખ્ય રીતે નથી ગાયો, તેથી જ તમને સંતોષ થતો નથી. આ અધૂરપ છે. જેવું ધર્માદિનું વર્ણન કર્યું છે, તેવું ભગવાન્ વાસુદેવના મહિમાનું વર્ણન કર્યું નથી." વાસુદેવનું માહાત્મ્ય, પાંડવોની સત્યતા અને ધૃતરાષ્ટ્રના દીકરાઓની દુષ્ટતા, - આ ત્રણ વાત મહાભારતમાં વ્યાસે કહી છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં જે વાતો મહાભારતમાં કહી છે, - એ જ સર્વત્ર છે. તેમાં નથી, એ ક્યાંય નથી. વ્યાસજીનો એ સિંહનાદ છે, પણ પ્રભુ કૃપા ન કરે તો એ ચારમાંથી એકેય પુરુષાર્થ સિદ્ધ થાય તેમ નથી, તેથી સાધન તરીકે તેમાં ભગવાનને ગાયા છે. ધર્મ રૂપે કહ્યો છે. અમલયશો રૂપે નહિ. ભગવાનનો અમલ યશઃ બીજા કોઈ હેતુ વગર-મુખ્ય રીતે-ગવાય, તેથી અંતઃકરણના દોષો દૂર થાય. સાધારણ લોકોને મહાભારત પાવન કરે, પતિતને નહિ, કે શુકદેવજી જેવા સમર્થને નહિ. શબ્દની સુંદરતા અને અર્થની ઉત્તમતાવાળી વાણી પણ ભગવાનના યશોગાન વગરની હોય તો હંસ જેવા ભક્તોને તેમાં પ્રીતિ ન થાય. તે તો કાગડાનું તીર્થ કહેવાય. સાધુપુરુષો તો ભગવાનના યશને ઓળખાવતાં નામ જેમાં હોય તેવી વાણી સાંભળે છે, - ગાય છે. કર્મ છોડાવનારું, નિર્મલજ્ઞાન પણ ભગવાનની ભક્તિ વગરનું હોય તો શોભતું નથી; તો પ્રભુને અર્પણ ન થયેલાં, કલેશ રૂપ કર્મ નિષ્કામ હોવા છતાં પણ ક્યાંથી શોભે ? ભક્તિ વગર જ્ઞાન કે કર્મ ફલસાધક નથી, તેથી મુખ્ય રીતે ભક્તિનો ઉપદેશ કરવો જોઈએ." વ્યાસજીનો તે અધિકાર છે, તેથી તેમને "મહાભાગ" કહ્યા. તેમણે વિચારેલું વ્યર્થ હોતું નથી, તેથી "અમોઘદૃક્" કહ્યા. સૌ લોકો પવિત્ર યશઃવાળામાં શ્રદ્ધા રાખે છે. તેનું કહેલું સ્વીકારે છે, તેથી "શુચિશ્રવાઃ" કહ્યા. ભગવદ્ધર્મ જ સત્ય છે, તેમાં વ્યાસજી રત છે, તેથી "સત્યરત"

કહ્યા. વ્રતાચરણ ધર્મમાં કારણ રૂપ છે, તથા સ્વાધ્યાયાદિ ભગવદ્ધર્મનો પ્રકાશ થવામાં કારણ રૂપ છે, તેથી "ધૃતવ્રત" કહ્યા. ધર્મોપદેશકમાં આ પાંચ લક્ષણ જરૂરી છે : (૧) ઉપદેશનો અધિકાર, (૨) વ્યર્થવિચારનો અભાવ, (૩) પવિત્ર યશઃ, (૪) સત્યવ્રતપણું, (૫) સ્વાધ્યાયાદિ-વ્રતધારણ.

સમાધિથી ભગવાનનાં ચરિત-સ્મરણનો નારદજીનો પ્રાદેશ :

પ્રભુભક્તિ માટે મથે તે - સાચો - સમજુ છે :

લોકો સ્વભાવથી, કાલપાશથી બંધાયેલા જ છે. તેમને બંધનમાંથી છોડાવવા તે મોટો ઉપકાર છે. તે કાલના પણ નિયામક ભગવાનનાં ચરિત્રના આવેશથી જ સંભવે છે. "વ્યાસજી ! તમે સમાધિ કરો. સર્વનો ઉદ્ધાર કરનાર ભગવાન્ સ્વયં પ્રકાશશે, પછી તમે તેના ભક્તિ ઉત્પન્ન કરનારા ચરિત્રનું સ્મરણ કરજો. ભગવાને જ સૃષ્ટિમાંનાં આ બધાં જુદાં જુદાં રૂપ અને નામ પ્રકટ કર્યાં છે, તે બધું ભગવાનનું જ ચરિત્ર છે. તે સિવાય બીજું કાંઈ પણ કહેવા ઈચ્છનારની બુદ્ધિ સ્થિર થતી નથી, - ભટકયા કરે છે. પાણીમાં પવનની થપાટોથી ઘૂમતી નાવ સ્થિર થતી નથી, તેમ વ્યર્થ વિચારોથી બુદ્ધિ સ્થિર થતી નથી. ભગવાન્ વગર અન્ય કાંઈ કહેવું તે પાપમાં કારણ રૂપ છે. આત્મસુખ નિવૃત્તિ-માર્ગે મળે છે. બ્રહ્મસુખ શુકદેવજી જેવા સર્વત્યાગીને મળે છે; આધુનિક લોકોમાં વૈરાગ્ય હોવો કઠિન છે. કોઈક વિચક્ષણ પુરુષ જ દેશકાલની મર્યાદાથી રહિત ભગવત્સુખને જાણી શકે છે. દેહ-ઈન્દ્રિયના ધર્મોથી પ્રવૃત્તિ કરનારને તે સુખ મળતું નથી. સર્વ લોકોના ઉદ્ધાર માટે ભગવાનના ગુણો ગાવા જોઈએ. જીવ ભગવાનનો અંશ છે - દાસ છે, તેથી ભક્તિમાર્ગ પ્રમાણે ભગવાનની સેવા તેનો સ્વાભાવિક સ્વધર્મ છે; છતાં જો ભગવત્સેવામાં પણ પતન થતું લાગતું હોય તો બીજા કોઈ પણ સાધનથી કલ્યાણ નથી જ. ભગવદ્-વિમુખ બનાવનાર કોઈ પણ ધર્મ ત્યાજ્ય છે. અક્ષરબ્રહ્મ, (મોક્ષ) પર્યંતનાં સુખરૂપ ફલ પણ તુચ્છ છે. કાલક્રમે દુઃખ મળે છે, તેમ વગર પ્રયત્ને સુખ પણ મળે છે. પ્રભુની ભક્તિ પ્રભુકૃપાથી અંતિમ જન્મે મળે છે. પ્રભુભક્તિ મેળવવા માટે, સમજુ માનવે પ્રયત્ન કરવો જોઈએ. સુખ-શાંતિ-સમૃદ્ધિ-સંતતિ-સત્તા-સન્માન-સ્વોન્નતિ વગેરે મેળવવા મથે તે સાચો સમજુ માનવ નથી; પણ પ્રભુભક્તિ માટે પ્રયત્નશીલ બને તો સાચો સમજુ- "कोविद" છે.

ભગવાનનો આનંદ માણનારા ભક્તોનું ચિત્ત રસથી ભગવાનમાં જ લાગેલું રહે છે :

ભગવાનની ભક્તિ કરનારને પણ ક્વચિત્ જન્મ લઈને આવવું પડે છે, પણ તે તો પરમાનન્દ રૂપ ભગવાનના અવતાર વખતે સેવા માટે ! તેમના ચરણના આલિંગનના આનંદને ભક્તો ભૂલતા નથી. રસથી તેમનું ચિત્ત પ્રભુમાં જ રહે છે, અન્યત્ર જઈ શકતું જ નથી. રાજર્ષિ ભરત હરણ થયા; છતાં પ્રભુને ન ભૂલ્યા. જડ બ્રાહ્મણ બન્યા, છતાં ચિત્ત પ્રભુરસને ન વિસરી ગયું. સાક્ષાત્ કૃપા ન થઈ હોય તો પણ ભગવન્માર્ગ સર્વથી બલવાન છે. તે અન્યત્ર આથડતાં અટકાવે છે.

અધિકાર પ્રમાણે ભગવદ્રૂપ જગતનો અનુભવ થાય છે :

ભગવાનનાં સ્વરૂપ અને ચરિત્રનું અભેદથી નિરૂપણ કરે છે. ભગવાનનું ચરિત્ર પહેલાં કહ્યું, "इदं हि विश्वं भगवानिवेतरो...!" ઉત્તમાધિકારી માટે તો - "इदं विश्वं भगवान् हि ।" - આ વિશ્વ

ભગવાન્ જ છે. સર્વત્ર ભગવદ્-દૃષ્ટિથી કૃતાર્થ થવાય છે. આમાં કાર્યનું ભગવાનપણે નિરૂપણ છે. વિશ્વ અને ભગવાનમાં ભેદ નથી દેખાતો, અદ્વૈત સિદ્ધ થાય છે. મધ્યમ અધિકારી માટે - "इदं विश्वं भगवानिव"- "આ વિશ્વ ભગવાન્ જેવું છે." ભગવાન્ નથી, તેથી સન્માન દેવાય, આસક્તિ ન થાય. કનિષ્ઠાધિકારીને - "इदं विश्वं भगवानितरः ।" - એમ સમજાય છે. "આ વિશ્વ છે, અને ભગવાન્ તો તેનાથી જુદા છે." દુનિયાને જ દેખનારો બહિર્મુખ બને છે - ભ્રષ્ટ થાય છે.

ભગવાનનું નિરૂપણ પછી છે. "यतो जगत्स्थान-निरोधसंभवाः ।" - જેમાં જગતની સ્થિતિ છે, તેવા ભગવાન્ છે, તેથી ભગવાન્ જ જગત્ છે. આમ, ઉત્તમને સમજાય છે. જેમાંથી જગતની ઉત્પત્તિ છે, તેવા ભગવાન્ છે. કાર્યકારણના તાદાત્મ્યથી કાર્યરૂપે ભેદ અને કારણરૂપે અભેદ. આ મધ્યમાધિકારીને સમજાય છે. જેનાથી જગતનો લય છે, તેવા ભગવાન્ ! નાશપ્રતિયોગિ જગત્ છે, - તેમ, કનિષ્ઠાધિકારીને લાગે છે. "जन्माद्यस्य यतः ।" ને મળતું અહીં નિરૂપણ છે.

ભગવાનનું ચરિત્ર-કથન જ વ્યાસજીના અવતારનું પ્રયોજન છે :
ભગવાનના ગુણગાનને લૌકિક-કાર્યસિદ્ધિનું સાધન ન બનાવાય :

"વ્યાસજી ! તે તમે તમારી જાતે જ બધું જાણો છો. તમારે ગુરુની જરૂર નથી !" છતાં પ્રમાણબલથી ગુરૂપદેશ ચોક્કસ જોઈએ. - "आचार्यवान् पुरुषो वेद ।" લૌકિકમાં "પ્રાદેશ" - (અંગૂઠો અને તેની પાસેની પહેલી આંગળી પહોળાં કરતાં તે બે વચ્ચેના માપ) માનથી બીજાં માપ સમજી શકાય. ગૂઢ રૂપે શાસ્ત્રાર્થનું નિરૂપણ, પ્રકર્ષથી આદેશ (ઉપદેશ) રૂપે નારદે કર્યું. ભગવાને પોતે પહેલાં અવતાર લીધો, લીલાઓ કરી, પછી સર્વ ભક્તોના ઉદ્ધાર માટે તે લીલાઓ અને પોતાને ઓળખાવવા માટે જ્ઞાન-કલારૂપ વ્યાસજીને પ્રકટ કર્યા, તેથી પ્રભુનાં ચરિત્ર ન કહે ત્યાં સુધી વ્યાસજીના અવતારનું પ્રયોજન રહેતું નથી, તેથી ભગવદિચ્છાથી તેમને ખેદ થયો છે. તપઃ, વેદાન્તશ્રવણ, યજન, અધ્યયન, બુદ્ધિ, દાન વગેરે સર્વ ધર્મોનું ફલ કે સફલતા ઉત્તમ યશવાળા ભગવાનના ગુણાનુવાદ છે. ભગવાનના ગુણાનુવાદ પ્રભુની પ્રસન્નતા-પ્રાપ્તિ-માટે જ હોય. ગુણાનુવાદને કોઈ લૌકિક-કાર્ય-સિદ્ધિનું સાધન બનાવીને ગૌણ ન બનાવી દેવાય.

નારદજીએ કહેલી પોતાની પૂર્વસૃષ્ટિની જીવન-વાર્તા :
જેમ જેમ લોકમાં અનાદર મળે તેમ તેમ ભગવન્માર્ગમાં સફલતા વધે :

નારદે ભગવદ્-ગુણાનુવાદનો મહિમા પોતાના અનુભવે કહેવા માંડ્યો. અતિહીનને પણ અત્યુત્કૃષ્ટ- પદની પ્રાપ્તિ પ્રભુના ગુણાનુવાદથી થાય છે. "પ્રલય પહેલાં, ગયા કલ્પમાં, વેદવાદી બ્રાહ્મણને ત્યાં એક સામાન્ય દાસી હતી. હું તેનો દીકરો હતો." પિતાનું નામ ન દીધું. તે બ્રાહ્મણ છે, છતાં હીન છે. માને માન મળતું નથી. પિતા હીન છે. તેના દીકરાને સમાજમાં કોઈ આદર ન મળે. આદરથી ભક્તિમાં અવરોધ થાય. ભક્તિમાર્ગમાં લોકો જેમ જેમ અનાદર કરે, તેમ તેમ કાર્યસિદ્ધિ જલદી થાય. લોકો તિરસ્કાર કરે, ત્યારે ભગવાન્ પ્રેમથી પુરસ્કાર કરે. લોકોના અનાદરથી દીનતા આવે, પ્રભુ પાસે પહોંચાય. લોકોના આદરથી અભિમાન આવે, પ્રભુથી વિમુખ થવાય.

અક્રૂરજી મથુરાનાં રાજમંત્રી હતા. માન મળતું હતું; છતાં પ્રભુ પાસેથી માન ઝંખતા હતા.

"કાકા" કહેવડાવવું હતું. પ્રભુ પોતાને આત્મીય ગણે તે આદર છે, તેની ઈચ્છા હતી. લોકોનો આદર ગતાર્થ કરે, પ્રભુનો આદર કૃતાર્થ કરે.

બ્રાહ્મણને ત્યાં ચાતુર્માસમાં ચાર સાધુપુરુષો આવ્યા, ભવિષ્યના તે સનત્કુમારો હતા, યોગનિષ્ઠ હતા. બ્રાહ્મણને ત્યાં રહ્યા. બ્રાહ્મણે પાંચ વર્ષના મને તેમની સેવામાં મૂકી દીધો. ભગવાનના માર્ગમાં પહેલું સાધન સેવા માટે સત્સંગ છે.

સત્સંગ ઈચ્છનાર માટેનાં સુલક્ષણો :

સત્સંગ કરવા યોગ્ય સંતોમાં ત્રણ ગુણ સ્વાભાવિક હોય : (૧) કૃપાલુતા-દુ:ખી, દીન, હીન, વિષય- વિલીન, મનોમલિન, - પાપી લોકોને જોઈને સંત રોષ ન કરે, દોષ ન દે; પણ દયા કરે. પ્રેમના પુનિત પ્રવાહથી પ્રાણીમાત્રને પાવન કરે, સૌને સન્માર્ગે વાળે, સ્નેહ શ્રીહરિમાં કરાવે. સૌનાં દુ:ખો દૂર કરવાની ઈચ્છા-કોમલતા-સંતોમાં હોય. કઠોરતા ન હોય. (૨) બ્રહ્મવિદ્યા-સંતોને ભગવાનનું જ્ઞાન હોય. શાસ્ત્રોના રહસ્યોની યથાર્થ સમજ હોય. તે અન્યત્ર આથડતાં અટકાવે. (૩) મનન-શાસ્ત્રોનાં પરંપરાથી પ્રાપ્ત થયેલાં રહસ્યો અને ભગવાનના સ્વરૂપના મનનમાં સંતો મગ્ન હોય. વ્યર્થ વાતો, વ્યર્થ વિચારો અને વ્યર્થ વ્યવહારમાંથી તે બચાવે. બહિર્મુખતામાંથી બચાવે, અંતર્મુખ બનાવે, ભગવદભિમુખ રાખે.

સત્સંગ ઈચ્છતા, સેવા કરવા ઈચ્છનારે, સેવકમાં ત્રણ દોષ ન જોઈએ :

(૧) ચપલતા - શરીર, ઈન્દ્રિય અને અંત:કરણની ચંચલતા-અસ્થિરતા-તે સહજ દોષ છે. દૃઢ પ્રયત્નથી ચપલતા જાય. બુદ્ધિથી મનને ગમે તેમ દોડતું અટકાવે, ઈન્દ્રિયોને અયોગ્ય વિલાસ કરતી અટકાવે, આળસ છોડી દઈને સમજપૂર્વક સતત પ્રયત્ન-પરાયણ થાય; પ્રયત્નથી કંટાળે નહિ. પ્રયત્ન પડતા મૂકે નહિ, તેની ચપલતા જાય.

(૨) વિષયસંબંધ- આ ઈન્દ્રિય અને કાલકૃત નિયતદોષ છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયો, અનુક્રમે કાન, ચામડી, આંખ, જીભ અને નાસિકાથી અનુભવાય છે. મનને ગમે - મઝા) પડે તેવું લૌકિક સાંભળવું, સ્પર્શવું, જોવું, સ્વાદ કરવા અને સૂંઘવું તે વિષય-સંબંધ છે. તેમાં જેમ આસક્તિ વધારે તેમ પ્રભુથી વિમુખતા વધારે. આ દોષ "દમ" થી દૂર થાય. ઈન્દ્રિયોના વિષયો ભોગવવાની ઈચ્છા પણ કાઢી નાખવી તે "દમ" છે.

(૩) સુખનાં સાધનનો સંચય- આ પણ ઈન્દ્રિય અને કાલકૃત નિયતદોષ છે. મનને અને ઈન્દ્રિયોને અનુકૂલ લાગે -એશારામ મળે તેવાં ભોગનાં કે સુખનાં સાધનોનો સંગ્રહ પણ તન, મન અને ધનને તેમાં જકડી રાખે છે, પ્રભુ માટે પ્રયત્ન કરવા દેતાં નથી. તે દોષ, સુખનાં સાધનનો સંગ્રહ ન કરવાથી જાય; અથવા કદાચ કુટુંબીજનો માટે કે ભાગ્યયોગે બધાં એશારામનાં સાધનો હોય, છતાં તેનો ઉપયોગ પોતાનાં મન કે ઈન્દ્રિયોને બહેકાવવામાં ન કરવો, પણ સત્કાર્ય કે પ્રભુ માટે વાપરવાં. દા.ત. ઘરમાં બધા મસાલા હોય. સૌને માટે સ્વાદિષ્ટ વાનગી ભલે થાય, પણ તેમાં આસક્ત ન થવું, નિર્લેપપણે ખાવું. પ્રભુને ધરાવીને પ્રસાદ લેવો. ચપલતા હોય તો વિષય-સંબંધ થાય, પછી તે માટે સુખનાં સાધનનો સંચય થાય. ત્રણે એકબીજા સાથે સંકળાયેલાં છે. તેમાંથી છૂટવાનું પણ એકબીજા

સાથે સંબંધિત છે. ચપલતા જાય તો વિષય- સંબંધ ન રહે, પછી સુખ-ભોગનાં સાધનની જરૂર ન રહે. આ ત્રણ જતાં સઘળા દોષ દૂર થાય.

સત્સંગશીલ સેવકમાં ચાર ગુણ જોઈએ :

(૧) દીનતા- પૈસા, પદ, પ્રતિષ્ઠા કે પ્રતિભાનું ભાન અભિમાન કરાવે. અભિમાન સાચા અર્થમાં સેવા ન કરવા દે. માત્ર સેવાનો દેખાવ-દંભ-થાય; અને "અમે સેવા કે સત્કાર્ય કરીએ છીએ,"- તેવા બહાને પણ અહંતા જ વધે, બહિર્મુખ થવાય. પોતાની બધી મહત્તા ભૂલીને, પોતે દાસ છે, - તેવા ભાનથી કે સ્વદોષદર્શનથી દૈન્ય આવે, ત્યારે સાચી સેવા થાય. બાલક જેવી સરલતા તેમાં હોય.

(૨) અનુવર્તન- સામાની સાનુકૂલતા, સામાના મનને, સમજીને તેને અનુસરતું વર્તન તે અનુવર્તન છે. જેની સેવા કરવી હોય તેને સાનુકૂલ થવું જોઈએ. પોતાનાં શરીર, સંયોગો અને સ્વભાવને અનુસરીએ, પોતાની અનુકૂલતા વિચારીને કાર્ય કરીએ, તો આપણે તે બધાના દાસ છીએ. પ્રભુ કે ભક્તોની અનુકૂલતા વિચારીને તે પ્રમાણે કરીએ તો પ્રભુ કે ભક્તોના દાસ થવાય. સામાના અંતઃકરણને ઓળખીને અનુકૂલ થવું, તે આંતરગુણ છે.

(૩) શુશ્રૂષા- સેવા કરવાની પોતાની પ્રબલ ઈચ્છા જોઈએ. જેની સેવા કરવી હોય તેની પણ સંમતિ જોઈએ. શ્રવણેચ્છા પણ જોઈએ.

(૪) અલ્પભાષણ- બહુ બોલવું, કે કાંઈ ન બોલવું તે પણ દોષ છે. તે સંસર્ગથી આવે છે. જરૂર પૂરતું, મધુર, સત્ય, કોમલ, ધર્મયુક્ત બોલવું. ગંભીરતા, ધૈર્ય, વિવેક વગેરે તેનાથી સચવાય છે. ઓછું બોલવાથી અનર્થમાંથી ઊગરી જવાય છે.

સ્નેહભરી સાનુકૂલતાથી સેવા કરતા દાસીના દીકરા પર સમાનદૃષ્ટિવાળા સંતોની કૃપા : ભગવાન્ કે ભક્તોનું ઉચ્છિષ્ટ લેવાથી સ્વાન્તઃ - શુદ્ધિ સુલભ થાય :

સંતોમાં ત્રણેય ગુણ હતા. નાનકડા નારદમાં ત્રણે દોષનો અભાવ હતો, ચારેય ગુણો હતા. ભગવાનના માર્ગમાં દોષ વગરની સેવા એ બીજું સાધન છે. પાપનાશ અને પ્રભુના (સંતોના) ધર્મમાં રુચિ તે પછીનાં અંતરંગ સાધન છે. સેવા સ્નેહથી થાય. સ્નેહ વગરની સઘળી સાનુકૂલતાનું સંપાદન તો માત્ર સગવડ સાચવી કહેવાય. મોં કે મન બગાડીને સામાને સાનુકૂલ થાય તેવી ગમે તેટલી સગવડ સાચવીએ, તો પણ અંતઃકરણની આશિષ ન મળે. સગવડ સાચવવામાં સ્નેહ ઉમેરાય એટલે તે સેવા બને. પોતાનામાંના સ્નેહથી જ સામાનો સ્નેહ મળે, કૃપા થાય. પુષ્ટિમાં સેવા સંપૂર્ણ છે. તે કૃપાફલ છે. સંતો સર્વત્ર સમાન ભગવદ્-દૃષ્ટિવાળા હતા, છતાં સેવાથી સંતુષ્ટ થયા. દુઃખ દૂર કરવાની ઈચ્છા થઈ. કૃપા કરી.

એક સમયે સંતો ભોજન કરી રહ્યા. ભાણામાં કાંઈક વધેલું-ચોંટેલું હતું. નારદે જોયું. હર્ષ થયો. તે પ્રસાદ લેવાની ઈચ્છા થઈ. સંતોને પ્રાર્થના કરી, ભોજન કરતાં છંડાય નહિ, છાંડેલું અન્યને દેવાય નહિ. નારદે ચોંટેલું માગ્યું હતું. સંતોએ તે લેવાની અનુમતિ આપી.

મહાપુરુષનું કે પ્રભુનું ઉચ્છિષ્ટ, પ્રસાદ રૂપે અન્ન, અન્નમય દેહના સઘળા દોષો દૂર કરી દે છે, તેથી સત્ત્વશુદ્ધિ થાય. "आहारशुद्धौ सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ।" - આહારશુદ્ધિથી

સત્ત્વશુદ્ધિ થાય. સત્ત્વશુદ્ધિથી સ્થિર સ્મૃતિ મળે. વિદ્યાર્થીને ગોખવું ન પડે. યાદ રાખવા માટે દવાઓ ખાવી ન પડે. બદામ પણ શોધવી ન પડે. પાઠયપુસ્તક છોડીને નોંધ કે ગાઈડનો આધાર લેવો ન પડે. આહારશુદ્ધિથી તો ઉશ્કેરાતાં મન, વેડફાતાં ધન અને બગડતાં તન, સ્વસ્થ અને સલામત બને, સદુપયોગી બને.

અસમર્પિતનો ત્યાગ જ મુખ્ય છે, પ્રસાદી બનાવી લેવું તો ગૌણ છે :

શ્રીમહાપ્રભુજીએ તો અદ્ભુત સરલ ઉપાય આપ્યો., - "असमर्पितवस्तूनां तस्माद् वर्जनमाचरेत् ।" અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. પ્રભુના પ્રસાદ રૂપે મળતી વસ્તુઓથી જ સઘળો જીવન-વ્યવહાર ચલાવવો. આ નિયમ માત્ર ખાવાપીવા પૂરતો જ નથી, પણ દરેક વસ્તુના ઉપયોગ માટે છે. મુખ્ય રીતે પ્રસાદી- ભોજનનો માત્ર એક નિયમ પણ સઘળા દોષોને દૂર કરે છે.

જીવન-વ્યવહારમાં કોઈ વસ્તુ ખૂબ જરૂરી હોય, પણ પ્રસાદી રૂપે ન મળતી હોય તો તેના સિવાય ચલાવી લેવું; પણ અણપ્રસાદીનો ઉપયોગ ન કરવો. અણપ્રસાદી હોય તેનો ત્યાગ મુખ્ય છે, પ્રસાદી બનાવી લેવું તે સામાન્ય છે.

ભગવાનને ભોગ ધરીને પ્રસાદી લેવું. બાકીના બધા સિવાય ચલાવી લેવું. અસમર્પિતનો ત્યાગ એ મુખ્ય-પક્ષ છે. ભોગ ધરીને પ્રસાદી લેવાનું ન જ બને તો અધરામૃત (પ્રસાદી વસ્તુ) કે ચરણામૃત પધરાવીને ચલાવી લેવું. (પ્રસાદી બનાવી લેવું) તે ગૌણ-પક્ષ છે.

બેમાંથી ગમે તે એક ઉપાય પણ યથાસંભવ અવશ્ય કરવો. ગમે ત્યાં, ગમે ત્યારે, ગમે તે, ખાવા- પીવાથી તો બુદ્ધિ બગડે જ. કશું ન કરવા જેવું ન લાગે, - તે બગડેલી બુદ્ધિની નિશાની છે, તેથી પ્રભુ ન સમજાય. સદ્ધર્મમાં રુચિ ન થાય. મન પણ મલિન રહે, ભટકયા કરે. અન્ન તેવું મન. શ્રુતિમાં પ્રક્રિયા બતાવી છે, ખાધેલા અન્નના સ્થૂલ ભાગમાંથી મલ, મધ્ય ભાગમાંથી માંસ અને સૂક્ષ્મ ભાગમાંથી મન બને છે. આહાર પવિત્ર-નિર્દોષ હોય તો, મન પવિત્ર અને નિર્દોષ રહે, સદ્ધર્મમાં રુચિ થાય.

નાનકડા બાળકને સંતોનું પ્રસાદી, પવિત્ર અન્ન ખાવાની અનુમતિ મળી. નિયમપૂર્વક નિરંતર એમ કરતાં ચિત્ત શુદ્ધ થયું. પરિણામે સંતોના ધર્મમાં રુચિ થઈ.

સાધુપુરુષના ત્રણ મુખ્ય ધર્મ :

(૧) અપરિગ્રહ - કોઈની પાસે માગવું નહિ, લેવું નહિ. ભગવદિચ્છાથી મળે તેથી નિર્વાહ કરવો.

(૨) સંગનિવૃત્તિ - કોઈનો પણ સંગ ન કરવો. સત્કાર્ય માટે પણ કરેલો સંગ પરિણામે દોષાવહ બને. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, "सङ्गाभाव एव भगवत्तोषहेतुः ।" સંગનો અભાવ જ પ્રભુ-પ્રસન્નતાનું કારણ છે. સંગ ન જ થાય તે ઉત્તમ, પણ તેમ ન જ બને તો, થતા સંગમાં અભાવ થાય, સંગ કરવો ગમે નહિ, - તે પણ કૃપામાં કારણ રૂપ બને.

(૩) ભગવચ્ચિંતનાદિ - પ્રભુનાં સ્વરૂપ, લીલા, શાસ્ત્ર વગેરેનું ચિંતન વગેરે.

રુચિ થતાં કૃપાપૂર્વક કથાશ્રવણથી કૃતાર્થતા :

પ્રેરણા વગર નાનકડા બાળકને પોતાને જ રુચિ થઈ. તે પરમહંસો પ્રેમમગ્ન થઈને પ્રભુનાં ગાન કરતા. નારદને તે સાંભળવા આજ્ઞા કરતા. મોટાઓ આજ્ઞા કરે તે પણ અનુગ્રહ છે. પ્રત્યેક શબ્દના અર્થ અને અભિપ્રાયને સમજાવતા. પ્રેમપૂર્ણકથાની આ રીત છે. શ્રદ્ધાપૂર્વક સાંભળતાં નારદનું મન તેમાં મગ્ન થઈ જતું. આમ, શ્રવણભક્તિ સિદ્ધ થઈ. શ્રવણથી યથાર્થ જ્ઞાન થાય, ત્યારે કીર્તન-(કહેવા) નો અધિકાર મળે. ત્યાં સુધી નિરંતર શ્રવણ કરવું જોઈએ. પછી, કીર્તનાદિ નવ પ્રકારની ભક્તિ સિદ્ધ થતાં પ્રેમથી પ્રભુમાં સાયુજ્ય મળે. આમ, કથા સાંભળતાં ભગવાનમાં નારદને રુચિ થઈ. પ્રમાણબલ છોડીને ઈન્દ્રિયોનું સ્વાભાવિકપણે વિષયગ્રહણ એટલે રુચિ ! માહાત્મ્ય કે પોતાને થતો લાભ લક્ષ્યમાં લીધા વિના, માત્ર અંતઃકરણને થતા આહ્‌લાદથી, ઈન્દ્રિયો શ્રવણાદિમાં પોતાની મેળે પ્રવૃત્ત થાય, - તે રુચિ છે ! ભાવતા ભોજનમાં સ્વાભાવિક પ્રવૃત્તિ થાય તે રુચિ. તેમાં વસ્તુનાં ગુણધર્મોનું જ્ઞાન બધાને નથી હોતું. સંસારના સુખમાં આસક્ત અને અતૃપ્તને ભગવાનની ભૂખ ક્યારેય લાગતી જ નથી, ભગવાન્ ક્યારેય યાદ આવતા જ નથી, ભગવાનની વાતો યાદ રહેતી નથી, ચિત્ત ભગવાનમાં લાગતું નથી. આપણી ઈન્દ્રિયો વિષયોથી અને અંતઃકરણ વાસનાથી ભરેલાં છે, તેથી ભગવાનમાં રુચિ થતી નથી, રુચિપૂર્ણ શ્રવણથી નિઃસંદેહ અને અન્ય વિષયના વિચાર વગરની સ્થિર બુદ્ધિ પ્રભુમાં નારદની થઈ, તેથી "હું જ બ્રહ્મ છું" અને "મારામાં સઘળું છે, પણ માયાથી પરિકલ્પિત છે' - તેવો સામાન્ય અધિકાર રૂપ અનુભવ થવા લાગ્યો, પછી નિરંતર શ્રવણથી જ્ઞાનભક્તિથી પ્રભુમાં પરમ પ્રેમ થયો. ચાતુર્માસ્ય પૂર્ણ થયું. દીનવત્સલ સાધુપુરુષો જતા હતા, તેમણે દયા કરી. સંતોએ સ્નેહસભર, વિનયી, નિષ્પાપ, શ્રદ્ધાળુ, સંયમી, નાનકડા નારદને સેવાનું ફલ-સાક્ષાત્ ભગવાને કહેલું ગુહ્યતમ-જ્ઞાન "ચતુઃશ્લોકી ભાગવત"-આપ્યું. ભગવદિચ્છાથી તે જ્ઞાન સંતોના હૃદયમાં ઉપદેશ માટે સ્ફુર્યું. સંતોએ તે કહ્યું. આ જ્ઞાન-પ્રભાવથી હૃદયમાં વિરાજતા ભગવાન્ વાસુદેવની માયાનો પ્રભાવ નારદે જાણ્યો. ભગવાન્ જ વિશ્વરૂપ છે, છતાં તેમની માયા દર્શન થવા દેતી નથી. પદાર્થ પદાર્થ રૂપે અને પ્રાણી પ્રાણી રૂપે ઓળખાય છે, પ્રભુ રૂપે નહિ,- આ માયાનો પ્રભાવ છે. તેમાં ફસાયેલા ત્રિવિધ તાપમાં તપે છે. તેને કાલ, કર્મ વગેરે અનેક પ્રતિબંધો પીડે છે.

બંધન દેતાં કર્મ પણ પ્રભુ માટે કરતાં બંધનમાંથી છોડાવે છે :

માનવ દેહ, મન કે વાણીથી કર્મ કર્યા વિના ક્યારેય રહી શકતો નથી. તે બધાં જ કર્મ બંધન આપનારાં બને છે. સારાં કર્મનું ફલ સુખ રૂપે અને ખરાબ કર્મનું ફલ દુઃખ રૂપે ભોગવવું જ પડે છે. જે કર્મ બંધન કરનારાં છે, તે જ કર્મ ભગવાન્ માટે કરતાં, ભાવનાથી ભગવાનને સમર્પણ કરતાં, તે જ કર્મથી પ્રાણી પાવન બને છે.

एवं नृणां क्रियायोगाः सर्वे संसृतिहेतवः ।
त एवात्मविनाशाय कल्पन्ते कल्पिताः परे ॥ (३४)

જેટલાં કર્મ કરીએ તે બધાં જ ભગવાન્ માટે કરીએ. પ્રભુને માટે કરેલાં કર્મ બંધન આપતાં નથી; પણ ભગવાનને ઉત્તમ વસ્તુ દેવાય, ઉત્તમ કર્મ પ્રભુ માટે થાય, તો તે સેવા બની જાય, તેથી

પ્રભુ પ્રસન્ન થાય. બોલવાનું મન થાય તો લોકો સાથે નહિ, પણ ભગવાન્ પાસે બેસીને, ભગવાન્ સંબંધી જેટલું બોલવું હોય તેટલું બોલવું. પ્રેમથી બોલાય તો તે સ્તુતિ બની જાય. વ્યર્થ બોલવાથી બંધન મળે, સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય.

અર્જુને ભગવાનની આજ્ઞાથી યુદ્ધ કર્યું. યુદ્ધ તો ઘોર કર્મ છે, છતાં પ્રભુની આજ્ઞાથી કર્યું, તેથી તેને માટે તે ભક્તિપ્રદ બન્યું, દોષ રૂપ ન રહ્યું. ભગવાન્ માટે કર્મ (સેવા) કરતાં ભગવાનનું સ્મરણ-કીર્તન થયા કરે, સ્વરૂપની યાદ આવે, તેથી ભક્તિ મળે. સંસારસંબંધની શંકા પણ ન રહે.

સંતોએ નારદને ચતુર્વ્યૂહાત્મક ભગવદ્-ગાયત્રી આપી : ભગવાને કૃપા કરી :

नमो भगवते तुभ्यं वासुदेवाय धीमहि ।
प्रद्युम्नायानिरुद्धाय नमः सङ्कर्षणाय च ॥ (३७)

નમન માટે ચતુર્વ્યૂહાત્મક ભગવાન્ હયગ્રીવાદિ રૂપો સહિત તેમાં ગાયા છે. શ્લોકમાંનો "च"કાર હયગ્રીવાદિનો સૂચક છે. આ સ્વરૂપવાચક મન્ત્રથી જપ, પૂજન, હોમથી ભગવાનનો સાક્ષાત્કાર થાય.

પંચરાત્રમાં કહેલા માર્ગનું અનુસરણ પૂર્વકલ્પમાં જ નારદે કર્યું. ભગવાન્ કેશવે જ્ઞાન આપ્યું, ઐશ્ચર્ય આપ્યું અને પોતાનામાં ભક્તિભાવનું દાન કર્યું. ભાવ એ મનનો કોઈ તરંગ માત્ર નથી, પ્રભુ કૃપા કરીને આપે ત્યારે મળે છે.

પોતાની કથા કહેતાં દેવર્ષિ નારદે કહ્યું : "બહુશ્રુત વ્યાસજી! તમે પણ દુઃખથી વારંવાર પીડાતા સૌને માટે સુખના ઉપાયરૂપ ભગવાનનું ચરિત્ર કહો; જેથી જ્ઞાનીઓની ભગવત્સ્વરૂપ જાણવાની ઈચ્છા પૂરી થાય. ભગવાનના યશોગાનથી જ સર્વનાં સર્વ દુઃખો દૂર થાય છે, તેથી ભગવાનનું જ્ઞાન થાય. બીજી રીતે નહિ."

અધ્યાય : ૬

વ્યાસજીના પ્રશ્નથી નારદજીએ પોતાની કૃપાની કથા વધુ કહી :

શ્રીવ્યાસજીએ વિશેષ પૃચ્છા કરી, "જ્ઞાનદાતા ભિક્ષુઓના ચાલ્યા ગયા પછી આપે શું કર્યું ? શરીર- નિર્વાહ કઈ રીતે કર્યો ? શરીરનો ત્યાગ કઈ રીતે કર્યો ? આ કાલ તો સર્વની સ્મૃતિને ભુલાવી દેનારો છે. જેમ જેમ વર્ષો વીતતાં જાય, તેમ તેમ જૂની વાતો ભૂલતા જવાય છે. એ સૌનો અનુભવ છે. કાલ દેવો- ભક્તો સૌની સ્મૃતિનો નાશ કરે છે, ત્યારે તમને આ પ્રલય પહેલાંની વાત યાદ કેમ રહી ?"

નારદજીને કથાશ્રવણના ફલ રૂપે આન્તર-જ્ઞાન પ્રાપ્ત થયું. તેનું બાહ્ય-ફલ કીર્તન રૂપે મળ્યું. નારદજીએ તે કહેવાની શરૂઆત કરી. "જ્યારે જ્ઞાનદાતા ભિક્ષુઓ વિદાય થયા, ત્યારે હું બાલક હતો. મારી માનો હું એકનો એક દીકરો હતો. મને તે સ્નેહ કરતી હતી. એની સાથે હું ઘરમાં રહેતો હતો. બિચારી માને છોડીને ક્યાં જાઉં ? એ અસ્વતંત્ર હતી. મારું પૂરું પોષણ પણ નહતી કરી શકતી, છતાં સ્નેહ તો જરૂર કરતી હતી. જેમ કઠપૂતળી એના સૂત્રધારને વશ રહીને નાચે, એમ આ બધાય લોક

ભગવાનને વશ છે. બ્રહ્મજ્ઞાનીએ પણ પ્રભુ માટે પ્રયત્ન કરવો જોઈએ. ભગવાનનાં દર્શન થતાં તેમની આજ્ઞા પાળવી. નાના બાળકને કાંઈક વિવેક મળે તે માટે ભગવાને થોડો પ્રતિબંધ કર્યો, એક દિવસ ભગવાને મારા પર દયા કરી. મને બંધનમાંથી છોડાવ્યો. મારી મા ગાય દોહવા માટે રાતે જતી હતી, ત્યાં ભગવાનની ઈચ્છાથી કાલે પ્રેરેલો સાપ આવ્યો. માના પગ નીચે દબાયો. સાપે દંશ દીધો. માએ પ્રાણ છોડયા. ગાયનો સ્પર્શ થયો એટલે માને સર્પદંશની અપવિત્રતા ન રહી. શુદ્ધિ થઈ."

ભગવાનના ભક્તો આવાં બંધન જતાં રડતા નથી, કે ડરતા નથી, રાજી થાય છે. માણેકબાઈ મર્યાં. બંધન ગયું. ત્યારે નરસિંહ મહેતા બોલ્યા, "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ." ભગવાનના ભક્તોને મનગમતી કે અણગમતી કોઈ પણ પરિસ્થિતિમાં ભગવાનની કૃપા જ દેખાય છે.

નારદને મા મરી તેનું દુઃખ ન થયું. ભગવાનની કૃપા લાગી. મા જીવતી હોત તો, ઘરમાં રહેવું ગમતું ન હતું તોય ઘરમાં રહેવું પડત ! હવે, નિરાંતે ભગવાનનું ભજન થશે. ઉત્તર દિશા દેવ-મનુષ્યોની શાંત દિશા છે. દિશાનું ભાન ન હતું, છતાં પણ ઉત્તર દિશામાં નારદજી ચાલ્યા. સમૃદ્ધ-નગર, વ્રજ, વાડી વગેરે રસ્તામાં આવ્યાં. પ્રભુને પંથે પ્રયાણ કરતાં ક્વચિત્ પ્રલોભનો પણ આવે. એમાં લોભાઈ ન જાય તો જ પ્રભુ સુધી પહોંચી શકાય. લૌકિક લાલચોમાં લલચાઈ જાય એ પ્રભુ સુધી પહોંચે નહિ.

નારદ લલચાયા નહિ, દૂર ચાલ્યા. ઘોર ભયાનક વન આવ્યું. શરૂઆતમાં તો થોડા મુસાફરો પણ મળતા; પછી કોઈ માણસ એમાં દેખાતું નહતું, છતાં ભય ન થયો. ભગવાનના માર્ગે જતાં ક્વચિત્ પોતે એકલો પડી જાય, બધાનો સાથ છૂટી જાય, સંબંધ તૂટી જાય, તો પણ ભગવાનના ભક્તને ભય નથી લાગતો. ભયથી ડરે એ ભગવાનને ભજવામાંથી ડગે. આપત્તિ આવવાની હોય કે આવી હોય તો પણ ડરથી એકાંતમાં છુપાઈને બેસાય નહિ. ભગવાન્ બધી જ રીતે, બધે સમયે, બધે સ્થળે, રક્ષા કરશે, - એમાં કોઈ સંશય નથી. ભય પણ ભગવાનના ભક્તો માટે અભય બની જાય છે. નારદજી ભગવાનના વિચારમાં ચાલ્યા જતા હતા. રસ્તામાં બાહ્ય-ભાન થયું. થાક લાગ્યો. ભૂખ અને તરસ લાગ્યાં. રસ્તામાં નદી વહેતી હશે ! પાણી સુકાઈ ગયેલું. ખાડામાં-ધરામાં પાણી ભરાઈ રહેલું. તેમાં નાહ્યા. પાણી પીધું. એક પીપળાના ઝાડ નીચે થાક ઉતારવા બેઠા. ઋષિઓ પાસેથી જેવી કથા સાંભળી હતી, એવા ભગવાનને યાદ કરવા માંડયા. વિચાર કરતાં પોતાના હૃદયમાં પ્રકાશતા પ્રભુને જોયા. ચિંતનથી માનસીમૂર્તિનાં દર્શન થયાં, ભક્તિ થઈ. પ્રભુનાં ચરણકમલનું ધ્યાન કર્યું. પ્રેમથી ચિત્તની ચંચલતા ગઈ. આનંદ ઉભરાયો. ખૂબ ઉત્કંઠા થઈ. આંસુ વહેવા લાગ્યાં. બધું બાહ્ય-ભાન જતું રહ્યું. ધીમે ધીમે સાક્ષાદ્ ભાવાત્મા ભગવાન્ પ્રકટ થયા. ભગવાનનો સાક્ષાત્કાર થયો ! અત્યંત પ્રેમ ઉભરાયો. નારદ શાન્ત-આનન્દમય થયા. પોતાને અને પ્રભુને પણ ભૂલી ગયા, પછી ભગવાન્ દેખાતા બંધ થયા. નારદ વિકલ થઈ ગયા. વિકલતા સઘળું ભુલાવી દે છે. સ્વસર્વસ્વ રૂપ પ્રભુમાં મન મગ્ન થઈ ગયું હતું, પ્રભુ જતાં ભગ્ન થઈ ગયું. અજ્ઞ બાલકને મૂંઝવણ થઈ.

પ્રભુનું સ્વરૂપ મનને આકર્ષનારું છે. લોહચુંબક લોખંડને પોતાની તરફ આકર્ષે છે, તેમ ભગવાનનું સ્વરૂપ પોતાના ભક્તોના મનને પોતાની તરફ આકર્ષે છે. ભક્તોના મનની સ્વાભાવિક ગતિ ભગવાનના સ્વરૂપ તરફ જ થાય છે. જ્યાં સુધી આપણા મનની સ્વાભાવિક ગતિ ભગવાનના

સ્વરૂપમાં નથી થઈ, ત્યાં સુધી ભક્તિ આપણામાં આવી જ નથી. જેના હૃદયમાં ભગવાનનું દર્શન થતું હોય એના હૃદયમાં ક્યારેય શોક આવે નહિ.

પ્રભુનાં દર્શનની ઈચ્છાથી નારદે પુનઃપ્રયાસ કર્યો, દુઃખી થયા. માનસ-મૂર્તિ દેખાઈ, પણ પ્રભુ ન દેખાયા, છતાં ભગવાને દયા કરી. ભગવાનની વાણી (મને) સ્પષ્ટ સંભળાઈ. તે આકાશવાણી નથી, પડઘો પણ નથી. ભગવાનની પોતાની વાણી છે. ભગવાને મને કહ્યું, - "આ જન્મમાં તું મારાં દર્શન કરવા યોગ્ય નથી. જેના અંતઃકરણના દોષો પક્વ થઈને પડી ગયા નથી, એવા કુયોગીઓને મારું દર્શન મળતું નથી." કુ એટલે પૃથ્વી. તેના ઉપર મળતાં સુખ, સાધન, સંપત્તિ, સત્તા વગેરે મેળવવા માટે જે પ્રયત્નશીલ છે, - એનું નામ કુયોગી ! તેને પ્રભુનાં દર્શન ન થાય. અંતઃકરણ નિર્દોષ થાય, ત્યારે જ નિર્દોષ પ્રભુ માટે પ્રવૃત્તિ થાય. હૃદયમાં રાગદ્વેષ વગેરે હોય ત્યાં સુધી પ્રભુ માટે પ્રીતિ કે પ્રવૃત્તિ ન થાય. કોઈક વાર ભક્તિ કે જ્ઞાનના આવેશથી હૃદયમાં રહેલા દોષો દબાઈ જાય છે; પણ ક્યારેક સાનુકૂલતા મળતાં, ઊભરા જેવો આવેશ શમી જતાં, તે દબાયેલા દોષો વળી પાછા વધારે વેગથી ઊછળે છે, તેથી હૃદયના દોષો દૂર કરવા જોઈએ. સાધનબલથી- ક્લેશથી ક્વચિત્ પ્રભુ દર્શન દે.

"મારે ભગવાન્ જ જોઈએ છે," - તેવી તીવ્રેચ્છાથી હૃદયના બધા દોષો ધીમે ધીમે દૂર થઈ જાય છે :

"એક વખત પ્રમેયબલથી-કૃપાથી મેં મારા રૂપનું, તને તેની કામના થાય માટે દર્શન કરાવ્યું. મારી કામના કરનાર સત્પુરુષ ધીમે ધીમે હૃદયના સર્વદોષોને દૂર કરી દે છે," -

मत्कामः शनकैः साधुः सर्वान्मुञ्चति हृच्छयान् ।

ભગવાનની કામના કરે એના હૃદયના દોષ ધીમે ધીમે નીકળી જાય છે. કૃષ્ણ-કામનાથી કષાય જાય, કલ્યાણ થાય. નિર્દોષ ભગવાન્ મેળવવાની એકમાત્ર ઈચ્છા રાખવી, તેથી નિર્દોષ થવાય. બીજી કાંઈ ઈચ્છા ન રાખવી. લૌકિક બધી વસ્તુઓ દોષવાળી છે. તેને મેળવવાની ઈચ્છાથી તો હૃદયના દોષ વધે.

"તેં સાધુપુરુષોની સેવા થોડો સમય કરી છે, છતાં તેનાથી મારામાં મતિ સ્થિર છે; એટલે આ લોક છોડીને તું મારો પાર્ષદ બનશે ! મારામાં સ્થિર થયેલી મતિ ક્યારેય નષ્ટ થતી નથી. પ્રલય થશે ત્યારે પણ મારી કૃપાથી તારી સ્મૃતિ નષ્ટ નહિ થાય !"

જે દિશામાંથી અવાજ આવતો હતો તે દિશામાં નારદજીએ નમસ્કાર કર્યા. હૃદયના દોષો દૂર કરવાનો ઉપાય ભગવાને સ્પષ્ટ નહતો કહ્યો, પણ ભગવાનની કૃપાથી સમજાયો. મહાપુરુષોની વાણીથી અજ્ઞાત, જ્ઞાત બને; અગેય, ગેય બને; અદેય, દેય બને છે.

नामान्यनन्तस्य हतत्रपः पठन् गुह्यानि भद्राणि कृतानि च स्मरन् ।
गां पर्यटंस्तुष्टमना गतस्पृहः कालं प्रतीक्षन् विमदो विमत्सरः ॥ (२६)

અનન્ત ભગવાનનાં નામોનું, શરમ વગરનો થઈને પઠન કરતો, કલ્યાણકારક અને ગુપ્ત લીલાઓનું સ્મરણ કરતો, કોઈ પણ ઈચ્છા વગરનો, સંતુષ્ટ મનવાળો, થઈને પૃથ્વી પર ફરતો હું, મદ

અને મત્સર વગરનો થઈને કાલની રાહ જોવા લાગ્યો.

હૃદયના ગુપ્ત દોષો : તે દોષોને દૂર કરવાનો સરલ સફલ ઉપાય :

અંતઃકરણના દોષો ત્રણ પ્રકારના છે : (૧) રાગ વગેરે-અંતઃકરણમાં કોઈના તરફ, કોઈ પણ કારણે આકર્ષણ હોય, તે રાગ કહેવાય. દ્વેષ પણ સાથે જ સંભવે. (૨) તેની વાસનાઓ. - ઈચ્છાઓ અધૂરી રહી જાય, પૂરી થઈ શકે નહિ, અને છતાં હૃદયમાં બીજ રૂપે પડી રહે, એ બધી વાસનાઓ છે. તે રાજસ છે. (૩) તેના મૂળભૂત અવિદ્યા રૂપ અજ્ઞાન. - જે "હું અને મારું" રૂપ સંસાર પ્રાપ્ત કરાવે-બંધન આપે.

આ ત્રણે ક્રમશઃ કર્મ, ભક્તિ અને જ્ઞાનથી નાશ પામે છે : (૧) સત્કર્મ કરવાથી રાગદ્વેષ નીકળી જાય. (૨) ભક્તિથી ભગવાનનું દર્શન થાય, ત્યારે વાસનાઓ જાય. (૩) જ્ઞાનથી અવિદ્યા કે અજ્ઞાન દૂર થાય. આ ત્રણેય એકસાથે સૌથી બને નહિ. સૌનો અધિકાર જુદો છે. અત્યંત આસક્તિવાળા માટે કર્મયોગ, વૈરાગ્યવાળા માટે જ્ઞાનયોગ અને કાંઈક આસક્તિ અને કાંઈક વિરક્તિવાળા માટે ભક્તિયોગ સુખપ્રદ છે, તેથી કોઈ એવો ઉપાય શોધી કાઢવો પડે કે જેનાથી આ ત્રણેયનું ફળ એકસાથે મળી જાય.

નારદને પ્રભુકૃપાથી આવો ઉપાય સ્ફુર્યો. ભગવાનનાં સ્વરૂપ અનંત છે. તેમની લીલાઓ અને નામ પણ અનંત છે. જુદાં જુદાં નામ બોલવાથી જુદી જુદી લીલાઓનું અનુસંધાન થાય. એમાં ચિત્તનો પ્રવેશ થાય. રસ પ્રાપ્ત થાય. પ્રભુ રક્ષા કરે.

ઘણું કરીને મોટેથી ભગવન્નામ બોલવામાં સૌને સંકોચ થાય છે. મનમાં ભગવાનનું નામ જરૂર બોલીએ, પણ ધંધો કરતાં - દુકાને કે નોકરીએ કે પ્રવૃત્તિના-સ્થાને મોટેથી બોલીએ નહિ. ભજનમંડળમાં જઈએ તો ભલે કદાચ બોલીએ, બધે બોલવાથી "ભગત" છાપ લાગવાની બીક લાગે છે. લોકોના સંગમાં તો "ભક્ત" પણ "ભગત" થઈ જાય !

લોકલાજે તો ભગવાનનું નામ મોટેથી દેવાની હિંમત ન ચાલે. સઘળા ભયને દૂર કરનાર ભગવાનનું નામ દેતાં લોકોનો-મશ્કરીનો-ભય ન જાય ! દેહ, કુલ અને અંતઃકરણના ધર્મોથી લજ્જા આવે છે, શરમથી પ્રભુનું નામ લેવામાં તો લોકોની મુખ્યતા મનાય. પ્રભુની ગૌણતા ગણાય, તેથી પ્રભુમાં શુદ્ધ ભાવ ન થાય. જ્યાં શરમ રાખવી જોઈએ, ત્યાં શરમ રાખતા નથી. શરમ તો અધર્મ કરવામાં, ભગવાનથી વિમુખ થવાય તેવું કાર્ય કરવામાં, વિચિત્ર ફેશન, સિનેમા, તેનાં ઉન્માદક ગીત, હોટેલના વૃથા-સ્વાદ, મોજશોખ, અવિવેક, અનાચાર, દંભ, છેતરપિંડી વગેરેમાં છે. વૃથા-લોકલાજ પણ પ્રભુના માર્ગમાં વિઘ્નરૂપ છે. એકલું નામ દઈએ તો પણ ચિત્ત ભટકતું રહે છે, નામ પણ ભૂલી જઈએ છીએ અને કામ પણ ભૂલી જઈએ છીએ; એટલે મોટેથી બોલવું. સાથે તે નામથી સૂચવાતી પ્રભુની લીલાઓનું સ્મરણ મનથી કર્યા કરવું. ભગવાને કુંજ-નિકુંજમાં કરેલી ગુપ્ત-રસાત્મક-લીલાઓ અને લોકપ્રસિદ્ધ લીલાઓનું સ્મરણ કરવું; તો ચિત્ત એમાં રહે.

આમ કરતાં નારદજી પૃથ્વી ઉપર પરિભ્રમણ કરતા હતા. કોઈ જગાએ સ્થિર થાય, તો કોઈનો સંગ થાય, અને ભગવાનના ભજનમાં ભંગ થાય. આવી રીતે ભ્રમણ કરનારમાં સંતોષ જોઈએ, કોઈ

આકાંક્ષા ન જોઈએ. જેટલો અસંતોષ એટલું દુઃખ. સંતોષ એટલું સુખ. અસંતોષ અંતરમાં આગ લગાડે, અન્યમાં રાગ જગાડે, જીવનનો બાગ બગાડે. અસંતોષ રાખવો તો ભગવાન માટે, ભક્તિ માટે, કે સત્કર્મ માટે ! લૌકિક લાભ માટે અસંતોષ ક્યારેય કરવો નહિ.

અસંતોષનું મૂલ છે, - અધૂરી આકાંક્ષા-ઈચ્છા ! નારદે ઈચ્છાઓ જ કાઢી નાખી; તો પછી અસંતોષ આવે કયાંથી ?

ભક્ત નારદજી સાથે બ્રહ્માજીએ સ્નેહ કરતાં ખોળે બેસાડયા ! :

નારદજી કાળની રાહ જોતા હતા. પરિભ્રમણ કરતાં કદાચ માન મળે તો મદ ન કરવો. મદ મધની જેમ માદક છે, બાધક છે. ઈચ્છેલું કદાચ ન મળે તો તે કોઈની અદેખાઈ કરતા ન હતા. અદેખાઈ દેખાય નહિ, અંતરમાં રહે, અકળાવે. નારદની બુદ્ધિ કૃષ્ણ-પ્રભુમાં હતી. પ્રભુ પ્રિય લાગે તેને વિષયો અપ્રિય લાગે, અંતઃકરણ શુદ્ધ થાય, દોષો પક્વ થાય - પૂરેપૂરા દૂર થઈ જાય. આમ પરિભ્રમણ કરતાં કાલ પાસે આવ્યો. પાઞ્ચમહાભૌતિક દેહ ગયો. તેની વેદના ન થઈ. દિવ્યદેહની પ્રાપ્તિ થઈ. પ્રલયકાલે બ્રહ્માજી સાથે ભગવાનના સ્વરૂપમાં નારદનો પણ પ્રવેશ થયો. બીજી સૃષ્ટિ સમયે નારાયણના નાભિમાંથી કમલ થયું અને તેમાંથી બ્રહ્માજી થયા. બ્રહ્માજીએ પોતાના માનસ-પુત્રોની સૃષ્ટિ રચવાની શરૂઆત કરતાં નારદજીને જોયા. ભક્ત દીકરા સાથે સ્નેહ કરવાની ઈચ્છા થઈ, એટલે બ્રહ્માજીએ ખોળામાં બેસાડયા. ખોળામાં બેસાડેલા જોયા એટલે સૌએ કહ્યું - બ્રહ્માજીના ખોળામાંથી નારદજી થયા, -"उत्सङ्गान्नारदो जज्ञे ।"

નારદજીને દેવોએ સ્વરબ્રહ્મ-વિભૂષિત-વીણા દીધી; તેમ, સૌને પણ કંઠસ્વર-વીણા ભગવદ્-ગુણગાન માટે દીધી છે :

દેવોએ પણ વિઘ્ન ન કર્યું. સ્વરબ્રહ્મ-વિભૂષિત વીણા આપી. તે વીણાનું નામ - "મહતી" !

નારદે વ્યાસને કહ્યું : "એ વીણા ઉપર હરિકથાનું ગાન કરતો હું સર્વત્ર અટન કરું છું!" ભગવાને નારદને વીણા આપી છે; એમ આપણને પણ સૌને આપી છે. દેવદત્ત-વીણા છે. મેળવવા નથી ગયા. શ્વાસનળીના ઉપરના ભાગમાં કૂર્ચાનો પાતળો તંતુ-પટ્ટી-છે. એને "સ્વર-પેટી" કહે છે. હવાનાં આંદોલનો તેને સ્પર્શે છે, તેનાથી આપણે બોલી શકીએ છીએ. ઉચ્ચાર સ્પષ્ટ થાય છે. વીણામાં ધાતુના તંતુઓનો સ્પર્શ કરવાથી રણત્કાર થાય છે, તેમ આપણી આ કંઠની વીણા ભગવાને જ આપી છે. તે સ્વર-બ્રહ્મ-વિભૂષિત છે. અંદરથી ઈચ્છીએ તેવા શબ્દોનો ઉચ્ચાર થાય, નારદજીને વીણાનો સદુપયોગ કરતાં આવડયું. પ્રભુને ગાયા. આપણે કંઠ રૂપ વીણાનો વ્યર્થ, લૌકિક વાતોથી દુરુપયોગ કરીએ છીએ. ભગવાને આપેલી કંઠ રૂપ વીણાનો ઉપયોગ ભગવાનનો નિર્મળ યશઃ ગાવામાં થાય, તો ગતિ ક્યાંય અટકે નહિ, મતિ બગડે નહિ, રતિ પ્રભુમાં થાય, દર્શન શ્રીહરિનાં થાય.

ભગવાનનાં ગુણગાનથી હૃદયમાં ભગવાનનાં દર્શન થાય છે :

નારદજી કહે છે : "ભગવાનનાં પરાક્રમનાં ગાન કરતાં, ભગવાન્ પોતે મારા હૃદયમાં - બોલાવ્યા હોય તેમ - શીઘ્ર પધારે છે, મને દર્શન આપે છે. વારંવાર વિષયસ્પર્શથી વિષમ ચિત્તવાળાઓ

માટે ભવસાગરને તરવાનું આ એક જ નાવ છે, - હરિલીલાનુ વર્ણન !"

યોગમાર્ગે જે શાંતિ ન મળે, તે ભગવાનની સેવાથી મળે :

यमादिभिर्योगपथैः कामलोभहतो मुहुः ।
मुकुन्दसेवया यद्वत्तथाऽऽत्माद्धा न शाम्यति ॥ (૩૫)

કામ અને લોભથી વારંવાર મૃતપ્રાય થયેલું અંતઃકરણ, મુકુન્દ ભગવાનની સાક્ષાત્ સેવાથી જેવું શાન્ત થાય છે, તેવું યમ-નિયમ વગેરે યોગમાર્ગ દ્વારા શાન્ત થતું નથી. કામ અગ્નિની જેમ બાળે છે. લોભ પૂરની જેમ ડુબાડે છે, ઘસડે છે. બંનેથી અંતઃકરણ વારંવાર પીડાય છે, મૃતપ્રાય થઈ જાય છે. તેને માટે મોક્ષદાતા મુકુન્દ ભગવાનની સાક્ષાત્ સેવા મૃતસંજીવની છે, - અમૃતરૂપા છે.

"આપે મને જે પૂછયું તે - મારું જન્મ,-કર્મ-રહસ્ય મેં આપને સંભળાવ્યું. લોકોમાં પ્રસિદ્ધ, મારે અનુભવવા પડેલા આ ક્લેશમાં અને આપના ખેદમાં, વ્યાસજી ! ભગવાન્ જ કારણ છે. પ્રભુપ્રીતિમાં કારણ રૂપ, અંતઃકરણમાં સુખ દેતું આ કથાનક છે."- એમ કહી, વીણા બજાવતા બજાવતા દેવર્ષિ નારદજી "જાઉં છું," - કહીને પધાર્યા. નારદજી ગયા ત્યારે આશ્ચર્યમગ્ન થયેલા વ્યાસજી વિદાય દેવા ઊભા નથી થયા ! એ વિવેક ન કર્યો, - એટલે માટે "वासवीसुतम्" કહ્યા.

વ્યાસના હૃદયમાં પણ ભક્તિમાર્ગ સ્ફુર્યો. તેમણે નારદની ધન્યતા ગાઈ : "અહો ! દેવર્ષિને ધન્ય છે ! વીણા ઉપર હરિના નિર્મલ યશને ગાતાં દુઃખી જગતને આનંદ આપે છે." ભક્તિમાર્ગની શ્રેષ્ઠતા સૂચવતું નારદજીનું વીણાવાદન છે.

જગતમાં પ્રાયઃ કોઈના હૃદયમાં કરાર નથી. સૌ તેનો એકાંતમાં એકરાર કરશે. સૌ કોઈ ને કોઈ રીતે દુઃખી તો છે જ. દુઃખી જગતને સુખ મેળવવાનો સહેલો ઉપાય એક જ છે,- ભગવાનના નિર્મલ યશનું ગાન !

અધ્યાય : ૭

બદરીવનમાં વ્યાસાશ્રમનું રહસ્ય : "સાત્ત્વતસંહિતા" - વૈષ્ણવવેદનું પ્રાકટ્ય :

શૌનકે આ કથા સાંભળી સૂતજીને પૂછ્યું : "ભગવદ્ગુણોનું યથાર્થ પ્રતિપાદન કરતો ગ્રન્થ રચવાનો નારદજીનો અભિપ્રાય સાંભળીને તેમના ગયા પછી સમર્થ ભગવાન્ બાદરાયણે શું કર્યું ?"

સૂતે ઉત્તર આરંભ્યો : "બ્રહ્મ-નદી સરસ્વતીના પશ્ચિમ કિનારા ઉપર મહર્ષિ વ્યાસજીનો આશ્રમ છે. "ब्रह्मनद्यां सरस्वत्यामाश्रमः"માં લક્ષણા નથી. સામીપ્યે સપ્તમી છે. સાતમી વિભક્તિ સમીપતા સૂચવે છે. બ્રહ્મદેવતાવાળી સરસ્વતી છે, તેથી ત્યાં વેદ વગેરે વિદ્યાની સ્ફૂર્તિ સહજ છે. વ્યાસજીના આશ્રમનું નામ શમ્યાપ્રાસ છે. "शम्या प्रास्यते अस्मादिति ।" - ગદાના આકારનું યજ્ઞમાં ઉપયોગી લાકડાનું એક સાધન તે-શમ્યા ! ઋષિ પોતાનો આશ્રમ કરવા ઈચ્છતા હોય તે સ્થળેથી શમ્યાને હાથમાં પકડી ઘુમાવી દૂર ફેંકવામાં આવે. જેટલે દૂર શમ્યા પડે તેટલા વિસ્તારમાં ઋષિનો આશ્રમ થાય. અગ્નિનું એ પ્રિયસ્થાન બને. ઋષિઓના સત્રને વધારનારો આ આશ્રમ છે. વ્યાસજીનો આશ્રમ બોરડીનાં વૃક્ષોથી સુશોભિત છે. બોર ખાઈને પણ વિશ્વનું કલ્યાણ કરવાનું અનુપમ વ્રત વ્યાસ

મહર્ષિજીનું છે. વિશ્વમાં મોટામાં મોટું દાન છે, - કૃષ્ણકથામૃત ! તેના દાતા - "भूरिदाः"માં વ્યાસને ગણ્યા છે. ગોપીગીતમાં આ પ્રસિદ્ધ છે. બોર જેવી તુચ્છ ગણાતી વસ્તુ ખાઈને પણ આખાયે વિશ્વને વ્યાસ મહર્ષિજી કથારૂપ અમૃત આપે છે. "बदरी अमृतदरी परमानन्ददायिनी" - બદરી અમૃત ફલ છે. વ્યાસજી અમૃતનું ભોજન કરે છે અને અમૃત આપે છે.

સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે વ્યાસજી પોતાના આશ્રમમાં વિરાજ્યા હોય. બોરડી પર બોર લાગ્યાં હોય, તેમાં થોડાં અર્ધપક્વ હોય, તેના ઉપર સૂર્યનાં સોનેરી કિરણો પડે. અર્ધપક્વ બોરની આસપાસ પીળો પ્રકાશ પથરાય. વ્યાસે આ દર્શન કોઈક દિવસ કર્યું હશે ! હૈયું હસી પડ્યું, મન મલકી પડ્યું અને વ્યાસજી ત્યાં વસી ગયા ! યાદ આવ્યા હશે-ભગવાન્ શ્રીકૃષ્ણ ! યુગલ-ગીતમાં "बदरपाण्डुवदनो मृदुगण्डं मण्डयन् कनककुंडललक्ष्म्या ।" - અર્ધપક્વ બોર જેવું ભગવાન્ શ્રીકૃષ્ણનું ગોધૂલિધૂસર શ્રીમુખ ! શ્યામસુંદરના કાનમાં વિરાજતાં સોનાનાં કુંડલ - એ આસપાસ દેખાતો સૂર્ય-પ્રકાશ. પરમાનન્દ રૂપ ભગવાન્-શ્રીકૃષ્ણ ! તેની કથા અને સ્મૃતિ પણ પરમાનન્દ રૂપ ! ત્રણેનો સમન્વય સધાયો, તરત લાગ્યું, - "बदरी अमृतदरी परमानन्ददायिनी ।" અધરામૃત પણ શ્રીમુખે જ વિરાજેને ! પહેલાં માત્ર સુંદર જ લાગ્યું હશે, પણ સમાધિના અનુભવે સિદ્ધ થયું. તપઃસ્થાન કે મોક્ષસ્થાન રૂપ આ આશ્રમ છે. ત્યાં વ્યાસજી વિરાજ્યા. આચમન કર્યું. ત્રણ વખતના આચમનથી સર્વ ઋક્ (વેદમંત્ર) સંતુષ્ટ થાય છે, દેવતા પ્રસન્ન થાય છે. ભગવાનને જે અભીષ્ટ હશે તે સ્ફુરશે, તેવા વિચારે વ્યાસજીએ ભક્તિયોગ દ્વારા મનને સ્થિર કર્યું. સમાધિમાં સાકાર શુદ્ધ બ્રહ્મ, પૂર્ણપુરુષ-પુરુષોત્તમનાં દર્શન કર્યાં. એની ઉત્તમ શક્તિ રૂપ, આશ્રયે રહેનારી, જીવોને મોહ કરનારી ચિદંશની માયાને પણ જોઈ. એ માયાથી ભગવાનના અંશરૂપ જીવનોમોહ જોયો. મોહથી જન્મ અને મરણ રૂપ અનર્થ થતો જોયો. અનર્થનું શમન કરનારો, ઈન્દ્રિયોથી ન જાણી શકાતા ભગવાન્ અધોક્ષજનો સાક્ષાદ્ ભક્તિયોગ જોયો. અજાણ્યા લોકો માટે પોતે યુક્તિપૂર્વક જાણીને ભગવાને કહેલા પદાર્થનું પ્રતિપાદન કરનારી "सात्त्वतसंहिता" પ્રકટ કરી. સાત્ત્વત-સંહિતા એટલે વૈષ્ણવવેદ.

જન્મમરણ રૂપ અનર્થ મૂલમાયાથી થાય છે, તે જ્ઞાનથી દૂર ન થાય, શ્રીકૃષ્ણની શરણાગતિથી જ માયા તરાય :

અનર્થને શાંત કરનારો આ ભક્તિયોગ છે. જ્ઞાનથી અનર્થની શાંતિ થતી નથી. માયા પણ ક્વચિત્ જ્ઞાન જેવો દેખાવ કરે છે, ત્યારે જ્ઞાનમાં વિશ્વાસ રહેતો નથી.

દર્પણમાં મુખ જોઈએ, છતાં સ્પષ્ટ છે કે આપણું મુખ દર્પણમાં છે જ નહિ, માત્ર પ્રતિબિંબ છે. જ્યાં સુધી દર્પણ આંખ સામેથી ખસેડીએ નહિ, ત્યાં સુધી એ દર્પણમાં દેખાતું મુખનું પ્રતિબિંબ દેખાતું બંધ થાય જ નહિ. ગમે તેટલા જ્ઞાની હોઈએ, સમજતા હોઈએ કે આ પ્રતિબિંબ છે અને સાચું મુખ નથી, છતાં દર્પણ ખસે નહિ ત્યાં સુધી અંદર દેખાતું મુખ દૂર થાય નહિ. દર્પણ નથી તે જ્ઞાનથી સિદ્ધ ન થાય; તેમ જીવને પ્રાપ્ત થયેલો અનર્થ-જન્મમરણ-મૂલમાયાને કારણે છે, એ માયા જ્યાં સુધી નિવૃત્ત થાય નહિ ત્યાં સુધી માયાથી થનારો અનર્થ શાન્ત થાય નહિ. દર્પણ ખસેડી નાખો. મુખનું પ્રતિબિંબ દેખાતું બંધ થશે. એમ મૂલમાયા દૂર થાય, ત્યારે જ આ અનર્થની શાંતિ થાય. જ્ઞાનીઓના

ચિત્તને પણ આ માયા મોહ કરાવે છે. આ માયાને જીતવાનો એક જ ઉપાય ભગવાને ગીતાજીમાં બતાવ્યો છે :

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥

આ મારી માયા દૈવી, ગુણમયી, દુ:ખથી તરી શકાય તેવી છે. જે મારે શરણે આવે છે, તે આ માયાને તરે છે. ત્યાં "माम्" સાથે "एव" કાર મૂકયો છે. ગીતાજીના વક્તા છે, - ભગવાન્ શ્રીકૃષ્ણ ! એટલે "माम्" નો અર્થ તો "મને-શ્રીકૃષ્ણને" થાય. કૃષ્ણ સિવાય બીજા કોઈને પણ શરણે જવાથી માયા તરી શકાય જ નહિ. બધા લોકોને આ ખબર નથી, એટલે વ્યાસજીએ આ સંહિતા પ્રકટ કરી.

વૈષ્ણવવેદ-શ્રીભાગવતને સાંભળતાં જ શોક-મોહ અને ભયને દૂર - કરનારી ભક્તિ ઉત્પન્ન થાય : લીલા-કૃષ્ણની; અનુક્રમ-વ્યાસજીનો ! :

આનું શ્રવણ માત્ર કરવાથી પરમ પુરુષ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણમાં શોક, મોહ અને ભયને દૂર કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે.

શોક રજોગુણનું કારણ છે. મોહ તમોગુણથી થાય છે અને ભય સત્ત્વગુણથી લાગે છે. તે ત્રણેય દૂર કરનારી ભક્તિ છે. તેનાથી અનર્થ-નિવૃત્તિ તો થાય જ. ભક્તિ થાય ત્યાં સુધી ભાગવત સાંભળવું જોઈએ. ભક્તિ હોય તો શોક, મોહ, ભયને હૃદયમાં સ્થાન મળે નહિ.

વ્યાસજીએ તે સંહિતા પોતાના પુત્ર નિવૃત્તિરત, મનનશીલ, શ્રીશુકદેવજીને અનુક્રમ કરીને ભણાવી. "अनुक्रम्य" - શબ્દથી અનુક્રમ કરીને અથવા અનુક્રમ પ્રમાણે, - અર્થ થાય. રંગ અને રંગોળીની ડિઝાઈન પ્રભુના, પૂરવણી વ્યાસજીની ! ફૂલ, દોરો, સોય સઘળું ભગવાનનું, માલાની ગૂંથણી વ્યાસજીની ! કલાસાહિત્ય પ્રભુનું, કલાકાર વ્યાસજી ! લીલા અને સ્વરૂપ પ્રભુનાં, રજૂઆતક્રમ વ્યાસજીનો ! અથવા સમાધિમાં જ ક્રમ પણ જોયો, તે ક્રમે શ્રીશુકને ભણાવ્યું. રંગ પૂરેલી તૈયાર રંગોળી જ પ્રભુએ દીધી. વ્યાસે જગતમાં રજૂ કરી. વ્યાસજી ભાગવતના દ્રષ્ટા છે; સંયોજક કે નિર્દેશક છે. લીલા વિષ્ણુની (પુરુષોત્તમની), વ્યક્ત કરી વેદવ્યાસે (વિષ્ણુની જ્ઞાનકલાએ) ! વિસ્તાર કર્યો-વૈષ્ણવે (શિવાવતાર શ્રીશુકે) ! લીલા ભગવાનની, જોઈ ભગવદ્વતારે, ગાઈ ભગવદ્ભક્તે ! વિહાર કૃષ્ણનો, વિચાર કૃષ્ણદ્વૈપાયનનો, પ્રચાર કૃષ્ણભક્તનો ! સામાન્ય જનને સુંદર લાગે અને ઉત્તમજનને અદ્ભુત-અનુપમ-લાગે, તેવા આ ભાગવતમાં સૌની અભિરુચિ થાય છે. નિર્ગ્રન્થ- આત્મારામ મુનિઓ અને અન્ય સૌ, અલૌકિક સામર્થ્યવાળા ઉરુક્રમ ભગવાનની હેતુ વગરની ભક્તિ કરે છે. ભગવાનના ગુણો પ્રવૃત્તિ રૂપ છતાં નિવૃત્તિ-સ્વભાવવાળા છે, પરમાનંદ રૂપ છે અને જ્ઞાન રૂપ છે, તેથી જે કોઈ પણ સ્થળે આસક્ત હોય, એને ભગવાનના ગુણોમાં આસક્તિ થયા વિના રહેતી જ નથી.

અન્યત્ર આસક્ત હોય તેને પણ ભગવાનમાં આસક્તિ થાય છે :

સંત તુલસીદાસની સાચી આસક્તિ પોતાનાં પત્નીમાં હતી. એક વખત પત્ની પિયેર ગયાં. વિષયા- સક્તપુરુષ પાછળ ગયો. પત્નીએ ઠપકો દીધો :

"લાજ ન લાગત આપકો, દૌડે આયે હો સાથ, ધિક્ ધિક્ ઐસે પ્રેમકો, કહા કહું મૈં નાથ !
અસ્થિ-ચરમ-મય દેહ મમ, તામેં જૈસી પ્રીતિ, ઐસી જો શ્રીરામમેં હોત, ન તૌ ભવભીતિ."

થોડા શબ્દોએ મોટું પરિવર્તન કર્યું. આસક્તિ રામામાં હતી - રામમાં થઈ ગઈ! ભગવાનના ગુણો સર્વ પ્રતિકૃતિ રૂપ છે. જ્ઞાનને વશ કરવાનો તેમનો સ્વભાવ છે. ભગવાનના ગુણોથી જેમની મતિ આકર્ષાઈ છે, એવા નિત્ય-વૈષ્ણવપ્રિય શ્રીશુકદેવજીએ મોટા આખ્યાનનો અભ્યાસ કર્યો. પિતાના આશ્રમને જન્મતાં જ છોડ્યો. શ્રીશુક સમાધિસ્થ થયા, પણ તેમાં જે આનંદ ન આવ્યો, તે સમાધિની સમાપ્તિમાં બે શ્લોક સાંભળતાં આવ્યો. "**बर्हापीड...**"- ના શ્રવણે રસરૂપ કૃષ્ણના શ્રેષ્ઠ સૌન્દર્યનું અને "**अहो बकीयं...**"થી પરમ દયાળુ સ્વભાવની સર્વોત્તમતાનું સંવેદન થયું. સ્વરૂપ અને સ્વભાવની સુંદરતાનો સુભદ્ર સુમેળ સમજાયો. સ્વરૂપ-સુંદર તો ઘણાં હોય, સ્વભાવ-સુંદર કોઈક હોય, પણ સ્વભાવ અને સ્વરૂપની સુંદરતાનો સુમેળ તો જવલ્લે જ જડે ! ભગવાન્ કૃષ્ણમાં સર્વોત્તમ સ્વરૂપ અને સર્વોત્કૃષ્ટ સ્વભાવનો સુમેળ સમજાતાં શ્રીશુકની મતિ મગ્ન થઈ ગઈ. ગતિ વ્યાસાશ્રમે થઈ. રતિ મહદાખ્યાનમાં થઈ !

गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते ।
यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥

પરિણામ સ્પષ્ટ થયું. ગોવિંદનાં ગુણગાન ગાતાં શ્રીશુકદેવજીને જેવો સુખાનુભવ થયો, તેવો તો સમાધિમાં આત્માનુભવે પણ થયો ન હતો !

ભગવાનના સ્મરણ-માત્રથી આંખમાં આંસુ ઉભરાય, વાણી ગદ્ગદ્ બને, શરીરે રોમાંચ થાય, ત્યારે અકૃત્રિમ - સ્વાભાવિક-વૈષ્ણવ ગણાય :

ભગવાનના ગુણોથી વશ થયેલી બુદ્ધિમાં કોઈ જ અશુદ્ધિ ન રહે. વિષય અને ઈન્દ્રિયનો સંયોગ થવા છતાં-કોઈ વિકાર ન થાય ! આંખ સુંદર વસ્તુ જુએ, છતાં બુદ્ધિ તેમાં ન જાય. બુદ્ધિ તો પ્રભુના ગુણોએ વશ કરી હોવાથી પ્રભુમાં જ રહે, તેથી પ્રભુ ગુણગાનરત શ્રીશુક એકાકી પણ ભાગવત ગાન કરે છે ! સન્નિષ્ઠ શ્રોતા પાસે ગાવામાં તો પોતાને અધિક આનંદ આવે છે; "**नित्यं विष्णुजन-प्रियः**" શ્રીશુકદેવજી છે. "**सर्वदा ये भगवद्-भक्ता अकृत्रिम-नित्य-वैष्णवास्ते प्रिया यस्येति ।**" - દીક્ષા માત્ર જેણે લીધી છે તે નહિ, પણ ભાવની ભિક્ષા ભગવાને જેને આપી છે, - એ અકૃત્રિમ વૈષ્ણવ ! ભગવાનનું નામ દેતાં કે સાંભળતાં અંતઃકરણ પ્રેમથી પીગળી જાય, આંસુ રૂપે આંખમાંથી ઊભરાવા માંડે, શરીરે રોમાંચ રૂપે રેલાઈ રહે, તેમાં ભીંજાઈને વાણી ગદ્ગદ બની જાય. "**तदैव तदीयानां वैष्णवत्वम् ।** - ત્યારે જ ભગવત્સંબંધવાળાઓનું વૈષ્ણવપણું કહેવાય ! આ ચિહ્નો બનાવટી, ક્ષણિક આવેશમાત્રથી કે કોઈક અન્ય હેતુપુરઃસરનાં ન હોય, તો જ અકૃત્રિમ વૈષ્ણવતા છે. તે સાચો સ્વાભાવિક ભગવદ્ભક્ત છે. તેવા શ્રોતાની પાસે કથા કરતાં તો વક્તા પણ રસમગ્ન શ્રોતા બની જાય છે. શ્રીશુકે પરીક્ષિતને "**तदहं तेऽभिधास्यामि महापौरुषिको भवान्**" - તેથી કહ્યું છે. કામ કામિનીની નિકટમાં લઈ જાય, તેમ ભગવદ્ગુણો પોતાની સ્થિરતા માટે ભક્તની પાસે પહોંચાડી દે

છે. સ્નેહમાં સંગ સ્વાભાવિક છે. શ્રીશુકે જ્ઞાની વ્યાસ વગેરેનો સંગ છોડયો, અકૃત્રિમ ભગવદ્‌ભક્તોનો સંગ થઈ ગયો ! પરીક્ષિત સ્વાભાવિક ભગવદ્‌ભક્ત છે. "હું તમને રાજા પરીક્ષિતનાં જન્મ, કર્મ અને અંતની કથા કહીશ અને પાંડુપુત્રોનો અંત પણ કહીશ." સૂતે ઋષિઓને કહ્યું. શ્લોકમાંના "च"કારથી ધૃતરાષ્ટ્રનો પણ સમાવેશ કર્યો છે.

સૂતજીએ કહેલો - "કૃષ્ણ-કથોદય !" :

કૃષ્ણકથાનું પ્રતિપાદન કરનારી આ વાતો છે. આ કથા ભગવાનના સ્વતઃ ચરિત્રરૂપ નથી, નૈમિત્તિક છે, તેથી હેતુ નિમિત્તરૂપ છે. કૃષ્ણકથાનો ઉદય કહીશ. - "**वक्ष्ये कृष्णकथोदयम्**" - જેમાં ભગવાનનું માહાત્મ્ય સ્પષ્ટ છે, પાંડવોની રક્ષા સ્પષ્ટ રીતે ભગવાને જ કરી છે, એવી કથાઓ હું કહીશ.

અધ્યાય ૭ થી ૧૯ સુધી, ૧૩ અધ્યાયમાં ઉત્તમાધિકારનું પ્રકરણ છે. તેમાં શ્રોતાવક્તાનું ભગવાનપણું છે. ઉત્તમાધિકારનું લક્ષણ દૃઢ વૈરાગ્ય છે. ઉત્તમ શ્રોતા રાજા પરીક્ષિત છે. બારમા અધ્યાયમાં તેના જન્મનો પ્રસંગ છે. ભગવાને સ્વયં મા ઉત્તરાના ઉદરમાં પધારી પરીક્ષિતની રક્ષા કરી છે ! ભગવાન્ ભક્તમનોરથપૂરક, સર્વનાં સર્વદુઃખો દૂર કરી ભક્તિ દેનારા, સર્વને મુક્તિ દેનારા, સર્વને શોધવા યોગ્ય, સર્વોત્તમ છે. ક્રમશઃ ૭ થી ૧૨ અધ્યાયમાં તેનું વર્ણન છે. આવા ભગવાને પરિશ્રમપૂર્વક શ્રોતા પરીક્ષિતની રક્ષા કરી છે. તે પણ ઉત્તમતામાં હેતુ રૂપ છે. સનત્કુમાર વગેરે જ્ઞાનથી સ્વતઃ શુદ્ધ છે; છતાં પરીક્ષિત રાજા જ ભાગવતના શ્રોતા થયા છે. પાંડવો વગેરેનો ઉદ્ધાર ભગવાને સ્વરૂપથી કર્યો. ભગવાનના પધારી ગયા પછીથી ઉદ્ધાર કરનાર એકમાત્ર શ્રીમદ્ ભાગવત જ છે, - એમ સ્પષ્ટ કરવા પ્રભુના પધાર્યા પછી તરત પરીક્ષિતનો જન્મ અને ભાગવતશ્રવણથી તેની મુક્તિની કથા કહી છે.

અવિશ્વાસ બાધક છે, વિશ્વાસ સાધક છે :

રાજાને દૃઢ વિશ્વાસથી શ્રવણનું મુખ્ય-ફલ પ્રાપ્ત થયું. ભાગવતની કથા સાંભળવા છતાં તેમાં વિશ્વાસ ન હોય તો ભક્તિ ન મળે. આપણો અવિશ્વાસ જ આપણી ઉન્નતિ અટકાવે છે. શ્રીમહાપ્રભુજીએ પણ ચેતવણી આપી છે. અવિશ્વાસ ન કરવો. તે બાધક છે, -

"**अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।**"

સીતાજીની શોધમાં હનુમાનજી લંકા ગયા. સીતાજીને મળ્યા પછી ફલ ખાતાં, બાગ ઉજાડતાં, રાક્ષસોને મારવા માંડયા. રાવણનો પુત્ર ઈન્દ્રજિત આવ્યો. તેણે બ્રહ્માસ્ત્રથી બાંધવા પ્રયત્ન કર્યો. મર્યાદા- પુરુષોત્તમના સેવક હનુમાનજીએ સ્વામીની પ્રસન્નતા માટે શાસ્ત્રના મંત્ર-દેવતાની મર્યાદા પાળી. બાણમાંથી નીકળતા સૂતરના તંતુથી બંધાયા ! તે તંતુને મેઘનાદે અપૂરતાં ગણ્યાં. વિશ્વાસ ન રહ્યો. લોહની સાંકળથી બાંધવા પ્રયત્ન કર્યો. હનુમાનજીએ તેનો અવિશ્વાસ જોયો. અસ્ત્ર-મંત્ર નિષ્ફળ થયો. મહાવીરે બંધન ક્ષણમાં તોડી નાખ્યાં ! ચાતક જેવી અનન્યતા-દૃઢતાવાળો વિશ્વાસ જોઈએ. ચાતક મરે પણ મેઘ વિના બીજે લાચાર બનીને યાચે નહિ. વિશ્વાસ અંતિમ શ્વાસ પર્યંત જોઈએ, તો દુઃખનો નિઃશ્વાસ પણ મૂકવો ન પડે. પ્રભુના આશ્રયમાં વિશ્વાસ જ મૂલ છે. પ્રભુમાં, સેવામાં, કથામાં, લૌકિક-વ્યવહારમાં પણ વિશ્વાસ મુખ્ય અંગ છે. શ્રી આચાર્યજીની આજ્ઞા છે, - "**करिष्यतीति**

વિશ્વાસઃ", - પ્રભુ કરશે જ તેવો વિશ્વાસ રાખવો. સ્વયં શ્રી ગોવર્ધનનાથજીએ સ્વમુખે આજ્ઞા કરી છે :

मयि चेदस्ति विश्वासः श्रीगोपीजनवल्लभे ।
तदा कृतार्था यूयं हि शोचनीयं न कर्हिचित् ॥

મારામાં શ્રીગોપીજનવલ્લભમાં જો વિશ્વાસ છે, તો તમે ચોક્કસ કૃતાર્થ છો, ક્યારેય પણ શોક કરવા જેવું નથી.

વિશ્વાસનાં ત્રણ સાધન છે :

(૧) ઉત્તમ પ્રકારની શુદ્ધિ, (૨) સર્વ-ત્યાગ, (૩) સત્સંગ. પરીક્ષિત-જન્મ પહેલાંના ૭ થી ૧૧ સુધીના પાંચ અધ્યાય તેની શુદ્ધિને સૂચવનારા છે. બારમા અધ્યાયમાં તેના જન્મથી કથા છે. ૧૩ થી ૧૭ અધ્યાયમાં તેનો સર્વ-ત્યાગ છે. ૧૮-૧૯ અધ્યાયમાં તેને સત્સંગની પ્રાપ્તિ છે, તેથી પરીક્ષિતને કથામાં સંપૂર્ણ વિશ્વાસ છે. તેનો મુખ્ય અધિકાર (યોગ્યતા) છે.

પરીક્ષિત જન્મથી શુદ્ધ છે. શરીરના કારણ રૂપ શુદ્ધિ બે અધ્યાયમાં બતાવી છે,- પિતૃશુદ્ધિ અને માતૃશુદ્ધિ! આપત્તિકાલમાં પ્રભુની શરણાગતિ અને સ્તુતિથી શુદ્ધિ દેખાય છે. સાતમા અધ્યાયમાં અર્જુનની ઉપર પ્રભુની કૃપા બતાવી પિતૃશુદ્ધિ કહી છે. આઠમા અધ્યાયમાં ઉત્તરા અને કુંતાજી બન્ને ભગવાનની સ્તુતિ અને શરણાગતિ કરે છે. તેમના પર પ્રભુની કૃપા હતી. એ માતૃશુદ્ધિ બતાવે છે. નવમા અધ્યાયમાં ભીષ્મે કરેલી સ્તુતિ તથા ઉપદેશ છે. એ અન્નશુદ્ધિ અથવા જ્ઞાનશુદ્ધિ દર્શાવે છે. દુષ્ટનું અન્ન ખાધું છે, છતાં ભગવાને આપેલી બુદ્ધિથી દાદા ભીષ્મે ભગવાનનું સ્તવન કર્યું. મુક્ત થયા. દશમા અધ્યાયમાં સાધારણ સર્વ-સંબંધી જનોને પ્રભુ ઉપર પ્રેમ છે, એથી સર્વજન-(સ્વજન)-શુદ્ધિ કહી છે. ૧૧મા અધ્યાયમાં પ્રભુ સ્વકાર્ય કરીને દ્વારકા પધાર્યા છે. એ કાર્યશુદ્ધિ છે.

આ પાંચ પ્રકારની શુદ્ધિ સામાન્ય છે, પણ બારમા અધ્યાયમાં મુખ્ય શુદ્ધિ છે, - ભગવાનની કૃપાથી થતી શુદ્ધિ અથવા કૃપારૂપ શુદ્ધિ ! આ છ પ્રકારની શુદ્ધિ પરીક્ષિતમાં હતી.

આમ, ૭ થી ૧૨ અધ્યાયોમાં છ પ્રકારની શુદ્ધિથી પરીક્ષિત જન્મથી શુદ્ધ છે, - તેમ બતાવ્યું. જેના પૂર્વપુરુષો મુક્ત ન થયા હોય, તેને મુક્તિ ન મળે. તેના પૂર્વપુરુષોની મુક્તિ ૧૩ થી ૧૫ અધ્યાયમાં કહી, તેથી રાજાની મુક્તિમાં પ્રતિબંધ નથી, - તેમ સૂચવે છે. ૧૬-૧૭ અધ્યાયથી કાલ પણ તેને પ્રતિબંધ રૂપ નથી,- તેમ બતાવે છે. ૧૮ અધ્યાયમાં પ્રભુની શાપરૂપકૃપાની કથા છે. "अनुग्रहायैव भगवान् शापं दापयति क्वचित् ।" - ક્યારેક કૃષ્ણ કૃપા માટે જ શાપ અપાવે છે. ભક્તોને તો શાપ પણ કૃપા જ લાગે છે. ૧૯મા અધ્યાયમાં પરીક્ષિત ભાગવતશ્રોતા બને છે. જેના ત્રણ પૂર્વપુરુષો શુદ્ધ હોય, જેના પર જન્મથી પ્રભુની કૃપા હોય, તે સર્વત્યાગ કરી સત્સંગ કરે, ત્યારે તેને કથામાં વિશ્વાસ થાય, તે કૃતાર્થ થાય.

સર્વદશામાં ભગવાનની સ્તુતિ જ ભક્તોની શુદ્ધિની સ્વાભાવિકતા છે :

શ્રીકૃષ્ણની મુખ્યતા દર્શાવતી કથા :

સાતથી નવ અધ્યાયોમાં ભક્ત પાંડવોનું દુઃખ કહેલું છે. ક્રમશઃ શત્રુ, પ્રભુસંબંધી-અજ્ઞાન

અને જીવસંબંધી-અજ્ઞાન તેમાં હેતુરૂપ છે. તે ત્રણે દુઃખો પ્રભુ દૂર કરે છે. તે કથા આ અધ્યાયોમાં છે. ભક્તોની રક્ષા પ્રભુ સર્વત્ર, સર્વદા કરે છે. પ્રભુની શરણાગતિ અને સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય છે અને પ્રેમથી રક્ષા કરે છે, તેથી ભક્તોનો ઉત્સાહ વધે છે. બીજાને પણ ભગવદ્‌ભજન કરવાની ઝંખના જાગે છે.

સાતમા અધ્યાયમાં અર્જુને દુઃખમાં ભગવાનની સ્તુતિ કરી છે. સ્તુતિથી પ્રભુ પ્રસન્ન થાય. પ્રભુની પ્રસન્નતાથી સઘળાં દુઃખ દૂર થાય. આઠમા અધ્યાયમાં ઉત્તરાએ દુઃખમાં અને કુંતાજીએ ભગવાને રક્ષ્યા પછી, સુખમાં સ્તુતિ કરી છે. માત્ર પોતાનાં દુઃખ દૂર કરવા માટેની આ સ્તુતિ નથી; પણ અધિકાર, યોગ્યતા મેળવવા માટેની સ્તુતિ છે. સંસારમાંથી આસક્તિ દૂર કરવાનું સાધન પણ સ્તુતિ છે. સર્વત્ર ભટકાવતા અને અનેક પદાર્થો પ્રાપ્ત કરવા પ્રેરતા અંતર્યામીને સ્તુતિથી પ્રસન્ન થયેલા પ્રભુ તેમ કરતાં અટકાવે છે. નવમા અધ્યાયમાં મોક્ષ માટે દાદા ભીષ્મે ભગવાનની સ્તુતિ કરી છે. તેમાં પણ સૌથી નાના અર્જુનનું સ્થાન પહેલું છે, પછી કુંતાજી અને પછી ભીષ્મ છે. ભગવન્માર્ગમાં મોટાઈ પ્રભુની કૃપાથી જ છે. વય, સંબંધ, સામર્થ્ય વગેરે લૌકિક-મોટાઈ તો તેમાં ગૌણ છે. ભીષ્મ કામ, કાલ અને પરશુરામને જીતનારા છે, છતાં ત્રણમાં છેલ્લા ગણાવ્યા છે. માનવ પોતાની પરિસ્થિતિ અનુસાર જુદી જુદી રીતે ભગવાનનું સ્તવન કરે છે; કૃતાર્થ બને છે. દસમા અધ્યાયમાં પણ કૌરવનગરનારીની સ્તુતિ છે. અગિયારમા અધ્યાયમાં દ્વારકાવાસીઓની સ્તુતિ છે. ભગવાનનાં દર્શનથી થતા આનંદથી ઉદ્‌ભવતી તે સ્તુતિ છે.

સ્તુતિ ભગવાનનું માહાત્મ્ય અને ભગવાનનો ઉદય સૂચવનાર છે. એટલા માટે સૂતે પ્રતિજ્ઞા કરી. "**वक्ष्ये कृष्णकथोदयम् ।**" તેમાં આત્મનેપદ-પ્રયોગ કર્યો. "**वक्ष्ये**" કૃષ્ણના ઉદયવાળી કથા કહેવામાં પોતાને પણ આસ્વાદ મળે.

મહાભારતનું યુદ્ધ કૌરવ-પાંડવ વચ્ચે નહિ; કૌરવ-સૃંજયોની વચમાં થયું :
માબાપના અધર્મથી સંતાનોમાં અનર્થ થાય છે :

ભગવાનની મુખ્યતાવાળી કથા આરંભી. વ્યાસજીએ સૂત્રાત્મક સમાધિ-ભાષામાં કહેલી કથામાં અનેક કથાઓના સાર સમાવી દીધા છે.

મહાભારતની લડાઈ કૌરવો અને પાંડવો વચ્ચે થઈ એમ સૌ સામાન્યતઃ સમજે છે, પણ વ્યાસજી એવું વિધાન નથી કરતા. એ તો, "**यदा मृधे कौरवसृञ्जयानां ।**"- કહે છે. પાંડવો પણ કૌરવો જ કહેવાય, કારણ એ પણ કુરુકુળમાં જન્મ્યા છે. દ્રુપદરાજા સૃંજય-વંશના છે. તેમને યુદ્ધનો આગ્રહ છે. દ્રૌપદીજીને કારણે વિશેષ કલહ થયો છે. યુધિષ્ઠિરના આગ્રહથી સંધિ કરવા જતા કૃષ્ણને કૃષ્ણાએ પોતાના છૂટા કેશ બતાવી યુદ્ધ માગ્યું છે. પાંડવોનો સેનાપતિ પણ દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન છે, તેથી યુદ્ધ યથાર્થ તો કૌરવ અને સૃંજયો વચ્ચે થયું. તેમાં-રણભૂમિમાં-લડતા વીરપુરુષો વીરગતિને પામ્યા. સંસ્કૃતિનું આ ઉદાત્ત દર્શન કરાવ્યું. ધર્મપક્ષે કે અધર્મપક્ષે કોણ લડયા ? અને કોણ મર્યા ? એની નોંધ ન રાખી, પણ સામી છાતીએ લડતાં જે મરાયા એ વીરગતિને પ્રાપ્ત કરી ગયા, - એવું વિધાન કર્યું.

યુદ્ધમાં વૃકોદરની ગદાનો પ્રહાર થયો. "વૃક" - એ દશ પ્રકારનો પ્રાણ છે. એ જેના ઉદરમાં

વસે છે, - એનું નામ વૃકોદર ! ભીમસેન વેદરૂપ છે. ભગવાનને સાનુકૂળ છે. એની ગદાનો પ્રહાર થયો. ધૃતરાષ્ટ્ર-પુત્રનો ઉરુદંડ ભાંગ્યો. દુર્યોધનના નાશનું કારણ અને ભીમની પ્રતિજ્ઞાપૂર્તિ બંને કહી દીધાં. ટૂંકું છતાં સ્પષ્ટ બોલતા વ્યાસે "દુર્યોધન"ને બદલે "ધૃતરાષ્ટ્રપુત્ર" કહ્યું ! ત્રીજા સ્કંધમાં વિશેષ સ્પષ્ટ છે,- "यदा तु राजा स्वसुतानसाधुन् पुष्णन्नधर्मेण विनष्टदृष्टिः ।" ધૃતરાષ્ટ્ર દંભી છે. દંભમાં મોહ (લોભ) અને જૂઠાણું બંને હોય. પરિણામે વિવેકદષ્ટિ નાશ પામે. માત્ર પોતાના લાભ-સ્વાર્થ માટે તે અનેક ઉપાય કરે. અયોગ્ય, અસત્ય આચરણ કરે. તેના પરિણામે તો વિનાશ મળે. ધૃતરાષ્ટ્રની વિવેકદષ્ટિ ચાલી ગઈ. તેના દીકરા દુષ્ટ તો હતા. એને પાછા અધર્મથી પોષ્યા. પરિણામે વિનાશ થયો. જે માબાપ પોતાનાં સંતાનોને અધર્મથી પોષે છે, એ માબાપ પોતાના સંતાનનો પોતાને હાથે જ નાશ-કરે છે. જો માબાપ પોતાનાં સંતાનોની આબાદી ઈચ્છતાં હોય, બરબાદી ન ઈચ્છતાં હોય, તો તે પોતે પોતાનાં સંતાનનું જે અન્નમાંથી અને દ્રવ્યમાંથી પોષણ કરે છે એ અધર્મથી મેળવ્યું ન હોય, એની હંમેશાં તપાસ કરે.

નીતિ-રીતિથી અને પ્રીતિથી મેળવેલું દ્રવ્ય સંતાનનો ઉત્કર્ષ કરે છે. બીજી રીતે મેળવેલા દ્રવ્યથી સંતાનોનું થતું પોષણ તેમના સુખનું શોષણ કરે છે.

વિદ્યા ધનનો આશ્રય કરે તો અવશ્ય અનર્થ આવે :

દુર્યોધન પડ્યો હતો તે વખતે અશ્વત્થામા આવ્યો. તે "द्रौणि" - દ્રોણપુત્ર છે, છતાં "भर्तुः प्रियं" - સ્વામીનું-દુર્યોધનનું-પ્રિય કરવા ઈચ્છે છે. "भर्तुः" અને "द्रौणिः" કેટલા વિચિત્ર સૂચક શબ્દો છે ? દુર્યોધન દ્રોણાચાર્યનો શિષ્ય છે અને અશ્વત્થામા ગુરુપુત્ર છે. તેની સાથે તો દુર્યોધનનો વ્યવહાર શિષ્ય તરીકે હોવો જોઈએ. અશ્વત્થામા દુર્યોધનને પોતાનું ભરણપોષણ કરનાર - "भर्ता" સમજ્યો. વિદ્વાન્ પુરુષ સમૃદ્ધને પોતાનું ભરણપોષણ કરનાર સમજે, એટલે અનર્થ અવશ્ય આવે. વિદ્યા ધનનો આશ્રય કરે તો અવશ્ય અનર્થ આવે, દ્રોણના વખતથી આ અનર્થ ચાલ્યો હતો. ગીતાનું વાક્ય તેનું સૂચક છે,- "आचार्यमुपसङ्गम्य राजा वचनमब्रवीत्" - આચાર્ય દ્રોણ પાસે જઈને રાજા બોલ્યો ! દુર્યોધન કે શિષ્યને બદલે "રાજા" શબ્દ વાપર્યો. શ્રીશુકદેવજી એટલા માટે તો બોલ્યા હશે,- "कस्माद् भजन्ति कवयो धनदुर्मदान्धान् ।" - વિદ્વાનો ધનદુર્મદાન્ધ લોકોને શા માટે સેવે છે ?

વિદ્યા તો એ કે જેનાથી ભગવાનમાં બુદ્ધિ સ્થિર થાય, ભગવન્મતિ મળે. "सा विद्या तन्मतिर्यया ।"- એ ભાગવતજીનો આદર્શ છે; શ્રીઆચાર્યજી- "अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।"- આજ્ઞા કરે છે. બ્રહ્મવાદથી કૃષ્ણમાં બુદ્ધિ કરવી જોઈએ. મોહથી અન્યત્ર આથડવાનું ન હોય.

દ્રોણના વધનું વૈર યાદ કરી, અશ્વત્થામાએ દુર્યોધનનું પ્રિય કરવા માટે કૃષ્ણાના સૂતેલા પાંચ પુત્રોનાં મસ્તક કાપી નાખ્યાં. કૃષ્ણનો જેવો સ્વભાવ છે, તેવો દ્રૌપદીજીનો છે, તેથી તે કૃષ્ણા કહેવાય છે. શરણે આવે, સન્મુખ થાય, એને ક્ષમા કરે, સ્નેહ કરે, સદ્ગતિ આપે. દ્રૌપદીએ પણ પુત્રહત્યારાને ક્ષમા કરી છે.

દીકરાને સંપત્તિ મળે માટે રડતી સંસારી મા ઘણી હશે, સંસ્કારી-ભક્ત-મા તો સંતાનની સન્મતિ-સદ્‌ગતિ-માટે રડે છે :

અશ્વત્થામાએ દુર્યોધનને કાપેલા પાંચે પુત્રોનાં માથાં બતાવ્યાં. તેને ન ગમ્યું. પુત્રો સૂતા હતા, તે મર્યા, - એમ દ્રૌપદીએ સાંભળ્યું. માથાં અશ્વત્થામા લઈ ગયો હતો, બાકીના શરીરનો અગ્નિ-સંસ્કાર થયો હતો, તેથી ખૂબ દુઃખ થયું. દ્રૌપદી ખૂબ જ રડવા લાગ્યાં. ભક્તનું દુઃખ જોઈને ભગવાનને અવશ્ય દયા આવે છે. તે દ્રૌપદીજી જાણે છે. ભગવાન્ કૃષ્ણને દયા આવે માટે દ્રૌપદીજી રડે છે. પોતાના દીકરા બ્રાહ્મણને હાથે સૂતાં મરાયા છે, તેથી તેમની મુક્તિ ન થાય. પ્રભુ દયા કરે, તો તેમની મુક્તિ થાય. દીકરાની મુક્તિને ઝંખતી આ મમતાભરી માનું રુદન છે. દીકરાને દુઃખે કે દુઃખી દીકરા માટે રડતી મા ઘણી હશે. દીકરા માટે લોકની દયા યાચતી, શોકથી પોક મૂકતી, મા પણ ઘણી હશે, પણ દીકરાની સન્મતિ કે સદ્‌ગતિ માટે પ્રભુની દયા યાચતી મા અને તેના દીકરા બંને ધન્ય બને.

સ્ત્રૈણ ભક્તને પણ નિર્દોષ ભગવાન્ સ્નેહથી સ્તુતિ કરતાં રક્ષે જ છે :

રડતાં પત્નીને અર્જુને આશ્વાસન આપવા માંડ્યું. અતિ વેગથી ઘૂમતા રથથી, એક છેડાથી બીજા છેડા સુધી રણમેદાનમાં અર્જુન દેખાય ! તેના મુકુટની હારમાલા દેખાયા કરે, તેથી તે "किरीटमाली" છે. આવા શૂરવીર ભક્ત હોવા છતાં, સ્ત્રીને પ્રસન્ન કરવા મથે છે. સ્ત્રૈણ છે. ભક્ત સ્ત્રી-વશ હોય છતાં ભક્ત- વત્સલ ભગવાન્ તેની રક્ષા કરે જ છે.

ઉદાર ભગવાન્ રથ તૈયાર રાખીને ઊભા હતા. પુત્રને મારનારનું માથું લાવવાની અર્જુને પ્રતિજ્ઞા કરી. ભગવાન્ પોતે પોતાના સ્વરૂપમાંથી અને વચનમાંથી ચલિત-ચ્યુત-થતા નથી, અચ્યુત છે. પોતાના ભક્તને પણ વચનભંગ કે ચલિત થવા દેતા નથી.

અર્જુને રથમાં બેઠા પછી બખ્તર પહેર્યું અને ધનુષબાણ હાથમાં લીધાં. અશ્વત્થામાએ રથને દૂરથી જોયો. પ્રાણ બચાવવા રથમાં બેસીને તે દોડયો. બ્રહ્માસ્ત્રને પાછું વાળતાં આવડતું નહોતું, તો પણ તેનો પ્રયોગ કર્યો. બ્રહ્માસ્ત્રનું તેજ ચારે તરફથી દેખાયું, અર્જુનને કંઈ ન સમજાયું, પ્રભુને શરણે ગયો. અંતઃકરણ શુદ્ધ હોય તો આપત્તિમાં હરિ-સ્મરણ, સ્તુતિ, શરણાગતિ સૂઝે. અર્જુને સ્તુતિ કરી : "હે કૃષ્ણ ! ભયમાંથી સૌની રક્ષા આપ કરો છો, પણ ભક્તોને તો આપ હમેશાં અભય જ કરો છો ! ક્યારેય ભય થવા દેતા નથી. આવા ભગવાનથી દૂર રહેનારા દુભાયા જ કરે છે, - બળે છે. સૌથી મોટી બળતરા સંસારની છે, જન્મ-મરણની છે. તેમાંથી માત્ર આપ જ છોડાવી શકો છો. આપ નિર્દોષ છો. દોષવાળા જીવોને નિર્દોષ બનાવો છો. દોષ પાંચ રીતે આવે છે. એ ભગવાનમાં નથી. (૧) કર્મ (૨) કાલ, (૩) સ્વભાવ, (૪) માયા અને (૫) સ્થાનને કારણે દોષો ઉત્પન્ન થાય છે.

ભગવાન્ આદ્ય છે. કર્મથી પણ પહેલાં હતા. એટલે કર્મજન્ય દોષ આપને સ્પર્શતા નથી. આપ સાક્ષાદ્ ઈશ્વર છો. ઈશ્વર સૌના ઉપર શાસન કરે છે. કાલના પણ નિયામક છે, તેથી કાલથી ઉત્પન્ન થનારા દોષ આપનામાં નથી. આપ પ્રકૃતિથી પર છો, તેથી પ્રાકૃત સ્વભાવને કારણે આવનાર દોષ પણ સ્પર્શે નહિ. માયાથી થનારા દોષ પણ આપનામાં નથી. પોતાની ચિચ્છક્તિ દ્વારા ભગવાન્ માયાનું નિવારણ કરે છે. ભગવાન્ તો આત્મસ્થ છે, તેથી સ્થાનથી થનારા દોષ પણ તેમાં નથી.

અર્જુનની પ્રભુશરણાગતિ : વિનાશ વેરતાં શસ્ત્રોને પાછાં વાળવાનું વિશિષ્ટ-વિજ્ઞાન : ભક્તોએ શાસ્ત્ર સમજીને વર્તવાનું હોય :

આપ માયામાં મોહિત થયેલા જીવલોકનું પોતાના પરાક્રમથી શ્રેય: કરો છો. સર્વને અભીષ્ટ દેનારા છો. પૃથ્વીનો ભાર ઉતારવા માટે તથા આપના અનન્ય ભક્તો નિરંતર અનુધ્યાન કરે એટલા માટે વારંવાર આપ અવતાર લઈને પધારો છો. "ભગવન્! આ કયું તેજ છે ? - તે સમજાતું નથી." સ્તુતિથી પ્રસન્ન ભગવાને ઓળખાણ કરાવ્યું : "અર્જુન! દ્રોણાચાર્યના પુત્રે મૂકેલું આ બ્રહ્માસ્ત્ર છે. તેને પાછું વાળતાં આવડતું નથી. તું તેને બ્રહ્માસ્ત્રથી શાન્ત કર." યોગ્યતા વગરનો વારસો વ્યર્થ વિપત્તિ લાવે, વેડફાઈ જાય. દ્રોણનો શસ્ત્રવિદ્યાનો વારસો અશ્વત્થામા શોભાવી ન શકયો. અર્જુને બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. બે બ્રહ્માસ્ત્ર અથડાતાં અગ્નિ વરસવા લાગ્યો. પ્રજાઓ પીડાવા લાગી. અર્જુનને પ્રભુએ આજ્ઞા કરી. અર્જુને બન્ને બાણોનો ઉપસંહાર કર્યો. અશ્વત્થામાને જોતાં અર્જુન ગુસ્સે થયો, લાલ આંખ કરીને દોડયો. જેમ પશુને દોરડે બાંધે એમ અશ્વત્માથાને દોરડે બાંધ્યો. શિબિરમાં લઈ જવા તૈયાર થયા. પ્રભુ કુપિત થયા હોય એમ બોલ્યા : "પાર્થ ! એ તો આતતાયી છે. સૂતેલાં બાળકને તેણે માર્યાં છે. તેનો વધ કર!" ભારતીય સમાજ-રચનાની ઉદારતા છે, ઋષિયોના હૃદયની અનુકંપા છે કે, દુશ્મન હોય તો પણ દશ (સ્થિતિમાં) દશામાં એને મરાય નહિ;-કેફી પીણું પીધેલો-મત્ત, અસાવધાન-પ્રમત્ત, ભૂત વગેરેથી-ઉન્મત્ત, સૂતેલો, બાલક, સ્વભાવથી જડ, સ્ત્રી, શરણાગત, રથાદિ-સાધનરહિત, ગભરાયેલા (ભીત), તરફ દયા થાય. "અશ્વત્થામાએ સૂતેલાં બાલકને માર્યાં છે. તેં તેને મારવાની પ્રતિજ્ઞા લીધી છે. પ્રતિજ્ઞાપાલન તો પુણ્ય-પુરુષોનો પવિત્ર ધર્મ છે." ભગવાન્ પરીક્ષા કરતા હતા. ભગવાન્ કોઈક વાર પરીક્ષા પણ કરે; ત્યારે ભક્તોએ શાસ્ત્રને બરાબર સમજીને વ્યવહાર કરવાનો હોય. પોતાનું આચરણ ભગવાનના શાસ્ત્ર કરતાં વિરુદ્ધ ન થવું જોઈએ, તેથી ભક્તિ કરનાર માટે પણ શાસ્ત્રજ્ઞાન આવશ્યક છે.

ભક્તની સ્વાભાવિક ઉદારતા, - ગુણગ્રાહકતા :

અર્જુને તેને મારવાની ઈચ્છા ન કરી. પોતાના શિબિરમાં બાંધીને લઈ આવ્યા. દ્રૌપદીજીએ જોયો. પશુની જેમ બંધાઈને આવતો બ્રાહ્મણ જોયો, દીકરાને મારનારો હત્યારો ન દેખાયો ! કૃષ્ણાનો મનોહર કોમલ સ્વભાવ છે. તે ઊભાં થઈ ગયાં. પ્રહારને બદલે પ્રણામ કરતાં હાથ જોડાયા. પ્રણામ પરિપક્વતાનું પ્રમાણ છે. વેરની પાવક જ્વાળાઓ પ્રેમથી પાવન બને છે, શાંત થઈ જાય છે. તેમણે અર્જુનને વિનંતી કરી. "છોડી મૂકો આને ! બ્રાહ્મણ ભગવાનનું મુખ છે. હમેશાં ગુરુ રૂપ છે. દ્રોણની કૃપાથી તમને શસ્ત્રવિદ્યા સિદ્ધ થઈ. તે દ્રોણ જ પુત્ર રૂપે જીવે છે. ગુરુકુલની તો સેવા થાય. સૌભાગ્ય હોય તો ગુરુસેવાનો લાભ મળે. સમર્થ હોવા છતાં સેવા ન કરે તો અભાગ્ય ગણાય. મારા દીકરા મરતાં હું દુ:ખી થઈ. તેમ આના મરતાં તેની મા કૃપી દુ:ખી થશે. ધર્મપ્રવર્તક બ્રાહ્મણના કોપથી તો કુલ નાશ પામે. મોટાઓની આજ્ઞાનુસાર ધર્મ થાય, તેથી આને છોડી મૂકો !" ગુરુપુત્રે પોતાના પુત્રો માર્યા છતાં પણ ગુરુનો ઉપકાર દ્રૌપદીએ સ્મર્યો. કોઈએ અપકાર કર્યો હોય, કોઈએ આપણું બગાડ્યું હોય, તો પણ એણે કરેલો થોડો પણ ઉપકાર યાદ કરવો, એટલે અભાવ આવ્યો હશે, એ શાંત થઈ

જશે. કોઈના ઉપકારને યાદ કરીએ તો અભાવને સ્થાને સદ્ભાવ આવે.

દ્રૌપદીનું વાક્ય સૌએ સાંભળ્યું. તેમાં છ ગુણ હતા :

(૧) धर्म्यं - ધર્મસંમત. પોતાની સગવડ કે સ્વાર્થ સાચવે તેવું નહિ, પણ ધર્માનુકૂલ. (૨) न्याय्यं- ન્યાયસંગત. સમર્થની શરમ ભરે અને નિર્બલને અન્યાય કરે તેવું નહિ. (૩) सकरुणं- દયાવાળું, સામાના અપરાધની ક્ષમા દેતું. (૪) निर्व्यलीकं- કપટ વગરનું, કોઈનો કશો ગેરલાભ ન ઈચ્છતું. (૫) समं- કોઈના પક્ષપાત વગરનું, તટસ્થ. (૬) महत् – માનનીય, રાજા જેવું ઉદાર.

દ્રૌપદી સંહારશક્તિ છે. તે અસુરોને સાનુકૂલ છે. અશ્વત્થામામાં દૈત્યનો અંશ છે, તેથી દ્રૌપદીએ અશ્વત્થામાનો વધ યોગ્ય ન ગણ્યો. ભક્ત તરીકે તો ક્ષમા કરી દીધી, માન દીધું. દ્રૌપદીનાં વાક્યોને સૌએ અભિનંદન આપ્યાં.

મતભેદમાંથી મનભેદ ન થાય, તેમ ભક્તવત્સલ ભગવાનનું અદ્ભુત માર્ગદર્શન :

ભીમસેન ગુસ્સે થયો. ભીમ વેદરૂપ છે. ભગવાનને અનુકૂલ છે. તેણે વધ કરવા કહ્યું. એ સાંભળીને ભગવાને પોતાનું ચતુર્ભુજ સ્વરૂપ પ્રકટ કર્યું. બમણી ક્રિયાશક્તિ પ્રકટ કરી. કુટુંબમાં, સંસ્થામાં, સમાજમાં, રાષ્ટ્રમાં કે કોઈ પણ સ્થળે, જ્યારે સંબંધિત વ્યક્તિઓની વચમાં મતભેદ ઊભો થાય છે, ત્યારે સ્પષ્ટ અને સાચા નિયંત્રણના અભાવે મનભેદ સુધી પહોંચતા વાર લાગતી નથી. સંઘર્ષ થતો અટકાવવા માટે મુખ્ય પુરુષને સાવધ રહેવું પડે; નહિ તો સુખ-શાન્તિ ખોવાઈ જાય. મતભેદ કે મનભેદના પ્રસંગમાં સ્નેહપૂર્વક, સૌને સંમત, સિદ્ધાન્તાનુકૂલ, સલામત સન્માર્ગ શોધવાનું કામ મુખ્ય વ્યક્તિનું છે. તેમાં સામર્થ્ય વિશેષ જોઈએ.

ગુરુપુત્ર-બ્રાહ્મણ-અશ્વત્થામાને શારીરિક સજા ન થાય. વધ તો ન જ થાય. મારે નહિ તો અર્જુનની પ્રતિજ્ઞા તૂટે. ઉપરાંત મતભેદ પણ થયો છે. તેમાંથી સલામત સિદ્ધાન્તાનુકૂલ માર્ગ પ્રભુએ શોધ્યો. ભગવાન્ તો સર્વ રૂપ છે. તેમને બંને પક્ષ સમાન છે; તેથી અર્જુનને પ્રતિજ્ઞા પાળવા તથા સૌને પ્રિય થાય તેમ કરવાની આજ્ઞા કરી! મારવાની અને ન મારવાની, - પરસ્પર વિરોધી લાગતી આજ્ઞાથી અર્જુન મૂંઝાયો. મનથી પ્રભુને શરણે ગયો. પ્રભુની કૃપા થઈ. અર્જુનમાં ભગવાનનો આવેશ થયો. અર્જુને તલવારથી મસ્તકનો મણિ શિખા સાથે ઉતારી લીધો. દોરડાં છોડયાં. બાલહત્યાથી હણાયેલા તેજવાળા અશ્વત્થામાને શિબિરમાંથી કાઢી મૂક્યો. મુંડન કરવું, દ્રવ્ય લઈ લેવું, સ્થાનમાંથી કાઢી મૂકવો, એ બ્રાહ્મણનો અશસ્ત્ર વધ જ છે. અર્જુનની પ્રતિજ્ઞા પૂરી થઈ.

પુત્રના શોકમાં સંતપ્ત પાંડવોએ સ્વજનોની દાહાદિ ઉત્તરક્રિયા કરાવી.

અધ્યાય : ૮

અદ્ભુતકર્મા કૃષ્ણ સૌને સાન્ત્વન દે છે અને અજાતશત્રુ યુધિષ્ઠિરને તેમનું રાજ્ય પાછું દે છે; ભક્તોને અલ્પ પ્રયાસથી અધિક ફલ દે છે :

ભક્તો તો ભગવાનની આજ્ઞા અચલપણે પાળે. ભગવાન્ અદ્ભુત-કર્મવાળા છે. પોતાના કાર્યમાં ઉપયોગી (સાધન) થાય તેમ ન હોય, તેને પણ ઉપયોગી (સાધન) બનાવે છે. બ્રહ્માસ્ત્રથી દાહ,

ગર્ભની રક્ષા, કુન્તાસ્તુતિ અને પ્રભુનું યુધિષ્ઠિર-સાન્ત્વન, એ ચારે મળીને પ્રભુનું અદ્ભુત-કર્મ ઓળખાવે છે.

પાંડવોએ મરેલાંનો દાહ કુરુક્ષેત્રમાં કર્યો, અને તેમને જલદાન માટે હસ્તિનાપુર આવ્યા. મરેલાંની પ્રેતત્વ-મુક્તિ પછી તેનાં જીવતાં સંબંધીઓની શુદ્ધિ થાય. શુદ્ધિ પછી જ બીજા સંસ્કાર થાય. ત્રણ અંજલિ- જલ પ્રેતના સઘળા તાપોને શાંત કરે છે, - એ શાસ્ત્રાજ્ઞા છે, તેથી જલદાન જરૂરી છે. શત્રુપક્ષે મરેલાંઓને પણ વેર વિના જલદાન પાંડવોએ કર્યું. સૌની મુક્તિ માટે કૃષ્ણને સાથે લાવ્યા. લોકાચાર પ્રમાણે સ્ત્રીઓ પણ સાથે છે. "रोदनप्रियाः पितरः" - શાસ્ત્રમાં કહેલું હોવાથી, ખેદ વગરનાઓએ પણ રુદન કર્યું, બીજી પણ શાસ્ત્રીય ક્રિયાઓ કરી; પછી પુનઃ શોકને શાંત કરવા શુદ્ધિ તથા ભક્તિ માટે ગંગાજીમાં સ્નાન કર્યું. જલપ્રવાહમાં પ્રભુનાં ચરણકમલ પધરાવી, તે પ્રત્યક્ષ ચરણોદકમાં, પાંડવોએ સ્નાન કર્યાં. સૌને ભગવાને આશ્વાસન આપ્યું. ભગવાન્ માધવ-લક્ષ્મીપતિ-છે. સ્ત્રીઓ લક્ષ્મીના અંશરૂપ છે. તેમનો શોક શાન્ત કરવા માટે વસ્તુની યથાર્થતા રૂપ તત્ત્વજ્ઞાન આપ્યું. કાલગતિ સૌને સમજાવી. કાલ ભગવાનનો અધિકારી (ભક્ત) છે, તેથી તે ક્યારેક ભક્તોની પણ ઉપેક્ષા કરે છે. કનડે તેવો કાલ છે. તેની સામે કોઈનું કાંઈ ચાલતું નથી. પોતાના ઘરમાં પોતાનાં સંતાનાદિને કોઈ સાધારણ શિક્ષા કરે, તો તેમાં રાજ્યનો કાયદો દર વખતે વચમાં ન આવે. તેમ કાલ પોતાના અધિકારમાં રહેલાઓને ક્યારેક સજા પણ કરે છે, છતાં આવી સ્થિતિમાં પણ ભગવાન્ પોતાના ભક્તોનું તો હિત જ કરે છે; ભગવાને અજાતશત્રુ યુધિષ્ઠિરને એમનું રાજ્ય પાછું આપ્યું. કોઈના પ્રત્યે દુશ્મનાવટ ન રાખે તે-અજાતશત્રુ ! ભક્તિમાં આ ઉત્તમ યોગ્યતા છે.

દ્રૌપદીના કેશ દુઃશાસને ખેંચ્યા હતા. નિર્દોષ ભક્તનો તે અપરાધ તેણે કર્યો. તેના સ્પર્શમાત્રે દુષ્ટોના પ્રાણ પ્રભુએ હરી લીધા, પુણ્ય પરવારી ગયાં, વધ થઈ ગયો. યુધિષ્ઠિર રાજાને ઉત્કૃષ્ટ સાધન-સહિત ત્રણ અશ્વમેધ-યજ્ઞ ભગવાને કરાવ્યા. શોક (મૃત્યુ), પાપ અને બ્રહ્મહત્યા - એ ત્રણે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરવાથી નિવૃત્ત થાય. કર્મનાં અનેક ફલ કહેલાં હોય, તેમાંથી ઈચ્છેલું એક ફલ એક વખત કર્મ કરવાથી મળે. બીજું ફલ મેળવવા માટે તે કર્મ ફરીથી કરવું પડે. ઈન્દ્રના સમાન, સો અશ્વમેધ યજ્ઞથી મળે તેવો, યુધિષ્ઠિરનો યશઃ ત્રણ જ યજ્ઞથી વધાર્યો. ભક્ત પાસે અલ્પ પ્રયાસ કરાવીને ભગવાન્ મોટા ફલનું દાન કરે છે.

ભક્ત ઉત્તરાની શરણાગતિ-સ્તુતિ : તેના ગર્ભની તથા પાંડવોની ભગવાને કરેલી રક્ષા : વૈષ્ણવતેજઃ સામે બ્રહ્મતેજઃ શાન્ત થઈ જાય છે :

પ્રભુએ દ્વારકા જવાની ઈચ્છા કરી. રથમાં વિરાજતા હતા, ત્યાં દોડતાં દોડતાં ઉત્તરા આવ્યાં. પ્રભુને પોકાર કર્યો, - " હે જગત્પતે ! રક્ષા કરો. જગતમાં પરસ્પર મૃત્યુ છે. ક્યાંય અભય દેખાતું નથી. ભયરહિત હોય તેને જ શરણે જવાય. આ તપાવેલા લોઢા જેવું બાણ મારા પ્રાણ લેવા આવે છે. તે મને ભલે બાળે, મારા ઉદરમાનાં બાળકને બાળે નહિ !"

ભગવાને વચન સાંભળ્યાં. અશ્વત્થામાએ આ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો છે, - તે જાણ્યું. અશ્વત્થામાએ પહેલાં અર્જુન સામે આધિભૌતિક બ્રહ્માસ્ત્ર મૂકેલું, પણ શિબિરમાંથી અપમાનિત થઈને

ગયા પછી તેણે પાછું ન વાળી શકાય તેવા, બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. જગતમાંથી તે પાંડવોનો બીજ સાથે નાશ કરવા ઈચ્છતો હતો. ઉત્તરા પરમ ભક્ત છે. એણે ભગવાનની શરણાગતિ કરી. ઉત્તરા રોહિણીનો અંશ છે. એણે ભગવાનની સ્તુતિ કરી. શરણાગતિ એ આધિભૌતિક ઉત્તમતા અને સ્તુતિ એ આધ્યાત્મિક ઉત્તમતા છે. ભગવાનના સંબંધવાળી હોવાથી એણે બ્રહ્માસ્ત્ર સૌથી પહેલાં જોયું. એ તેની આધિદૈવિક ઉત્તમતા છે.

ભગવાન્ પોતાનું આરંભેલું કાર્ય પણ જતું કરીને, ભક્તનું આવી પડેલું કાર્ય પહેલાં કરે છે. ભગવાને કૃપા કરી. ઉત્તરાના ઉદરમાં વિરાજતા બાલકને પોતાની માયાથી વીંટાળી લીધું. ઉત્તરાનું ઉદર પણ ન બળે અને બાલકની રક્ષા થાય તેમ, યોગેશ્વર ભગવાને ઉદરમાં પ્રવેશ કરીને, શરીર અને શસ્ત્રની મધ્યમાં વિરાજીને, રક્ષા કરી.

ઉત્તરા સામેના બાણમાંથી પાંડવોએ પોતાની સામે આવતાં પાંચ બાણ જોયાં. પોતાનાં શસ્ત્ર ઉઠાવ્યાં. ભગવાને સુદર્શન-ચક્રથી પાંડવોની રક્ષા કરી. બ્રહ્માસ્ત્ર અને પાંડવોની વચમાં સુદર્શન ફરવા લાગ્યું. પોતાના સર્વકારણ રૂપ સ્વરૂપમાં કાર્યરૂપ-બ્રહ્માસ્ત્રનો ભગવાને લય કર્યો, બ્રહ્માસ્ત્ર શાન્ત થયું. પરીક્ષિતના પ્રાકૃત-દેહને બાળી, ભગવદ્ભાવસંપન્ન વૈષ્ણવ-દેહને બાળવા તૈયાર થયેલું, બ્રહ્મતેજોમય બ્રહ્માસ્ત્ર વૈષ્ણવ તેજઃને પ્રાપ્ત કરી તેમાં શાન્ત થઈ ગયું.

આ કથા કહેતાં સૂતે "ભૃગૂદ્વહ"- સંબોધન શૌનકને કર્યું. બ્રહ્મતેજવાળા ભૃગુઋષિ વિષ્ણુના વક્ષઃસ્થલમાં પાદપ્રહાર કરીને ભગવાનની સાત્ત્વિકતાથી-વૈષ્ણવતેજઃથી-શાન્ત થઈ ગયા હતા. વળી, દુર્વાસાનું બ્રહ્મતેજ પણ અંબરીષ અને સુદર્શનના વૈષ્ણવતેજઃ સામે શાન્ત થઈ ગયું હતું, તે યાદ કરાવ્યું.

દીનતાથી ભગવાનમાં ભક્તિ થાય : ભક્તો ભોગ નહિ, ભક્તિ જ ઈચ્છે છે :

ભગવાનની કથા લૌકિક દૃષ્ટાન્ત-સંબંધ વગેરેથી ન સમજાય. અનુમાનથી તેનો અનુભવ થાય નહિ. લૌકિક વસ્તુમાં અનુમાન ચાલે, અલૌકિકમાં ન ચાલે. તે તો શ્રદ્ધાથી જ સમજાય. ભગવાન્ સર્વ આશ્ચર્યમય અને સર્વસમર્થ છે, છતાં જન્મે છે. આવા વિરુદ્ધધર્મ-સંબંધથી પણ પૂર્વધર્મ જતો નથી.

મા કુંતાએ પ્રભુએ કરેલી કૃપા જોઈ. ઉપકાર ઓળખ્યો. ગર્વ ગયો. ભક્તિ થઈ. ભગવાનનું ભજન કરવામાં ઉપયોગી, સર્વ સંદેહને શાન્ત કરતી સ્તુતિ કરી. સ્તુતિ માટેનું જ્ઞાન કોઈ પણ અન્ય સાધન વગર માત્ર ભક્તિથી થયું. ભગવાન્ ભક્તિથી સમજાય. ભગવાને પ્રત્યક્ષ રક્ષણ કરતાં તેમનું સ્વરૂપ સમજાયું. અત્યાર સુધી પ્રભુએ અનેક વખત પાંડવ-રક્ષા કરી હતી, પણ પ્રત્યક્ષમાં તો આજે રક્ષા કરી. અત્યાર સુધી પાંડવોને પોતાના સામર્થ્યનું અભિમાન હતું. તેને બદલે હવે દીનતા આવી; ત્યારે ભગવાનમાં ભક્તિ થઈ. અત્યાર સુધી સંબંધથી માત્ર સ્નેહ હતો, પણ ગર્વને કારણે માહાત્મ્યજ્ઞાનપૂર્વકની ભક્તિ નહતી.

કુંતાજીને લાગ્યું કે ભગવાને અમારી રક્ષા રાજ્ય વગેરે વિષય માટે કરી છે. તેમ હોય તો રક્ષણ ભક્ષણ કરનારું બને, તેથી ભક્તિ માટે તેમણે ભગવાનની સ્તુતિ કરી. વિલક્ષણ રક્ષણ માગ્યું.

સામાન્ય નારી સંપત્તિ અને સંતતિ જ શોધે. સન્નારી તો માત્ર સત્પતિ અને સન્મતિ શોધે. સંપત્તિ અને સંતતિ સામાન્ય- પણે શરીરસુખ કે સંસારસુખની સાધન-સગવડ દઈને સન્મતિને હરે છે, શોષે છે; પણ સંપત્તિ અને સંતતિ બન્ને પ્રભુની સેવામાં ઉપયોગી થાય તો એ સન્મતિને પોષે છે.

કુંતાજી પાસે આજે સંતતિ અને સંપત્તિ પણ છે. આજે કુંતા વનવનમાં આથડતાં દુ:ખી અબળા નથી, રાજમાતા છે. રાજમાતા આજે સંપત્તિ અને સંતતિથી ડરતાં હતાં ! ક્યાંય સન્મતિ ચાલી ન જાય ! સુખમાં ખોવાઈ ન જવાય ! ભગવાન્ ભુલાઈ ન જાય ! ભગવાને ભોગ આપ્યો, ભક્તિ નથી આપી, એનું દુ:ખ હતું, માટે આવ્યાં. સંસારીઓ ભક્તિ કરીને પણ ભોગ શોધે છે. ભક્તો મળેલા ભોગને છોડીને પણ ભગવાનની ભક્તિ શોધે છે. ભક્તોનું તો સઘળું ભક્તિ જ માટે હોય. ભક્તોનો તે ધર્મ છે.

ભક્તિ માટે, અવજ્ઞાની ક્ષમા માટે, કુંતાજીએ કરેલી નમનસંપુટ રૂપ કૃષ્ણસ્તુતિ :

ભગવાનને પોતાનો ભત્રીજો માની અત્યાર સુધી અવજ્ઞા કરી છે. હવે, સંસાર-બંધન-છેદક, ઈન્દ્રિયપ્રેરક, પ્રભુને સ્વરૂપપ્રાપ્તિ માટે પૃથા નમસ્કારપૂર્વક સ્તવે છે.

મર્યાદા-ભક્તિરૂપ કુંતાજીની સ્તુતિ ૨૬ શ્લોકમાં છે. પહેલા ત્રણ શ્લોકમાં ભગવાનનું સ્વરૂપ, પછીના બે શ્લોકમાં ગુણ, ત્યાર પછી ત્રણ શ્લોકમાં લીલા, ચાર શ્લોકમાં દુષ્ટદુર્જ્ઞેયત્વ (દોષવાળાથી જાણી ન શકાય તેવાપણું), પછી બે શ્લોકમાં લક્ષણ, પછી ચાર ચાર શ્લોકમાં જન્મકારણનિર્ધાર, (જુદા જુદા ઋષિયોનો અભિપ્રાય), પછી એક શ્લોકમાં ફલ અને ચાર શ્લોકમાં દૈન્ય, પછીના બે શ્લોકમાં પોતાને માટે પ્રાર્થના અને છેલ્લા એક શ્લોકમાં નમસ્કાર છે.

નમસ્કારથી આરંભ કર્યો,- "नमस्ये." જીવ ભગવાનની પાસે નમસ્કાર સિવાય બીજું શું કરી શકે ? આદિમાં "नमस्ये" અને અંતમાં "नमस्ते" છે. આદિ અને અંતમાં જે આવે તે સિદ્ધાંત કહેવાય. નમનરૂપ શરણાગતિનો સિદ્ધાંત આ સ્તુતિનો થયો. સ્તુતિ તો નમન-સંપુટ બની ગઈ! નમનથી સઘળા દોષનું શમન થાય, દાનવતાનું દમન થાય. ઉપર-નીચે રક્ષણાત્મક સમાન વસ્તુ રાખીને વચમાં અન્ય પદાર્થ રખાય તે સંપુટ. કાંસાની થાળી ઉપર-નીચે રાખી, વચમાં માલપૂડા ભરેલા હોય તે-સંપુટ! મંત્રસંપુટ પણ પ્રસિદ્ધ છે. અહીં, ઉપરનીચે (આદિ-અંત)માંનું નમન સર્વરક્ષણ કરનારું છે. મધ્યમાં મધુર, મંગલ, મંજુલ મનોભાવ છે.

માયામોહિત બુદ્ધિથી વસ્તુ-વ્યક્તિ ઓળખાય છે, તે રૂપે રહેલા-ભગવાન્ ઓળખાતા નથી ! :

પરમાનંદરૂપ પ્રભુને જોતાં કુંતાજી નમે છે. પોતે અજ્ઞાન છે. પ્રભુને પોતાના આત્મા તરીકે ઓળખવા નમે છે, સ્તુતિ કરે છે. "नमस्ये"- 'હું નમું છું.' કૃષ્ણે પૂછ્યું, "કોને ?" "त्वा"-તમને, "ફોઈ! ભત્રીજાને વળી નમન થાય?" કુંતાજી આગળ કહે છે, - "पुरुषं"- (નાનકડા ભત્રીજાને નહિ કે જડને નહિ) 'પુરુષને નમું છું.' કૃષ્ણે પૂછ્યું, - "છતાં ભત્રીજો તો ખરોને ?" મા કુંતાએ કહ્યું : "आद्य"- સામાન્ય પુરુષ-જીવ-ને નહિ, આધને સર્વના કારણ રૂપ-પિતૃરૂપને નમું છું. "છતાં ફોઈ! તમારો લાડકો ભત્રીજોને ?" મા કુંતાએ સ્પષ્ટતા કરી, - "બાહ્ય ફલદાતા-ઈશ્વર અને અંત:ફલદાતા-પ્રકૃતિથી પર-ને હું નમું છું." "તો ફોઈ! સૌ લોકો કેમ આવું જાણીને નમતાં નથી ?" કુંતાએ કહ્યું, -" પ્રત્યક્ષમાં દેખાતું નથી.

કાર્ય દ્વારા પણ સમજાતું નથી. કાર્ય અને કારણ એક રૂપે ક્યાંય મળતું નથી. "अलक्ष्यं सर्वभूतानाम् ।" – "अः" – કૃષ્ણ અથવા ગુરુ. સ્વયં પોતે સમજાવો તો જ સમજાય; અથવા ગુરુ દ્વારા સમજાય નહિ તો,

"दुर्ज्ञेय"– છો ભગવન્ !" કૃષ્ણે કહ્યું, – "ફોઈ ! આંખ સામે તો ઊભો છું." – "सर्व–भूतानामन्तर्बहिरवस्थितम् ।"– "ભગવન્ ! આંખ સામે દેખાવા છતાં આપ સર્વત્ર છો. આપનું જ્ઞાન સુલભ છે. સર્વ વસ્તુમાં વસ્તુસ્વરૂપ છો, તેથી જ્ઞાપક જ દુર્લભ છે." "તો, ફોઈ! સૌ કેમ દેખતાં નથી?"

"સર્વ વસ્તુમાં વસ્તુસ્વરૂપે હોવા છતાં પણ, પોતાની શક્તિરૂપ માયાથી વસ્તુરૂપે દેખાઓ છો. ભગવાન્ રૂપે નહિ, તેથી સૌ કોઈ ઓળખી શકતાં નથી. મને પણ બહિર્મુખપણાથી જ્ઞાન નથી."! મા કુંતા કહે છે, – "અધોક્ષજ છો. ઈન્દ્રિયજન્ય જ્ઞાનથી આપ ઓળખાતા નથી. વસ્તુસ્વરૂપ હોવા છતાં તમે ઈન્દ્રિયોને પ્રત્યક્ષ નથી. સર્વવસ્તુરૂપ હોવા છતાં વિનાશ આપનો નથી. અવ્યય છો. અવિનાશી છો. નિર્દોષપૂર્ણગુણવિગ્રહ છો, તેથી નમું છું ! નાટકનું પાત્ર ભજવતા ચતુર નટને સૌ ઓળખી શકે નહિ, તેમ પુરુષ રૂપને પ્રકટ કરતા આપને ભગવાન્ તરીકે મૂઢ દૃષ્ટિવાળા જાણતા નથી.

કૃષ્ણ તો પરમહંસોને દુર્લભ ભક્તિદાન માટે અવતર્યા છે :
તે મૂલરૂપ, સ્વજનને આનંદ દેતા, પ્રભુને વંદન ! :

વેદ-ઋષિ વગેરેને પ્રકટ કરી, સાધનસહિત જ્ઞાન ઉત્પન્ન થયા પછી, ભગવજ્જ્ઞાન કે સાયુજ્ય માટે જોઈતી ભક્તિ દેવા માટે આપ અવતર્યા છો. ભક્તિનું દાન પરમહંસોને કરો છો. આત્મ અને અનાત્મ વસ્તુના ભેદનું જ્ઞાન હોય તે-હંસ ! માત્ર આત્મા-પ્રભુ-ને જ ઓળખે તે – પરમહંસ ! સાધારણ સંસારી સ્ત્રી-પુરુષો અને દૈત્યાંશવાળા (વિલાસી) ઓને તમારું જ્ઞાન, રસ કે ભક્તિ મળતાં નથી. હું તો સ્ત્રી છું. કઈ રીતે સમજી શકું ? નમસ્કાર ન કરવા જેવા સંબંધી સ્વરૂપે પણ ભગવાન્ અવતર્યા હોય, તે નમન યોગ્ય બને જ છે; તેથી ભત્રીજા રૂપે છતાં આપ ભગવાન્ છો, તેથી નમન કરું છું ! આપ મૂલરૂપ સદાનન્દ કૃષ્ણ છો. વસુદેવના તમે પુત્ર વાસુદેવ થયા. મારા ભાઈનાં દુઃખ દૂર કર્યાં, તો તેની બહેન – તમારી ફોઈ-નાં દુઃખ દૂર કરવાના જ. દેવકીનન્દન થઈ તમે દેવકીજીને આનંદ દીધો, તો તેની નણંદને પણ આનન્દ દેવાના જ છો. બાપના બનેવીને (પાંડુને) મુક્તિ દીધી, તો તેની પત્નીને પણ મુક્તિ દેવાના જ છો. વસુદેવના મિત્ર નન્દગોપના કુમાર થઈને તેને આનંદ દીધો, તો મને – વસુદેવની બહેન-ને આનંદ દેવાના જ છો. સન્માર્ગે જીવતા સૌને અભીષ્ટપ્રદ ગોવિંદ છો. મને પણ અભીષ્ટ દેવાના જ છો. આમ, સર્વ-સંબંધે પણ આપ આદરણીય છો, તેથી તમને નમસ્કાર !" આદરપૂર્ણ નમસ્કારથી ન ધરાતાં કુંતાજી રસાવેશથી નમસ્કારની પરંપરા કરી રહ્યાં છે,– "नमः पंकजनाभाय ।"– બ્રહ્માજીના પિતા, જગતના કારણરૂપ, પંકજનાભને નમન ! "नमः पंकजमालिने" – લક્ષ્મીજીએ વિવાહમાં નવપંકજ માળા ધરાવી છે, એવા લક્ષ્મીપતિને સુભૂષિતને નમસ્કાર ! "नमः पंकजनेत्राय"– સૃષ્ટિમાં વૃષ્ટિથી પુષ્ટિ કરી તુષ્ટિ દેનારા, સર્વપતિ, સર્વને વશ કરનારા, કમલનેત્રને વંદન ! "नमस्ते पंकजाङ्घ्रये"– કમળ જેવા ચરણવાળા, સુખસેવ્ય, ભક્તિ-પ્રવર્તકને વંદન ! ભગવાન્ સર્વને પ્રકટ કરનાર છે, તેથી ભક્તોને તો સર્વ કાંઈ પ્રકટ કરીને પણ પ્રેમથી આપે છે. તે આ લોક અને પરલોક સંબંધી સઘળું તથા ભક્તિ આપે છે.

સ્વજન કરતાં પણ શરણાગતની રક્ષા પ્રભુ પ્રેમથી કરે છે ! :

"ભગવન્ ! આપે અમારા ઉપર કેટલી બધી કૃપા કરી ? કાલનેમિના આવેશવાળા ખલ-કંસે દેવકીજીને કેદમાં પૂર્યાં. કંસને તો બહેન દેવકી અતિપ્રિય હતાં, પણ તેનામાં અસુર કાલનેમિનો આવેશ થયો, તેથી તે દુષ્ટ-ખલ-છે. દેવકીજીને લાંબો વખત કેદ ભોગવવી પડી, દીકરાઓ પણ મરાયા! ત્યારે આ એક આપત્તિમાંથી આપે બે વખત તેમને છોડાવ્યાં. મારા ઉપર તો દેવકીજી કરતાં પણ વિશેષ કૃપા કરી. મારા એકેય દીકરાને મરવા ન દીધો. દીકરાઓ સાથે આપે મને અનેક આપત્તિમાંથી છોડાવી ! દેવકીજીને તો વસુદેવ નામના નાથ-પતિ-હતા; પણ મારી પાસેથી તો પાંડુ નામનો લૌકિકનાથ પણ ચાલ્યો ગયો હતો. અમે અનાથ થયાં હતાં. હે શ્રીનાથ ! તમે સનાથ બનાવ્યાં, હાથ પકડયો, સાથ દીધો."

સ્વજન કરતાં પણ શરણાગતની રક્ષા પ્રભુ પ્રેમથી કરે છે. આત્મીય કરતાં આશ્રિતને વધારે સંભાળે છે. પ્રભુ વગર કોઈના ઉપર કશો આધાર ન રાખે તે અનન્ય; અને દૃઢ આશ્રિત છે. આશ્રયમાં અનન્યતા અને દૃઢતા અનિવાર્ય છે. સમર્પણ-સેવા વગેરે તો સ્નેહપૂર્ણ કૃપાપાત્રોથી સંભવે. અધૂરાં આધુનિકો માટે તો મધુરાધિપતિ - કૃષ્ણનો આશ્રય પણ ઉદ્ધારક છે. જેનામાં દૃઢતા હોય, તે ભીષણ પ્રતિકૂલ પરિસ્થિતિમાં પણ ડરે નહિ, પોતાના કલ્યાણકારક સિદ્ધાન્તમાંથી ડગે નહિ. દૃઢાશ્રયવાળો દબાય નહિ, દુભાય નહિ. તન, મન કે ધનની કે જનની મૂંઝવતી મુશ્કેલીઓમાં માર્ગ ન મળતાં ગભરાય નહિ. વ્યર્થ વખાણ કે સફલતાથી ઉભરાય નહિ, આત્મશ્લાઘા કરે નહિ, જેનામાં દૃઢતા હોય તે તો પ્રસન્ન, મક્કમ, મધુર, કોમલ, સ્પષ્ટ, નિઃસ્પૃહ થઈ જાય. અજ્ઞાનથી, જ્ઞાનથી કે પ્રીતિથી પણ પ્રભુની શરણાગતિ કરનારને કોઈ ચિંતા રહે નહિ. સ્નેહની સ્વાભાવિકતાથી પ્રભુ વગર બીજામાં રુચિ જ ન થાય, અનન્યતા સ્વાભાવિક આવે.

"ભગવન્ ! અનેક આપત્તિ આવી. બાલક ભીમને ખવડાવેલા લાડુ અને સાપનું વિષ, લાક્ષાગૃહનો મહાગ્નિ, હિડિમ્બ વગેરે રાક્ષસ, દુષ્ટ દુર્યોધનની વસ્ત્રાહરણ પ્રસંગની સભા, વનવાસમાં આવેલી દુર્વાસાગમન વગેરે અનેક આપત્તિયો, વિરાટનગરથી આરંભી અત્યાર સુધીનાં યુદ્ધમાંની અનેક વિકટ પરિસ્થિતિ, ભગદત્ત- કર્ણ વગેરે અનેક મહારથીઓનાં શસ્ત્રો અને છેલ્લે અશ્વત્થામાનું બ્રહ્માસ્ત્ર,-આ બધી આપત્તિઓમાંથી કેવળ એક આપે અમારી સંપૂર્ણ સુરક્ષા કરી છે."

મર્યાદામાં કુંતાજી ભગવાનનાં ઉપકારનું સ્મરણ કરે છે. પુષ્ટિમાં શ્રીગોપીજને પણ ભગવાનના આવા ઉપકારો સ્મર્યા છે.- "विषजलाप्ययाद् व्यालराक्षसाद् ।". બંનેમાં આરંભ "વિષ"થી છે. આપણી ઈન્દ્રિયોમાં વિષયનું વિષ અને અંતઃકરણમાં વાસનાનું વિષ-ઈર્ષાનું ઝેર-વ્યાપેલું છે. ભગવાન્ કૃપા કરીને તે વિષની વિષમ વિપત્તિમાંથી બચાવે, તે પછી જ ભક્તિમાર્ગની યોગ્યતા જીવને મળે.

પ્રભુના ઉપકારને ઓળખતાં - સ્મરતાં, પ્રભુમાં પ્રીતિ થાય :

ભગવાને કરેલા ઉપકારના સ્મરણથી ભગવાનમાં સ્નેહ થાય. ભગવાને આપણા ઉપર કરેલા ઉપકારો સ્પષ્ટ ન દેખાતા હોય તો પણ, ઈચ્છેલું કામ આપી શકે એવું શરીર, ઈન્દ્રિયો, બુદ્ધિ, સૂર્યનો પ્રકાશ, સરિતાઓ કૂવા વગેરેનાં જલ, જીવન માટે જરૂરી વાયુ, વનસ્પતિ, અન્ન, ફલફૂલ, સૌને ધારણ કરનારી ધરણી,-પ્રભુએ દીધાં છે. એ બધો ભગવાનનો ઉપકાર જ છે. આવા અનંત ઉપકારો જે ક્ષણથી

જન્મ્યા ત્યારથી મરશું ત્યાં સુધી રહેવાના છે. એને જ જો યાદ કરીએ તો પણ પ્રભુમાં અવશ્ય પ્રીતિ થાય.

કોઈ માણસે આપણું નાનુંસરખું પણ કામ કર્યું હોય તો આભાર માનીએ, એ શિષ્ટાચાર છે. એટલા માત્રમાં જ અટવાઈ પડેલા, આપણે ઈશ્વરનાં અનંત ઉપકારને ઓળખીએ નહિ, યાદ કરીએ નહિ, તે શિષ્ટાચાર ગણાય ? ઈશ્વરનો ઉપકાર તો માત્ર માનવા માટે નથી, પણ માણવા માટે છે. ઈશ્વરની આ ઉદારતા છે. આ ઉદારતાનો અનુભવ આપત્તિમાં અધિક થાય છે.

ભક્તોને દુઃખ ડરામણાં નથી લાગતાં, પ્રભુ પધારવાનાં વધામણાં લાગે છે :

ભગવાનની વિચિત્ર-લીલા છે. જ્યારે સુખ હોય ત્યારે પ્રભુ પરમાનંદનો અનુભવ દેતા નથી, પણ દુઃખ આવે છે ત્યારે ભગવાન્ પરમાનંદનું દાન કરે છે ! દુઃખમાં ભગવાન્ સાથે જેટલું તાદાત્મ્ય સધાય એટલું સુખમાં નથી સધાતું. સંસારીઓને આપત્તિ અનિષ્ટ લાગે છે; પણ ભક્તોને આપત્તિ અભીષ્ટ લાગે છે. દુઃખ તો પ્રભુનું સ્મરણ કરાવે છે. વિપત્તિ એ વિપત્તિ નથી. અને સંપત્તિ એ સંપતિ નથી; વિપત્તિ વિષ્ણુનું વિસ્મરણ છે અને સંપત્તિ નારાયણનું સંસ્મરણ છે. ભક્તોને મન, દુઃખ ડરામણાં નથી લાગતાં, પણ પ્રભુનાં મનામણાં કરી, પ્રભુને દાસની પાસમાં લાવનારાં વધામણાં લાગે છે. ભક્તને દુઃખ પડે તો ભગવાન્ અવતાર લઈને પધારે, તેથી દુઃખ તો પ્રભુ પધાર વાની વધાઈ ગણાય !

મા કુંતાએ તો એક નહિ, અનેક દુઃખ કાયમ માટે માગ્યાં.

विपदः सन्तु नः शश्वत्तत्र तत्र जगद्गुरो ।
भवतो दर्शनं यत्स्यादपुनर्भवदर्शनम् ॥ (२४)

કુંતાજી એકલાં પોતે દુઃખ નથી માગતાં, પણ "नः" - અમને કહીને કુટુંબ સાથે દુઃખ માગે છે. આ માએ કુટુંબ સાથે એટલો બધો સ્નેહ કર્યો છે કે, એનાં સંતાનો અને પુત્રવધૂઓ પણ તેણે માગી આણેલું દુઃખ સ્વીકારી લેવા તૈયાર છે ! સુખમાં સાથ સૌ દે, પણ આવી પડેલા દુઃખમાં સાથ દેનારા શોધવા પડે; તો માગી આણેલા દુઃખમાં સાથ કોણ દે ? અહીં તો, તે સૌને સ્વીકાર્ય છે. સ્નેહની આ શિસ્ત છે. કુંતાએ સ્વજન સાથે સ્નેહ કર્યો છે. દીકરાઓ સાથે વન વન આથડયાં છે. પતિ સાથે સતી થવાનું છોડયું છે. પરિત્યાગથી પરિમલ બનીને પ્રેમ પાંગર્યો છે. સંતાનને દીધેલો સ્નેહ જ એનાં સંતાનમાં શિસ્તરૂપે પ્રકટયો છે. સ્નેહ એ વશ કરનારું વશીકરણ છે, સંમોહન-મંત્ર છે. તેના વિશ્વાસે "नः" - કહીને પોતાના કુટુંબ માટે માએ વિપત્તિ માગી.

એક વિપત્તિ આવે તો અમારાં સાધનોથી દૂર કરીએ અને અભિમાન આવે; પણ આપત્તિ એકસાથે અનેક આવે, એમાં કશો ઉપાય ન કરી શકીએ, નિરુપાય બની જઈએ; અને છેવટે પ્રભુને ચરણે-શરણે જઈએ, માટે અનેક વિપત્તિઓ આવજો, જ્યાં અમારું સામર્થ્ય, સાધન અને સ્વજન ત્રણેય નકામાં લાગે ! જ્યાં સુધી જન્મમરણનો ક્રમ ચાલે, ત્યાં સુધી કાયમ માટે આવે. જ્યાં જઈએ કે રહીએ ત્યાં ત્યાં આપત્તિ આવે, જેથી આપનું દર્શન અમને સતત મળ્યા કરે. હે જગદ્ગુરો ! આપે જ આ સાનુભવે શિખવ્યું છે. જ્યારે આપત્તિ આવી ત્યારે પ્રપત્તિ કરતાં (શરણે જતાં), આપના જીવન્મુક્ત ભક્તોનાં અને આપનાં દર્શનની સંપત્તિ અમને મળી છે. આ દર્શનનો આનંદ દુર્લભ છે.

અભિમાનવાળા ભગવાનનું નામ દે, છતાં ફલ ન પામે :

આપત્તિમાં આપનું સ્મરણ ઘણા કરે છે, પણ સૌને આપનું નામ દેવાનો અધિકાર ગણાતો હોવા છતાં, આપ અકિંચનગોચર છો. જેનું જગતમાં કોઈ અને કાંઈ નથી, તેવા ભક્તના આપ સર્વ કાંઈ બનો છો! અભિમાનવાળા આપનું નામસ્મરણ કરે, તો પણ એમને ફલ પ્રાપ્ત ન થાય. કુલીનતા, ઐશ્વર્ય, વિદ્યા અને લક્ષ્મી એ ચારેય વાસ્તવમાં તો ઉત્તમ છે. પ્રભુ માટે તેમનો વિનિયોગ થાય તો સેવા થાય. આ ચારે ચીજ સમાજમાં આદર અપાવે એવી છે. તે પ્રભુએ દીધેલાં છે, - તે ભૂલી જવાય; અને પોતાની છે, - તેવું ભાન થાય તો અભિમાન આવે. જગતમાં જેનું કાંઈ કે કોઈ નથી એના કૃષ્ણ છે! અકિંચનને મન કૃષ્ણ જ કંચન છે. કૃષ્ણને મન અકિંચન જ કાંચન છે. ભગવાનમાં અચલભાવ-નિષ્ઠાવાળા જ ભગવાનને જાણે છે. પ્રભુ તો આત્મારામ, શાન્ત, મોક્ષના સ્વામી છે. મોક્ષ ઈચ્છનારાઓ પ્રભુને જ ભજે છે. તે પ્રભુને નમન! કાલાત્મક ભગવાનને દોષવાળા જાણી શકતા નથી. અવતાર લઈને પધારેલા પ્રભુ પણ ઓળખવા અઘરા છે. પધારેલા પ્રભુ સર્વનું અનુકરણ કરે છે, છતાં અવિકૃત રહે છે.

અભય દેતા પ્રભુને પણ ભય :

એક દિવસ તમે થોડા માખણની ચોરી કરી, તેથી ગોપી યશોદાએ તમને દોરડે બાંધ્યા! તે સમયે હું દર્શન કરવા આવી. આપ દોરડે બંધાયેલા હતા. આંખમાંથી અશ્રુની ધારા વહેતી હતી. માએ આંજેલું અંજન અશ્રુધારા સાથે ભક્તમનરંજન કરતું મુખે મંડિત થયું હતું! મુખ ઉપર ભય દેખાતો હતો! મેં એ મુખનું દર્શન કર્યું. વિશ્વને અભય દેનારું, મૃત્યુ-રૂપ ભયને પણ ભય દેનારું, તે શ્રીમુખ ભયયુક્ત દેખાતું હતું! એ દશા-શોભા-મારા મનને મોહ પમાડે છે!

અવતારનાં કારણોનો વિચાર :

કેટલાક લોકો કહે છે કે, આપ યદુકુળમાં પુષ્ટિભક્ત યદુરાજાની કીર્તિને વધારવા માટે પ્રકટ થયા છો. કેટલાક કહે છે, દુષ્ટોનો વધ કરવા માટે અને દેવોનું તેમ જ ભક્તોનું કલ્યાણ કરવા માટે આપ પધાર્યા છો. કેટલાકનો અભિપ્રાય છે કે, પૃથ્વીનો ભાર ઉતારવા માટે આપનો અવતાર છે. કેટલાક કહે છે કે, આ સંસારની અંદર સ્વરૂપના અજ્ઞાનરૂપ અવિદ્યાથી અને તેનાથી થતી કામનાઓથી - વિષયેચ્છાઓથી - થતાં અનેક પ્રકારનાં કર્મોથી માનવો દુઃખ પામે છે. એ દુઃખમાંથી છૂટવાનો કોઈ ઉપાય દેખાતો નથી. એમને શ્રવણ અને સ્મરણ કરવા યોગ્ય આપની લીલાઓ છે. એવી લીલાઓ કરવા માટે આપ અવતાર લઈને પધારો છો. શ્રવણ અને સ્મરણથી બાહ્ય અને આંતર લૌકિક (પ્રાકૃત) સંગ છૂટી જાય છે. પરમાનંદરૂપ પ્રભુ હૃદયમાં સ્ફુરતાં વિષયેચ્છા રહેતી નથી.

વિલંબ વગર પ્રકટ પ્રભુનાં દર્શન કરવાનો સરલ-સફલ ઉપાય :

> शृण्वन्ति गायन्ति गृणन्त्यभीक्ष्णशः स्मरन्ति नन्दन्ति तवेहितं जनाः ।
> त एव पश्यन्त्यचिरेण तावकं भवप्रवाहोपरमं पदाम्बुजम् ॥ (३५)

શ્રવણ માટે વક્તા મળી જાય તો માત્ર સાંભળી લેવું પૂરતું નથી. ભગવદ્-ભક્તોની પાસે

જઈ, તે કહે તે પ્રકારે, સાવધાન મનથી સંશય વગર, સ્પષ્ટ રીતે સમજાય તે પ્રકારે, ભગવાનનાં સંબંધમાં અર્થ અને અભિપ્રાયનો નિર્ણય કરવો એનું નામ શ્રવણ છે. ભગવાનની લીલાનું શ્રવણ કરતાં હૃદય રસથી રંગાઈ જતાં ગાન થાય છે. તે રસ પરવશપણે કોઈને સંભળાવે છે, વારંવાર તેનું રટણ કરે છે.

સઘળા પદાર્થો પ્રભુના સંબંધવાળા છે. તે સમજીને પદાર્થમાત્રને જોતાં પ્રભુની લીલા જ બધે સમજાય. તેનું સ્મરણ કરે છે, અભિનંદે છે, તેવા લોકો જ સામાન્ય હોવા છતાં પણ સંસારના પ્રવાહને અટકાવનારાં પ્રભુનાં ચરણકમલનાં અવિલંબે દર્શન કરે છે.

ભગવાન્ જ ભક્તોની સમૃદ્ધિ છે : ભગવાનની કૃપાથી અન્યત્રથી પ્રીતિ છોડાય અને ભગવાનમાં જોડાય : સુખી કરેલાં સંતાનો પાસે પણ સુખની અપેક્ષા ન રખાય :

ભગવાન્ હમેશાં કાંઈ કાર્ય બાકી રાખીને પધારતા. આજે બધું પૂર્ણ કરીને જતા હતા; પાછા નહિ આવે તેમ લાગ્યું, તેથી અંતઃકરણમાં દીનતા આવી. અમે યાદવો અને પાંડવો તો કોણ માત્ર ? તમારાં દર્શનથી જ અમારું મહત્ત્વ છે. સઘળી શોભા તમારે લીધે જ છે. સઘળી સમૃદ્ધિ આપની કૃપાદૃષ્ટિથી જ છે.

કુંતાજીએ અંતર્મુખ થઈને પ્રભુને પ્રાર્થના કરી :

अथ विश्वेश विश्वात्मन् विश्वमूर्ते स्वकेषु मे ।
स्नेहपाशमिमं छिन्धि दृढं पाण्डुषु वृष्णिषु ॥ (४१)

યુધિષ્ઠિર દુઃખી હતા, ત્યારે કુંતાજી આ નથી બોલ્યાં. તે સુખી અને ચક્રવર્તી થયા, પછી બોલ્યાં. દુઃખી દીકરાની રક્ષા કરવી એ તો પોતાનું મા તરીકે કર્તવ્ય છે. ભગવાનના ભક્તો અનન્ય અને કર્તવ્યનિષ્ઠ હોય. દુઃખી સંતાનોની રક્ષા માએ કરી છે, પણ સુખી સંતાનો પોતાને સુખી કરે એવી અપેક્ષા કુંતાજીએ નથી કરી. હવે, સુખી થયા પછી સ્નેહ ભગવાનમાં માગે છે. અન્યની અપેક્ષા રાખે તેની ઉપેક્ષા થાય. ભક્તો સૌનાં દુઃખ દૂર કરે, પણ પોતે બદલાની આશા ન રાખે. સઘળું કઠિન કર્તવ્ય કર્યા પછી બે જ અંતે સાધ્ય છે. - (૧) પ્રભુ સિવાય કોઈનો પણ સંગ નહિ; અને (૨) પ્રભુમાં પ્રીતિ. કુંતાનો સ્નેહ-તંતુ બે જગાએ દૃઢ રીતે બંધાયેલો છે : (૧) (પિતૃપક્ષ) વૃષ્ણિઓમાં; અને (૨) (પતિપક્ષ) પાંડુઓમાં. પાંડવ પ્રાણ શા અને વૃષ્ણિ વપુ જેવા! શરીરનાં સંબંધીઓમાંથી અને પોતાના પ્રાણમાંથી સ્નેહ છૂટી જાય પછી જ ભગવાનમાં સ્નેહની પ્રવૃત્તિ થાય. આપ વિશ્વસ્વામી છો, અને વિશ્વરૂપ છો અને વિશ્વમૂર્તિ છો! વિશ્વમાં જેનું સ્વરૂપ છે, અથવા વિશ્વ જેના સ્વરૂપમાં છે, એ વિશ્વમૂર્તિ! ભગવત્-સ્વરૂપે જ્યાં સુધી પદાર્થને કે પ્રાણીને ના ઓળખીએ ત્યાં સુધી એની સાથે કરેલો સ્નેહ બંધન આપનારો બને. પ્રભુની કૃપાથી જ આ બંધનમાંથી છુટાય. જીવ તે માટે અપેક્ષા રાખે, પ્રયત્ન કરે, આતુર બને, તો પ્રભુ જરૂર કૃપા કરે.

હે મધુપતે! બીજા કોઈ વિષયનો અભિલાષ ન કરતી અમારી બુદ્ધિ આપનામાં પરમપ્રીતિનો પ્રવાહ, નિત્ય સાગર પ્રતિ વહેતા ગંગાપ્રવાહની જેમ, વહાવ્યા કરો.

આમ, નવ પ્રકારે ભગવાનની સ્તુતિ કરી, નવધા - ભક્તિથી પ્રભુમાં માહાત્મ્યજ્ઞાન-પુરઃસર

પ્રીતિ થતાં, તેના સ્મરણ-સહિત પ્રકટ વિરાજતા પ્રભુને નમન થાય. છેલ્લા શ્લોકમાં સ્તુતિનો સાર સમજાવ્યો છે.

श्रीकृष्ण कृष्णसख वृष्ण्यृषभावनिध्रुग्राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोद्विजसुरार्तिहरावतार योगेश्वराखिलगुरो भगवन्नमस्ते ॥ (४२)

ભગવાન્ સદાનંદ સાકાર છે. એ સાકાર કૃષ્ણની સુંદરતા "શ્રી" શબ્દથી સૂચવેલી છે, તેથી "श्रीकृष्ण" શબ્દથી સ્વરૂપ ઓળખાવ્યું. "कृष्णसख" - એટલે અર્જુન. પાંડુરાજા અર્જુનને નાનપણમાં 'કૃષ્ણ' - કહેતા. આપ કૃષ્ણના મિત્ર છો. સમાન ગુણવાળામાં સખ્ય હોય, તેથી ગુણનું સૂચન થયું. "वृष्ण्यृषभ" - યાદવશ્રેષ્ઠ તરીકે કપટમાનુષ લીલા કરે છે, તેથી લીલા કહી. "अवनिध्रुग्राजन्य-वंशदहन"- પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશને બાળનારા, પૃથ્વીના ભાર રૂપ દુષ્ટ રાજાઓ ભગવાનને ઓળખતા નથી, તેથી તેમનો નાશ થાય છે ! - દુષ્ટ-દુર્જ્ઞેયતા બતાવી. "अनपवर्गवीर्य"- અનંત પરાક્રમવાળા. પુરુષોત્તમનું આ અસાધારણ ચિહ્ન-લક્ષણ-છે. "गोविन्द"- થી જન્મકારણનો નિર્ધાર કહ્યો. ભક્તરક્ષા અવતારનું કારણ છે. ગાયો શરણાગત ગણાય. તેમના ઈન્દ્ર સમૃદ્ધિ-દાતા-રક્ષક-ગોવિન્દ છે. "गोद्विजसुरार्तिहरावतार"- આમાં ફલનું નિરૂપણ છે. ગાય, બ્રાહ્મણ અને દેવનાં દુઃખોને હરનાર અવતારવાળા. ધર્મગ્લાનિ પ્રભુ દૂર કરે છે. "योगेश्वर"- પ્રભુ યોગેશ્વર છે. યોગથી સઘળું કરે છે, સ્વંતઃ નહિ. આ દૈન્યસૂચક છે. પોતાની પ્રાર્થનાનું નિરૂપણ કરે છે. "अखिलगुरो"- ભગવાન્ સર્વના ગુરુ છે, તેથી પ્રમાણસિદ્ધ હોય તે પ્રદાન કરનારા છે.

अखिलानां विषयरहितानां, अन्यत्र प्रीतिरहितानां गुरुः अखिलगुरुः । तं सम्बुद्धावखिलगुरो ।

'ખિલ' એટલે અધૂરા. 'અખિલ' એટલે પૂરા. વિષયાસક્ત કે 'ખિલ'ને પ્રભુ માર્ગદર્શન-બુદ્ધિયોગ નથી દેતા. પોતાનામાં આસક્ત હોય તેવા-અખિલને પોતાની પાસે પહોંચવાના ઉપાય રૂપ બુદ્ધિયોગ પ્રભુ દે છે, -

"एवं सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥"

તેથી ભગવાન્ અખિલગુરુ છે, "હે ભગવન્ ! - સર્વગુણસંપન્ન, "नमस्ते"- આપને નમસ્કાર !" કુંતામાએ સત્પુરુષોનો શિષ્ટાચાર કર્યો. કુંતાજી પોતે જેટલું ભગવાનના સ્વરૂપને સમજ્યાં હતાં, એ બધું જ ગાયું. કુંતામાની સ્તુતિ સાંભળી ભગવાન્ મંદ હસ્યા. ભગવાનના હાસ્યમાં માયા અને ભક્તિ પણ છે. સંસારીને તેથી મોહ થાય છે, ભક્તની ભક્તિ વધે છે. કુંતાજીને અધિક મોહ નથી કરવો, એટલે "मन्दं जहास"- મંદ હસ્યા.

ભગવાન્ પોતાનું ઈચ્છેલું જ આપે છે, માગેલું નહિ:

કુંતાજીએ સ્તુતિ કરી ત્યારે ભગવાન્ પોતાને ભક્તિ આપે એવી ઈચ્છા હતી. ભગવાને ભક્તિ આપી નથી. કોઈ માગે તે આપવા ભગવાન્ બંધાયેલા નથી. ભગવાન્ પોતાનું ઈચ્છેલું આપે છે. કુંતાજીને ભક્તિ આપવા નથી ઈચ્છયું. રાજ્ય કરાવવું છે, એટલે માગેલી ભક્તિ ભુલાવવા ભગવાન્

મંદ હસ્યા ! દ્વારકા જવામાં કાંઇ અપશુકન થયા હોય તેમ બતાવીને ભગવાન્ દ્વારકા જતા અટકી ગયા.

કોઈને દુ:ખ દઈને સુખી ન થવાય : ભગવદિચ્છા તો કોઈને સમજાતી નથી ! :

ભગવાનનું કાર્ય એક, પણ પ્રયોજન અનેક. સૌને લાગ્યું, પ્રભુ તેમને પોતાને માટે જ રોકાયા છે. ભગવદિચ્છાથી પ્રાકૃત-પ્રેમથી યુધિષ્ઠિર માહાત્મ્યજ્ઞાન ભૂલી ગયા. સંબંધી તરીકેનો સ્નેહ ઉભરાયો. નગરમાં પ્રભુને પધરાવ્યા. નગરમાં સુખપૂર્વક સૌ વિરાજતાં હતાં. યુધિષ્ઠિરને મોહ થયો. સારું કે ખોટું લાગતું સર્વ કાંઈ કૃષ્ણ જ કરે છે, તે સારું જ છે, તેવી સમજ જ્ઞાન છે; પોતે કરે છે તેવું ભાન મોહ છે. સફલતા - વિજય મળ્યા પછી યુધિષ્ઠિરને દુ:ખ થયું.

સાધુપુરુષનું આ લક્ષણ છે. કોઈને દુ:ખી કરીને ભગવાનના ભક્તો સુખ મેળવવાની ઈચ્છા કરતા નથી. યુધિષ્ઠિરને ખેદ થયો. "યુદ્ધમાં હું જીત્યો; રાજ્ય મળ્યું પણ એમાં અનેક ક્ષત્રિયોનો વધ થયો. એ બધાનું પાપ મને લાગે. મેં મારી જ્ઞાતિનો દ્રોહ કર્યો. પ્રજાનું રક્ષણ તો દુર્યોધન કરતો જ હતો. મારે એમાં વિશેષ કરવાનું નહોતું. ફક્ત મારા લોભ માટે મેં તો રાજ્યનો આગ્રહ રાખ્યો. હજારો વર્ષો સુધી નરકની સજા ભોગવું તો પણ આ પાપમાંથી મારી મુક્તિ નહિ થાય. સમજીને કરેલા મહાપાતકનું પ્રાયશ્ચિત્ત ન હોય. જો કે પ્રજાના સુખ માટે રાજા યુદ્ધ કરે તો અપરાધ ન લાગે, પણ મેં તો સ્વાર્થ માટે યુદ્ધ કર્યું છે; એટલે મને જરૂર પાપ લાગે. યજ્ઞ કરવાથી પણ એની શુદ્ધિ થાય એમ મને લાગતું નથી." ભગવાનની ઈચ્છા ન જાણનારા વ્યાસ વગેરેએ તથા અદ્ભુત-કર્મવાળા ભગવાને સમજાવ્યા છતાં રાજાનો શોક શાન્ત ન થયો. ભગવદિચ્છા ભીષ્મના ઉપદેશથી શોક શાન્ત કરવાની છે. ભીષ્મને દર્શન દઈને કૃતાર્થ પણ કરવા છે. જ્ઞાનશક્તિ કે યોગજધર્મથી પણ ભગવદિચ્છા ન સમજાય. ઈચ્છા જાણવા જતાં ચિત્ત પ્રભુપરાયણ બને, વિષય વિસરી જવાય, નિમિત્તના અભાવમાં જિજ્ઞાસા નષ્ટ થઈ જાય, તેથી ઈચ્છા ન સમજાય !

અધ્યાય : ૯

ભગવાન્ અનુકંપાથી શરશૈયા પર નરકસજા ભોગવતા મહાભાગ દાદા ભીષ્મ પાસે સર્વધર્મ જાણવા ઈચ્છતા પાંડવોને સાથે લઈને કુરુક્ષેત્રમાં પધાર્યા :

યુધિષ્ઠિરને મનમાં મોહથી ખૂબ ખેદ હતો. કલ્પનાથી કે દર્શનથી થયેલું જ્ઞાન પણ મોહને દૂર ન કરે. શાસ્ત્રથી પણ ક્વચિત્ મોહજ્ઞાન થાય. ગુરુ સર્વશાસ્ત્રના સમન્વયથી સિદ્ધાન્તનિર્ણય સમજાવે તો સાચું શાસ્ત્રજ્ઞાન થાય, મોહ જાય. સર્વજ્ઞને કંઇ સંદેહ ન રહે.

સર્વ-ધર્મના તત્ત્વને જાણવાની ઈચ્છાથી યુધિષ્ઠિર રણમેદાનમાં જ્યાં દાદા ભીષ્મ પડ્યા હતા ત્યાં સૌની સાથે આવ્યા. શોભાયમાન રથમાં પ્રભુ વિરાજ્યા હતા. અર્જુન રથ ચલાવતા હતા. યુધિષ્ઠિર રાજા કુબેરની જેમ શોભતા હતા. "कुत्सितं वेरमक्षि यस्य सः ।"- જેની દૃષ્ટિ ખરાબ છે, એનું નામ-કુબેર ! ભભકો ભવ્ય, પણ અંદર તો અંધારું. બહાર સઘળી શોભા છે, પણ સ્વાન્ત:માં શોક છે. પાંડવોએ દાદાને વંદન કર્યાં. કૃષ્ણે પણ વંદન કર્યાં. લોકવ્યવહાર કર્યો. દાદાએ ચક્રધારીનાં

દર્શન કર્યાં. પ્રાણહારક, અદ્‌ભુત-કર્મ કરનારું સ્વરૂપ સમજાયું. નિગ્રહ કરનારું ચક્ર અને અનુગ્રહ કરનારો ચક્રધર ! બંને દાદાના હૈયાને હલાવી મૂકતાં હતાં. રોમરોમ પરોવાયેલાં તીક્ષ્ણ તીરની વસમી વ્યથા વીસરી ગયા.

ભીષ્મદાદા-દેવવ્રત-બાણશૈયા પર પડ્યા છે. એ તો નરકની સજા છે. ભક્ત પણ ભગવાનનો દ્રોહ કરે, તો એને નરકની સજા ભોગવવી પડે છે. ભીષ્મે ભક્ત પાંડવોનો અપરાધ કર્યો છે. ભક્તનો અપરાધ એ ભગવાનનો દ્રોહ છે. પરિણામે બાણશૈયા પર નરકની સજા ભોગવી રહ્યા છે. આવા અપરાધીનો પણ ઉદ્ધાર ભગવાન્ કૃષ્ણ કરે છે. કલ્યાણકલ્પતરુ કૃષ્ણ સામે ચાલીને આવ્યા છે. ભીષ્મ ગૂઢ-તત્ત્વ કહેશે, - તેમ જાણીને સર્વજ્ઞ ઋષિયો પણ પધાર્યા. સાત્ત્વિક, રાજસ, તામસ સૌ આવ્યા છે. મુનિવરો પોતાની સાથે પોતાના શિષ્યોને લાવ્યા. દેહેન્દ્રિયાદિ સ્વસ્થ હોય ત્યારે તો ધર્મ કદાચ સચવાય, પણ વિકલ-દશામાં ધર્માચરણ વિસરી જવાય, શિથિલ થઈ જાય. ધર્મનિષ્ઠાની પરીક્ષા ત્યારે થાય. ઋષિઓ ભીષ્મની ધર્મનિષ્ઠા જોવા પણ આવ્યા છે. જ્યાં વિદ્વાનોની ઉપસ્થિતિ નહિ, એનું નામ સભા નહિ, તેમાં શોભા પણ નહિ. આજે ધર્મસભા મળી. ભીષ્મે દેશકાળને અનુસરીને નેત્ર દ્વારા, વાણી દ્વારા અને પ્રેમાશ્રુ દ્વારા યથોચિત સૌનું સ્વાગત કર્યું. ભીષ્મ મહાભાગ છે. ધર્મ-જ્ઞાન વગેરેના સમૂહ રૂપ ભાગ છે. તે મહાભાગ તેમને મળ્યો છે. અંતકાલે પવિત્ર પુરુષો અને પ્રભુ પોતે પધાર્યા છે, તેથી પણ મહાભાગ છે.

ધર્મશીલ પાંડવોના દુઃખમાં ભીષ્મજીએ બતાવેલ કારણ, - કાલ ! :

ભીષ્મ દાદા ભગવાન્ કૃષ્ણના પ્રભાવને જાણતા હતા. અંતર્યામી-જગદીશ્વરનું દાદાએ પ્રેમપૂર્વક પૂજન કર્યું. પાંડુપુત્રો દાદાની નજીક આવ્યા. નમસ્કાર કર્યા. પાસે બેઠા. દાદાની આંખમાંથી પણ આંસુ ટપકી રહ્યાં હતાં. ભીષ્મે શિખામણ દેવાની શરૂઆત કરી. વિનયી અને સ્નેહપૂર્ણને જ્ઞાન દેવાય.

કર્મ-વિચારે તો પાંડવોને દુઃખ ન થવું જોઈએ. માણસને સુખ કે દુઃખ ત્રણ કારણે મળે છે : (૧) પિતાને કારણે, (૨) માતાને કારણે, (૩) સ્વભાવને કારણે. પાંડવોમાં યુધિષ્ઠિર મુખ્ય છે. સૌ એમની આજ્ઞાને વશ છે. યુધિષ્ઠિર ધર્મપુત્ર છે. ધર્મમાર્ગે ચાલે છે. ધર્મને આનંદ દેનારા છે, એટલે દુઃખમાં પિતાનો દોષ નથી. માતા કુંતાજી તો બાળકોની રક્ષા કરવા માટે જ સતી નથી થયાં. કુંતાજીનો પણ દોષ નથી. ધર્મનું આચરણ પાંડવોએ કર્યું છે, એટલે સ્વભાવનો પણ દોષ નથી. સ્વભાવદુષ્ટ હોય તે ત્રણ રીતે ધર્મનો આશ્રય ન કરે. ધર્મ ત્રણ પ્રકારનો છે : (૧) નીતિસંગત, (૨) સ્વભાવશુદ્ધ, (૩) ઈશ્વરસંબંધી. આ ત્રિવિધ-ધર્મ વિપ્ર, ધર્મ કે ભગવાનના આશ્રયથી આવે છે. વિપ્રનો આશ્રય આચારશુદ્ધિનું સંપાદન કરે છે. નીતિસંગત ધર્મમાર્ગે તે ચલાવે છે. ધર્મનો આશ્રય સ્વભાવિક શુદ્ધિ આપે છે. કુમાર્ગે ક્યારેય તે ન જવા દે. ભગવાનનો આશ્રય ભગવત-સંબંધી ધર્મ સ્ફુરાવે છે, ભગવાનને મેળવી આપે છે. પાંડવોએ તો ત્રણેનો આશ્રય કર્યો છે. પાંડવોમાં ત્રણમાંથી કોઈ દોષ નથી. ધર્મમાર્ગમાં આ સુખદુઃખની વ્યવસ્થા છે, છતાં દુઃખ આવ્યું છે, તે કાલનું કારણ છે, - તેમ દાદાને લાગે છે.

"અહો પાંડવો ! તમને દુઃખ આવ્યું છે, તેમાં હું કાલને જ કારણ માનું છું, નહિ તો તમને

દુઃખ ન જ આવવું જોઈએ. જ્યાં આગળ સ્વયં ધર્મપુત્ર યુધિષ્ઠિર રાજા તરીકે હોય, ગદાધર ભીમસેન હોય, દિવ્યાસ્ત્ર-શસ્ત્ર-ધારણ કરનાર અર્જુન હોય, ગાંડીવ જેવું દિવ્ય ધનુષ હોય અને સદાનંદ આપનાર, સર્વસમર્થ શ્રીકૃષ્ણ સહાયક હોય, છતાં વિપત્તિ આવે ?"

જો પાંડુએ પહેલેથી યુધિષ્ઠિરને રાજા બનાવી દીધા હોત, તો કદાચ દુઃખ ન આવત. ધર્માગ્રહથી યુધિષ્ઠિરે ધુતનો આગ્રહ ન રાખ્યો હોત, તો પણ કદાચ આપત્તિ ન આવત. જો ભીમસેન મહા-બળવાન ન હોત, તો દુર્યોધનને ઈર્ષા ન થાત અને દુઃખ ન આવત. અર્જુને મત્સ્યવેધ વગેરે પરાક્રમ ન કર્યાં હોત, તો પણ અદેખાઈ ન થાત અને વેર ન વધત, દુઃખ ન આવત.

ગાંડીવ ધનુષ અને દિવ્યાસ્ત્રોએ પણ વેરની આગ વધારી. શ્રીકૃષ્ણ વારંવાર સહાય કરતા હતા, એટલે દુર્યોધનના દાવ નિષ્ફળ જતા હતા, તેથી તે આપત્તિ વધે એમ પ્રયત્ન કરતો. આ બધાં આપત્તિને દૂર કરે એવાં કારણો હતાં, એ જ આપત્તિ લાવનારાં થયાં. સાધન-સંપત્તિ હોવા છતાં, તે આપત્તિ દૂર કરવાને બદલે આપત્તિ લાવનાર બની જાય. કાલબલનું તે પરિણામ છે.

કાલ ભગવાનની આજ્ઞાનુસાર સઘળું કરે છે. ભગવદિચ્છા ન હોય તો કાલ કાંઈ કરી શકે નહિ. કોઈ પ્રસંગ બન્યા પહેલાં, ભગવદિચ્છા સમજાતી નથી; પણ પ્રસંગ બન્યા પછી, તે ઉપરથી ભગવદિચ્છા આવો પ્રસંગ બને તેવી હશે, - તેમ અનુમાન થઈ શકે, તેથી ભગવાન્ જ કાલરૂપ છે. તે જ દેવ તરીકે પણ ઓળખાય છે; તેથી ભગવાનની આજ્ઞાના પરિપાલનથી અને સ્વધર્માચરણથી ભગવાન્ પ્રસન્ન થાય છે. આ સામાન્ય મર્યાદા છે.

ભીષ્મજીએ વર્ણવેલો ભગવાનનો પ્રભાવ :

"યુધિષ્ઠિર ! તમે પ્રજાનું રક્ષણ કરો. જેને તમે મામાનો પુત્ર માનો છો, એ તો આધનારાયણ છે. એનો પ્રભાવ તો ભગવાન્ શંકર જાણે છે. સમગ્રનો સંહાર કરવા છતાં કૃષ્ણનું સ્મરણ કરવાથી શિવ કલ્યાણકારક ગણાય છે. દેવર્ષિ નારદ સૌને સંઘર્ષ કરાવે, છતાં તેમને દોષ ન લાગે. સૌને તે હિતૈષી લાગે. ભગવાન્ કપિલે સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન દેતાં, પુરુષનું કારણપણું હોવા છતાં તેનું નિવારણ કરી, પ્રકૃતિનું કારણત્વ કહ્યું, છતાં દોષ ન લાગ્યો. સાત્ત્વિક, રાજસ, તામસોમાં તે ત્રણે કેવળ કૃષ્ણના પ્રભાવથી ગુણાતીત ગણાયા.

જેની સાથે તમે સ્નેહ કરો છો, મામાનો દીકરો ધારો છો, સચિવ બનાવીને, દૂત બનાવીને, સારથિ પણ બનાવ્યા. એ ભગવાન્ તો અહંકાર વગરના છે, સમદૃષ્ટિવાળા છે, સર્વાત્મરૂપ છે. એમનામાં મતિવૈષમ્ય નથી. રાજન્ ! જુઓ, મારા જેવા અપરાધી ઉપર કૃપા કરવા, સ્વયં ભગવાન્ અંતકાલે પધાર્યા છે. ભક્ત ઉપર કૃપા કરવી એ ભગવાનનો અસાધારણ ગુણ છે. કૃપાથી અભય મળે છે; તેથી ભગવાન્ ભજનીય છે. કોઈ પણ રીતે અંતે પ્રભુમાં મન પરોવે તેને મુક્તિ મળે."

પ્રસન્ન ચતુર્ભુજ પ્રભુને પોતાના ધ્યાનપથમાં વિરાજવા ભીષ્મજીની વિનંતી :

પોતે માનસમૂર્તિની કલ્પના કરવા માટે અશક્ત હોવાથી, ભીષ્મે ભગવાનને પોતાની પાસે અંત સુધી વિરાજવા વિનંતી કરી.

ભીષ્મ પૂર્વજન્મે ૮ વસુઓમાંના એક દેવ છે. ભગવાન્ તો દેવાધિદેવ છે. એટલે તેમની

ભક્તિ તો પ્રાચીન છે. બાણોથી વિંધાયેલું પોતાનું જીર્ણ શરીર, પિતાના વરદાન પ્રમાણે સ્વેચ્છાએ છોડે ત્યાં સુધી, રાહ જોવા પ્રભુને વિનવે છે.

અર્જુનના રથ ઉપરથી ઊતરીને ચક્ર લઈને, પ્રાણ લેવા દોડયા હતા તેમ, વચમાં મારે નહિ તેવા, પ્રસન્ન હાસ્ય અને રાતાં નેત્રથી શોભતા મુખારવિંદવાળા ચતુર્ભુજ પ્રભુને ધ્યાનપથમાં વિરાજવા વિનવ્યા ! હાસ્યમાંની પ્રસન્નતા માયાથી મોહ ન થવા દે. રાતાં લોચન પાપને દૂર કરે. તેની પણ પ્રસન્નતાથી સર્વગુણનું દાન કરે. મુખની પ્રસન્નતા પ્રભુપદ દે. ધ્યાનપથમાં વિરાજતાં સર્વસિદ્ધિ મળે. ચતુર્ભુજપણાથી ચાર પુરુષાર્થ સિદ્ધ થાય. પ્રકટ સામે વિરાજવાથી અન્ય વિષયનો સંચાર મનમાં ન થાય. ચતુર દાદા ભીષ્મે એક જ વિનંતીમાં આ બધું એકસાથે કહી દીધું ! દેવકીજી પાસે જે ચતુર્ભુજ મૂલ-રૂપ ભગવાને પ્રકટ કર્યું હતું, તે મૂલ ચતુર્ભુજ સ્વરૂપે આજે પ્રભુ અંતકાલે ભીષ્મજી પાસે વિરાજે છે.

ધર્મપ્રણેતા પ્રભુ અને ધર્મપ્રચારક ઋષિયોની ઉપસ્થિતિમાં સર્વધર્મજ્ઞ દાદા ભીષ્મજીએ ધર્મરાજા યુધિષ્ઠિરને કહેલા સર્વધર્મો :

વચમાં વખત જોઈને યુધિષ્ઠિરે દાદાને વિવિધ ધર્મો પૂછયા. ધર્મો વિવિધ છે. તેમાં પણ કેટલાક પ્રબલ અને કેટલાક દુર્બલ છે કે નહિ ? - તેવા સંદેહથી પૂછે છે. વળી, દુઃખ તો સર્વને દેખાય છે. તે પોતે કરેલાં કર્મના ફલરૂપે છે. વગર કરેલાં કર્મનું ફલ તો ભગવાન્ કોઈને ભોગવાવે નહિ, પણ વેદમતે તો ભગવાન્ જ સર્વકર્તા છે, તેથી ઋષિઓને પણ સંદેહ છે. તેઓ પણ તેથી સાંભળે છે.

ભીષ્મે સર્વધર્મો કહ્યા. ધર્મો ત્રણ પ્રકારના છે : (૧) વેદમાં કહેલા, (૨) પુરાણમાં કહેલા અને (૩) લૌકિક (પુરાણાર્થવાદ-સિદ્ધ). વૈદિક-ધર્મ ત્રણ પ્રકારના છે : (૧) શરીરાધિકારથી બાહ્ય-પ્રવૃત વર્ણાશ્રમ-ધર્મ, (૨) વૈરાગ્ય અને આંતરપ્રવૃત્ત, (૩) સ્વતંત્ર-રક્ષણાદિ. ગોદાન વગેરે પૌરાણિક-ધર્મ. રાજાદિના લૌકિક-ધર્મ. સગુણ-કર્મથી બંધન અને નિર્ગુણકર્મથી મોક્ષ થાય. લોકમાં કર્મથી ફલ મળે છે, તેમ બતાવવા માટે ભગવાન્ જેને ઊંચે લઈ જવા ઈચ્છે તેની પાસે સારાં કર્મ કરાવે છે. જેનું અધઃપતન કરાવવા ઈચ્છે તેની પાસે હીન કર્મ કરાવે છે, તેથી ઈશ્વર સર્વકર્તા છે; અને જીવને ફલનો અનુભવ થાય છે. ટૂંકમાં અને વિસ્તારથી ભીષ્મે ધર્મો કહ્યા. ધર્મપ્રવચનથી પુરુષાર્થસિદ્ધિ નથી, તેમ સમજી ઉત્તરાયણનો કાલ આવતાં દાદાએ પ્રવચન બંધ કર્યું.

અંતકાલે સર્વધર્મના સાર રૂપે દાદા ભીષ્મનો આચાર : ભગવાનની વિશુદ્ધ-ધારણા :

અંતકાળે તો સઘળું છોડી દઈને ભગવાનનું ચિંતન કરવું જોઈએ. ચિંતન તો મૌન, મનની સ્થિરતા અને ક્રિયાત્યાગથી થઈ શકે. દાદા શરશૈયા પર પડયા છે, તેથી ક્રિયાનો તો ત્યાગ છે જ. મૌન પણ થયા. આંખના ઈશારા માત્રથી હજારોનાં હથિયાર નીચે મુકાવે એવા - "સહસ્રણિ" - દાદા ભીષ્મે સર્વમાંથી મનનો સંગ છોડયો. આદિ-પુરુષ ભગવાનમાં મનને સ્થિર કર્યું. કૃષ્ણ સામે જ ઊભા હતા !

યોગાદિથી આંખને અંદર લઈ જઈને તો કદાચ ભગવાનનું દર્શન કોઈક ધીર પુરુષને થાય, પણ અધીર ઉપર પણ ભગવાન્ કૃપા કરે તો એને સુધીર બનાવે છે. ભગવાન્ એની સામે ઊભા રહી દર્શન આપે. ખુલ્લી આંખે પલકારા વગર દાદા ભીષ્મ સામે ઊભેલા ભગવાનની ધારણા હૃદયમાં

કરતા હતા ! વિશુદ્ધ ધારણા થઈ. અશુભ-દોષ-નીકળી ગયા; ભગવાનનો પ્રેમભર્યો દૃષ્ટિપાત દાદા ભીષ્મના શરીર પર થયો. અર્જુનનાં તીખાં તીર રોમ રોમમાં પરોવાયાં હતાં, પીડા કરતાં હતાં. તેની સઘળી વ્યથા શાન્ત થઈ ગઈ ! ભગવાનને પધાર્યે તો વાર થઈ, પણ દાદાની આયુધ-વ્યથા હમણાં ગઈ. જ્યારે ધારણા કરી પાસે ઊભેલા પ્રભુને શુદ્ધ-ભાવથી હૃદયમાં પધરાવ્યા, પોતાનું ચિત્ત પ્રભુમાં જોડી દીધું, ત્યારે ભગવાને કૃપા કરી.

આપણી બધાની પાસે પણ પ્રભુ છે. ઘરમાં ભગવાન્ છે, હૃદયમાં ભગવાન્ છે. સર્વત્ર ભગવાન્ વિરાજે છે, પણ આપણું ધ્યાન આપણા શરીરમાં, સ્વાર્થમાં, સ્વજનમાં, સુખમાં અને સંપત્તિમાં છે. પરિણામે, આપણું ધ્યાન ભગવાનમાં જતું નથી, રહેતું પણ નથી, તેથી ભગવાનની કૃપાદૃષ્ટિ થતી નથી, આપણી વ્યથાઓ દૂર થતી નથી.

ભીષ્મદાદાએ કરેલો ભગવદપરાધ પણ શુદ્ધ સેવકભાવથી દૂર થયો. ઈન્દ્રિયો અને વૃત્તિઓ શાંત થઈ ગયાં. પ્રકૃતિને પીડનારા જનાર્દન ભગવાનની સ્તુતિ દાદાએ શરૂ કરી. આ સ્તુતિથી મોક્ષ માટે શરીર છોડતી વખતે, દાદા ભીષ્મ ભગવાનને આત્મનિવેદન કરી રહ્યા છે. દાદાએ કરેલા આ સ્તવનથી ભગવાનની સ્તુતિ દરરોજ કરતાં ભગવાન્ કૃપા કરે છે. હૃદયમાં વિરાજેલા અંતર્યામીને અનેક વસ્તુઓમાં પ્રેરતા અટકાવે છે, માયાથી થતા મોહમાંથી બચાવે છે.

અંતઃકરણમાં વિરાજેલા અંતર્યામી સર્વને સર્વત્ર ભટકાવનારા છે. ભગવાન્ બે સ્વરૂપે વિરાજે છે - (૧) ભટકાવનારા સ્વરૂપે, (૨) અટકાવનારા સ્વરૂપે. અંતર્યામી તરીકે ભટકાવે છે અને ભાવાત્મા તરીકે ભટકતા અટકાવે છે. એ અટકાવનારા પ્રભુનું આ સ્તવન છે.

મર્યાદા - અનુસાર સ્તુતિ દ્વારા દાદા ભીષ્મ ભગવાનને આત્મનિવેદન કરી રહ્યા છે. પહેલા શ્લોકમાં- એક શ્લોકથી - પોતાના સર્વસ્વનું સમર્પણ છે. પછીના નવ શ્લોકમાં માહાત્મ્યજ્ઞાન-પૂર્વક નવધા-ભક્તિ છે; અને છેલ્લા એક શ્લોકમાં આત્મસમર્પણ છે. આમ અગિયાર શ્લોકમાં પ્રભુએ આપેલી બુદ્ધિથી દાદા ભીષ્મ ભગવાનનું સ્તવન કરતાં આત્મનિવેદન કરે છે. ગંધમન્ત્ર સાથે મળતો ક્રમ તેમાં દેખાય છે.

શ્રીમદ્ ભાગવતમાં આત્મનિવેદનના ત્રણ મુખ્ય પ્રસંગો દેખાય છે. ત્રણેમાં ભગવાન્ પ્રત્યક્ષ નિકટમાં વિરાજે છે :

(૧) અધિકાર-લીલામાં ભીષ્મદાદાનું પ્રાથમિક આત્મનિવેદન. તે બૌદ્ધિક છે. તેમાં વસ્તુઓ બધી લઈ જઈને પ્રભુને દેવાની નથી; પણ તેમાંથી પોતાની માલિકીની સમજ દૂર કરીને, પોતે કાંઈ કરે તે અણસમજને કાઢીને, સઘળું ભગવાનનું છે, અને સઘળું ભગવાન્ કરે છે, - તેવી સમજ દૃઢ કરવાની છે. આમ, સમજ દૃઢ થયા પછી, માહાત્મ્યજ્ઞાનપૂર્વક રતિ થતાં સમર્પણ થાય; ત્યારે પુષ્ટિ - આત્મનિવેદનનો અધિકાર સિદ્ધ થાય. મોક્ષ માટે બુદ્ધિપૂર્વકનું સમર્પણ છે. તૃષ્ણાનો ત્યાગ છે.

(૨) મન્વન્તર-લીલા-સદ્ધર્મ-માં બલિરાજાનું મધ્યમ આત્મનિવેદન છે. તે વાસ્તવિક છે. બલિરાજાએ પોતાનું સર્વસ્વ પ્રભુને સોંપી દીધું છે. વસ્તુમાત્ર પ્રભુને આપી દીધી છે; છતાં "મારું છે,"- એવો ભાવ શબ્દમાત્રમાં આવ્યો- "पदं तृतीयं कुरु शिर्ष्णि मे निजम् ।" પરિણામે,

"क्रीडार्थमात्मानमिदं"-થી બલિનાં પત્નીને સઘળું પ્રભુની લીલા માટે છે, પ્રભુનું છે, ભગવાન્ જ સર્વકર્તા છે, - કહીને સમાધાન કરવું પડ્યું. સઘળું પ્રભુનું છે અને પ્રભુને દેવાનું છે - તે સ્પષ્ટ કર્યું, તેથી સઘળું દઈ દેવાથી પણ દુ:ખ ન થાય. સદ્ધર્મ-દાસધર્મ સિદ્ધ થાય. સદ્ધર્મ માટે આગ્રહપૂર્વકના ત્યાગ-સહિતનું આ નિવેદન છે. તેમાં સત્યનિષ્ઠા છે.

(૩) નિરોધ-લીલામાં શ્રીગોપીજનનું ઉત્તમ આત્મનિવેદન છે. તે ભાવાત્મક છે. શ્રીગોપીજન તો પ્રેમની પ્રકૃષ્ટ-દશામાં છે. તેમને મન પ્રભુ જ પોતાનું સર્વસ્વ છે. પોતાનું ગણાતું સઘળું તેમને મન પ્રભુનું જ છે. દેહ-ગેહને ભૂલી ગોપીજન સ્નેહમાં મગ્ન છે. પ્રભુ વિના કાંઈ જ પોતાનું તેમને લાગતું નથી. બુદ્ધિ પ્રભુમાં દૃઢ છે, આસક્ત છે. વસ્તુ માત્રનો વિનિયોગ પ્રભુ માટે છે. પ્રભુ જ સઘળો અંગીકાર-ઉપભોગ-કરે તે માર્ગ-મર્યાદા છે. તેમને બુદ્ધિથી બધું પ્રભુનું છે, - તેમ વિચારવું નથી પડતું. હૃદયના ઉત્કૃષ્ટ ભાવથી જ સઘળું ભગવાનનું સુખ વિચારે છે. ભગવાનમાં પ્રેમમગ્ન થતાં સઘળું ભુલાઈ જાય, ત્યારે આવું પુષ્ટિ-આત્મ-નિવેદન સિદ્ધ થાય. તેમાં સુદૃઢ સ્નેહથી સ્વાભાવિક વિનિયોગ છે. તેમાં સ્વરૂપ-નિષ્ઠા અથવા સ્નેહ-નિષ્ઠા છે.

"આત્મનિવેદન"નો વિચાર :

आत्मनिवेदनम्- શબ્દમાં પણ आत्मनः निवेदनम् તથા आत्मनि वेदनम्-संवेदनम् એમ લુક્સમાસ તથા અલુક્સમાસથી અર્થ થાય.

પહેલો અર્થ લેતાં, મર્યાદાના બે પ્રકારોનો અર્થ થાય. પોતાના સંબંધી સઘળાનું પ્રભુને સમર્પણ. તેમાં વિચારપૂર્વકની ક્રિયા - "સઘળું પ્રભુનું છે" - તેવી સમજ ઉમેરવી પડે છે. બીજો અર્થ લેતાં, તેમાં સ્નેહનો લોપ નથી. સ્વાન્તઃમાં સ્નેહનાં સંવેદન છે. હૃદયનાં સ્નેહસંવેદન, લાગણીથી જ સઘળું પોતાનું સર્વસ્વ પોતાના પ્રિય પ્રભુનું છે, - તેમ લાગે છે. તે પુષ્ટિ અર્થ છે. તેમાં ભક્તિનો લોપ નથી, સમાવેશ છે, તેથી સમાસમાં વિભક્તિનો લોપ નથી.

પુષ્ટિમાર્ગીય આત્મનિવેદન શ્રીગુસાંઈજીના સેવક માણેકચંદ શેઠના પ્રસંગમાં સ્પષ્ટ થાય છે. નિવેદનની દીક્ષા લીધા પછી તરત જ, દીક્ષાના ગદ્યમન્ત્રમાં કહેલું હોવાથી, માણેકચંદે પોતાનું સઘળું સર્વસ્વ ગાડામાં ભરીને, આપી દેવા માટે આણ્યું. શ્રીગુસાંઈજીએ અટકાવ્યા. ક્રમ સમજાવ્યો. બધી વસ્તુઓમાંથી પોતાની માલિકીની બુદ્ધિ કાઢી નાખવી અને સઘળું પ્રભુનું છે તેવી સમજ દૃઢ કરવી. નિત્ય શ્રીઠાકુરજીની સેવામાં વસ્તુઓનો વિનિયોગ કરવો. તેમ કરતાં ભાવ પક્વ થાય, પછી તો શ્રીગોપીજનવત્ સ્વાભાવિક-સમર્પણ થઈ જાય. આમ બૌદ્ધિક, વાસ્તવિક અને ભાવાત્મક-સમર્પણનો સમન્વય છે.

ચતુર્થ સ્કન્ધમાં પૃથુરાજાએ સનત્કુમારોને ઉપદેશના બદલામાં સર્વસ્વનું નિવેદન કર્યું છે. ગુરુને થતું આ જ્ઞાનમાર્ગીય નિવેદન છે.

ભગવાને આપેલી બુદ્ધિથી ભીષ્મ-પિતામહે કરેલી ભગવાનની સ્તુતિ : આત્મનિવેદન :
લૌકિક-તૃષ્ણા-રહિત અને અલૌકિક-તૃષ્ણા-સહિત મતિનું સમર્પણ :

યુદ્ધમાં પ્રભુ સામે તીક્ષ્ણ બાણ વરસાવતા ભીષ્મ અંતકાલે આર્દ્ર બન્યા ! યુધિષ્ઠિરને કરેલા

ભગવદ્ભજનના ઉપદેશને આચરણ દ્વારા દઢ કરતા હતા. રણ-કર્કશતાને સ્થાને કોમલતા આવી! હૃદયનાં પ્રેમનાં પુષ્પ પ્રફુલ્લ થયાં, પરિમલ પ્રસર્યો, શબ્દરૂપ થયો! પહેલાંની કઠિન-કર્કશ વાતોને, પ્રસંગોને ભૂલ્યા. અત્યારના અગ્રિમ પ્રસંગોને સ્મર્યા, તેથી સ્નેહનાં સંવેદને શબ્દ સુકુમાર થયા, સાનુકૂલ પુષ્પિતાગ્રા-વૃત્તમાં પ્રભુની પ્યારી ગ્રીવામાં માલારૂપે મુકાયા, સ્તુતિરૂપે સ્પષ્ટ થયા,-

इति मतिरुपकल्पिता वितृष्णा भगवति सात्वतपुङ्गवे विभूम्नि ।
स्वसुखमुपगते क्वचिद्विहर्तुं प्रकृतिमुपेयुषि यद्भवप्रवाहः ॥ (३२)

દાદા ભીષ્મે સૌથી પહેલાં મતિનું નિવેદન કર્યું છે. મતિના સમર્પણ દ્વારા સર્વસ્વનું સમર્પણ છે. અંતઃકરણમાં ઉદ્ભવતી ઈચ્છા, તૃષ્ણા કે કામના મતિને મલિન બનાવે છે, બુદ્ધિને બગાડે છે. મતિ શુદ્ધ હોય, તૃષ્ણારહિત હોય, તો જ ભગવાન્ એનો સ્વીકાર કરે છે. પ્રભુથી છૂટા પડેલા જીવને કરોડો જન્મથી તેણે કાંઈ કર્યું કે કાંઈ તેનું છે, તેમ તેને સમજાવનારી બુદ્ધિ છે. "મેં કર્યું" અને "મારું છે" - એવું ભાન જીવને બુદ્ધિથી થાય છે. વાસ્તવમાં, સઘળું ભગવાન્ જ કરે છે; અને વિશ્વમાંની સઘળી વસ્તુ અને વ્યક્તિ ભગવાનની છે, તેથી ભ્રાન્તિથી "મારું છે" - તેમ સમજાવનારી બુદ્ધિ જ પ્રભુને સમર્પણ કરી દેવી જોઈએ. શાસ્ત્રમાં આમ મતિસમર્પણનું કાંઈ ફલ કહ્યું નથી, છતાં અન્ય કોઈ વસ્તુના સમર્પણથી તો ફલની તૃષ્ણા થાય. મતિસમર્પણનું ફલ કહ્યું જ નથી, તેથી તૃષ્ણા ન થાય. તૃષ્ણા તૃણ જેવા બનાવી સર્વત્ર ભટકાવે છે. લૌકિક કે પારલૌકિક તૃષ્ણા જેમાંથી નીકળી ગઈ છે - તેવી મતિ વિતૃષ્ણા છે, પણ તેમાં વિશિષ્ટ તૃષ્ણા છે, - પ્રભુના બની જવાની, પ્રભુને પ્રાપ્ત કરવાની! તેથી તે મતિ વિતૃષ્ણા છે. ભગવાન્ સંબંધી તૃષ્ણાવાળી મતિમાં કોઈ લૌકિક-તૃષ્ણા ન સંભવે. તેવી મતિ જ પ્રભુને દેવાય અને પ્રભુ તે સ્વીકારે. સમર્પણ સામાન્યને નહિ, સર્વ-શ્રેષ્ઠને થાય. યાદવ - શ્રેષ્ઠ તરીકે પ્રકટ થયેલા, ભૂમા જેમાંથી પ્રકટ થાય છે તેવા, પરબ્રહ્મ,-અક્ષરબ્રહ્મથી પર, પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણને આ મતિસમર્પણ છે. પરમાનંદ રૂપ પ્રભુ ક્વચિત્ વિહાર કરવાની ઈચ્છાથી, પોતાના જ સ્વભાવ રૂપ પ્રકૃતિ-સંબંધથી, ભવપ્રવાહ પ્રકટ કરે છે. સૃષ્ટિ માટે પ્રભુ પ્રકૃતિનું સન્નિધિ કરે છે. આજે મુક્તિ માટે (મારી) પ્રાકૃતની સન્નિધિ કરી છે. પ્રભુ-સન્નિધિથી મુક્તિ મળે. પુનર્જન્મ-મરણનાં વિકટ સંકટ હવે પછી ન રહે, તેથી દાદા ભીષ્મે શ્લોકના પ્રારંભમાં સમાપ્તિવાચક "इति" - શબ્દનો ઉપયોગ કર્યો. પ્રભુ નિકટમાં પ્રકટ છે; અને તેમને સર્વસ્વનું સમર્પણ કર્યું છે. આ છેલ્લો જન્મ છે. અંતે મતિ ત્યાં ગતિ થવાની; મતિ પ્રભુને દે છે, તેથી ગતિ પ્રભુમાં થવાની છે, તેથી જન્મની "इति" જ છે.

અંતે મતિ દીધી, તેથી ગતિ મળે, પણ રતિ થવી જોઈએ, તેથી નવ શ્લોકમાં વિશ્વ-પતિને વિનવે છે. સન્મુખ ઊભેલા પ્રભુ સર્વોત્તમ છે :

त्रिभुवनकमनं तमालवर्णं रविकरगौरवराम्बरं दधाने ।
वपुरलककुलावृताननाब्जं विजयसखे रतिरस्तु मेऽनवद्या ॥ (३३)

શાસ્ત્ર-દૃષ્ટિએ જ ભગવાન્ સર્વોત્તમ છે, - તેમ નહિ. તદન અજ્ઞાન-પ્રાકૃત-પણ પારખી શકે

તેવા, લોકદષ્ટિએ પણ સર્વ સુંદર, શ્રીહરિ છે. તેમની સ્વાભાવિક સુંદરતાથી મન તેમાં રહે. ત્રિભુવનમાં સુંદર સ્વરૂપ શ્રીહરિએ ધારણ કર્યું છે. ભીષ્મ અલૌકિક ભગવાનમાં જ સુદઢ, સર્વદુર્લભ, પરમપ્રીતિ પ્રાર્થે છે, અંતર્યામીમાં પણ નહિ. શ્રીગોપીજન પાસે - "त्रैलोकलक्ष्म्यैकपदं वपुर्दधत्" - વિરાજે છે, તે ત્રિભુવનની સંપૂર્ણ શોભાનું એકમાત્ર સાકાર-સ્વરૂપ છે. તમાલ વૃક્ષના વર્ણ જેવા પ્રભુ સ્વાભાવિક શ્યામ છે. તમાલ વૃક્ષ છે. વૃક્ષ પરોપકારી છે. સર્વ અંગોથી એ ઉપકાર જ કરે છે. ભગવાન્ પણ સર્વ ઉપર ઉપકાર કરવા, સૌનો ઉદ્ધાર કરવા, અવતાર લઈને પ્રકટ થયા છે. તે સ્વભાવની સુંદરતાનું સૂચક છે. સ્વરૂપ અને સ્વભાવની સુંદરતાનો સુભગ સુમેળ શ્રીહરિમાં છે. ભગવાન્ સૂર્યનાં કિરણો જેવું ગૌરસુંદર પીતામ્બર પરિધાન કરીને પધાર્યા છે. સ્વસ્વરૂપનું જ્ઞાન થાય એટલા માટે સૂર્યનાં કિરણો જેવું ગૌર-લાલ અને પીળા રંગના મિશ્રિત વર્ણ જેવું - અંબર ધારણ કર્યું છે. સૂર્યનાં કિરણ જે પદાર્થ પર પડે તેનો પ્રકાશ કરે છે. એમ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન કરાવનાર વેદાત્મક આ પીતામ્બર છે. પીતામ્બર પ્રભુને વીંટળાઈને રહે છે. વેદ પણ ભગવાનની જેમ વ્યાપક છે, અપ્રાકૃત છે, અથવા "रविकरगौरवराम्बरमाकाशः वपुः" - આકાશ શરીરબ્રહ્મ છે. શ્રીગોપીજન પાસે - "बिभ्रद्वासः कनककपीशं" - પ્રભુ વિરાજે છે. એ પીતામ્બર આચ્છાદક-માયામય - છે. સર્વ-સુખોને પરિપૂર્ણ કરે - પોષે એવું ભગવાનનું વપુ પરમાનન્દ સ્વરૂપ છે. તે પ્રભુના શ્રીમુખની આસપાસ માત્ર સામાન્ય કેશ જ નથી, પણ - "अलमत्यर्थं ककुलैरानन्दसमूहैः आवृतं आसमन्ताद्वेष्टितं करचरणादिरूपेण स्थितमाननं आसमन्तात् ननं सद्रूपं अब्जं सूर्यचन्द्रनक्षत्र- लक्ष्मीमेघादिरूपम् ॥"

આનન્દાવયવવાળા આકાશ-શરીર બ્રહ્મમાં દાંતનેત્ર વગેરે ભાગે સૂર્ય વગેરે છે. અથવા "अलमत्यर्थं कं सुखं येषां ते अलकाः ब्रह्मविदः तेषां कुलैः समूहैः ॥" "અલં" એટલે સંપૂર્ણ અને "कं" એટલે સુખ. જેને સંપૂર્ણ સુખ મળ્યું છે, તેવા બ્રહ્મજ્ઞો-ભક્તો સુખરૂપ મુખની આસપાસ વીંટળાયેલા છે, ભગવાનની સાથે વિરાજે છે. આવા ભગવાન્ ભક્તવત્સલ છે, "विजयसखा" છે. ભગવાન્ સૌના સખા નથી. "समानि खानि येषां ते सखायः ।" - સમાન છે જેમની બહારની અને અંદરની ઈન્દ્રિયો એનું નામ,- સખા ! સખ્યમાં ઈન્દ્રિય અને અંતઃકરણની સમાનતા હોય. સમાનશીલ અને વ્યસનથી સખ્ય સંભવે. ભગવાનને વિષયસ્પર્શ નથી, તેથી વિષયભોગ વગરની ઈન્દ્રિયોવાળાના ભગવાન્ સખા બને છે. ઈન્દ્રિય અને અંતઃકરણનો જય એ વિશિષ્ટ જય-વિજય છે. ભગવાન્ વિજયસખા છે. વિષયાક્રાન્ત-દેહવાળાને ભગવાનનો આવેશ સર્વદા ન રહે. ભવદ્ધર્મસામર્થ્ય મળે તો વિષયમાં દઢ વૈરાગ્ય થાય. અર્જુન પણ વિજય છે. ભગવાન્ તેના સખા છે. આવા પ્રભુમાં પરમ પ્રીતિ થાવ !

યુદ્ધમાં (અર્જુનના રથને હાંકતાં), ઘોડાઓની ખરીઓથી ઊડેલી રજ છવાઈ જવાથી ધૂસરવર્ણા, વિખરાયેલા કેશથી લુછાયેલા પ્રસ્વેદબિંદુઓથી શોભતા મુખવાળા, મારાં તીક્ષ્ણ બાણોથી શરીર પર પહેરેલા તૂટેલા કવચથી શોભતા, આપ કૃષ્ણમાં મારું અંતઃકરણ રહો !

દ્વારકાલીલામાં ભગવાનના શ્રીમુખ ઉપર ઘોડાના ખુરની રજ વિરાજે છે. વ્રજલીલામાં "गोरजश्छुरित" - ગાયની ખરીઓથી ઊડેલી રજ છે !

યુદ્ધમાં સારથિ બનેલા સખાને અર્જુને કહ્યું, - "सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ।" -

"હે અચ્યુત ! બંને સૈન્યની વચમાં મારો રથ ઊભો રાખો." મિત્રનાં તે વાક્યો સાંભળીને પોતાના તથા શત્રુના સૈન્યની વચ્ચે રથ લઈ જઈને ઊભો રાખીને વિરાજતા, નેત્ર દ્વારા (કાલદૃષ્ટિથી) દુશ્મન સૈનિકોનાં આયુષ્ય હરતા, પાર્થના મિત્ર - કૃષ્ણમાં મારી મતિ (સ્થિર) થાવ ! ગીતામાં ભગવાને અર્જુનને ખેદ કરતો જોઈને કહ્યું, - "मयैवेते निहताः पूर्वमेव ।" - "મેં આ યોદ્ધાઓને પહેલેથી જ મારેલા છે." - તેનું આ રહસ્ય છે.

અર્જુનને "આત્મવિધા" રૂપ ગીતાજીનું દાન :

વ્યૂહબદ્ધ સેનાઓના અગ્રભાગને જોઈને, તેમાં સ્વજનનો વધ કરવો એ દોષ છે - તેવી સમજથી, તેમનો વધ કરવા તૈયાર ન થતા અર્જુનની, તે કુમતિને જેણે પોતાની આત્મવિધા રૂપ ગીતાજી દ્વારા દૂર કરી, તે ગુરુ રૂપ પરમ પ્રભુનાં ચરણમાં મને પ્રીતિ થાવ ! ભગવાનની આજ્ઞા ન પાળવી એનું નામ જ - કુમતિ ! ગમે તેટલો લૌકિક અથવા વૈદિક-વિરોધ હોય છતાં, પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ,- સન્મતિ ! ભગવાને અર્જુનને આત્મવિધા રૂપ શ્રીગીતાજીનું દાન કર્યું. સ્વજન રૂપ ક્ષત્રિયો તો વધી ગયેલા દાઢીમૂછ જેવા છે, પૃથ્વીના ભાર રૂપ છે. અર્જુનનું કામ તો નાપિત (વાળંદ) જેવું છે. ગીતામાં ભગવાને સમજાવ્યું,- "સર્વત્ર હું છું. બધું હું જ કરું છું. મને ગમતું છે. મુક્તિદાન માટે શરીર રૂપ જડ-ભાગ જ દૂર કરવાનો છે. જીવ તો મારો અંશ છે, તેથી વધમાં દોષ નથી. સર્વ-ધર્મો છોડીને તું મારે શરણે આવ. શોક ન કરીશ." - એ જ્ઞાન દેનારા ભગવાન્ ગુરુ-સ્વરૂપ કહેવાય. ગુરુનાં ચરણમાં પ્રીતિ થાય. તે આદરસૂચક છે.

પોતાની પ્રતિજ્ઞા છોડી, ભીષ્મની પ્રતિજ્ઞા સત્ય કરતાં, ભગવાને નિગ્રહ અને અનુગ્રહ કરતો શ્રીવિગ્રહ પ્રકટ કર્યો :

ભગવાને પોતાનો પર કરેલો અનુગ્રહ ભીષ્મને યાદ આવ્યો. યુદ્ધના ત્રીજા દિવસે ભગવાને કૃપા કરી હતી. "આ યુદ્ધમાં હું શસ્ત્ર હાથમાં નહિ લઉં", - એ ભગવાનની પ્રતિજ્ઞા હતી; અને ભીષ્મે પ્રતિજ્ઞા કરી હતી, - "ભગવાનને હાથમાં હથિયાર લેવડાવીશ." એ ભીષ્મની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટેના ભક્તના ભાવપૂરક ભગવાને વેદવાક્યથી પોતાની પ્રતિજ્ઞાને જતી કરી. અર્જુનના રથમાંથી નીચે ઊતરી, ભાંગેલા કોઈ રથનું પૈડું હાથમાં લઈ, તેમાં સુદર્શનનો આવેશ કરી, કર-કમલમાં પધરાવ્યું. મદમસ્ત સિંહ જેમ હાથીનો વધ કરવા દોડે એમ, ભગવાન્ ભીષ્મની સામે દોડ્યા ! પ્રભુને પ્રતિજ્ઞા-ભંગ કરતા જોઈને સંદેહથી પૃથ્વી કંપી ઊઠી ! તેને આશ્વાસન દેતા હોય તેમ, ક્ષણ-વારમાં ભગવાને ઉત્તરીય-વસ્ત્રને નીચે પધરાવ્યું. ઉત્તરીય એ ઉત્તર-મીમાંસા ! શ્રુતિમાં થતા સંદેહનું તે સમાધાન કરે "यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः" - બ્રહ્મ અને ક્ષત્રિય બંને જેમનો ભાત છે, - એવી શ્રુતિ છે. તે સમજાવતાં સૂત્ર કર્યું : "अत्ता चराचरग्रहणात्" - ભગવાન્ સર્વના ભક્ષક છે, - ચરાચરના ગ્રહણથી ! સર્વનું સમાધાન સાધે છે, - ભાગવત ! આ પ્રસંગે રહસ્ય સમજાય છે, - ભીષ્મ ક્ષત્રિય છે. ભગવાનના ભાત-ભક્ષ્ય-રૂપ છે; અને ભગવાન્ ભક્ષક છે. ભીષ્મને પોતાની અંદર પ્રવેશ દઈ સાયુજ્ય દેવા માટે પ્રભુ પ્રવૃત્ત થયા છે; તેથી આચ્છાદન માટે ઉત્તરીય ઓઢાડ્યું - નીચે પડ્યું. ત્યાં તો પાછળ અટકાવતો અર્જુન આવ્યો. તે પણ ક્ષત્રિય છે, છતાં પોતાનો રક્ષિત છે. તેને ન મરાય,